Mati No Manas (Gujarati Edition)

Nimitt Oza

VISIT...

LANZAROTE Caliente.com

માટીનો માણસ

જાતની પામરતા અને ઈશ્વરની જાહોજલાલીને ઉજવી લેવાનો અવસર



ડૉ. નિમિત્ત ઓઝા





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

માટીનો માણસ

જાતની પામરતા અને ઈશ્વરની જાહોજલાલીને ઉજવી લેવાનો અવસર

ડૉ. નિમિત્ત ઓઝા

સંપર્કસૂત્ર
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
7, 'અર્થબાગ' 116, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

MATINO MANAS
True Stories based on Real Experiences
Written by Dr. Nimitt Oza
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2018

ePub Version 3.0.1
eISBN : 978-93-8888-259-0

ભળી જવાની વાત

માટીનું શરીર ઓઢીને આપણે સૌ વરસાદના શહેરમાં ફરીએ છીએ. આ પુસ્તક એક પ્રયત્ન છે, નરી વાસ્તવિકતાની આંખોમાં આંખો પરોવીને, વાસ્તવિકતાના પ્રેમમાં પડવાનો. આ પુસ્તક બે વિભાગમાં વહેંચાયેલું છે. વિભાગ-1 માટીનો માણસ, જેમાં અત્યાર સુધીના તબીબી ક્ષેત્રના અનુભવો રજુ કરેલા છે. 'શ્રદ્ધા' અને 'સબુરી' જેવા શબ્દો, પાઠ્ય પુસ્તકો ક્યારેય શીખવી શકતા નથી. આવા શબ્દોની અનુભૂતિ આપણને અનુભવો કરાવે છે. બાળકોને જેમ BCG કે પોલિયોની વેક્સિન આપવામાં આવે છે. એવી જ રીતે આપણને પણ જો 'શ્રદ્ધા' અને 'સબુરી', ફક્ત આ બે જ શબ્દોની વેક્સિન આપવામાં આવે તો આપણે પણ કેટલીય ગંભીર પરિસ્થિતિઓમાંથી ઊગરી અને ઊભરી શકીએ તેમ છીએ.

વિભાગ-2 એટલે સંવેદનાના હસ્તાક્ષર. એક ડૉક્ટર, જો વેદના સમજી શકે તો સંવેદના કેમ નહિ? આપણી આસપાસ રહેલી કેટલીક સંવેદનાઓને મુક્ત ગદ્ય સ્વરૂપમાં કાવ્યાત્મક રીતે વ્યક્ત કરવાનો એક વિનમ્ર પ્રયાસ કરેલો છે.

માણસ જાતની પામરતાને છતી કરવાનો અને ઈશ્વરની જાહોજલાલીને વંદન કરવાનો એક લાગણીસભર પ્રયત્ન એટલે આ માટીનો માણસ. જાતને ઊજવી લેવાનો અવસર એટલે આ માટીનો માણસ. પોતાની હયાતીને ઢોલનગારા સાથે વધાવી લેવાનું આમંત્રણ એટલે આ પુસ્તક.

વિનંતી એટલી જ છે કે વાંચતી વખતે આંખોમાં પાણી આવે, તો એને ઊજવી લેવાં. બહુ ભાગ્યે જ આંખોને આવો લ્હાવો મળતો હોય છે.

– ડૉ. નિમિત્ત ઓઝા

આભાર

માટીના માણસને બનાવવામાં જે લોકો હંમેશાં મારી સાથે રહ્યાં છે તેઓનો આભાર માનું છું.

- મારાં પત્ની ડૉ. નૃપા તથા દીકરી વૃષ્ટિ. આ બંનેને કારણે જ માટીનો માણસ શક્ય બન્યો છે.
- માટીના માણસના અસ્તિત્વનું નિમિત એવાં મમ્મી તથા પપ્પા.
- શ્રી વિક્રમ ભટ્ટ *(નિવૃત્ત શિક્ષક, દક્ષિણામૂર્તિ વિનયમંદિર).*
- યશ મેઘાણી તથા ગોપાલભાઈ મેઘાણી *(લોકમિલાપ, ભાવનગર).*
- પ્રા. ડૉ. વિનોદભાઈ જોશી.
- પ્રા. વિરેનભાઈ પંડ્યા *(ગુજરાતી વિભાગ, ગઢડા).*
- શ્રી પંકજ દેસાઈ

માટીનો માણસ

માટીનો માણસની વાત

વ્યક્ત થઈ શકવાનો અવસર મળવો એ જ ધન્યતા છે. આ પુસ્તક જેવું કશુંક લખી શકાશે એવી કલ્પના પણ કરેલી નહિ. આ તો એક જુવાળ હતો પોતાની જાતને ઓળખવાનો. જાતને મુક્ત મને વ્યક્ત કરવાની પ્રક્રિયાના ભાગ રૂપે લખાયેલું છે આ પુસ્તક.

માટીનું શરીર ઓઢીને આપણે સૌ વરસાદના શહેરમાં ફરીએ છીએ. આ પુસ્તક એક પ્રયત્ન છે, નરી વાસ્તવિકતાની આંખોમાં આંખો પરોવીને વાસ્તવિકતાના પ્રેમમાં પડવાનો. આ પુસ્તકમાં અત્યાર સુધીના તબીબી ક્ષેત્રના અનુભવો રજૂ કરેલા છે. શ્રદ્ધા અને સબૂરી જેવા શબ્દો, પાઠ્યપુસ્તકો ક્યારેય શીખવી શકતા નથી. આવા શબ્દોની અનુભૂતિ આપણને અનુભવો કરાવે છે. બાળકોને જેમ BCG કે પોલિયોની વેક્સિન આપવામાં આવે છે. એવી જ રીતે આપણને પણ જો શ્રદ્ધા અને સબૂરી. ફક્ત આ બે જ શબ્દોની વેક્સિન આપવામાં આવે તો આપણે પણ કેટલીય ગંભીર પરિસ્થિતિઓમાંથી ઊગરી અને ઊભરી શકીએ તેમ છીએ. વિભાગ-1માં રજૂ કરેલા તબીબી અનુભવો વાંચતી વખતે, મેડિકલ ફિલ્ડની ટૅક્નિકલ બાબતોની અવગણના કરી, ફક્ત એ અનુભવનો મર્મ સમજવાનો પ્રયત્ન કરશો. મેડિકલ ઍથિક્સ જળવાય તેમજ દર્દીઓની ઓળખ ગુપ્ત રાખી શકાય એવો સંપૂર્ણ અને સભાન પ્રયત્ન કરવામાં આવ્યો છે. દર્દીઓનાં નામ, જો ક્યાંય પણ લખાયેલા હોય, તો એ દર્દીઓના બદલેલા નામ છે. આ દરેક વાતોને રજૂ કરવાનો આશય ફક્ત આપણામાં રહેલા માટીના માણસને ઓળખવાનો છે. મેડિકલ ફિલ્ડની credibility ઓછી કરવાનો કે છીનવી લેવાનો બિલકુલ નથી. દરેક તબીબને પોતાની પ્રૅક્ટિસ દરમિયાન ઘણાં બધાં ડિવાઇન અનુભવો થતા હોય છે, જે પરાણે ઈશ્વર તરફ વાળે છે. અમે 'we treat, he cures' એવું માનવા વાળી પ્રજા છીએ. દર્દીને સાજા કરવાનું કે સજા કરવાનું, બંનેમાંથી કંઈ પણ અમારા હાથમાં નથી. અમે ફક્ત સારવાર કરી શકીએ છીએ. સાજા કરવાની સંપૂર્ણ જવાબદારી અમે બીજા કોઈને આપેલી છે. અમે ડૉક્ટર તરીકે જેટલા સમૃદ્ધ છીએ, મનુષ્ય તરીકે અમે એટલા જ પામર છીએ. માણસ જાતની પામરતાને છતી કરવાનો અને ઈશ્વરની જાહોજલાલીને વંદન કરવાનો એક લાગણીસભર પ્રયત્ન એટલે આ માટીનો માણસ. જાતને ઊજવી લેવાનો અવસર એટલે આ માટીનો માણસ. પોતાની હયાતિને ઢોલ-નગારા સાથે વધાવી લેવાનું આમંત્રણ એટલે આ પુસ્તક.

વિનંતી એટલી જ છે કે વાંચતી વખતે આંખોમાં પાણી આવે તો એને ઊજવી લેવા. બહુ ભાગ્યે જ આંખોને આવો લ્હાવો મળતો હોય છે.

– ડૉ. નિમિત્ત ઓઝા

આશાની કલ્પનાનું ચિત્ર

ICUનું એક દૃશ્ય. એક 55 વર્ષની ઉંમરના મહિલાને ઇમરજન્સીમાં દાખલ કરવા પડ્યાં. નામ તેમનું આશાબહેન. તેઓ કશું જ બોલી શકવાની હાલતમાં નહિ. કોઈ જ response નહિ. ICUના ડૉક્ટરે પ્રાથમિક સારવાર શરૂ કરી. પ્રાથમિક પ્રયત્નો પછી પણ તેમણે કશો જ response આપ્યો નહિ. ડૉક્ટરે દર્દીના સગાઓ તરફ જોયું. દર્દીના એક સગાએ history આપવાની શરૂઆત કરી.

"સાહેબ, આજ સવારથી બોલતા નથી. હોંકારો પણ દેતા નથી. ગઈ કાલ રાત સુધી normal હતાં. થોડી ઊલટીઓ થયેલી અને પગે સોજા રહેતા."

Detailed History લેવાનો સમય ન હતો, પણ ત્યાં હાજર રહેલા ડૉક્ટરને પરિસ્થિતિનો ક્યાસ મેળવતા વાર ન લાગી.

આશાબહેનના હૃદયના ધબકારા નિયમિત રીતે ચાલુ હતા અને તેમનો શ્વાસ પણ ચાલુ હતો. અત્યાર સુધીમાં તમને ખ્યાલ આવી ગયો હશે કે ફક્ત શ્વાસ લઈ શકાય અને હૃદય ધબકતું હોય એટલે જીવીએ છીએ એવો ભ્રમ રાખવો નહિ. જીવંત હોઈએ તો જ કામનું.

આશાબહેન કશું જ બોલવાના મૂડમાં નહોતાં. આંખો ઉઘાડવાની પણ તેમને આળસ આવતી હોય એવું લાગ્યું. Deep Painful Stimulusને પણ તેમણે response ન આપ્યો. તેઓ એક એવી અવસ્થામાં હતાં જ્યાં દુનિયાની કોઈ જ સંવેદનાઓ પહોંચી ન શકે. બેભાનાવસ્થામાં.

આપણા તરફ આવતી સંવેદનાઓ ન અનુભવી શકાય, તો medically આપણે પણ comaમાં જ જીવીએ છીએ.

આશાબહેને કદાચ જિંદગી સામેની લડાઈમાં હાથ ઊંચા કરી દીધેલા. તાત્કાલિક તેમની આજુબાજુ મેડિકલ મૉનિટર્સ વીંટળાઈ વળ્યા. અમારા મેડિકલ મૉનિટર્સ કોઈને પણ આવી હાલતમાં એકલા ન જોઈ શકે. જે હાથમાં બંગડી હતી, એ બંગડીનું સ્થાન intravenous cannulaએ લીધું. આપણા બધા જ રોગોનું ઉદ્‌ભવ સ્થાન આપણા વિચારો હોવા છતાં પણ usually ડૉક્ટર લોહીની જ તપાસ કરાવે છે. આશાબહેનની પણ લોહીની તપાસ કરવામાં આવી.

પ્રાથમિક તપાસને અંતે એવું જાણવા મળ્યું કે આશાબહેન is suffering from End Stage Renal Disease. તેમની વર્ષો જૂની કામવાળીની જેમ, બંને કિડનીઓએ એક સાથે કામ કરવાનું બંધ કરી દીધું. શરીરનું એકાદ અંગ પણ જો ટોકન સ્ટ્રાઇક પર જાય તો તકલીફ પડી જાય. આ તો બંને કિડનીઓની અચોક્કસ સમયની હડતાલ.

તાત્કાલિક નેફ્રોલૉજીસ્ટને consult કરવામાં આવ્યા. તાત્કાલિક ડાયાલિસીસ કરવું પડે એમાં કોઈ જ શંકા નહોતી. એ કર્યા પછી સુધારો થઈ જશે એની ખાતરી શું? Mutual funds are also subject to market risks, જ્યારે આ તો એક જિંદગીનો મામલો હતો. કેસ લડવાનો હતો ઈશ્વર સામે. કોણ ગેરંટી આપે?

High riskની consent લઈ, સગાઓની સંમતિ મળ્યા પછી તેમનું ડાયાલિસીસ થયું. ડાયાલિસીસના બીજા દિવસે આશાબહેને આંખો ઉઘાડી. તેમણે ફક્ત ICUની છત તરફ જોયું અને ત્યાં જ નજર સ્થિર કરી દીધી. દિવસ બદલ્યો પણ આશાબહેનનો મૂડ નહિ. તેઓ આજે પણ કોઈની સાથે વાતો કરવાના મૂડમાં નહોતાં. તેમના એક નજીકના સગા મને ઓળખે એટલે તેમણે મને વિનંતી કરી કે તમે આવીને એક વાર જુઓને. આમ આ subject હોય નૅફ્રોલૉજીસ્ટનો! યુરો-સર્જનનો નહિ. પણ અંતે તો દરેક ડૉક્ટરનો એક જ subject હોય છે કે દર્દીને સારું થવું જોઈએ. જો મારી એક મુલાકાતથી દર્દીના સગાઓને હાશકારો થતો હોય, તો આપણને ક્યાં નૅફ્રોલૉજી કે યુરોલૉજીનાં બંધનો નડે છે.

તેમની પાસે જઈને મેં તેમને બોલાવવાનો પ્રયત્ન કર્યો. તેમની નજર હજુ પણ છત તરફ જ હતી.

બહુ ધ્યાનથી તેઓ કશુંક જોતાં હોય તેવું લાગ્યું. મને એવું લાગ્યું કે ICUના ખાટલા ઉપર સાવ નવરા સૂતેલા હોવા છતાં પણ આશાબહેન ખૂબ busy છે. તેમને વધારે disturb કરવાનું મને યોગ્ય ન લાગ્યું. મેં સગાઓને સમજાવ્યા કે critical તો તેઓ છે જ. વધારે વાર ડાયાલિસીસ કરવું પડશે.

બીજા સતત બે દિવસ ડાયાલિસીસ કર્યા બાદ આશાબહેનની હાલતમાં સુધારો થયો. તેમની પાસે જઈએ તો તેઓ આપણી સામે જોતા. હું એમને બોલાવવાનો પ્રયત્ન કરતો પણ તેમના અબોલા હજુ ચાલુ રહ્યા. વારંવાર છત સામે જોયા કરવાની ટેવ તેમની ચાલુ રહી. મેં પણ પછી છત સામે જોવાનું ચાલુ કર્યું. તેમની પાસે ઊભા રહીને, તેમની સાથે જ ઉપર તરફ જોવાનું. તેઓ જે જોઈ શકતા એ હું ક્યારેય જોઈ ન શક્યો. મારી બાજુમાં ઊભા રહીને કોઈ મારી જેમ જુએ છે અને કોઈ common interestવાળું મારી બાજુમાં ઊભું છે એવું આશાબહેનને realize કરાવવા માટે જ હું ઉપર તરફ જોયા કરતો. બાકી આપણે તો જાણીએ ને કે એમ ઈશ્વર થોડા દેખાય?

બીજા બે દિવસ આશાબહેનના મારી સાથે તેમજ કુટુંબના બાકીના સભ્યો સાથે અબોલા ચાલુ રહ્યા. આશાબહેન કેમ બોલતાં નથી, એ અમારા માટે એક ચિંતાનો વિષય હતો. ત્રણ-ચાર ડાયાલિસીસ પછી તો તેમણે બોલવું જોઈતું હતું. Medical Fieldનું ગણિત થોડું કાચું છે એટલે medicineમાં 1+1 ક્યારેય 2 નથી થતા.

આશાબહેનને અમારાથી આટલા લાંબા સમય સુધી રિસાઈ જવાનું કારણ શોધવા માટે અમે સાંજે એમનો MRI Brain કરવાનું નક્કી કર્યું. એ દિવસે બપોરે હું તેમને મળવા ગયો. મેં તેમને "કેમ છો?" એવું પણ પૂછવાનું બંધ કરી દીધું. કેમ કે મને વિશ્વાસ હતો કે, કાયમની જેમ મને જવાબ મળશે જ નહિ. મેં તેમને તપાસીને, તેમની આંખોમાં આંખો પરોવી એક smile આપ્યું. હું મનમાં જ બોલ્યો, "તમે નથી બોલવાના એ ખબર છે. બસ, કેમ નથી બોલવાના એ અમારે જાણવું છે."

Pulse rate જોવા મેં તેમનો હાથ પકડેલો. તે હાથ મેં હળવેથી ICUના Bed પર મૂક્યો. હું ત્યાંથી નીકળવા ગયો ત્યારે જ તેમના હાથે તેમની સાથે દગો કર્યો અને મારો હાથ તેમણે પકડી લીધો. હાથની આવી નફ્ફટાઈ જોઈ આખું ICU સ્તબ્ધ થઈ ગયું. મગજથી અલગ થઈને હાથને સ્વતંત્ર નિર્ણયો લેવાનો હક નથી હોતો. આશાબહેનના હાથને તેમના આ અબોલા મંજૂર નહોતા. જાણે તેમના હાથ મને કહેતા હતા કે "જીભ આળસ કરે એમાં અમારો શું વાંક?"

હું થોડી વાર ત્યાં જ ઊભો રહી આશાબહેનને જોતો રહ્યો. મેં તેમનો હાથ મારા હાથમાં લીધો.

મેં પૂછ્યું, "શેનો વટ રાખો છો? બોલોને, શું કહેવું છે? પથારીમાં પડ્યા હોઈએ ત્યારે વટ આપણને શોભે નહિ."

એ દિવસે ગુરુવાર હતો. આપણો વાર. ગુરુવારે કોઈ જ વાતનો ડર ન હોય, કેમ કે દરેક ગુરુવાર આપણને જિતાડવા આવે છે. દરેક ગુરુવાર કંઈક આપવા આવે છે. આ ગુરુવાર પણ આપવા માટે જ આવેલો. તેમણે આશાબહેનના મોઢામાં શબ્દો આપ્યા.

આવો એકાદ અનુભવ થાય તો સાંઈ ભગવાનનું birth certificate કે I-card માંગવાની જરૂર ન પડે. ઈશ્વર સાક્ષાત્ આપણી બાજુમાં ઊભો હોય પછી એમનું સરનામું google પર શોધવા ન જવાય.

મેં પહેલી વાર આશાબહેનનો અવાજ સાંભળ્યો. તેઓ બોલ્યા. તેમણે છત તરફ ઇશારો કર્યો અને મને કહ્યું, "મને એક ચિત્ર દેખાય છે."

તેમણે શું કહ્યું એ જાણવા કરતા અમને એ વાતમાં વધારે રસ હતો કે તેમણે કંઈક તો કહ્યું. હું તેમની સામે હસ્યો. સગાઓ ખુશ. ICUનો બધો સ્ટાફ ખુશ. બસ, એક જ વ્યક્તિ ખુશ નહોતી. આશાબહેન પોતે.

તેમણે બોલવાનું શરૂ કર્યું એ ક્ષણ અમારા માટે એક વિજય સમાન હતી. એ વિજયના આનંદમાં અમે તેમને આગળ કશું પૂછ્યું જ નહિ. "બધું સરસ થઈ જશે" એમ કહીને હું ત્યાંથી નીકળી ગયો.

બહુ જ ઓછી વાર, આપણે કોઈની વાત સમજવા માટે સાંભળતા હોઈએ છીએ. સામાન્ય રીતે

આપણે કોઈકને સાંભળીએ છીએ, તેમને જવાબ આપવા માટે.

સાંજે ફરી પાછો ફોન. "આશાબહેન બોલતા નથી."

હું ICUમાં ગયો. તેમની પાસે જઈને મેં કહ્યું, "તમે બહુ moody છો. તમને ઇચ્છા હોય તો જ વાત કરવાની, નહીંતર નહિ. અમારે તમારો અવાજ સાંભળવો હોય તો અમારે રાહ જોવાની ક્યારે તમને બોલવાની ઇચ્છા થાય?"

આના જવાબમાં તેમણે ફક્ત મારી સામે જોયું. તેમણે કોઈ જ ઉત્તર આપ્યો નહિ. Pendulum ફરી પાછું ઈશ્વર તરફ swing થયું.

આ મૅચ પહેલેથી જ fix તો નહિ હોઈને! એવો વિચાર તો આવ્યો પણ પ્રયત્ન તો કરવાના જ હતા. અમે MRI Brain કરાવ્યો. સાવ normal. એ દિવસે ફરી પાછું વચ્ચે વચ્ચે તેમનું કોઈ એક ચિત્ર વિષેનું રટણ ચાલુ રહ્યું.

તેઓ સતત એક જ વાત કહેતા, "મને એક ચિત્ર દેખાય છે."

કેટલીક સંવેદનાઓ જે દર્દી અનુભવી શકે પણ ડૉક્ટર કે અન્ય કોઈ વ્યક્તિ નહિ. medical termમાં તેને hallucinations કહેવાય છે. આશાબહેનને કોઈ ચિત્ર વિશેના hallucinations હતા એ વાત અમે જાણતા પણ આશાબહેન નહિ. આગળના ચોવીસ કલાક અમે ફક્ત તેમને observe કર્યા. અમને આશા હતી કે બહુ જલદી તેમને દેખાતું ચિત્ર અદૃશ્ય થશે અને તેઓ અમારી સાથે normally વાત કરશે. તેઓ વારંવાર સતત છત તરફ જોયા કરતા.

કોઈ વ્યક્તિને તમારી સાથે વાત કરાવવી હોય, તો તેમને ગમતા વિષય વિશે વાતો કરવી જોઈએ. આવી સામાન્ય સમજ ખરી, પણ પરીક્ષામાં પૂછાવાનું ન હોય એવું કશું જ હવે યાદ રહેતું નથી.

બીજા દિવસે સવારે, તેમના એ ચિત્ર વિષે મેં તેમને સવાલો પૂછવાના શરૂ કર્યા. મેં પૂછ્યું, "ક્યાં છે ચિત્ર?"

તેમણે હાથ ઉપર કરી છત તરફ ઇશારો કર્યો. મેં પણ છત તરફ જોયું. મને ICUની lights સિવાય કશું જ દેખાયું નહિ.

ત્યાર બાદ થોડા સમય સુધી હું તેમની તરફ જોતો રહ્યો અને તેઓ તેમના ચિત્ર તરફ. મેં પૂછ્યું, "કોણ છે એ ચિત્રમાં?"

આશાબહેને પહેલી વાર મેં પૂછેલા સવાલનો જવાબ આપ્યો, "એ ચિત્રમાં હું છું."

ગાઢ જંગલમાંથી રસ્તો મળ્યો હોય એવો આનંદ મને થયો. એ રસ્તા ઉપર આગળ ચાલવાનું મેં શરૂ કર્યું. "એ ચિત્રમાં તમે શું કરો છો?"

તેમણે ધીમા અવાજે કશુંક કહ્યું જે મને સંભળાયું નહિ. મેં મારા કાન તેમની વધારે નજીક કર્યા. તેઓ બોલ્યા, "હું જમીન પર સૂતી છું."

"તમે જમીન પર સૂતા સૂતા શું કરો છો?" કોઈ જ જવાબ નહિ. "તમારી આજુબાજુ કોણ છે?"

તેમણે મારા તરફ ઇશારો કર્યો. આશાબહેનનું આ ચિત્ર કોઈ વાતે સમજાય તેમ નહોતું. જેમને હું ક્યારેય ઓળખતો નથી, ક્યારેય મળ્યો નથી, તેમના ચિત્રમાં હું કેવી રીતે હોઈ શકું? આ કેસ પણ એટલો જ complicated થતો ગયો જેટલું પેલું ચિત્ર.

મેં આગળ પૂછ્યું, "તમને એ ચિત્રમાં બીજું શું દેખાય છે?"

આશાબહેન પહેલી વાર મારી સામે હસ્યા. મને કહે, "આ ચિત્ર હજુ અધૂરું છે."

મારામાં પણ હિંમત આવી ગઈ. મેં તેમને કહ્યું, "તો આપણે પૂરું કરી નાખીએ."

મને કહે, "આજે નહિ કાલે."

"તમે કહો એમ." મારા માટે તેમના અધૂરા ચિત્ર કરતા તેઓની સંપૂર્ણ recovery વધારે મહત્ત્વની હતી. આશાબહેનના મગજ સુધી પહોંચવાનો રસ્તો અમને મળી ગયેલો. તેમને ગમતું એ ચિત્ર. અમારા બધા માટે આશાબહેનને દેખાતું એ ચિત્ર સાવ irrelavant હતું, પણ તેમને માટે બધા જ સંદર્ભો, બસ

એક ચિત્રમાં સમાયેલા હતા.

બીજા ત્રણ-ચાર દિવસ સુધી હું તેમને એ ચિત્ર વિષે પૂછતો રહ્યો, પણ તેમનું એ ચિત્ર આગળ વધ્યું નહિ. તેમની તબિયત સુધરતી ગઈ. ડાયાલિસીસ ચાલુ હતું એટલે આશાબહેનની recoveryનો બધો જ યશ ડાયાલિસીસને આપવો પડે. તેમના ચિત્રને નહિ. ચિત્ર વિષેની વાતોથી તેઓ આજુબાજુની દુનિયામાં રસ લેતા થયા. તેમના કુટુંબીજનો સાથે તેઓ હવે વાતો કરતાં.

હું પણ તેમને મળવા જાઉં ત્યારે મજાકમાં પૂછતો, “તમારું ચિત્ર કેટલે પહોંચ્યું? મને એમાં શું કામ ઘુસાડી દીધો?”

તેઓ પણ હવે મજાક કરવા લાગ્યા. મને કહે, “સાહેબ, તમે ક્યાંથી આવ્યા એ તો ખબર નથી પણ ચિત્ર આગળ વધતું નથી.”

“તમારું ચિત્ર કેમ આટલું બધું વિચિત્ર છે?” તેમ હું બોલ્યો અને પછી અમે બંને હસી પડ્યાં.

મારે તેમના ચિત્ર સાથે કોઈ જ સંબંધ નહોતો, પણ છતાં તેમનું એ ચિત્ર હવે મને ગમવા લાગ્યું. એટલા માટે નહિ કેમ કે એમાં હું હતો. એટલા માટે કે એક ચિત્ર જે ક્યાંય દેખાતું નથી, એ કોઈના જીવવા માટેનું કારણ બની શકે. મને લાગ્યું કે એ ચિત્ર જ આશાબહેનના નવજીવનનું નિમિત છે.

એ ચિત્રને પૂરું કરવામાં મને અંગત રસ હતો. મેડિકલનાં દરેક પુસ્તકો વાંચ્યા પછી પણ કેટલાક પ્રશ્નો આજે પણ course બહારના લાગે છે. બસ, મારે તો જવાબ મેળવવાનો હતો, મારા કોર્સ બહારના એ પ્રશ્નનો.

એક દિવસ ઓશીકા નીચેથી એક ફોટો કાઢીને, આશાબહેને એ ફોટો મને આપ્યો. મને કહે, “આ મારા ગુરુજી છે. મારા ભગવાન. તેઓ કાયમ મારી સાથે જ હોય. મારા ઓશીકા નીચે. તેઓ મારા પહેલા ભગવાન અને તમે મારા બીજા ભગવાન. તમે બંનેએ મને બચાવી લીધી.”

Honestly, ભગવાન શબ્દ પચતો નથી. ન તો એની ટેવ છે, ન તો એની લાયકાત. આમ પણ અમારા બંનેના Job Profile અલગ છે. જ્યારે કોઈ ભગવાન કહે, ત્યારે એ credit હું મારી જાતને આપવા કરતા મારા medical fieldને આપી દેવાનું પસંદ કરું છું.

આશાબહેનના ઈશ્વરને હું ઓળખતો નહોતો. ન તો એમના ફોટા ઉપર એમના ઈશ્વરનું નામ લખેલું, ન તો ઈશ્વરની ડિગ્રી. ડૉક્ટરને ડિગ્રીની જરૂર પડે, ગુરુજીને નહિ.

ઈશ્વર બનવા માટે એક પણ ડિગ્રી કામ લાગતી નથી એ મને ત્યારે સમજાયું. તેમણે જે ગુરુજીનો ફોટો બતાવેલો, એ ગુરુજી કદાચ graduate પણ નહિ હોય. Graduation છોડો, તેમના ગુરુજીને લખતાં-વાંચતાં આવડતું હોય તો પણ ઘણું. પણ તેમના માટે એ ગુરુજી ભગવાન સમાન હતા. ઈશ્વર બનાવવા માટેની recipeમાં ફક્ત શ્રદ્ધા જોઈએ, એ વાત હવે નક્કર થઈ ગઈ.

કોઈ વ્યક્તિના જીવવાનું નિમિત બનવું એનાથી વધારે મોટી કોઈ પદવી નથી. Being a super specialist, obviously, ego થોડો વધારે હોય. જલદી કોઈની સામે માથું નમે નહિ. તેમના ગુરુજી સામે માથું એટલા માટે નમ્યું કે જે પરિણામ લાવવા માટે અમે વર્ષો સુધી ચોપડીઓ વાંચી અને પરીક્ષાઓ આપી, એ જ પરિણામ તેમણે ફક્ત શ્રદ્ધાથી લાવી દીધું.

“તમારા ગુરુજીને મારા વંદન.” કહીને હું ત્યાંથી ચાલવા લાગ્યો.

“સર, પેલું ચિત્ર...” તેઓ વાક્ય પૂરું કરે એ પહેલાં જ મારા મોબાઇલની રિંગ વાગી અને તેમની વાત disconnect થઈ ગઈ. ફોન પર વાત કરતા કરતા હું નીકળી ગયો.

આશાબહેનને ઘરે જવાનો દિવસ નજીક આવી ગયો. એમને discharge મળે એ ઘટના અમારા બધા માટે એક ચમત્કારથી ઓછી નહોતી. એ દિવસે બુધવાર હતો. નૅફ્રોલૉજીસ્ટે કહ્યું કે ગુરુવારે સવારે ડાયાલિસીસ કરીને રજા આપીએ. ઘરે ગયા પછી અઠવાડિયામાં બે વાર ડાયાલિસીસ કરાવવા આવવું પડશે. નવી જિંદગીના બદલામાં દર અઠવાડિયે બે installments ડાયાલિસીસના સ્વરૂપમાં હૉસ્પિટલને નામ.

બુધવારે આશાબહેન ખુશ હતાં. હસતાં હસતાં મને કહે, "સારું થયું કે આજે રજા નથી આપી. બુધવારે discharge ન લેવાય. બુધવારે બેવડાય." તેઓ હસી પડ્યાં. મૃત્યુ એક વાર ચાખી લીધું હોય, એ પછીનું જીવન કદાચ વધારે મીઠું લાગતું હશે. એ મીઠાશ હૉસ્પિટલ સાથે share કરવા આશાબહેને આખી હૉસ્પિટલમાં પેંડા વહેચ્યાં. મને કહે, "તમારે તો બે ખાવાના."

મેં તેમને કહ્યું, "કાલે આપણે મળીશું નહિ. હું સવારથી જ ઑપરેશન થિયેટરમાં હોઈશ. તમારા નૅફ્રોલૉજીસ્ટને મળી, ડાયાલિસીસ પતાવીને નીકળી જજો."

જેટલું saline તેમને ICUમાં આપવામાં આવેલું, એ બધું જ તેમની આંખોમાંથી બહાર આવી ગયું. આંખોમાં salineની ભીનાશ સાથે મને કહે, "કઈ રીતે તમારો આભાર માનું?"

મેં કહ્યું, "તમારું ચિત્ર મને બતાવજો."

તેઓ કશું જ બોલ્યા વિના ત્યાંથી રવાના થયા. થોડું આગળ ચાલ્યા પછી તેઓ પાછા વળ્યા અને મને કહે, "આપણા બે સિવાય કોઈ ત્રીજું પણ એ ચિત્રમાં છે. એના ફક્ત હાથ દેખાય છે. હું જમીન પર સૂતી છું અને એ હાથ મને લેવા આવે છે."

હું હસ્યો. મેં કહ્યું, "Discharge કરવાના હોય ત્યારે આવા જ વિચારો આવે કે કોઈ લેવા આવે છે. આવતી કાલે તમારો દીકરો જ તમને લેવા આવવાનો છે."

આશાબહેન થોડી ઉતાવળમાં હતાં એવું લાગ્યું. હૉસ્પિટલમાંથી રજા મળે એ પહેલાં તેમને એ ચિત્ર પૂરું કરીને મને બતાવવું હોય એવું લાગ્યું. મેં તેમને કહ્યું, "કોઈ ઉતાવળ નથી. Follow upમાં આવો ત્યારે બતાવી દેજો."

ગુરુવાર આવ્યો. આશાબહેનનું ડાયાલિસીસ શરૂ થયું. ઘરનાં બધાં જ સભ્યો તેમને લેવા આવેલાં. જમણા હાથમાં ગુરુજીનો ફોટો લઈને આશાબહેન, ડાયાલિસીસના cot પર સૂતાં. ડાયાલિસીસ પૂરું થાય બસ એની રાહ હતી. ડાયાલિસીસના ત્રણ કલાક દરમિયાન કદાચ આશાબહેને તેમનું મન બદલી નાખ્યું. ઘર કરતાં પણ વધારે સારી જગ્યા મળતી હોય તો ઘરે કોણ જાય?

ડાયાલિસીસ પૂરું થયું. બ્લડપ્રેશર મપાવીને તેઓ બહાર નીકળ્યાં. થોડી વારમાં મને ઑપરેશન થિયેટરમાં મૅસેજ આવ્યો કે 'તમે free થઈ ગયા હોવ તો આવો. આશાબહેન અચાનક પડી ગયાં છે.'

હું OT dressમાં જ બહાર સુધી પહોંચ્યો. આશાબહેન જમીન પર પડેલાં. આસપાસ રહેલા ડૉક્ટરો વ્યર્થ મહેનત કરતાં હતા. CPR આપતા આપતા, મને એક ડૉક્ટરે કહ્યું, "સર, sudden cardiac arrest."

હું સ્તબ્ધ બની ત્યાં જ ઊભો રહ્યો. આશાબહેનને ઘરે લઈ જવાનું તેમના કુટુંબનું સ્વપ્ન અધૂરું રહ્યું અને આશાબહેને જોયેલું ચિત્ર પૂરું થયું.

આશાબહેને જોયેલું ચિત્ર હવે સ્પષ્ટ રીતે મારી સામે હતું. જમીન પર પડેલાં આશાબહેન, બાજુમાં ઊભેલો હું અને પોતાના busy scheduleમાંથી થોડો સમય કાઢીને, તેમને સાક્ષાત્ લેવા આવેલા ઈશ્વર. આશાબહેનના હાથમાંથી તેમના ગુરુજીનો ફોટો નીચે પડી ગયેલો. આશાબહેનના બંને ભગવાન એમની બાજુમાં હતા અને એમનું મોભાદાર મોત એમની સામે હતું.

ઈશ્વર પોતે આપણને લેવા આવે તો ના ન જ પડાય ને! આપણે તો કાયમ એની સામે હાથ ફેલાવીએ છીએ. જ્યારે ઈશ્વર આપણી સામે હાથ ફેલાવે કે 'ચાલ, તને લેવા આવ્યો છું.' પછી ઘરે કોણ જાય? આવું મોભાદાર મોત નસીબમાં હોય તો સ્વર્ગની લાલચની પણ જરૂર નથી.

ત્યારે એવું લાગ્યું કે કોઈ હાર્યું નથી, બધા જ જીતી ગયા. અમે આશાબહેનને સાજા કરી મોકલી દીધા અને આશાબહેનને પણ જ્યાં વધારે ગમશે એવી જગ્યા એમણે પસંદ કરી.

તે સમયે આશાબહેનને જે બચાવવાનો અથાગ પ્રયત્ન કરી રહેલા એ ડૉક્ટર અંતે થાક્યા. એક ડૉક્ટર ખૂબ નિરાશ થઈને મારી પાસે આવ્યા અને મને કહે, "સૉરી સર." હું કશું જ બોલ્યો નહિ. થોડી વાર પછી એ ડૉક્ટરે મને એક સવાલ કર્યો, "સર, cardiac arrestનું કારણ સમજાયું નહિ." હું હસ્યો

અને કશો જ જવાબ આપ્યા વિના ચાલવા લાગ્યો.



સાહેબ, મારે જીવવું છે મને જિવાડશો ને?

હૉસ્પિટલનો ફિમેલ સર્જિકલ વૉર્ડ. સાંજના સમયે એક 28 વર્ષની યુવતીને પેટમાં દુઃખાવાની ફરિયાદ સાથે દાખલ કરવામાં આવી.

28 વર્ષની યુવાન છોકરી અસહ્ય દુ:ખાવા સાથે હૉસ્પિટલમાં આવી. સેંથીમાં સિંદૂર, ગળામાં મંગળસૂત્ર અને તેની સાથે રહેલું 5 વર્ષનું બાળક. તે યુવતીના ભાગે આવેલી જવાબદારીઓ કદાચ ઈશ્વરને ઓછી લાગી હશે, એટલે જ ઈશ્વરે તેને, તેના ગજા બહારની બીમારીનો સામનો કરવા હૉસ્પિટલ મોકલી.

"શું તકલીફ થાય છે?" મેં પૂછ્યું. તબીબનું જીવન પણ બહુ અજીબ હોય છે. દર્દીના ગાલ ઉપર જોઈ શકાય કે સોળ ઊઠી ગઈ છે, ઈશ્વરે બરાબરનો તમાચો માર્યો છે એ પણ જોઈ શકાય અને છતાં અમારે પૂછવું પડે, "શું તકલીફ થાય છે?"

દર્દી તો બોલી શકવાની પરિસ્થિતિમાં હતું નહિ. તેની સાથે રહેલી એક સ્ત્રીએ મને history આપી, "સાહેબ, 3 દિવસથી ઊલટીઓ થાય છે, પેટમાં અનાજનો દાણો ટકતો નથી. આજ સવારથી તો ખૂબ દુ:ખાવો છે, સાહેબ."

મેં પૂછ્યું, "ત્રણ દિવસ સુધી શું કર્યું? કોઈ દવા લીધી કે નહિ?"

"અરે સાહેબ, એનો વર દારૂ પીને આખો દિવસ પડ્યો રહે છે. એની સાસુને આ છોકરીની કાંઈ પડી નથી. ઘરમાં આ નાનું બાળક એને નવરું થવા દેતું નથી. કોણ હૉસ્પિટલ લઈ જાય?"

હું થોડી વાર કશું જ બોલ્યો નહિ.

મેં દર્દીને તપાસી. મને કશું પણ કહી શકવાની સ્થિતિમાં એ નહોતી. મેં તપાસીને કહ્યું, "થોડાક રિપોર્ટ કરાવવા પડશે. આંતરડામાં અટકાવ હોય (intestinal obstruction) એવું લાગે છે."

28 વર્ષના જીવ માટે એક સાથે આટલી બધી તકલીફો કદાચ... પેલા બાળકથી પણ સહન ન થઈ શકી. અચાનક તે બાળક રડવા લાગ્યું. મમ્મીને કોઈ દિવસ આમ ખાટલા પર જોયા નહિ હોય, એટલે એ પણ રડતા રડતા તેની મમ્મીની પાસે આવી ગયો.

આપણા ભાગે આવેલી પીડા જ્યારે આપણા સ્વજનો સુધી લંબાય, ત્યારે આપણી વેદના અનેક ગણી વધી જતી હોય છે. પેલી યુવતીએ પેલી સ્ત્રીને પોતાનું બાળક બહાર લઈ જવા ઇશારો કર્યો. એ 5 વર્ષનો જીવ રડતો રડતો પેલી સ્ત્રી જોડે બહાર નીકળી ગયો અને મારા હાથમાં સોંપી ગયો એનું આખું વિશ્વ, એની મમ્મી.

X-ray અને સોનોગ્રાફીના રિપોર્ટ પણ એ જ વાત બોલ્યા "intestinal obstruction."

મેં દર્દીના સગાને બોલાવવાનું કહ્યું. સાવ જીર્ણ થયેલો એનો પતિ અને પોતાની સૂક્ષ્મ જિંદગીમાં, પોતાનો વિરાટ અહંકાર લઈને આવી એની સાસુ. તે દિવસે મને સમજાયું... સગા હંમેશાં વહાલા નથી હોતા અને જે વહાલા હોય છે તેઓ ક્યારેક સગા નથી હોતા.

મેં કહ્યું, "બહેનના આંતરડામાં અટકાવ છે. એટલે પેટ ફૂલી ગયું છે, ઊલટીઓ થાય છે. તાત્કાલિક આ અટકાવ દૂર કરવો પડે. તેનું તાત્કાલિક ઑપરેશન કરવું પડશે."

તેનો પતિ સ્તબ્ધ બની મારી સામે જોતો રહ્યો, જાણે તેની આંખો મને પૂછતી હોય 'મારા દારૂનું શું?'

ઈશ્વરે યથા શક્તિ જેટલી પણ બુદ્ધિ આપી હશે તે વાપરીને તેની સાસુએ મને પૂછ્યું, "સાહેબ, દવાથી કાંઈ થાય એમ નથી?"

મેં કહ્યું, "ના. ઑપરેશન તો કરવું જ પડે અને જલદી કરવું પડે."

અંદરોઅંદર કશીક ચર્ચાવિચારણા કરીને, તેઓએ મને ઑપરેશન માટેની પરવાનગી આપી.

હું દર્દી પાસે ગયો. મેં કહ્યું, "બધું સરસ થઈ જશે. તમારો દુ:ખાવો મટાડવાનો છે ને! એક નાનું એવું ઑપરેશન છે. હમણાં બધું સારું થઈ જશે."

હૉસ્પિટલમાં ઍડમિશન પછી એ સ્ત્રી પહેલી વાર કશુંક બોલી. વિશ્વાસભરી આંખે તેણે પોતાના ઇરાદા સ્પષ્ટ કરી દીધા. મને કહ્યું, "સાહેબ, મારે જીવવું છે. મને જિવાડશો ને?"

આવા સવાલોના જવાબ કદાચ ઈશ્વર પાસે પણ હોતા નથી. મારી પાસે તો ક્યાંથી હોય? મેં ફક્ત માથું હલાવ્યું અને એક સરસ smile આપી.

ઑપરેશન થિયેટરમાં એ દિવસે ખાસ આ દર્દી માટે અમારા સર્જરીના પ્રોફેસરને બોલાવેલા. ઈશ્વરે આ દુનિયામાં સિનિયરો બનાવીને, દુનિયાના અડધા પ્રશ્નો આમ જ ઉકેલી દીધાં છે. તે દિવસે અમારી સાથે અમારા પ્રોફેસર નામનો 30 વર્ષનો અનુભવ પણ હાજર હતો.

દર્દીનું abdomen (પેટ) ખૂલે, તેની સાથે સર્જન માટે પણ કેટલાય રહસ્યો ખૂલતા હોય છે.

મોટા આંતરડામાં એક મોટી ગાંઠ સંતાઈને પડેલી અને હવાથી ફૂલી ગયેલાં આંતરડાંઓ તેની આજુબાજુ મૃતપ્રાય: અવસ્થામાં પડેલાં. આટલી નાની ઉંમરમાં મોટા આંતરડામાં ગાંઠ ક્યારેય અપેક્ષિત ન હોઈ શકે, પણ સર્જરીમાં ક્યારેય કશું અપેક્ષિત હોતું નથી. મોતની જેમ અણધાર્યા સંજોગો સામે આવે છે અને તેનો સામનો કરવો પડે છે.

અમારા પ્રોફેસરે પણ ગાંઠનું નિરીક્ષણ કર્યું. એક જ અણગમતો વિચાર, જે અમારા બધાંના મગજમાં હતો એ વિચારને પ્રોફેસરે વાચા આપી 'MALIGNANCY (કૅન્સર) લાગે છે.' ત્યારે મને ઑપરેશન ટેબલ પર રહેલી આ 28 વર્ષની છોકરી, કૅન્સર સામે કેવી રીતે લડશે? એવો વિચાર ન આવ્યો, પણ તેનું 5 વર્ષનું બાળક પોતાની બાકીની જિંદગી પોતાની મા વગર કેવી રીતે કાઢી શકશે? એવો વિચાર આવ્યો. ખેર, કૅન્સર એટલે કેન્સલ એવું હંમેશાં હોતું નથી, એવું માનીને અમે સર્જરીમાં આગળ વધ્યા. ગાંઠવાળો આંતરડાનો ભાગ કાઢીને અમે બાયોપ્સી માટે મોકલ્યો અને દર્દીના પેટમાં એક પ્રાર્થના નાંખીને, અમે closure ચાલુ કર્યું. મનમાં ઘૂંટાતો એક જ અવાજ 'સાહેબ, મારે જીવવું છે. મને જિવાડશો ને?' ઑપરેશન થઈ ગયા પછી પણ એ સવાલનો જવાબ હું શું આપીશ? એવી શંકાઓએ મને શાંતિથી closure પણ કરવા દીધું નહિ.

ઑપરેશનમાંથી બહાર આવીને મેં તેના સગાઓને કહ્યું, "બહુ મોટી ગાંઠ હતી. આંતરડામાં અટકાવ એને કારણે જ હતો. એ ગાંઠ કાઢી લીધી છે."

સંજોગો અને દેશી દારૂએ જેને ક્યારનો બેસાડી દીધેલો, એવો એનો પતિ ઊભો થયો. મને પૂછ્યું, "હવે તો સારું થઈ જશે ને?"

મેં એને કહ્યું, "બાયૉપ્સીનો રિપોર્ટ આવે એટલે ખબર પડશે કે ગાંઠ શેની હતી? ત્યાં સુધી કંઈ પણ કહી ન શકાય."

મોતનું પણ ઈશ્વર જેવું જ હોય છે. જે એને જોઈ શકે છે, ફક્ત એને જ એ સમજાય છે. બીજા દિવસે સવારે હું જ્યારે દર્દીને મળવા ગયો ત્યારે કદાચ તેને એ વાતની જાણ થઈ ગયેલી કે કૅન્સર જેવી શક્યતા ટૂંક સમયમાં તેનું ભવિષ્ય નક્કી કરવાની હતી. એ શક્યતા હકીકતમાં પરિણમે, ફક્ત એની રાહ જોવા માટે હૉસ્પિટલના પૅથૉલૉજી વિભાગે એને આપેલા હતા પાંચ દિવસ.

ફાંસીની સજા મળવાની છે એવું નક્કી હોય, પણ જ્યાં સુધી ન્યાયાધીશનો ચુકાદો નથી આવતો ત્યાં સુધી ગુનેગારને પણ આશા હોય છે કે કદાચ માફી મળી જાય.

આ તો 28 વર્ષનો જીવ હતો, જે સપનાંઓ જોઈ રહેલો એના બાળકને ઉછેરવાના, એના ઉજ્જ્વળ ભવિષ્યના, એને સારું શિક્ષણ આપવાના! ઈશ્વરને આ સાવ નિર્દોષ જીવ સાથે શું કરવા વાંકું પડ્યું એ મને પણ સમજાયું નહિ.

હું જ્યારે જ્યારે રાઉન્ડ લેવા તેની પાસે જતો, એ છોકરી લાચાર બની મારી સામે જોયા કરતી, જાણે હું એનામાં પ્રાણ પૂરી દઈશ. હું લાચાર બની એને તપાસ્યા કરતો.

જે દિવસે બાયૉપ્સીનો રિપોર્ટ આવશે, એ દિવસે હું તેને શું કહીશ? ગમે તેટલી સારી ભાષામાં વાત કરું પણ દર્દી તો સમજી જ જશે ને કે સ્વર્ગમાં જવાની ટિકિટ પૅથૉલૉજી વિભાગમાંથી મળી.

જ્યારે મોતની રાહ જોતા હોઈએ, ત્યારે દિવસો જતા નથી અને તોય સાલી જિંદગી જતી રહે છે. અંતે એ દિવસ આવ્યો જ્યારે તેનો બાયૉપ્સીનો રિપોર્ટ આવવાનો હતો. હું સવારે એના ખાટલા પાસે ગયો ત્યારે એ દર્દી સૂતા સૂતા એના 5 વર્ષના બાળક જોડે વાતો કરતું હતું. વિષય હતો કે મોટો થઈને એ શું બનશે? એનો પતિ પણ સભાન અવસ્થામાં તેની બાજુમાં બેઠેલો. મોતને આવતું જુએ છે ત્યારે જિંદગી પણ સીધી દોર થઈ જાય છે, તો પતિ તો શું ચીજ છે?

હું જેવો એની પાસે ગયો એણે હસતા હસતા મને કહ્યું, “સાહેબ, મારા બાળકને તમારા જેવો જ દાક્તર બનાવવો છે.”

તેની બાજુમાં રહેલા બાળકના માથા ઉપર મેં હાથ ફેરવ્યો અને કહ્યું, “ચોક્કસ બનશે.”

મોતનું ફરમાન તેનાથી ગણતરીની ક્ષણો જ દૂર હતું એવી જાણ કદાચ એને હોય પણ ખરી. પરંતુ તેની બાજુમાં રહેલી 5 વર્ષની જિંદગી વિષે ચર્ચા કરવામાં તે વ્યસ્ત હતી. તે અને તેનો પતિ ખુશખુશાલ થઈને તેના બાળકને રમાડતાં હતાં. આ હાસ્ય કદાચ અંતિમ હાસ્ય ન હોય તો સારું એવી પ્રબળ પ્રાર્થના મેં ઈશ્વરને કરી.

પૅથૉલૉજીનો રિપોર્ટ લઈને પટ્ટાવાળો આવ્યો. યમરાજ પણ કેવા કેવા સ્વરૂપે આવે છે? હું છાનોમાનો, રિપોર્ટ લઈને, ડૉક્ટર્સ રૂમમાં ગયો. બંધ પરબીડિયામાંથી મરણ મળશે અને બચી શકવાની ક્ષણ પણ નહિ મળે એ વાત મને ત્યારે realise થઈ.

મેં રિપોર્ટ વાંચ્યો. છેલ્લી લીટીમાં ઈશ્વરે આશીર્વાદ મોકલેલા ‘No evidence of malignancy. The sections studied suggest tuberculous lesions’. મારી આંખોમાં ઝળઝળિયાં આવ્યાં. કાગળ પર રહેલા અક્ષરો, આંખો સુધી પહોંચીને રેલાઈ ગયા.

હું એક નવી જિંદગીના સમાચાર આપવા તે દર્દી તરફ દોડ્યો અને તેની પાસે જઈને કહ્યું, “રિપોર્ટ સારો છે. આંતરડાનો ટીબી છે પણ દવાથી મટી જશે. ચિંતા જેવું કશું જ નથી.”

પોતાના બાળકના માથા ઉપર હાથ ફેરવીને તે યુવતીએ મને કહ્યું, “સાહેબ, આની માટે મારે જીવવું છે. આને મોટો થઈને દાક્તર બનાવવો છે, સાહેબ. હું ન હોત તો આનું શું થાત?”

પોતાની પત્નીની આંખોમાંથી વહી જતાં આંસુઓ જોઈને, તેનો પતિ પણ ભીનો થયા વગર રહ્યો નહિ. કદાચ ઇરાદાથી કોઈ માણસ ખરાબ હોતું નથી. બસ, સંજોગો સાલા માણસને માણસાઈ ભુલાવી દે છે. તેના પતિએ તેની પત્નીનો હાથ પકડી લીધો અને તેઓ અંદરોઅંદર વાત કરવા લાગ્યા.

હું ત્યાં જ ઊભો રહી, માથું નીચું કરી, બાયૉપ્સીનો એ રિપોર્ટ જોતો રહ્યો. બસ, જોતો રહ્યો એ રિપોર્ટ અને હું શોધતો રહ્યો કે પૅથૉલૉજિસ્ટની સાથે સાથે એ બાયૉપ્સી રિપોર્ટ ઉપર ઈશ્વરે પણ ક્યાંક સહી તો નથી કરીને!

◙

સૂરજનું સપનું અને સપનાંનો સૂરજ

કેટલાંક સપનાંઓ જોતી વખતે આપણને ખ્યાલ પણ નથી હોતો કે જ્યારે એ સપનાંઓનું bill આવશે ત્યારે એ રકમ EMIથી ચૂકવવી પડશે. સપનાંઓ જોવા ઉપર પણ tax લાગતો હોય એવી તો કલ્પના પણ કોને હોય? મકાન કે દુકાન ખરીદ્યા હોય તો વખત આવે વેચી પણ શકાય. સપનાંઓ કોને વેચવા? કેટલાંક સપનાંઓ આંખોને પાયમાલ કરી નાંખે છે. સપનાંઓ દાદાગીરી કરે, ત્યારે તેમને સ્તબ્ધ બનીને જોવા સિવાય આંખો પાસે બીજું કોઈ option પણ નથી હોતું.

આ એક એવા સપનાંની વાત છે જેણે આંખો પાસેથી બધું જ લૂંટી લીધું. આંખો જાય ત્યાં સુધી વાંધો નહિ, પણ દૃષ્ટિ તો રહેવી જ જોઈએ ને. આ એક એવા સપનાંની વાત છે જેણે દૃષ્ટિ લઈ લીધી અને પાછળ છોડી ગયા, લાલાશ પડતી આંખો.

55 વર્ષની વય. નામ પ્રકાશભાઈ. ઓપીડીનું બારણું ખોલી ધીમા પગલે મારા તરફ આવ્યા. ખુરશી પર બેઠા પછી ધીમા અને અચકાતા સ્વરે તેમણે પોતાની વાત શરૂ કરી, "સાહેબ, બાળક જોઈએ છે. ટેસ્ટ ટ્યૂબ બેબી. મારા પત્નીની ઉંમર 45 વર્ષ છે. તેઓ menopause વટાવી ચૂક્યા છે."

જીવતર ક્યારેય gymમાં જતું નથી. જીવતરને ચાલવાનો પણ શોખ નથી અને એરોબિક્સનો પણ નહિ. બસ, બેઠા બેઠા જવાબદારીઓ લીધા કરવાની! એટલે obviously જીવતરનું વજન તો વધવાનું જ. આ ભારેખમ જીવન ઉપાડવા માટે એક સહારો મળી જાય તો થાક ઓછો લાગે. બાકી, જીવન જીવ્યાનો થાક તો ક્યાં નથી લાગતો?

પ્રકાશભાઈની પરિસ્થિતિ મને થોડી થોડી સમજાઈ. આ ઉંમરે તેમને એક સહારાની જરૂર છે મને એટલી સમજણ પડી. પણ બાળક જ કેમ? એ પણ આ ઉંમરે?

પ્રકાશભાઈએ પોતાની વાત આગળ વધારી, 'સાહેબ, મારે બે બાળકો. એક દીકરો અને એક દીકરી.' પ્રકાશભાઈએ હવે નજર નીચે કરી દીધી. મારા કન્સલ્ટિંગ રૂમમાં, મારી ખુરશીની પાછળ જ સાંઈ ભગવાનનો ફોટો છે. મારા દરેક નિર્ણય મને એ ફોટો જ લેવડાવે છે. આમ પણ આપણી પાછળ ઈશ્વર બેઠો હોય, તો થોડો વધારે ટેકો આપી બેસી શકાય.

પ્રકાશભાઈની નજર વાત કરતી વખતે, મારા ટેબલ ઉપર પડેલા paper weight ઉપર હતી. હું જ્યારે જ્યારે paper weightને જોઉં છું ત્યારે એક જ વિચાર આવે છે. What a coincidence? કાગળ જેવી જાત અને ભારેખમ જીવતર. કેટલું સામ્ય છે આપણી અને આ paper weight વચ્ચે. anyways, વાત અધૂરી રહી ગઈ. પ્રકાશભાઈ મારા તરફ કે સાંઈ તરફ જોવાનું ટાળતા. કદાચ સાંઈ ઉપર તેમને હવે વિશ્વાસ નહોતો.

સાંઈ ઉપર મૂકેલો વિશ્વાસ દર 6 મહિને રિન્યૂ કરાવવો પડે. પ્રકાશભાઈને તો છેલ્લાં દોઢ વર્ષથી સંજોગોએ દોડાવી દોડાવીને એટલા વ્યસ્ત રાખેલા, એટલે ઈશ્વરને મનાવવાનો સમય જ ન મળ્યો.

પ્રકાશભાઈના દીકરાને ડૉક્ટર બનવાનું સ્વપ્ન હતું. પ્રકાશભાઈને વારસામાં મળેલી કોઈ જ મિલકત નહિ. પોતે એક નાનો એવો વ્યવસાય કરી, પોતાના કુટુંબે જોયેલાં સપનાંઓને પૂરાં કરવા તેઓ રાત-દિવસ મહેનત કરતા. ઘરના બધા જ સભ્યોને એક સાથે સપનાંઓ જોવા પોસાય એમ નહોતાં, એટલે પ્રકાશભાઈએ પોતે સપનાંઓ જોવાનું બંધ કરી દીધેલું. દીકરાનું સ્વપ્ન એ જ મારું સ્વપ્ન. તેમના જ શબ્દોમાં કહું તો, "સાહેબ, રવિને મેં ક્યારેય કોઈ વાતની ના નહોતી પાડી. એની દરેક માંગણીઓ મેં પૂરી કરી છે સાહેબ. એને ના સાંભળવાની આદત જ નહોતી."

ધોરણ 12 વિજ્ઞાનમાં ઓછા ટકા આવ્યા. Unfortunately દરેક વિદ્યાર્થી એવું માને છે કે સમાજની કોઈ એક વ્યક્તિ વિશેના દરેક માપદંડો, તેના ધોરણ 10 કે 12ની ટકાવારીના આધારે નક્કી થાય છે. વિદ્યાર્થી એ નથી જાણતો કે આજનો સમાજ dementiaથી પીડાય છે. short term memory loss.

ગઈ કાલે રાતે શું જમેલા કે પોતાના સ્વજનને છેલ્લે ક્યારે મળેલા? આજના વ્યસ્ત સમાજને એ પણ યાદ નથી, તો કોઈ એક વિદ્યાર્થીને પરીક્ષામાં કેટલા માર્ક્સ આવેલા, એ ક્યાંથી યાદ રહેવાનું? આજકાલ તો આપણને છેલ્લે ક્યારે ખડખડાટ હસેલા, એ પણ સ્માર્ટ ફોનમાં notes કરીને save કરવું પડે છે જેથી યાદ રહે.

લોકોને પોતાની નિષ્ફળતાઓ યાદ રહેતી નથી, તો એક વિદ્યાર્થીના ધોરણ 12ના ટકા શું યાદ રહેવાના? પ્રકાશભાઈના સંતાન રવિને આ વાત હું ત્યારે સમજાવી શક્યો નહિ, કારણ કે પ્રકાશભાઈ એકલા જ મને મળવા આવેલા. રવિ આવેલો નહિ.

"સાહેબ, રવિને એમ થયું કે સમાજ શું કહેશે? મને મેડિકલમાં પ્રવેશ નહિ મળે તો મારું ડૉક્ટર બનવાનું સ્વપ્ન અધૂરું રહી જશે. એ દરરોજ મારી આગળ રડતો. મને મારા જીવનમાં આટલી બધી લાચારી ક્યારેય નથી લાગી." પ્રકાશભાઈની વેદના સારા અક્ષરોમાં લખાયેલી, એટલે હું એકદમ સ્પષ્ટ રીતે એમની વેદના વાંચી શક્યો.

પ્રકાશભાઈ હિંમત ન હાર્યા. દીકરાનું સ્વપ્ન પૂરું કરવા તેઓ રોજ રાત્રે ઇન્ટરનેટ પર બેસી google ફેંદી વાળતા. અધૂરાં સપનાંઓ google પર પૂરાં થઈ શકે, એવું એક પણ પુસ્તકમાં લખેલું નથી. દુનિયામાં સૌથી વધારે આશાવાદી એક દીકરાનો બાપ હોય છે. પ્રકાશભાઈએ પોતાના પુત્ર રવિ માટે રશિયામાં MBBS કરવાની તક ઝડપી. કેટલાય લોકોને તેઓ મળ્યા. Ultimately ગજા બહારની કિંમત આપી, તેમણે રવિને ડૉક્ટર બનાવવા રશિયા મોકલ્યો.

"સાહેબ, રશિયા જતી વખતે રવિ ખૂબ ખુશ હતો. મને એવું લાગ્યું કે હું જિંદગી જીતી ગયો." આ વાક્ય બોલતા પ્રકાશભાઈની આંખો ભીની થઈ ગઈ.

પ્રકાશભાઈ કદાચ એ નહોતા જાણતા કે જિંદગીનું પણ ક્રિકેટ જેવું છે. It is a funny game. It is not over till the last ball is bowled. જીતતા હોય એવું લાગે પણ એક ઓવર મૅચનું result બદલી શકે.

રશિયામાં ગયા પછી પહેલા 6 મહિના રવિને ખૂબ મજા આવી. He was enjoying there. પ્રકાશભાઈના શબ્દોમાં કહું તો "સાહેબ, અમે રોજ એને Skype ઉપર જોતા. એ ખુશ હતો. web cam પર જ્યારે જ્યારે એને જોતા, ત્યારે એક સંતોષ મળતો કે જે થયું તે સારું થયું. ત્યાં એ વધારે સુખી છે."

જિંદગીમાં આવતા સુખને પણ થોડો change જોઈએ છે. એક વ્યક્તિ પાસે રહીને સુખ કંટાળી જાય. એટલે રવિ પાસે રહેલા સુખે એક દિવસ અચાનક બૅગ પેક કરી. રવિને રશિયામાં ફાવી ગયેલું પણ કદાચ એના સુખને રશિયા ફાવ્યું નહિ. રવિને ત્યાં એકલો મૂકી, રવિનું સુખ-શાંતિ અને આનંદ બધું એક સાથે રશિયાથી રવાના થયું. Fast track કે કુરિયરમાં મોકલ્યું હોય તો સુખને trace પણ કરી શકાય. આમ, કીધાં વગર નીકળી ગયેલા સુખને શોધવું પણ ક્યાં?

પ્રકાશભાઈ હવે વધારે ગંભીર થયા. 'સાહેબ, રશિયામાં લેવાયેલી પહેલી પરીક્ષામાં રવિને ઓછા માર્ક્સ આવેલા. મેં એને સમજાવ્યો કે બેટા હવે તો પાસ થઈએ એટલે ઘણું. તું ડૉક્ટર તો બની જ જઈશ. સાહેબ, રશિયાની કૉલેજને એ મંજૂર નહોતું. આટલા ઓછા માર્ક્સ હોય, તો MBBSમાં આગળ ન વધી શકાય એવો એમનો પત્ર મારા પર આવેલો. તેમણે 50,000 માંગ્યા. આટલા આપો તો તમારા બાળકને આગળ વધારીએ. રવિને આ વાતની જાણ નહોતી. રવિનું એક જ સપનું હતું, ડૉક્ટર બનવાનું. મારું એક જ સપનું હતું, રવિને હંમેશાં ખુશ જોવાનું. સાહેબ, મારા દીકરાની ખુશીઓ ફક્ત 50,000 માટે અટકી જાય એ મને ન પોસાય. મેં પૈસા મોકલાવ્યા. પછી આ જ વાતનું પુનરાવર્તન થયું. થોડા સમય પછી ફરી પાછા રવિને આગળ વધારવા તેમણે પૈસા માંગ્યા. મેં દરેક વખતે આપ્યા સાહેબ. કદાચ ઈશ્વરને એ મંજૂર નહોતું. રવિની મુશ્કેલીઓ ત્યાં વધતી ગઈ. સાહેબ, એના રૂમ પાર્ટનર ડ્રગ્સ લેતા. રોજ રાતે હૉસ્ટેલના રૂમમાં છોકરીઓ આવે. મોટા અવાજે, મોડી રાત સુધી ગીતો વાગતા હોય.

પાર્ટીનો માહોલ ચાલતો હોય એમાં મારો દીકરો વાંચે કેવી રીતે? એક જ વર્ષમાં રવિ કંટાળ્યો. એનામાં ભારત પાછા આવવાની હિંમત નહોતી. ડૉક્ટર બનવાનું સ્વપ્ન હજુ પણ ચાર વર્ષ દૂર હતું. હું રોજ એને સમજાવતો કે ખરાબ સમય વધારે વાર ટકતો નથી. બધું થાળે પડી જશે. થોડી ધીરજ રાખ. એણે ધીરજ રાખી, સાહેબ. બીજા 6 મહિના એણે આ બધું સહન કર્યું. એક દિવસ જ્યારે એને એ વાતની જાણ થઈ કે, દરેક પરીક્ષા પછી કૉલેજવાળા ઓછા માર્ક્સને કારણે, એને આગળ વધારવાના પૈસા માંગે છે ત્યારે એ પડી ભાંગ્યો. સાહેબ, એ દિવસ આજે પણ યાદ છે. web cam પર એને રડતો જોયો ત્યારે જે લાચારી અનુભવી છે એ ઈશ્વર કોઈ દી' કોઈને ન આપે. સાહેબ, હું શું કરું મને ખબર નહોતી પડતી. મારી સામે હોત તો એને બાથમાં લઈ લીધો હોત. web cam પર ગળે પણ કેમ મળવું? એના માથા ઉપર હાથ કેમ ફેરવું સાહેબ? કેટલાય દિવસો પછી અમારે એ નિર્ણય લેવો પડ્યો જે અમારા બધા માટે સૌથી આકરો હતો. રવિ પાછો આવ્યો. દીકરાથી વધારે શું હોય? દીકરો હેમખેમ પાછો આવ્યો એ વાતનો જ આનંદ હતો. કદાચ ડૉક્ટર બનવાનું એના નસીબમાં જ નહિ હોય.' પ્રકાશભાઈ એક સાથે આટલું બોલી, ચૂપ થઈ ગયા.

દીકરો અને દીકરાનું સ્વપ્ન. આ બંનેમાંથી ફક્ત દીકરો જ ઘરે પાછો આવ્યો. માણસને ક્યારેક 'સ્વપ્ન' નામની ઘાત હોય. બસ, એ ગઈ. હિસાબ માંડીએ તો સપનાંઓની MRP માણસ કરતા વધારે નથી હોતી. આ મોંઘવારીમાં ફક્ત માણસની કિંમત ઘટી છે એ કબૂલ, છતાં પણ સપનાંઓ માણસ કરતા તો સસ્તા જ પડે ને! દીકરાથી વધારે શું હોય? એ તો પાછો આવ્યો ને! એમ માનીને પ્રકાશભાઈએ મન મનાવ્યું.

પ્રકાશભાઈનું મન એમના ઈશ્વર કરતા વધારે flexible હતું. એટલે એ તરત જ માની ગયું. પણ રવિનું શું? એક સપનું તૂટે ત્યારે શરીરનું એક અંગ ગયું હોય એવી અનુભૂતિ થાય, એવા સંજોગોમાં રવિને સમજાવવો ખૂબ અઘરો હતો. ભૂતકાળને ભૂલવો કેમ? વિદ્યાર્થી જીવનનો આ સૌથી મોટો problem. જે યાદ રાખવાનું હોય એ રહે નહિ. જે ભૂલવાનું હોય એ યાદ આવ્યા કરે. એ વ્યક્તિ હોય, પરિસ્થિતિ હોય કે અલગ થઈ ગયેલું સ્વપ્ન હોય. બસ, એ જ યાદ આવ્યા કરે.

ભૂતકાળને ભૂલવો હોય તો વર્તમાનને વ્યસ્ત બનાવો. એવું ક્યાંક પ્રકાશભાઈએ સાંભળેલું. તેમણે રવિ માટે નજીકની કૉલેજોમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન શરૂ કર્યા. ખરાબ સમય ચાલતો હોય ત્યારે આપણે દોડીએ તો ખરાબ સમયની આગળ નીકળી શકાય. પ્રકાશભાઈના પ્રયત્નો સફળ થયા. રવિને રાજકોટની ફિઝિયોથૅરાપી કૉલેજમાં પ્રવેશ મળ્યો.

ખરાબ દિવસો પૂરા થયા. રવિ પણ ભૂતકાળની વાતોને ભૂલીને એક નવા ભવિષ્ય તરફ આગળ વધવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પ્રકાશભાઈએ ફરી એક વાર તેમના સંજોગોને હરાવ્યા અને તેમનાં સંતાનને જિતાડ્યો.

આ સમગ્ર ભાગદોડમાં પ્રકાશભાઈનો પોતાનો ધંધો સાવ પડી ભાંગ્યો. રવિ માટે એક સારા ભવિષ્યની શોધમાં તેમણે પોતાનું વર્તમાન ગુમાવ્યું. પોતાની આખી જિંદગી તેમણે રવિમાં invest કરી નાખી. એક બાપ માટે આનાથી વધારે સંતોષકારક વાત શું હોઈ શકે? કોઈ પણ જાતના returnsની અપેક્ષા વગર, પોતાની બધી જ મૂડી પ્રકાશભાઈએ રવિના ભણતર પાછળ ખર્ચી નાખી.

"સાહેબ, રાજકોટમાં ઈ બવ ખુશ હતો." હવે પ્રકાશભાઈએ નજર ઉઠાવી અને મારી સામે જોયું. મેં આટલો લાંબો સમય તેમને શાંતિથી સાંભળ્યા એનું ફળ મને મળ્યું. મારી સામે જોઈ શકાય એ લાયક તેમણે મને ગણી લીધો. હજુ પણ સાંઈ સામે જોવાનું તેમણે avoid કર્યું.

મારી સામે જોઈ, કશુંક યાદ કરી, તેઓ પહેલી વાર હસ્યા, "મારા નવા શર્ટ, મારી જાણ બહાર એની બૅગમાં નાખી દીધેલા. કૉલેજમાં વટ પાડવા એ મારા શર્ટ પહેરતો. એક વાર મને કહે, પપ્પા આપણા બંનેની size same છે. તમારા બધા શર્ટ હવે મારા."

એક બાપ માટે એ સૌથી આનંદનો દિવસ હોય છે, જ્યારે એનું શર્ટ પહેલી વાર એનો દીકરો પહેરે

છે. બસ, ત્યારથી મિત્રતાની શરૂઆત થાય છે. પપ્પાનો ખભ્ભો કેટલો સુંવાળો હોય એ ત્યારે જ ખબર પડે છે, જ્યારે ઊંચાઈમાં પપ્પાના ખભ્ભા સુધી પહોંચી જઈએ. પછી પપ્પાને પગે ન લાગવાનું હોય, ગળે મળવાનું હોય.

પ્રકાશભાઈએ તેમના ચશ્માં ઉતારીને મારા ટેબલ પર મૂક્યા. મારી સાથે વાત કરવા માટે હવે એમને કોઈ જ આવરણની જરૂર નહોતી. મારી આંખોમાં આંખો પરોવીને તેમણે એક ઊંડો નિસાસો નાંખ્યો. 'રાજકોટની કૉલેજમાં રવિની એક નવી મિત્ર બની. પૂનમ હતું એનું નામ. સાહેબ, આ ઉંમર જ એવી હોય છે જ્યારે એકબીજાની નજીક આવતા વાર નથી લાગતી. બંને એકબીજાને ગમવા લાગ્યા. સાથે સમય પસાર કરવા લાગ્યા. સાહેબ, રવિને આટલો ખુશ મેં ક્યારેય જોયેલો નહિ. એક દિવસ રવિ મને કહે કે પપ્પા એક વાત કહેવી છે. સાહેબ, આપણને તો ખબર હોય ને કે એને શું કહેવું છે! મારે એના મોઢેથી સાંભળવું હતું. એ દિવસ મને આજે પણ યાદ છે. કોઈ બહાનું કાઢી રવિ મને ઘરની બહાર લઈ ગયો. અમે બગીચામાં બેઠેલા. રવિએ મારો હાથ પકડ્યો. મને કહે પપ્પા, તમે મારી સાથે છો ને? મેં કહ્યું ફક્ત આજે જ નહિ હંમેશાં તારા દરેક નિર્ણયોમાં હું તારી સાથે છું.'

પ્રકાશભાઈ ફરી થોડું હસ્યા. તેમણે વાત આગળ વધારી, 'રવિ મને સમજાવવા લાગ્યો. મને કહે કે પપ્પા, પૂનમ સારી છોકરી છે. સંસ્કારી ઘરની છે. તમારું અને બાનું ખૂબ ધ્યાન રાખશે. બહેન જોડે પણ એને ફાવશે. તમે રાજી તો છો ને? મેં રવિના માથા ઉપર હાથ ફેરવ્યો. મેં કહ્યું કે બેટા, તારે મને કોઈ જ ખુલાસા આપવાની જરૂર નથી. તને એ છોકરી ગમે છે. મારા માટે એ જ કારણ પૂરતું છે તને support કરવા માટે.'

રવિની ઇચ્છા હતી કે જ્યાં સુધી finalize ન થાય ત્યાં સુધી બીજા કોઈને કહેવું નહિ. બે-ત્રણ દિવસની રજા ગાળીને રવિ રાજકોટ પાછો ફર્યો.

સુખ અને આનંદને આમંત્રણ આપીએ ત્યારે આપણે RSVP લખતા નથી. આપણે માની લઈએ છીએ કે તેઓ આવશે જ.

એક દિવસ સવારે પ્રકાશભાઈ ઉપર રવિનો ફોન આવ્યો. પ્રકાશભાઈના જ શબ્દોમાં... 'સવારમાં તેનો ફોન આવ્યો. મને કહે કે પપ્પા એક નાની એવી વાત કરવાની છે. મેં કહ્યું બોલને બેટા. મને કહે કે પપ્પા પૂનમે લગ્નની ના પાડી છે. હું થોડી વાર વિચાર કરવા લાગ્યો કે આને શું કહું? પણ ત્યાં તો એ જ સામેથી બોલ્યો કે પપ્પા, જવા દો જે થયું તે સારા માટે. કદાચ આપણા ઘરમાં એ set ન થઈ શકી હોત. મને નવાઈ લાગી. એ જબરો સ્વસ્થ હતો. મેં કહ્યું કે બેટા તું ઠીક તો છે ને? મને કહે કે પપ્પા તમે ચિંતા ન કરો, હું મજામાં છું. નિરાંતે વાત કરીશ.'

રવિનાં સપનાંઓનું ખરાબ form અને ખરાબ fortune ચાલુ રહ્યું. ક્યારેક આપણી જન્મકુંડળી આપણે જોયેલાં સપનાંઓ જોડે જ મળતી નથી. બીજા સાથે તો ક્યાંથી મળે?

આ બનાવ બન્યાના એકાદ અઠવાડિયા પછી રવિ ઘરે આવ્યો. જાણે કશું જ બન્યું નથી, એમ રવિએ હળી-મળીને બધા સાથે વાતો કરી. રવિ normal હતો અને એ વાત abnormal હતી. પ્રકાશભાઈ માટે રવિ શર્ટ લાવેલો. પપ્પા, અત્યાર સુધી તમારા શર્ટ પહેર્યા છે. આજે તમને એક શર્ટ મારા તરફથી. પ્રકાશભાઈને વિશ્વાસ નહોતો આવતો કે રવિ આટલો સ્વસ્થ કઈ રીતે હોઈ શકે. આજનું મેડિકલ સાયન્સ કંઈ પણ કરી શકે છે, એટલે તૂટેલાં સપનાંઓને કારણે થતી ઈજાઓ જલ્દી heal થઈ જતી હશે એવું તેમણે માની લીધું.

રવિને અચાનક નિશાળની યાદ આવી. હૃદય દુભાય ત્યારે સૌથી પહેલા મા યાદ આવે, પછી ઘર અને પછી નિશાળ. રવિ નિશાળે ગયો.

જે દિવસોમાં દરરોજ દફતર લઈને નિશાળે જતા, એ દિવસોમાં નિશાળમાંથી વહેલા ભાગી જવા હિંમત એકઠી કરવી પડતી. તે સમયે નિશાળમાંથી બહાર નીકળવા માટે હિંમત જોઈતી અને હવે નિશાળની અંદર જવા માટે. પહેલા તો એ શાળા જ કહેવાતી. પોતાના વિદ્યાર્થીઓની કેટલીય

નિષ્ફળતાઓને સફળતામાં convert કરવા માટે, નિષ્ફળતાનો 'નિ' શાળાએ લઈ લીધો અને એટલે એ બની નિશાળ.

રવિ પોતાના જૂના ક્લાસ રૂમમાં જઈને થોડી વાર બેઠો. કદાચ થોડી ઘણી નિષ્ફળતાઓ વર્ગખંડના બાંકડા પર ખંખેરી શકાય એમ માનીને રવિએ પોતાનું માથું deskના ખોળામાં મૂકી દીધું. વર્ષો પહેલા ચાલુ ક્લાસે, ઊંઘ આવે ત્યારે આવું કરેલું પણ ત્યારે પોતાની જાતને સુવાડવા માટે. હવે જાતને જગાડવા માટે. નિશાળમાં ગજબ તાકાત હોય છે એ વાતની રવિને ખબર હતી.

રવિ પોતાના શિક્ષકોને મળ્યો. જૂના શિક્ષકોને મળીએ ત્યારે એવું લાગે જાણે ધોમ ધખતાં રણમાં ઊભા હોઈએ અને કોઈ gift wrap કરેલું ચોમાસું સામે મળે. નિશાળ અને શિક્ષકો છોડ્યા પછી ભીંજાઈ જવાનું ભુલાઈ જવાય. ફક્ત પલળવાનું યાદ રહે.

બીજા દિવસે સવારે રવિને રાજકોટ જવાનું હતું. આગળની વાત પ્રકાશભાઈના શબ્દોમાં, 'મેં એને કહ્યું કે બસ સ્ટોપ સુધી મૂકી જાવ બેટા. મને કહે ના પપ્પા હું ચાલતો ચાલ્યો જઈશ. દૂર ક્યાં છે? પોતાની બૅગ લઈ, એની મમ્મીને પગે લાગી, બહેનના માથા પર હાથ ફેરવી, મને ગળે મળી એ ઘરેથી નીકળ્યો.'

કોઈ મુસાફરી કરવાનું હોય ત્યારે આપણે દીવો કરીએ. પછી આપણને મુસાફરી કરનારા કરતા દીવાની વધારે ચિંતા હોય કે દીવો ઓલવાઈ ન જાય. કેટલી બધી જવાબદારીઓ આપણે દીવા ઉપર નાખી દઈએ છીએ? એ પણ તેલ રેડ્યા વગર. એ દિવસે, પ્રકાશભાઈના ઘરે કરેલો દીવો ઓલવાઈ ગયો. દીવો ઓલવાઈ શકે પણ રવિ નહિ. પ્રકાશભાઈ ઉપર રવિનો ફોન આવ્યો કે પપ્પા, હું રાજકોટ પહોંચી ગયો છું. આજકાલ દીવડાઓ પણ ખોટું બોલતા શીખી ગયા છે એવો હાશકારો આખા ઘરે અનુભવ્યો.

એ દિવસે ફળિયામાં ચાની ચૂસકીઓ લેતા લેતા, પ્રકાશભાઈ અને તેમના કુટુંબે સંધ્યાકાળનો આનંદ લીધો. તેમણે ડૂબતા સૂરજને જોયો. ફરી પાછું અંધારું થયું. પ્રકાશભાઈ હવે ઘરની સાથે આંખોને પણ તાળા મારી સૂઈ જતા, જેથી કરીને હવે કોઈ સપનું તેમની ઊંઘ ન બગાડે. સપનાંઓ અભણ હોય છે એટલે આંખો ઉપર મારેલા no entryના પાટિયા એમને વંચાતા નથી.

શ્રી રમેશભાઈ પારેખે કહ્યું છે એમ એક સૂરજ ઉગાડવા માટે કેટલા બધા જણાને રાતો પાડવી પડે છે. બીજા દિવસે સૂરજ ઊગ્યો અને પ્રકાશભાઈનો ફોન ભર ઊંઘમાંથી ઊઠ્યો.

આંખો ચોળતા પ્રકાશભાઈએ ફોન ઉપાડ્યો. સામેથી સંભળાયો ખૂબ બધો ઘોંઘાટ અને પછી એક બૂલંદ અવાજ, 'હું ઇન્સ્પેક્ટર લખધીરસિંહ બોલું છું. તમારા છોકરાએ આત્મહત્યા કરી છે. રાજકોટ આવીને bodyની ઓળખ કરવાની છે, પછી dead body તમને આપી દઈએ.'

પ્રકાશભાઈની gripમાંથી ફોન છટકી ગયો. હાથમાંથી ફોન છટક્યો અને હસ્તરેખાઓમાંથી દીકરો. બંને જમીન પર પડેલા હતા. ફોન તો હજુ ઉપાડી પણ શકાય. આ ઉંમરે હવે દીકરો કેમ ઉપાડવો? પ્રકાશભાઈએ રવિને ક્યારેય કોઈ વસ્તુની ના પાડેલી નહિ. રવિને કોઈની પણ ના સાંભળવાની આદત જ નહિ. પ્રકાશભાઈને ત્યારે ખબર જ નહિ કે કાલ સવારે ઊઠીને, દીકરો મૃત્યુ માંગશે તો પણ તેઓ ના નહિ પાડી શકે. દીકરાની દરેક માંગણીઓ પ્રકાશભાઈ હોંશે હોંશે પૂરી કરતા. જે દીકરાને પોતાના બે ખભ્ભા ઉપર ફેરવ્યો, આજે એણે ચાર ખભ્ભા માંગ્યા. ચાર ખભ્ભા લાવવા ક્યાંથી? નાનપણમાં રવિ પપ્પાના ખભ્ભા પર બેસી જતો. આજે એ જ ખભ્ભા ઉપર એને સૂતા સૂતા જવું છે. કોણ ના પાડે એને?

"સાહેબ, હું ભાંગી પડ્યો. શું કરવું એ ખબર ન પડી. આ સમાચાર મારી પોતાની જાત સ્વીકારવા તૈયાર નહોતી. તો આ સમાચાર બીજા કોને આપું? નક્કી કંઈક ભૂલ થતી હશે. એ રવિ હોઈ જ ન શકે. એ છોકરો રવિ નથી જ એવી ખાતરી કરવા, કોઈને કીધાં વગર હું રાજકોટ માટે રવાના થયો. બસમાં સતત ઈશ્વરનું સ્મરણ ચાલુ હતું કે મેં કોઈનું કંઈ બગાડ્યું નથી. રવિને હેમખેમ રાખજે."

ડૂબતો સૂરજ આકાશના wall paper ઉપર જ સારો લાગે. એને bluetoothથી આપણી જિંદગીમાં લેવાનો પ્રયત્ન ન કરાય. પોતાના જીવનના personalised settingમાં એક સૂરજ ડૂબે ત્યારે કેવી અનુભૂતિ થાય એ હવે પ્રકાશભાઈને જાણ થઈ ગઈ હતી. ડૂબતો સૂરજ તો આકાશને જ પોસાય ભાઈ. રવિ ડૂબે તો પ્રકાશ તો ડૂબવાનો જ ને!

ઈશ્વર ઘરમાંથી એક જણ ખાલી કરાવે એ પહેલા નોટિસ તો આપતો જ હશે ને! આવો ભ્રમ પ્રકાશભાઈને પણ હતો. પ્રકાશભાઈના જીવનમાં તો already સન્નાટો હતો, તો પછી ઈશ્વર તમાચો મારે તો અવાજ તો આવે જ ને!

એક જુવાન દીકરાની dead body ઓળખવાની હોય તો એ કરવાની હિંમત ઈશ્વરમાં પણ નથી. એટલે જ એ આવાં અઘરાં કામો એક બાપ ઉપર છોડી દે છે. બાપને આ સહન કરવાની હિંમત આપી દે છે.

દુ:ખ એ આપે અને દુ:ખને સહન કરવાની હિંમત પણ એ આપે. આ તો એવું જ થયું ને કે ખર્ચા પણ એ જ કરાવે અને લોન પણ એ જ આપે. પણ ultimately હપ્તા તો આપણે જ ચૂકવવા પડે છે અને એ પણ વ્યાજ સાથે.

રવિના મૃતદેહ પાસે પ્રકાશભાઈ પહોંચ્યા. મોઢું ઢાંકેલું હતું. રવિએ પોતાના પપ્પાનું શર્ટ પહેરેલું. એ ઓળખતા વાર થોડી લાગે? દુ:ખ આવે ત્યારે તે verification માટે આપણું I-card કે driving license જોતું નથી, કારણ કે એ ગમે તે રીતે આપણા સુધી પહોંચી જ જાય છે. રવિ પાસેથી મળેલું driving license પ્રકાશભાઈના હાથમાં આપતા પોલીસ ઇન્સ્પેક્ટરે કહ્યું, “મોઢું જોઈ લો.”

રવિ જે યાત્રા ઉપર નીકળી ચૂક્યો હતો ત્યાં કદાચ એને driving licenseની જરૂર નહોતી. ન તો I-cardની જરૂર હતી. ત્યાં કોણ check કરવાનું? એમ માનીને રવિ બધું અહીંયા જ મૂકી ગયેલો. સાથે મૂકી ગયેલો એક પત્ર, ‘પપ્પા, I am really sorry. તમારો કંઈ જ વાંક નથી. તમે તો મને દરેક ખુશી આપવાનો પ્રયત્ન કર્યો છે, પણ મારા નસીબમાં જે નથી એ મને કેવી રીતે મળે? મેં પૂનમને ભૂલવાની બહુ try કરી, પણ મગજમાંથી એ છોકરીના વિચારો જતાં જ નથી. એના વગર હું નહિ જીવી શકું. પપ્પા, તમે અને મમ્મીએ મને ખૂબ સરસ રીતે ઉછેર્યો છે પણ કદાચ હું જ મારા ખરાબ નસીબ લઈને જન્મ્યો છું. એટલે સુખ અને સફળતા મારા સુધી પહોંચે એ પહેલા જ U-turn લઈ લે છે. પપ્પા, હું નવા જન્મે નવા નસીબ લઈને આવીશ. તમારા ઘરે જ મારે જન્મ લેવો છે, પણ સારા નસીબ સાથે. ઈશ્વર મારાથી થોડો નારાજ છે એવું લાગે છે. ઈશ્વરને મનાવવા જાઉં છું. એક ચા પીવડાવીશ અને થોડો મસ્કો મારીશ એટલે ઈશ્વર માની જશે. ઈશ્વરને ખુશ કરીને પાછો તમારી પાસે જ આવું છું. મને માફ કરી દેજો. જાઉં છું એમ નથી કહેતો. હું ઉપર જઈને પાછો આવું છું. બસ, ત્યાં સુધી મમ્મી અને બેનાને સંભાળી લેજો. પપ્પા, રવિ ડૂબ્યા પછી રોજ સવારે પાછો ઊગે છે. મને અત્યારે ડૂબી જવા દો કારણ કે મારે પાછા ઊગવાનું છે.’



રમત એની રાજાશાહી...

“નિમિતભાઈ, patient તો sepsisમાં લાગે છે.” રાતે 12 વાગ્યે emergncy roomમાં લાવેલા એક દર્દીને તપાસીને મારા પર રેસિડેન્ટ ડૉક્ટરનો ફોન આવ્યો. ત્યારે હું સર્જરીમાં નવો નવો AP (assistant professor) તરીકે join થયેલો.

“નિમિતભાઈ, x rayમાં free gas છે. hypotension (BP ઘટી જવું) પણ છે. perforation (આંતરડામાં કાણું) લાગે છે.” રેસિડેન્ટ ડૉક્ટર લગભગ diagnosis સુધી પહોંચી ગયેલા.

મેં કહ્યું, “પ્રાથમિક સારવાર ચાલુ કરો, એનેસ્થેટીસ્ટને call આપી દો. stable થાય એટલે O.T. (operation theatre)માં લઈ લઈએ.”

રાતે કોઈ laparotomy (પેટ ખોલીને કરવામાં આવતું એક મોટું ઑપરેશન) લેવાની થાય એટલે સીધી સવાર જ પડે! જ્યારથી સર્જન થયા છીએ ત્યારથી પોતાની ઊંઘ કરતાં, બીજાની જિંદગી વધારે કિંમતી લાગે છે. મારા માટે તો રાત આવતી કાલે ફરીવાર આવશે, પણ મોત સામે ઝઝૂમતા એ 70 વર્ષના દર્દીની કદાચ એ અંતિમ રાત હોઈ શકે, એવું વિચારીને મેં તાત્કાલિક હૉસ્પિટલ તરફ મારું vehicle મારી મૂક્યું.

દર્દીને જોતા પહેલાં એના સગાઓનાં ટોળાં અને એ સગાઓના ધડ ઉપર ઉદાસી પહેરીને બેઠેલા ચહેરાઓએ મને ઘણું કહી દીધું.

“સાહેબ, બાપુજીને બચાવી લેજો...” કહીને એનો સૌથી નાનો છોકરો મને હાથ જોડવા લાગ્યો. એના ખભા ઉપર હાથ મૂકીને મેં એક diplomatic જવાબ આપ્યો: “પૂરો પ્રયત્ન કરીશું.”

આજકાલ ઈશ્વર પાસે કશુંક માંગીએ ને ઈશ્વર આપણને આવો જવાબ આપે, તો પણ સાલો આપણને સંતોષ નથી થતો. તો પછી દર્દીને તો શેનો થાય? પણ એ સિવિલ હૉસ્પિટલનું દર્દી હતું અને એના સગાઓ હતાં, એટલે એણે મને આગળ કશું જ પૂછ્યું નહિ.

“સાહેબ, તમને યોગ્ય લાગે તેમ કરજો.” કહીને એણે એક 70 વર્ષના વડીલની જિંદગીની જવાબદારી મારા ખભે નાંખી દીધી.

દર્દીના સગાને સમજાવવું પડે એટલે બધા સગાઓને ભેગા કરી, હું તેમને દર્દીની (તેમજ દર્દની પણ) ગંભીરતા અને તાત્કાલિક ઑપરેશનની જરૂરિયાત સમજાવવા લાગ્યો.

મંદિરમાં બેસીને આપણે ઈશ્વરની મૂર્તિને જોતા હોઈએ, એમ દર્દીના સગાઓ મારી સામે જોવા લાગ્યા.

મેં થોડા ગંભીર સ્વરમાં કહ્યું, “જોખમ ઘણું છે. આંતરડામાં કે પેટમાં કાણું હોવાની શક્યતા છે. ઝેર (PUS) શરીરમાં ફેલાઈ ગયું હોવાને કારણે તકલીફ વધારે છે. થોડા વહેલાં આવ્યાં હોત તો...! જે થઈ ગ્યું તે થઈ ગ્યું. ઑપરેશન તો કરવું જ પડશે.”

મારી વાત વચ્ચેથી કાપીને બીજા એક વડીલ બોલ્યા, “સાહેબ, તમારે જે કરવું હોય તે કરો તમતમારે” (સિવિલ હૉસ્પિટલના દર્દીઓ/સગાઓનું આ સૌથી મોટું સુખ. તમને ઈશ્વર માનીને સીધા તમને મંદિરમાં જ મૂકી દે. બસ, પૂજા કરવાની બાકી હોય. Private Hospital હોત તો ઘણાં IFs and BUTsના જવાબ આપવા પડ્યા હોત.)

“પણ દર્દીનું ઑપરેશન ટેબલ પર મૃત્યુ થવાની શક્યતા વધારે છે.” એમના પૈસા વગરના ગજવામાં, થોડી નકારાત્મકતા અને ઘણી બધી જવાબદારીઓ ઉમેરતાં મેં કહ્યું.

“સાહેબ, ખર્ચો કેટલો આવશે?”

આ એક જ સવાલ દરેક વખતે, અમને તીરની જેમ ખૂંચતો હોય છે.

મેં એમને કહ્યું, “આ સરકારી દવાખાનું છે. ઑપરેશન તો મફતમાં થશે. બસ, થોડો સામાન બહારથી

લાવવો પડશે."

(ઘણી વાર આ સામાન ખરીદ્યા પછી, દર્દીઓના સગા પાસે સ્મશાનમાં વિધિ કરવાનો સામાન લેવાના પણ પૈસા નથી હોતા.)

"કંઈક કરીશું સાહેબ" એક જણ બોલ્યું, પણ તે દર્દીનું સગું નહોતું, ફક્ત એના ગામનું હતું. (તમે નહિ માનો, ઘણી વાર દર્દીના ગામનાં તો શું? દૂર દૂર સુધી કોઈ દર્દીના પોતાના સગા જ દેખાતા નથી.)

ASA GRADE 5 (very high risk/death on table)ની Consent લઈને રાતે 1.30 વાગ્યાની આસપાસ surgery ચાલુ કરી. Abdomen ખોલ્યું તો બે લીટર જેટલું PUS નીકળ્યું. આંતરડામાં એક મોટું કાણું હતું. લગભગ સવારે 4.30 વાગે Closure પત્યું. મેં આળસ મરડીને ઍનેસ્થેટીસ્ટ સામે જોયું અને મલકાઈને ઍનેસ્થેટીસ્ટ મને કહે, "વચ્ચે થોડું Hypotension થયું તે પણ અત્યારે તો Patient stable છે. Out આવી જશે."

Patient extubate થાય (દર્દી anesthesiaમાંથી બહાર આવે), ત્યાં સુધી હું ત્યાં જ ઊભો રહીને OT NOTE લખતો રહ્યો.

Extubate કર્યા પછી ઍનેસ્થેટીસ્ટે બૂમ પાડીને કહ્યું, "કાકા, જીભ બતાવો..." અને મારી લાજ રાખતા હોય એમ કાકાએ જીભ બતાવી.

"ICUમાં જ રાખીએ. વધારે Stable થાય પછી જ Wardમાં મોકલીશું." એવું એનેસ્થેટીસ્ટ મિત્રએ કહ્યું.

કારગિલ જીતી લીધું હોય, એમ કોલર ઊંચા કરીને હું બહાર આવ્યો. ડાહ્યો બની સગાઓને સમજાવવા લાગ્યો, 'બધું બરાબર છે. લગભગ હવે વાંધો નહિ આવે. બે-ત્રણ દિવસ થોડું જાળવવું પડશે. મોઢેથી કશું આપતા નહિ, કહીએ નહિ ત્યાં સુધી.'

બધા સગા ભેગા થઈ મારી સામે Confidenceથી જોવા લાગ્યા જાણે એમના ઈશ્વર જીતી ગયા હોય. એમનો વિશ્વાસ, એમની શ્રદ્ધા અને એમની કંઈ પણ કરી છૂટવાની દાનતે... કદાચ એમને સ્મશાન સુધી જતાં રોકી લીધાં.

એક 70 વર્ષનું વૃક્ષ હજુ પણ એનાં સંતાનોને છાંયો આપી શકશે, એવું વિચારી હું ઘરે જવા નીકળ્યો. એક જિંદગી બચાવ્યાનો આનંદ આવતા સાત જનમ સુધી ભૂલી ન શકાય! તે સમયે મારા અને ઈશ્વર વચ્ચે બસ એક હાથનું અંતર છે એવું લાગવા લાગ્યું. હાથ ઊંચો કરીશ તો ઈશ્વર મને તાળી આપશે એવી લાગણી થઈ.

Parkingમાં પહોંચ્યો તો ફોન આવ્યો, "એક RTA (Road Traffic Accident) આવ્યું છે. 15 વર્ષની છોકરી છે." સવારના પાંચ વાગ્યા હતા, મને દૂર દૂર સુધી ફક્ત રાત જ દેખાઈ. કદાચ હવે સવાર પડશે કે કેમ? એવી શંકા થવા લાગી. હું તાત્કાલિક Casualtyમાં પહોચ્યો. Pulseless, BPless, એ 15 વર્ષની જિંદગીને બચાવવા હું એક કલાક મથ્યો. બંધ મુઠ્ઠીમાંથી સમય સરકે એમ એ નાનકડો જીવ મારા હાથમાંથી સરકી ગયો. Patient was declared dead એવું કેસ પેપરમાં લખતી વખતે, પેલી 70 વર્ષની જિંદગીના બદલામાં, આ 15 વર્ષની છોકરીની રકમનો Cheque લખીને ઈશ્વરના Accountમાં જમા કરતો હોઉં એવું લાગ્યું.

એક ઊંડો નિસાસો નાંખીને મનોમંથન કર્યું, "હે ઈશ્વર, મારી ઓકાત બતાવવા માટે આટલી બધી કિંમત... થોડી વધારે નથી?" પણ ઈશ્વર ત્યારે Bargain કરવાના Moodમાં નહોતો.

યુદ્ધમાં હારેલા યોદ્ધાની જેમ, નીચું માથું રાખી ધીમે ધીમે હું Parking તરફ ગયો અને ત્યારે જે મારા મનમાં વિચાર આવેલો.....એ આ હતો.

"રમત એની રાજાશાહી, એના શોખ નવાબી છે,
મારો ઈશ્વર મારા જેટલો જ હાજર જવાબી છે."



ભારત વિ. પાકિસ્તાન, Semi Final, WORLD CUP 2011

"નિમિત્ત સર, માલા સચિનચી batting બગાઈચે" (નિમિત્ત સર, મારે સચિનની batting જોવાની છે). 28 માર્ચ 2011ના દિવસે ડાયાલિસીસ roomમાં, ડાયાલિસીસ કરાવતા એક 17 વર્ષના દર્દીએ અચાનક મને કહ્યું. હું એની પાસે ગયો. એણે પોતાની વાત આગળ વધારી. મને કહેવા લાગ્યો, "મગાશી worldcup મધે, પાકિસ્તાન સમોર સચિન કિત્તી છાન ખેળત હોતો. હા વેળા પણ તસા જ ખેળણાર. કાઈ મંડતા યેત તુમી?" ("ગયા વખતે worldcupમાં પાકિસ્તાનની સામે સચિન કેવું સરસ રમ્યો હતો. આ વખતે પણ એવું જ રમશે. તમારું શું કહેવું છે?") કેટલાક દર્દીઓ ચુસ્ત મરાઠી હોય એટલે એમની સાથે મરાઠીમાં જ બોલવું પડે. આમ પણ આપણે રાજ્યોને સીમાઓમાં બાંધી શકીએ, ભાષાને નહિ. આ ત્યારની વાત છે જ્યારે પુના શહેરમાં હું યુરો-સર્જરીમાં રેસિડેન્ટ હતો.

એ 17 વર્ષનો છોકરો એના ભાગે આવેલી બીમાર, બિસ્માર અને બિચારી જિંદગીને ઊજવતો હોય એમ મારી સામે હસ્યા રાખતો. હું પણ એની સામે ઈશ્વર બનવાનો ડોળ કરતો હોઉં એમ એક સુંદર મજાનું plastic smile આપી દેતો.

30 માર્ચ 2011નો એ ઐતિહાસિક દિવસ હવે ફક્ત અમુક કલાકો દૂર હતો. બરાબર એ જ દિવસે પેલા દર્દીનો ડાયાલિસીસનો વારો. એટલે ધીમેથી મારા કાનમાં કહે, "30 તારિખલા મી ડાયાલિસીસ સાઠી યેણાર નાહી. મી ઘરીજ match બગણાર" (30 તારીખે હું ડાયાલિસીસ માટે આવવાનો નથી. હું ઘરે જ match જોઈશ).

મેં તરત એને કહ્યું, "તસા નકા કરું. તુમી ઇકડે યા. આપલાલા ઇકડેજ match બગાઈચે" (એવું ન કરતો. તું અહીંયા આવજે. આપણે અહીંયા સાથે match જોવાની છે).

ડાયાલિસીસવાળું દર્દી ભૂલથી એકાદું ડાયાલિસીસ પણ જો પાડે, તો ઈશ્વરના registerમાં તરત એની નોંધ લેવાય. ઈશ્વર વહેલોમોડો 'show cause notice' તો આપી જ દે.

આમ તો ડાયાલિસીસ / chronic renal failure વાળા દર્દીઓ અમારે જોવાના ન હોય, કેમ કે તેઓ નૅફ્રોલૉજીસ્ટની careમાં હોય. અમારો વિષય યુરૉલૉજી. પણ જે વિશ્વાસથી દર્દીઓ અમારી સામે જોતા હોય તો એમ થાય કે... 'કેમ છો? કેમ નહિ?' કરતા જઈએ. વેદનાએ તો already દર્દીમાં ભાગ પાડી દીધા છે. વળી અમે પાછા વેદનાના ભાગ પાડીએ કે આ યુરૉલૉજી ને પેલું નૅફ્રોલૉજી... તો અમારામાં ને વેદનામાં બહુ તફાવત રહે નહિ. અમારે થોડું વેદના જેવું થવાય છે?

અંતે પેલા દર્દીએ મારી સાથે hospitalમાં જ match જોવાનું સ્વીકાર્યું. થોડા સમય પછી એણે પાછું મને પૂછ્યું "Sir ji... India will win...na?" નિરાશાવાળી જિંદગીના પડદાઓ ફાડીને તેનો આશાભર્યો મક્કમ અવાજ, પડઘાની જેમ મારા કાનમાં અથડાયો. આટલું પૂછીને તેણે તેનો ડાયાલિસીસવાળો હાથ મારા તરફ લંબાવ્યો.

મેં પણ તેને તાળી આપતા કહ્યું, "શંભરટકે (સો ટકા)... India will win."

તે દિવસે એ માણસને — ભારત પાકિસ્તાન semi final – સિવાય કશું જ દેખાતું નહોતું. ડાયાલિસીસ કરાવીને ઊઠતાં ઊઠતાં મને કહે, "man of the match...Sachin જ હોણાર." ત્યારે સાલું મને ખબર ન પડી કે સચિનની મહાનતા ઉપર રડું કે પેલા 17 વર્ષના છોકરા માટે. તેની નજરમાં તેની જિંદગી કરતાં world cupની એ semi final વધારે મહત્ત્વની હતી.

એ ઘરે ચાલવા લાગ્યો. Staff sister એને રોકીને કહે, "આતા, weight કરૂન ગેહા" (હવે weight કરી લે). (ડાયાલિસીસવાળા દર્દીઓને ડાયાલિસીસ પહેલા અને ડાયાલિસીસ પછી વજન કરવાનું હોય!)

એણે મારી સામું જોયું અને એક મસ્ત smile આપીને કહે, "આતા, wait જકરનારના, સચિનચી" (હવે wait જ કરીશ ને, સચિનની!). સચિન તેંદુલકર જેવા ઈશ્વરને સાથે રાખીને એ બહાર નીકળી ગયો. હું કાચના દરવાજા સામે જોતો રહ્યો. એક ઊંડો શ્વાસ લીધો અને ઈશ્વરને પ્રાર્થના કરી, "બસ, આને માટે ભારતને જિતાડજે." મને એવું લાગ્યું કે જાણે એ દર્દીના હિસ્સામાં આવેલી પા કે અડધા ભાગની જિંદગી, મોહાલીના મેદાન પર બમણી થઈ જશે.

એટલું વિચારતો હતો ત્યાં તો પેલો દર્દી પાછો આવ્યો મને કશુંક કહેવા. દરવાજો ખોલી મને કહે, "નિમિત્ત સર, આધી batting કરાઈચે. બરકા!" (નિમિત્ત સર, પહેલા batting કરવાનું છે. હોને!) જાણે ટૉસ જીતીએ તો એ મહત્ત્વનો નિર્ણય ધોનીને બદલે મારે લેવાનો હોય. એટલે મેં પણ હસતાં હસતાં એને કહ્યું, "મગ, ધોનીલા SMS પાઠવ" (તો પછી ધોનીને SMS કરજે).

29 માર્ચ 2011ની રાતે મને ઊંઘ જ ન આવી. એટલે નહિ કે ભારત જીતશે કે કેમ એની શંકા હતી, પણ ફરી એકવાર સચિન અને ભારત નામનું વાવાઝોડું મેદાન ઉપર પાકિસ્તાનની ટીમને વામણી બનાવી દેશે. એ પળ કેવી હશે એવું વિચારતો રહ્યો. આખરે એ દિવસ આવ્યો. 30 માર્ચ 2011. પુના જેવા પુના શહેરમાં સોપો પડી ગયો. લોકો જરૂરિયાત મુજબ જ બહાર નીકળ્યા. કેટલાય જણે રજા લીધી. તે દિવસે એક પણ Planned Surgery હતી નહિ અને એક પણ Emergency આવી નહિ. જાણે દર્દીઓની સાથે તેમની વેદના પણ સવારથી ભારત-પાકિસ્તાન clash માટે ટીવી સામે ગોઠવાઈ ગયેલી.

એ દિવસે બપોર બહુ જ મોડી પડી. ટૉસ થયો અને ભારતનું Batting આવ્યું. પેલો મારો 17 વર્ષનો દર્દી મને તરત યાદ આવ્યો. મેં તરત Sisterને કહ્યું "ત્યાલા ફોન લાવા (એને ફોન લગાડો). ત્યાલા સાંગા... મી ઇકડે વાટ બગત આહે" (એને કહો... હું અહીંયા એની રાહ જોઉં છું.)

Sisterએ એને ફોન લગાડ્યો અને ફોન મૂકીને મને કહે, "તો આજ યેણાર નાહી" (તે આજે નહિ આવે).

મનમાં વિચાર્યું કે આમેય એ આવવાની ના જ પાડતો'તોને! એણે પોતાનું ધાર્યું જ કર્યું.

હજુ બીજું કંઈ વિચારું એ પહેલા Sisterએ એમનું વાક્ય પૂરું કર્યું. "આજ સકાળી ત્યાંચા દેહાંત ઝાલા!" (આજ સવારે તેનું મૃત્યુ થયું.)

થોડી વાર હું Sister સામે જ જોતો રહ્યો. મોહાલીમાં રમત શરૂ થાય એ પહેલા તો મારો ઈશ્વર મારી સાથે રમત રમી ગયો. Matchનો નિર્ણય ત્યાં જ આવી ગયો કે હવે નક્કી ભારત જીતશે.

ડાયાલિસીસની બાજુમાં આવેલા મંદિર પાસે જઈને ઈશ્વર સામું જોયું અને મનમાં બોલ્યો, "પુનાના ખૂણામાં પડેલી એક કાટમાળ જેવી જિંદગી તને કેમ નડી, ભાઈ? તેં એ નાનકડા જીવને કેટલાય તમાચા માર્યા હશે તેમ છતાં એ હસતો રહ્યો, એટલે તારો અહંકાર ઘવાયો? એને સેમી ફાઇનલ તો જોઈ લેવા દેવી'તી. અરે ફક્ત, સચિનનું બૅટિંગ તો પૂરું થવા દીધું હોત. યમરાજને સવારને બદલે સાંજે મોકલ્યા હોત, તો લોકો મંદિરે જવાનું બંધ ન કરી દેત."

મંદિરમાં રહેલા ઈશ્વરે તો જવાબ ન આપ્યો પણ મોહાલીના મેદાન ઉપર મારા (અને મારા જેવા કેટલાયના) ઈશ્વરે ફક્ત પાકિસ્તાનને જ નહિ, પૂરા વિશ્વને જવાબ આપ્યો. ભારત નામના દેશે, સચિન તેંદુલકર નામની અદ્વિતીય, અદ્ભુત અને અવિસ્મરણીય ઘટના ફરી એક વાર નિહાળી.

તેંદુલકરને LBWમાં Out અપાયો અને Reviewમાં Not Out જાહેર થયો. એના પછીના બોલે Stumpingની Appeal થઈ, ફરી Not Out. એક પછી એક એમ તેંદુલકરના ચાર કૅચ પડ્યા... અને આખા ભારતને લાગ્યું કે "સચિન આજે નસીબ લઈને આવ્યો છે!" કેટલાયને લાગ્યું નક્કી મૅચ fix થયેલી છે. મને તો ખબર હતી ને! હું મૂછમાં હસતો રહ્યો અને યાદ કરતો રહ્યો પેલા દર્દીના એ શબ્દો 'નિમિત્ત સર, માલા સચિનચી batting બગાઈચે' (મારે સચિનની બૅટિંગ જોવાની છે.)

સચિન... મેન ઑફ ધ મેચ અને ભારત જીત્યું. આખાય દેશમાં ઉજાણીનો માહોલ પરંતુ એક ઘરમાં

માતમ. ભારત પાકિસ્તાન સામે જીત્યું અને એક ઘર એક દીકરો હાર્યું. પણ એ દીકરો જતા જતા ભારતને જિતાડતો ગયો. એને બિચારાને એમ કે સચિનને બધા ભગવાન માને એટલે સચિનને મળવું હોય તો સ્વર્ગમાં જ જવું પડે.

લોકોને થયું ભારત જીત્યું, મને લાગ્યું ભારતને જિતાડ્યું. હવે ખબર પડી, વર્લ્ડકપમાં પાકિસ્તાન સામે ભારત કેમ કોઈ દિવસ હારતું નથી. ત્યારે મારા મનમાં જે વિચાર આવેલો તે આ હતો.

"વાહ, સચિન! તું કેટલાયની પ્રાર્થનાનો પ્રસાદ છે. તું ઈશ્વર નથી તો ચોક્કસ ઈશ્વરનો અનુવાદ છે."

(I belong to a country named sach-in-dia and I am a sach-in-dian.)



ગૂડ મોર્નિંગ, સર

પુના શહેરની એક હૉસ્પિટલનો જનરલ વૉર્ડ. જનરલ વૉર્ડના ખૂણામાં આવેલો છેલ્લો ખાટલો અને એ ખાટલા ઉપર રહેલું 72 વર્ષનો દર્દી. એ દર્દીની ડાબી કિડની તથા તેની આજુબાજુના ભાગમાં Pus થઈ ગયેલું (Left Pyonephrosis with Perinephric abscess due to long standing obstructive PUJ calculus). આમ તો એમનું જેમ બને તેમ જલદી ઑપરેશન કરવાનું હતું, પણ તેમની હૃદયની બીમારીને કારણે મેડિકલ ફિટનેસ (to undergo surgery) મળતી નહોતી. DTPA RENOGRAM (કિડનીનો સ્કેન) કરાવેલો. તેમાં ડાબી કિડનીનું કામ zero percent હતું, એટલે Pusની સાથે કિડની પણ કાઢવી પડે તેવું હતું.

એ દર્દીની ખાસિયત એવી કે દરરોજ સવારે હું જેવો જનરલ વૉર્ડમાં પગ મૂકું, ત્યારે તરત જ આખો વૉર્ડ ગુંજી ઊઠે એવા મોટા, પડછંદ અને પહાડ જેવા અવાજે તેઓ બોલે, “ગૂડ મોર્નિંગ, સર”. હું તેમની સામે જોઉં એટલે તેઓ તરત જ પોતાના ખાટલામાં બેઠા થઈ મને સલામ કરે.

“ગૂડ મોર્નિંગ” એટલું કહી હું તેમને સામે સલામ કરું. હું તેમને એટલા માટે સલામ ન કરતો કેમ કે તેઓ એક દર્દી હતા. પણ એટલા માટે કેમ કે તેઓ એક રિટાયર્ડ આર્મી ઑફિસર હતા.

આ 72 વર્ષનો જીવ, રોજ ધીમે ધીમે તેની તરફ આવતા મૃત્યુથી અજાણ હતો. તેને ફક્ત એક જ બાબતની જાણ હતી, જિંદગી. આંખોમાં શ્રદ્ધા, હાથમાં તાકાત અને મજબૂત મક્કમ મનોબળ, જાણે પોકારી પોકારીને મને કહેતા, “બધું સરસ થઈ જશે.”

અંતે એ દિવસ આવ્યો. બીજા દિવસે સવારે તેમનું ઑપરેશન ગોઠવ્યું. ASA GRADE 5 (Very high risk/death on table)ની consent લેવાનું ઍનેસ્થેટીસ્ટએ અમને કહેલું.

આગલે દિવસે સાંજે હું તેમના દીકરાને મળ્યો. મેં તેને સમજાવ્યો કે ઑપરેશન નહિ કરીએ તો નક્કી જીવને જોખમ છે. ઑપરેશન કરીશું તો જીવ બચી પણ શકે.

દીકરાએ મને સમજાવવાનું શરૂ કર્યું કે બાપુજી ઑપરેશન માટે રાજી નહિ થાય. આમ પણ સાહેબ, પરિસ્થિતિ નબળી છે.

દેશની રક્ષા માટે જેમણે દુશ્મનની ગોળીઓનો સામનો કર્યો હશે, તેમની પાસે આજે દવાની ગોળીઓ લેવાના પૈસા નહોતા.

M.R.(med rep)ને ફોન કર્યો અને ફક્ત અડધી કલાકમાં એક મોંઘી દવાના 21 ઇન્જેક્શન હાજર થઈ ગયા. એ ઇન્જેક્શન દર્દીના ખાટલા પાસે મુકાવ્યા અને દર્દીના દીકરાને કહ્યું તારી એક સમસ્યા પૂરી. બે હાથ જોડી એ ઊભો થયો અને કહેવા લાગ્યો, “વડીલ આઈક્ણાર નાહી” (પણ બાપુજી સાંભળશે/માનશે નહિ). મેં એને આગળ બોલવા જ ન દીધો. એના ખભા ઉપર હાથ મૂક્યો અને પાંપણથી ઇશારો કરી કહ્યું, એ મારી જવાબદારી.

ઇન્જેક્શન શરૂ કર્યા છતાં પણ દર્દીની તબિયત બગડવા લાગી. કિડની તથા તેની આજુબાજુમાં રહેલા Pusએ બહુ જ નિષ્ઠા અને પ્રમાણિકતાથી પોતાનું કામ શરૂ કરી દીધેલું. દર્દીને તાવ પણ વધતો જતો હતો.

એક શિસ્તબદ્ધ, સાચા, હિંમતવાન અને આદર્શવાદી આર્મી ઑફિસરને મારે Convince કરવાના હતા, ઑપરેશન કરાવવા માટે. બહુ અઘરું કામ હતું. દેશ માટે પ્રાણ આપનાર એક જવાનની જીદ સામે મારી શું ઓકાત? પણ પછી એમ થયું... એ પ્રાણ આપી શકે તો હું બચાવી કેમ ન શકું? સર્જનની જીદ આગળ કોઈ'દિ કોઈનું ચાલ્યું છે?

ઑપરેશનની બધી જ તૈયારી થઈ ગયેલી. ફક્ત Consent Paper ઉપર દર્દીની સહી બાકી. દર્દીને રાતથી ભૂખ્યા (NBM Nil by Mouth) પણ રાખેલા.

એ દિવસે સવારે as usual હું જનરલ વૉર્ડમાં પ્રવેશ્યો. ફરી પાછો ખૂણામાંથી પડછંદ, પહાડ જેવો અવાજ ગૂંજી ઊઠ્યો... "ગૂડ મોર્નિંગ સર." મેં તેમની સામે જોઈને smile કર્યું. તેમનો સામાન બાંધીને તેઓ તૈયાર હતા, ઘરે જવા માટે. હું કંઈ આગળ બોલું એ પહેલાં જ તેમણે વાત શરૂ કરી 'આતા ઘરી જાણાર' (હવે ઘરે જઈશું).

હું તેમની સામું જોયા વગર બીજા દર્દીઓને તપાસતો રહ્યો, પણ તેમની સાથે વાત ચાલુ રાખી. મેં પૂછ્યું "કા બરા? કશા લા ઘરી જાઈચે?" (કેમ વળી, ઘરે શું કામ જવું છે?)

છાતી કાઢીને મને કહે... "માલા ઑપરેશનચી ગરજ નાહી! માલા કાહી હોણાર નાહી!" (મને ઑપરેશનની જરૂર નથી. મને કશું જ થવાનું નથી.)

મેં હજુ પણ એમની સામે જોયું નહિ. તેમની બાજુમાં રહેલા એક બીજા દર્દીને સંબોધીને કહ્યું, "બગા, લગે જ ઘાબરલા! કશાલા આર્મી મધે હોતા? માલા કળત નાહી! (જોયું, તરત જ ગભરાઈ ગયા. આર્મીમાં શું કામ હતા? મને સમજાતું નથી.)

તીર બરાબર નિશાના ઉપર વાગ્યું. મારી આ વાત સાંભળી તેઓ ખાટલામાંથી ઊભા થઈ ગયા અને મને કહે, "માલા આજીબાત ભીતી વાટત નાહી! મી દેશ સાઠી પ્રાણ દેઊ શકણાર!" (મને બિલકુલ ડર લાગતો નથી. હું દેશ માટે પ્રાણ આપી શકું.)

હવે મેં તેમની સામે જોયું. મેં કહ્યું, "મગ ઑપરેશન સાઠી કશાલા ઘાબરતા? (તો પછી ઑપરેશન માટે શું કામ ગભરાવ છો?) મારે જે કરવું'તું એ જ થયું. ગુસ્સામાં ને ગુસ્સામાં મને કહે... "મગ ઑપરેશન કરૂન ટાકા!" (તો ઑપરેશન કરી નાંખો). એમણે તરત જ સહી કરી આપી અને તેમને ઑપરેશન માટે લઈ જવામાં આવ્યા. ડાબી કિડની કાઢવા માટેની પણ તેમણે મંજૂરી આપી.

જેવું ઑપરેશન શરૂ થયું કે, pusના ધોધ શરૂ થયા. બેથી અઢી લીટર pus drain કર્યું. થોડા સમય પછી ઍનેસ્થેટીસ્ટ મેડમે હળવેથી મને કહ્યું, "hypotension (low BP) હુઆ હૈ. I am managing some how. હો ગયા ક્યા?"

મેં અને મારી સાથે રહેલા બીજા સર્જને ડોકું ધુણાવ્યું. મેં કહ્યું, "મેડમ, કિડની નિકાલના બાકી હૈ."

મેડમ મારી સામે જોતાં રહ્યાં. થોડી વાર રહીને મને પૂછ્યું, "second stage મેં નહીં હો સકતા ક્યા?"

મેં કહ્યું, "અગર યહાઁ પે છોડ દૂંગા, તો second stage આયેગા હી નહીં!" as usual, સર્જનની જીદ સામે ઍનેસ્થેટીસ્ટ કશું જ બોલ્યા નહિ. એટલું કહીને મેં કિડની dissect કરવાનું ચાલુ રાખ્યું.

સાવ નકામી, સાવ સડેલી કીડની કાઢ્યા પછી મેં મેડમને કહ્યું, "we are ghrough, મેડમ."

મેડમ BP લેતાં લેતાં બોલ્યાં, "Still in hypotension. i have started one more drug."

દર્દીને I.C.Uમાં shift કરવામાં આવ્યું. બે બે infusion pump સાથે. Hypoxia (Brainને Oxygen ન મળવો)ને કારણે sensorium પણ altered હતું. મેં ખૂબ જ painful stimuli આપી જોયા પણ એ આર્મી ઑફિસર કશું જ બોલ્યા નહિ.

"Good job. you did your best but ultimately patient went into shock" મારા ખભા ઉપર હાથ રાખીને ઍનેસ્થેટીસ્ટ મેડમ બોલ્યાં. ઑક્સિજન માસ્ક લગાવેલા એ દર્દીના ચહેરા સામે હું જોતો રહ્યો અને મને યાદ આવ્યા એના એ શબ્દો... 'આતા ઘરી જાણાર' (હવે ઘરે જઈશું).

થાકી હારીને હું ઘરે આવ્યો, પણ મનમાં વારંવાર એક વિચાર આવ્યા કરતો. દેશ માટે લડનાર સિપાહી આટલી જલદી હાર માને નહિ.

બીજા દિવસે સવારે હું વૉર્ડનો રાઉન્ડ લેતાં પહેલાં સીધો ICUમાં જ ગયો. ICUનું બારણું મેં ધીમેથી ખોલ્યું અને જેવો હું અંદર પ્રવેશ્યો, ICUને ગજાવી મૂકતો, ફરી પાછો એક મક્કમ, પડછંદ, પહાડ જેવો અવાજ મને સંભળાયો, 'ગૂડ મોર્નિંગ, સર.'

મેં એ તરફ જોયું. તો જે હાથમાં intra venous line દ્વારા દવાઓ જઈ રહી હતી, એ લગાડેલી

નળીઓ સાથે એ હાથ ઊંચો કરીને, એ 72 વર્ષના રિટાયર્ડ આર્મી ઑફિસર મને સલામ કરતાં હતાં. ત્યારે તેમને આપવા માટે મારી પાસે સલામ પણ નહોતી. ન તો હાથમાં તાકાત હતી, ન તો ખભામાં, કે હું સલામ કરી શકું. તેમને આપવા માટે મારી આંખોમાં ફક્ત ઝળઝળિયાં હતાં.

આજે પણ એ દર્દી follow upમાં આવે છે. જ્યારે જ્યારે OPDમાં આવે છે ત્યારે OPDનો દરવાજો ખોલી, સલામ મારીને મને કહે છે, 'ગૂડ મોર્નિંગ સર' અને હું મારી ખુરશીમાંથી ઊભો થઈ જાઉં છું, એક નીડર દેશના નીડર સિપાહીને સલામ કરવા માટે.



તમારી સાથે કોણ છે?

2009 મે-જૂનની વાત હશે. એ દિવસે ગુરુવાર હતો. સર્જિકલ યુનિટ 1નો ઇમરજન્સી ડે. રાતના સાડા અગિયાર થયા હશે. Indoor patientsનો round લઈને હું રેસિડેન્ટ રૂમ તરફ જઈ રહ્યો હતો, ત્યારે casualityમાંથી મેડિકલ ઑફિસરનો ફોન આવ્યો.

"નિમિત્તભાઈ, patient આવ્યું છે, acute abdomen (પેટમાં અચાનક સખત દુઃખાવો) છે, જોવું પડે એવું છે."

મેં એક લાંબો શ્વાસ લીધો અને મેડિકલ ઑફિસરને કહ્યું, "હું આવું છું."

મેડિકલ ઑફિસરથી રહેવાયું નહિ. એણે ફોનમાં જ મને કહી દીધું, 'દર્દી સાથે કોઈ નથી, તેઓ એકલા જ છે.'

ગુરુવારની રાતની કાળાશ થોડી વધારે પડતી લાગવાની શરૂઆત થઈ. અકળાઈને મેં કહ્યું, "એમ થોડું હોય સાહેબ, કોઈ તો આવ્યું હશે. સગું નહિ તો કોઈ આસપાસવાળું. જુઓ ને યાર, કોઈ તો હશે ને એમની સાથે!"

મેડિકલ ઑફિસર જાણે મારી પરીક્ષાનું પેપર સેટ કરતા હોય એમ એક પછી એક અઘરા સવાલો મારી સામે મૂકતા ગયા. "નિમિત્તભાઈ, એમની સાથે કોઈ નથી. 108 વાળા મૂકી ગયા છે."

Liftની રાહ જોવાની ધીરજ મારામાં નહોતી, એટલે ચોથા માળેથી મેં દાદરા ઊતરવાના શરૂ કર્યા. મનમાં થયું આ 108 વાળાને કોઈ ધંધો જ નથી, ગમે તેને પકડીને લાવે છે.

Casualityમાં ખૂણાના ખાટલા પર ટૂંટિયું વાળીને એક માણસ મારી તરફ પીઠ કરીને પડ્યો હતો. એમની agony, એમનું દર્દ, એમનો આર્તનાદ, મને દૂરથી જ સ્પષ્ટ દેખાઈ આવ્યા. એમની નજીક જઈને હું નામ પૂછ્યા વગર સીધો મુદ્દા પર આવ્યો, "શું તકલીફ છે ભાઈ?"

દર્દથી પીડાતા એ વડીલે મને કશો જ જવાબ આપ્યો નહિ.

એમની હાલત જોઈને, મને મારી આવનારી પરિસ્થિતિની ચિંતા થવા લાગી. સુક્કા સફેદ વાળ જેના પર પાંદડાં ચોટેલાં હતાં, મેલાંઘેલાં ફાટેલાં કપડાં, વધી ગયેલી દાઢી અને ધ્રૂજતા હાથ. what else I could have asked for? હું કશું આગળ પૂછું એ પહેલા મેડિકલ ઑફિસરે જ મને કહ્યું, "એ ભિખારી છે, રેલ્વે સ્ટેશન પર ભીખ માંગે છે." સમય વેડફ્યા વગર મેં એમને તપાસવાનું શરૂ કર્યું. It was a case of obstructed inguinal hernia (સારણ ગાંઠમાં રહેલું આંતરડું ફસાઈ જાય અને તેનો અટકાવ થાય). તેઓ કશું જ બોલી શકવાની હાલતમાં નહોતા. મેં મેડિકલ ઑફિસરને કહ્યું, "તાત્કાલિક ઑપરેશન થિયેટરમાં લેવા પડશે. જલદી એમને દાખલ કરો અને વૉર્ડમાં મોકલો."

મેડિકલ ઑફિસરે ફરી પાછો એક અઘરો સવાલ મારી સામે મૂક્યો, "consent (ઑપરેશન માટેની પરવાનગી કે મંજૂરી)નું શું?"

હું ફરી પાછો એ દર્દી તરફ વળ્યો. આ વખતે એમના મોઢામાંથી કશુંક તો બોલાવીશ જ એવું નક્કી કર્યું. "કાકા, કોણ છે તમારી સાથે? કોઈ સાથે આવ્યું છે?" મેં એમને ઢંઢોળીને પૂછ્યું.

રાતના 12 વાગવાની સાથે સાથે મારા પણ 12 વાગવાની અણી પર હતા. પૈસાની તો વાત ક્યાં કરવી, એમની પાસે શબ્દો પણ નહોતા. મૌન સિવાય તેઓ મને કશું જ આપી શકે એમ નહોતા. મેં થોડો અવાજ મોટો કર્યો. ફરી એમને ઢંઢોળીને પૂછ્યું, "ઑપરેશન કરવું પડે એમ છે, તમારી સાથે કોણ છે?"

આટલા દરદની વચ્ચે પણ એમણે મને એક સુંદર smile આપ્યું. Finally, તેઓ બોલ્યા, "કરી નાખો ઑપરેશન."

મને થોડી હિંમત આવી. મેં કહ્યું, "પણ સગા વગર ન થાય. કોઈ તો જોઈએ. તમારી સાથે કોણ છે?"

ફરી પાછું એક સુંદર smile આપીને મને એમણે કહ્યું, "બેટા, મારી સાથે ઈશ્વર છે."

surgeon થઈને રડીએ એ શરમની વાત કહેવાય, એટલે આંખોમાં આવવા તલપાપડ થતા આંસુઓને મેં થોડી આજીજી કરી અને એમને post pone કરી દીધા. મેં મારા આંસુઓને કહ્યું, "પછી નિરાંતે આવોને... અત્યારે થોડો busy છું."

આગળ કશું જ પૂછ્યા વગર મેં O.T.માં ફોન કર્યો, "brother, એક emergency inguinal exploration છે. ઑપરેશન ટ્રોલી બનાવી રાખજો." હેડ ઑફ ધ યુનિટને જાણ કરી. RMO સાહેબને જાણ કરી અને આ એક સ્પેશિયલ કેસ ગણી, RMO સાહેબની (દર્દીના સગા તરીકે) Consent લઈને દર્દીને લઈ લીધું ઑપરેશન ટેબલ પર.

કેટલા દિવસથી તકલીફ હશે એવી કોઈ જ માહિતી નહોતી. ફક્ત ઈશ્વરને પ્રાર્થના કરી કે આંતરડું કાળું (gangrenous) ન પડ્યું હોય તો સારું. રાતના 1 વાગે ઈશ્વર થોડો નવરો પડ્યો હશે, એટલે મારી વાત તરત સાંભળી.

Fortunately the bowel was viable. ઑપરેશન માટેની જરૂરી દવાઓ અને સામાનની વ્યવસ્થા અમારી પાસે રહેલા સ્ટોકમાંથી થઈ ગઈ. 'જે દરદ આપે છે, એ મલમ પણ આપે છે' જેવી વાતો નાનપણથી સાંભળી તો હોય પણ એને સાર્થક થતા જોવાનો અને એમાં નિમિત બનવાનો આનંદ કંઈક અલગ જ હોય છે.

ના કોઈ higher antibiotic, ના કોઈ strong analgesie (દુઃખાવાની દવા), છતાં પણ એમની recovery ખૂબ જ સંતોષકારક હતી. ઑપરેશન પછી આસપાસ રહેલા દર્દીઓના સગાઓ એમને પાણી આપતા અને ખાવાનું પણ. (સિવિલ હૉસ્પિટલના દર્દીઓ ગજવાથી ગરીબ હશે પણ મનથી, આપણા સૌના ગજા બહારના અમીર હોય છે!)

એ દર્દી follow upમાં નહિ જ આવે એવું ચોક્કસપણે માનીને, એમના ટાંકા તોડીને જ અમે એમને રજા આપી. કશું જ બોલ્યા વગર બે હાથ જોડીને તેઓ ચાલતા થયા. આ માણસ thankless છે, ત્યારે એવો વિચાર સુધ્ધાં મને ન આવ્યો!

થોડા સમય પછી મારે DNBની Entrance Exam આપવા મુંબઈ જવાનું થયું. ભાવનગર-બાંદ્રાની ટિકિટ લઈને હું રેલ્વે સ્ટેશન પર પહોંચ્યો. ત્યાં મેં પેલા ભિખારીને જોયા. તેઓ ખૂબ જ આનંદમાં હતા. DNBની પરીક્ષામાં પાસ થયો હોઉં એવો આનંદ મને મુંબઈ જતા પહેલા જ આવી ગયો.

મને જોઈને તેઓ પણ ઊભા થઈ ગયા. તેમણે પૂછ્યું, "કેમ છો સાહેબ?"

મેં એક સરસ Smile કરી પૂછ્યું, "તમે કેમ છો?" બે હાથ જોડી મને કહે, "બસ, સાહેબ, તમારી દુઆ છે."

હું મનમાં હસતો રહ્યો અને તેઓ મૂછમાં. હકીકતમાં દુઆ કોની લાગી'તી, એની મને પણ ખબર હતી અને એમને પણ. હું MBBS MS થયેલો એમની સામે ચુપચાપ ઊભો રહ્યો અને એક અભણ ગરીબ ભિખારી મને જિંદગીનો સૌથી મોટો પાઠ ભણાવતો ગયો.

એ દિવસે મારા કરતા એમનો confidence અનેક ગણો વધારે હતો, કારણકે હું મારી surgical skills પર confident હતો અને તેઓ તેમના ઈશ્વર પર.

◙

સાહેબ, કાંઈ કામ હોય તો કહેજો

ઑપરેશન થિયેટરનો ક્લાસ 4 સ્ટાફ, સખારામ. ઑપરેશન થિયેટરમાં સાફ સફાઈ કરવાનું, સાધનો ઊંચકવાનું, સર્જન સાહેબો માટે ચા-નાસ્તો લઈ આવવાનું તથા ઑપરેશન સમયે નર્સને નાની મોટી વસ્તુઓ આપવાનું કામ સખારામ કરતો. સખારામનો માસિક પગાર 3000 રૂપિયા હતો.

જ્યારે પણ હું OT(ઑપરેશન થિયેટર)માં દાખલ થતો ત્યારે હંમેશાં આ સખારામ મને સલામ મારતો. મને જોઈને કહેતો 'ગૂડ મોર્નિંગ સાહેબ'. સામાન્ય રીતે સર્જન આવા 'ગૂડ મોર્નિંગ'ના જવાબો નથી આપતા. ઑપરેશન થિયેટરનો સર્વન્ટ 'ગૂડ મોર્નિંગ' કહે તો મોટા સાહેબો ફક્ત માથું હલાવે. સામે 'ગૂડ મોર્નિંગ' નથી કહેતા.

હંમેશાં એવું બનતું હોય છે કે આપણા માટે શું wish કરી છે? એ મહત્ત્વનું નથી હોતું, પણ કોણે wish કરી છે? એ મહત્ત્વનું હોય છે. આ જ 'ગૂડ મોર્નિંગ' કોઈ ઍનેસ્થેટીસ્ટ કે સુંદર નર્સે કર્યું હોય તો સામે ઉમળકાભેર 'ગૂડ મોર્નિંગ' નીકળી જાય.

જે મસ્તકમાં વર્ષોથી ભારેખમ ભણતર ભરેલું હોય, એ મસ્તક qualificationsના ભારથી એટલું બધું વજનદાર થઈ જાય છે કે જલદી કોઈની સામે નમી શકતું નથી. હું પણ એવા જ રોગથી પીડાતો હતો. એટલે મેં ક્યારેય સખારામના 'ગૂડ મોર્નિંગ'નો જવાબ આપેલો નહિ. હું ફક્ત ડોકું હલાવું. બસ, મારા આ gestureને સખારામ મારું 'ગૂડ મોર્નિંગ' સમજી લેતો. એ આગળ કહેતો, "સાહેબ, કાંઈ કામ હોય તો કહેજો."

ઑપરેશન થિયેટરનો એક સામાન્ય સર્વન્ટ જે ફક્ત ચાર ચોપડી ભણેલો છે એનું મારે શું કામ પડવાનું? મારે જ નહિ, કોઈને પણ શું કામ પડવાનું?

બસ, આ routine થઈ ગયેલું. રોજ સવારે સખારામનું મને 'ગૂડ મોર્નિંગ' કહેવાનું અને પછી કહેવાનું "સાહેબ, કાંઈ કામ હોય તો કહેજો."

સખારામ હંમેશાં હસતો રહેતો. એના ચહેરા પર ક્યારેય દુ:ખ કે નિરાશા દેખાતાં નહિ. 3000 રૂપિયાના પગારમાં ખુશ રહેવાની જાણે એ તાલીમ લઈને આવ્યો હતો. આ જિંદગી આનાથી વધારે કશું જ offer કરવાની નથી, એવું સખારામે સ્વીકારી લીધેલું.

આમ જોઈએ તો ઑપરેશન થિયેટરમાં સખારામનો કોઈ major role હતો જ નહિ. સખારામ કામ ઉપર આવે કે ન આવે, એનાથી ન તો હૉસ્પિટલને ફેર પડવાનો, ન તો સર્જનને કે ન તો દર્દીઓને. એ રજા ઉપર હોય તો એની જગ્યા પર બીજો કોઈ માણસ OTમાં આવી જાય. સખારામ રજાઓ ખૂબ પાડતો. OTમાં એની હાજરી ખૂબ જ અનિયમિત.

જે વ્યક્તિ પોતાના કામમાં પ્રમાણિક નથી, એ વ્યક્તિ બીજા કોઈને કેવી રીતે મદદ કરી શકે? એવો પ્રશ્ન મને થતો. એટલે જ એ જ્યારે પણ એવું કહેતો કે "સાહેબ, કાંઈ કામ હોય તો કહેજો" ત્યારે હું એક કટાક્ષભર્યું સ્મિત એ જોઈ શકે એમ કરી દેતો.

ઘણીવાર ઑપરેશન ચાલતું હોય અને કોઈ વસ્તુની જરૂર પડે તો પણ સખારામ હાજર ન હોય. તેને બહારથી બોલાવવો પડે. એ પોતાના જ કામમાં વ્યસ્ત હોય. તેની આ બાબત મને અને અન્ય સ્ટાફને બિલકુલ ગમતી નહિ. પણ નાના માણસ જોડે કોણ ચર્ચામાં પડે? એવું વિચારી કોઈ તેને કશું જ કહેતા નહિ. એ ઘણા સમયથી હૉસ્પિટલમાં નોકરી કરતો.

થોડા દિવસો પછી એવું બન્યું કે સખારામ સતત ત્રણ દિવસ સુધી ગેરહાજર રહ્યો. કોઈ એક સર્જન ન હોય તો પણ ઑપરેશનનું કામ તો ચાલુ જ રહે છે, તો પછી સખારામ વગર પણ કોઈ જ કામ અટકવાનું નહોતું. સખારામ ત્રણ દિવસથી ગેરહાજર છે એની નોંધ કોઈ સર્જન શું કામ લે? એ તો હૉસ્પિટલવાળાએ જોવાનું.

ચોથા દિવસે જ્યારે સખારામ કામ પર આવ્યો ત્યારે મને realize થયું કે હમણાં થોડા દિવસોથી એને જોયેલો નહોતો. એનું 'ગૂડ મોર્નિંગ' સાંભળ્યા પહેલા જ મેં એને પૂછી લીધું "હમણાં દેખાતો નહોતો. ક્યાં હતો?"

સખારામે હસતાં હસતાં જવાબ આપ્યો, "સાહેબ, રજા ઉપર હતો."

મેં એના તરફ પીઠ ફેરવી અને મારી પાસે કોઈએ મને giftમાં આપેલી સલાહ સાવ મફતમાં એને આપી દીધી. 'નિયમિત કામ ઉપર આવતો જા ભાઈ. મૅનેજમૅન્ટવાળા કોઈ ઍક્શન લેશે ત્યારે અમે કાંઈ નહિ કરી શકીએ.' સખારામે મને વિશ્વાસ આપ્યો, "સાહેબ, હવે નિયમિત આવીશ."

એક મહિનો પસાર થયો. અચાનક સખારામે કામ ઉપર આવવાનું બંધ કરી દીધું. અમે બધાએ વિચાર્યું કે એને વધારે પગારવાળી કોઈ નોકરી મળી ગઈ હશે. આવા અનિયમિત માણસને કોઈ નોકરી પર રાખે એ વાતથી અમને આશ્ચર્ય થતું. સખારામને અમે છેલ્લે ક્યારે જોયો, એવું હવે યાદ પણ નહોતું.

આજકાલના busy scheduleમાં રામનું નામ પણ યાદ નથી રહેતું તો સખારામનું તો ક્યાંથી રહે? અમે બધા સખારામના અસ્તિત્વને ભુલાવી ચૂકેલા. ત્યારે realize થયું કે જે માણસ આપણા કોઈ જ કામનો નથી એને ભૂલવવો બિલકુલ અઘરો નથી. આપણે માણસાઈ ભૂલી જવાની કળામાં પારંગત છીએ, તો માણસને ભૂલવો તો સાવ સહેલો.

બે અઠવાડિયાં વીત્યા. અમે બધા અમારા routineમાં પરોવાઈ ગયેલા. સખારામ હવે હૉસ્પિટલ માટે એક ભૂતકાળ બની ચૂકેલો. હૉસ્પિટલની સાથે સાથે સખારામ અમારા પણ મગજના recycle binમાં પહોંચી ગયેલો.

આજકાલ આમ પણ મગજ અને મનોવૃત્તિ સંકુચિત થઈ ગયેલા છે. આવા સાંકડા મગજમાં આવી બિનઉપયોગી વ્યક્તિઓ કેટલા સમય સુધી store રહે? એ તો કામ પતે એટલે તરત જ delete થઈ જતી હોય છે.

એક દિવસ અચાનક સખારામ OTમાં આવ્યો. હાથમાં એક કાગળ અને પેન લઈને. એ કોઈને શોધતો હતો, પણ કોઈએ એના તરફ ધ્યાન ન આપ્યું. મારી એક નજર એના તરફ ફરી અને હું પછી મારા કામમાં વ્યસ્ત થઈ ગયો.

તમે સમાજ માટે non-productive થઈ જાવ. એ પછી સમાજ તમને માન તો શું, ધ્યાન પણ નથી આપતો. આ વાત સખારામને ત્યારે સમજાઈ હશે જ્યારે લગભગ એક કલાક વીત્યા પછી પણ કોઈએ તેને પ્રતિસાદ ન આપ્યો.

મારું કામ પત્યા બાદ મારી નજર ફરી એના તરફ ગઈ. સખારામની નજર મારી તરફ જ હતી. કદાચ એ મારું કામ પતવાની રાહ જોઈને ઊભો હતો. સખારામે મને ઇશારાથી પૂછ્યું કે તમારી પાસે આવી શકું? મેં ઇશારો કરી એને બોલાવ્યો.

આજે પહેલી વાર સખારામના ચહેરા ઉપર સ્મિત નહોતું. સખારામનો મુખવટો પહેરીને જાણે ગંભીરતા મારી પાસે આવતી હતી. મેં એ જ કામ કરવાનું શરૂ કર્યું જે માણસ જાત માટે સૌથી સહેલું છે. 'ધારી લેવાનું.' મેં ધારી લીધું કે સખારામ મારી પાસે અરજી કરાવવા આવે છે. તેને નોકરી ઉપર ફરી પાછો રાખી લે, એવી કોઈ અરજી કરવી હશે.

સખારામ એનો depressive ચહેરો લઈ મારા સુધી પહોંચી ગયો. સાચું કહું તો એ કશું કહે એ પહેલા જ મેં નક્કી કરેલું કે એને કોઈ જ મદદ કરવી નથી. પોતાના કામ સાથે જે નિષ્ઠા ન કરી શકે, એવા લોકોને મદદ કરવાની ઇચ્છા નથી થતી.

સખારામની ઉદાસીએ બોલવાનું ચાલુ કર્યું, "ગૂડ મોર્નિંગ સાહેબ. એક કામ હતું સાહેબ."

મારાથી હસ્યા વિના રહેવાયું નહિ. આજ સુધી રોજ સવારે જે માણસ મને 'ગૂડ મોર્નિંગ' કહ્યા પછી "સાહેબ, કાંઈ કામ હોય તો કહેજો" એવું કહેવા ટેવાયેલો અચાનક એનું વ્યાકરણ બદલાઈ ગયું.

મેં મારું માથું ઘમંડથી ઊંચું કર્યું, "બોલો."

"સાહેબ, તમારી સહી જોઈએ છે. હું ગયા મહિનાનો પગાર લેવા આવ્યો છું. મૅનેજમૅન્ટવાળાએ મારા પર આક્ષેપ મૂક્યો છે કે હું ગયા મહિને આવ્યો જ નથી તો પગાર ન મળે. સાહેબ, તમને તો ખબર છે કે અનિયમિત ખરો પણ હું ગયા મહિને કામ ઉપર આવ્યો છું. આ મહિને ચોક્કસ નથી આવ્યો, પણ મને ગયા મહિનાનો પગાર તો મળવો જોઈએ ને! મૅનેજમૅન્ટવાળાએ કહ્યું કે કોઈ સાહેબની સહી કરાવી આવ કે તું કામ પર આવેલો. એટલે તમારી સહી લેવા આવ્યો છું સાહેબ. તમે સહી કરી દેશો તો મારો પગાર છૂટો થઈ જશે."

મને 'ધારી લેતાં' પણ આવડતું નથી એ વાતનું દુઃખ થયું. અવારનવાર આપણી ધારણાઓ ખોટી પડવા છતાં પણ આપણી ધારણાઓ પર આપણો વિશ્વાસ અડગ હોય છે.

સખારામને સંભળાવવાની આનાથી સારી તક બીજી કઈ હોઈ શકે? એના હાથમાં રહેલા કાગળ અને પેન મેં મારા હાથમાં લીધા અને કહ્યું, "પોતાનું કામ નિષ્ઠાથી કર્યું હોય તો આવા દિવસો ન આવે. મૅનેજમૅન્ટને બધી ખબર હોય છે. તું કામ ઉપર આવેલો એટલે સહી કરું છું પણ બીજી કોઈ અપેક્ષા ન રાખતો."

સખારામે મારી સલાહ ચુપચાપ સાંભળી, પણ મને ખાતરી હતી કે એ સલાહની એના પર કોઈ જ અસર થશે નહિ.

સખારામે બે હાથ જોડીને મને કહ્યું, "આભાર સાહેબ." સખારામ ત્યાંથી ચાલવા લાગ્યો. મારી સૂફિયાણી વાતો સાંભળવાના મૂડમાં એ બિલકુલ હતો નહિ. પણ superiority complexથી પીડાતી મારી જાતથી રહેવાયું નહિ. મેં એને ચોપડાવી દીધું, "હવે જ્યાં પણ કર, પ્રમાણિકતાથી નોકરી કરજે. ક્યાં શોધી છે બીજી નોકરી?"

આવા happy-go-lucky માણસને આટલી જલદી કોઈ કામ આપી દે એ વાત મને તો ગળે ઊતરે પણ મારામાં રહેલી સાક્ષર સમજણને કેમ સમજાવું? મારી સમજણની કુતૂહલતા ખાતર જ મેં એને પૂછેલું, "ક્યાં શોધી છે બીજી નોકરી?"

સખારામની પીઠ મારા તરફ હતી. એણે મારા તરફ પીઠ રાખીને જ જવાબ આપ્યો, "સાહેબ, હમણાં થોડો સમય નોકરી નહિ થઈ શકે."

તેનો આળસુ જવાબ સાંભળી મારી અકડાઈ વધી. 'કેમ ભાઈ? કામ નથી કરવું કે શું?'

હવે સખારામ મારા તરફ ફર્યો. નજર નીચે રાખી ધીમા સ્વરે બોલ્યો, "સાહેબ, સંજોગો ખરાબ છે."

મારો સખારામ પ્રત્યેનો bias એમ જલદી ઓછો થાય તેમ નહોતો. સખારામ સાથે શરૂ થયેલી આ ચર્ચા મારે જીતવાની હોય એમ મેં કહ્યું, "જેને કામ કરવું છે એને કોઈ સંજોગો નડે નહિ."

સખારામના મોઢામાંથી શબ્દો એવી રીતે ગાયબ થયા જેવી રીતે નોકરીમાંથી સખારામ.

જાત મહેનતે કમાયેલી ઉદાસી ઓઢીને અને જાતે ડ્રાફ્ટ કરેલા મૌનને ચહેરા પર લેમિનેટ કરાવી, સખારામ મારી સામે ચુપચાપ ઊભો રહ્યો. એની નજર જમીન પર હતી અને મારી નજર એના તરફ.

સખારામનું મૌન ધારદાર હતું અને એટલે જ એ એના કરતા મને વધારે ખૂંચવા લાગ્યું. મારે એની પાસેથી શું બોલાવવું હતું એનો મને પણ ખ્યાલ નહોતો. મેં કહ્યું, "ચૂપ કેમ છે? તારે ખુમારીથી નથી જીવવું?"

હવે સખારામથી રહેવાયું નહિ. Finally, તેણે નજર ઉપર કરી અને મારી સામે જોયું. તેની આંખોમાં ચોમાસું આવવાની તૈયારી હતી. તેના ચહેરા પર રહેલા ઉદાસીનાં વાદળો, તેની આંખોમાં ગમે તે સમયે વરસી જશે એવો ડર એને હતો અને મને પણ.

તેણે થૂંકની સાથે મોઢામાં ભરાયેલું મૌન ગળાથી નીચે ઉતાર્યું. તે ફક્ત બોલ્યો, "સાહેબ..." તેનો અવાજ ઢાંકણીના પાણીમાં ડૂબકી લગાવીને બહાર આવ્યો હોય એમ ભીનો હતો. એ ભીનો અવાજ મારા સુધી પહોંચે એ પહેલા સુકાઈ ગયો. "સાહેબ..."થી આગળ એ કશું જ બોલી શક્યો નહિ.

મને થોડી સહાનુભૂતિ થઈ. હું ડૉક્ટર ખરો, પણ અંતે તો માણસ જ ને. થોડી ઘણી સંવેદનાઓ સાચવીને રાખેલી, એ આવા સમયે કામમાં આવી.

હું ઊભો થયો. મારો હાથ એના ખભા પર મૂક્યો. મેં કહ્યું, "બોલ, શું problem છે?"

મારી સહાનુભૂતિથી હોય કે પછી એના પર આવેલા દુ:ખથી, ગમે તે કારણ હોય પણ સખારામ પીગળવા લાગ્યો. મેં આજ પહેલા ક્યારેય પણ સખારામને આટલો બધો નિર્બળ જોયેલો નહિ.

સખારામનું મૌન મારા માટે uncomfortable હતું. મારી બિનજરૂરી સલાહ મેં ચાલુ રાખી, "જો ભાઈ, કામ તો માણસની ખુમારી છે. તું કામને છોડીને જાય છે?"

સખારામે મને સણસણતો જવાબ આપ્યો. સખારામે મને આપેલો એ જવાબ હું ક્યારેય ભૂલી નહિ શકું.

મને કહ્યું, "સાહેબ, મારી ખુમારી મારું કામ નથી. મારી ખુમારી મારી દીકરી છે. મારી દીકરી બીમાર છે, સાહેબ."

બહુ જ sophisticated રીતે ઈશ્વરે મને તમાચો માર્યો. આટલાં પુસ્તકો ભણ્યા પછી પણ જે સામાન્ય સમજ મને આવી નહોતી, એવી એક બાબત સખારામ જેવા અભણ માણસે બહુ જ વિનમ્રતાથી મને શીખવી દીધી.

કોઈ વ્યક્તિ વિષે, કોઈ વ્યક્તિની પરિસ્થિતિઓ વિષે આપણે બહુ જલદી અભિપ્રાય આપી દઈએ છીએ. કોઈને ધારી લેવામાં જેટલી ઉતાવળ આપણે કરીએ છીએ, એટલી જ ઉતાવળ કોઈને સમજવામાં કરતા હોત તો માણસો આટલા બધા અઘરા ન લાગતા હોત.

સખારામને મારી પ્રતીક્રિયાની નહિ, મારા પ્રતિસાદની જરૂર હતી.

"મારી ખુમારી મારી દીકરી છે." આ વાત કોઈ શિક્ષકે ભણાવેલી નહિ. પાઠ્ય પુસ્તકમાં પણ આવેલી નહિ. તેમ છતાં પણ તરત ગળે ઊતરી ગઈ. ગળે શું સીધા હૃદયમાં ઊતરી ગઈ.

મનમાં થયું કે સખારામને ભેટી પડું, પણ મારામાં રહેલી સાક્ષરતા મને એમ જલદી કોઈને ગળે મળવા દેતી નથી. મારી આસપાસ મારી ડિગ્રીઓનું થર જામેલું હોઈ હવે સંવેદના મારા સુધી પહોંચતી નથી. એટલે કોઈને ગળે મળવાની નાહક કોશિશ હું કરતો પણ નથી.

તેના ખભા પર હાથ રાખી, તેના મન સુધી પહોંચવાનો મેં પ્રયત્ન શરૂ કર્યો. "શું થયું છે તારી દીકરીને?"

"સાહેબ, છેલ્લા છ મહિનાથી બીમાર રહે છે. અવારનવાર હૉસ્પિટલ જવું પડે છે. થોડા સમય પહેલા તો દાખલ પણ કરવી પડેલી. ઊલટીઓ થાય, પગ અને મોઢા પર સોજા રહે, ખાવાનું તો નામ જ નહિ. સરકારી દવાખાનામાં ઇલાજ ચાલુ જ છે, સાહેબ. હમણાંથી તો તબિયત વધારે બગડી છે. એની બા એકલી પહોંચી શકે એમ નથી, એટલે મારે સતત મારી દીકરી સાથે રહેવું પડે એમ છે. એકની એક દીકરી છે, સાહેબ."

સખારામે એક સાથે મારા અસંખ્ય સવાલોના જવાબો આપી દીધા અને એ પણ વિસ્તાર સાથે. જે માણસ હથોડી જેવી પરિસ્થિતિઓથી ઘેરાયેલો હતો, જે પોતાનામાં જ ભુક્કો થઈને વેરાયેલો હતો, એ માણસ હંમેશાં હસતો રહ્યો, હસાવતો રહ્યો. નોકરીની સાથે સાથે દીકરીને પણ સંભાળી. ક્યારેય મને સલામ મારવાનું પણ ચૂક્યો નથી. એક પણ દિવસ એવો ગયો નહિ હોય જ્યારે તેણે મને 'ગૂડ મોર્નિંગ' કહ્યું ન હોય. ફક્ત એટલું જ નહિ, એમ પણ કહેતો રહ્યો કે "સાહેબ, કાંઈ કામ હોય તો કહેજો."

મારી દીકરી મારી ખુમારી છે. આટલું સમજવા માટે કેટલાં પુસ્તકો ભણ્યો હશે એ અભણ માણસ? સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવા માટેના કયા અને કેટલા સમાજ કલ્યાણ કાર્યક્રમમાં તેણે હાજરી આપી હશે? દીકરી માટે જે માણસ નોકરી જતી કરવા તૈયાર હોય, એ માણસમાં આટલી સંવેદનાઓ આવી ક્યાંથી? સખારામે જેટલા જવાબો મને આપ્યા, એટલા જ સવાલો એણે મારા માટે ઊભા કર્યા.

ફક્ત 3000 રૂપિયાના માસિક પગારમાં આટલી બધી સમજણ કેવી રીતે પોસાય?

મારી નજર હવે જમીન પર હતી. ફક્ત નજર જ નહિ, મારો અહમ્ અને ઘમંડ પણ જમીન પર હતા. મારી સાક્ષરતા, મારી પદવી, મારી સમજણ મને અચાનક વામણી લાગવા લાગી.

આવા સમૃદ્ધ માણસને હું દિલાસા સિવાય આપી પણ શું શકું? મેં કહ્યું, "ચિંતા ન કર. બધું સારું થઈ જશે. કાલે એના રિપોર્ટ લેતો આવજે. કંઈક કરીશું."

જે માણસના અત્યાર સુધી મને નૅગેટિવ vibes આવતા, અચાનક એ માણસ પ્રત્યે આટલી બધી હકારાત્મકતા કઈ રીતે આવી? સાચું કહું તો મને એ માણસ સાથે પ્રેમ થઈ ગયેલો. એને બનતી મદદ કરવી એવું નક્કી કરી લીધું. સખારામ મારી પાસેથી જતો હતો ત્યારે એનું જ વાક્ય આજે મારા મોઢામાંથી નીકળ્યું, "સખારામ, કાંઈ પણ કામ હોય તો કહેજે." એ બોલી લીધા પછી ફક્ત એટલું જ બોલવાનો આનંદ મને જિંદગીમાં પહેલી વાર થયો. ત્યારે realize થયું કે એક દુ:ખી માણસ પણ હંમેશાં આપણને એક આનંદ તો offer કરે જ છે. એ દુ:ખી માણસને મદદ કરી શકવાનો આનંદ.

બીજા દિવસે સખારામ રિપોર્ટ લઈને આવ્યો. જેવું વિચાર્યું હતું એવું જ બન્યું. સખારામની એકની એક દીકરીની બંને કિડનીઓએ દગો આપ્યો. RPGN (rapidly progressive glomerulonephritis).

ટૂંકમાં, બંને કિડનીઓના આમરણાંત ઉપવાસ. બંને કિડનીઓનું વગર નોટિસે રાજીનામું.

મેં સખારામને આ રોગ વિષે સમજાવવાનું શરૂ કર્યું. આ વખતે પણ મેં સખારામની સમજણને under-estimate કરેલી. મને વચ્ચે રોકીને સખારામ બોલ્યો, "સાહેબ, સરકારી દવાખાનામાં સાહેબે અમને બધું સમજાવ્યું છે. બંને કિડનીઓ fail છે. ડાયાલિસીસ કરવું પડે એમ છે."

એક super specialist ડૉક્ટર હોવા છતાં પણ એક માણસ તરીકે મારી પામરતાનો અહેસાસ સખારામ મને વારંવાર કરાવતો રહ્યો.

એણે જરા પણ સમય બગાડ્યા વિના એક તીખો પ્રશ્ન મને પૂછી નાખ્યો, "સાહેબ, કિડનીઓ સુધરે એવી કોઈ શક્યતા? ક્યાં સુધી ડાયાલિસીસ કરાવવું પડે?"

મેં કહ્યું, "જો ભાઈ, ડાયાલિસીસ તો કરવું પડે. આ રોગમાં કિડનીઓને થયેલું નુકસાન સામાન્ય રીતે કાયમી હોય છે. પ્રયત્ન ચોક્કસ કરીએ. કેટલાક કિસ્સાઓમાં દવાથી સુધારણા આવે છે પણ એ શક્યતા ઓછી. અત્યારે તો આ રોગને આપણે સ્વીકારવો જ રહ્યો. અત્યારે તો એક જ ઉપાય છે ડાયાલિસીસ."

ડાયાલિસીસ કેટલા સમય સુધી કરાવવું પડે એવી કોઈ જ સમયમર્યાદા મેં બાંધી નહિ. સખારામ સમજી ગયો કે આનો અર્થ કાયમી પણ હોઈ શકે.

કોઈ ડૉક્ટર હોત તો ભલામણ કરી આપી હોત, પણ એક ડાયાલિસીસના મશીનને શું ભલામણ કરું? આમ પણ ડાયાલિસીસના મશીનને દીકરી નથી હોતી એટલે એને પીડા સમજતા વાર લાગે છે.

રોગની સાથે સાથે સખારામે સંજોગોને પણ સ્વીકારી લીધા. પોતાની દીકરીના રિપોર્ટ લઈને સખારામ એમ સમજીને મારી પાસે આવેલો કે બીજા ડૉક્ટરથી કદાચ રિપોર્ટમાં એવી કોઈ લાઇન વાંચવાની રહી ગઈ હોય જે હું વાંચી શકું. એ લાઇન હતી આશા અમર છે. એ લાઇન હું પણ ન વાંચી શક્યો. કદાચ એમ માની લઈએ કે આશા અમર છે, તો સખારામની દીકરીનું નામ ચોક્કસપણે આશા નહોતું.

ક્યારેક એવું લાગે છે કે આવા દરેક રિપોર્ટ ભગવાન સાંઈના લેટર પેડ પર છપાવવા જોઈએ. At Least, એમાં રિપોર્ટ સાથે શ્રદ્ધા અને સબૂરી એવું તો વાંચી જ શકાય ને! સખારામને પણ આ બે જ વસ્તુઓની જરૂર હતી, શ્રદ્ધા અને સબૂરી.

રિપોર્ટની સાથે પોતાની વેરાઈ ગયેલી જાતને પણ એકઠી કરીને, સંકેલીને, તેણે સાચવીને પોતાના થેલામાં મૂકી દીધી.

એ મારી સામે પરાણે હસ્યો. એ માણસ શેના ઉપર હસ્યો એ મને સમજાયું નહિ. તેના સંજોગો પર, મારી તેના વિશેની ગેરસમજ પર કે પછી મારી પામરતા પર? તેણે હસતાં હસતાં મને કહ્યું, "સારું

સાહેબ, તમારો આભાર."

જતાં જતાં ફરી પાછી એ જ વાત મારા મોઢામાંથી નીકળી, "કાંઈ કામ હોય તો કહેજે."

જ્યારે શરૂઆતમાં સખારામ મને આ જ વાત કહેતો ત્યારે મનમાં થતું "આ માણસ મને શું કામ લાગવાનો?"

મારા મોઢેથી "કાંઈ કામ હોય તો કહેજે" એવું સાંભળીને, આજે મારા માટે સખારામ પણ કદાચ એવું જ વિચારતો હશે.



બાબા મહાન છે

ચંદ્રકાંત ભટ્ટ સાહેબ, પોતે PGVCLમાં વર્ષોથી નોકરી કરે. એમનો એકનો એક દીકરો પ્રતીક ભટ્ટ હવે એન્જિનિયરિંગ કૉલેજમાં જવા માટે દિવસો ગણતો હતો. એન્જિનિયરિંગ કૉલેજમાં એડમિશન મળી જશે એવી બાપ અને દીકરા બંનેને ખાતરી હતી.

ક્યારેક તમને સફળતા સહજતાથી મળી જાય તો તમારા નસીબને તેની અદેખાઈ આવે છે. આખાય ગામને મીઠાઈઓ વહેંચવાની હોય ત્યારે તમારું જ કોઈ અંગ તમારા સગાવહાલાની જેમ રિસાઈ જાય તો! ઉજ્જ્વળ ભવિષ્યનાં સોનેરી સપનાંઓ જોતાં પહેલા, તે સપનાંઓના copyrights પણ ખરીદી લેવા જોઈએ એવી જાણ ભટ્ટ સાહેબને કોઈએ કરેલી નહિ.

ડાબી બાજુ ગાડી ચલાવતા હોઈએ, આપણે right sideમાં છીએ એવું માનીને મંઝિલ તરફ પૂરપાટ ઝડપે આગળ વધતા હોઈએ અને ત્યારે wrong sideમાંથી અચાનક કોઈ ગાડી સામે આવે, એવી જ રીતે પોતાની શૈક્ષણિક કારકિર્દી તરફ પૂરપાટ ઝડપે દોડતાં પ્રતીકના રસ્તામાં wrong side પરથી અચાનક તેની પોતાની જમણી કિડની સામે આવી.

પ્રતીકની ડાબી કિડનીને personally પ્રતીક સાથે કોઈ જ વાંધો ન હોવાથી, તેણે પોતાનું કામ ચાલુ રાખ્યું.

શરીરમાં એક કિડની ઓછું કામ કરે અને બીજી કિડની સારું કામ કરે તો તેનાથી દર્દીના શારીરિક સ્વાસ્થ્ય ઉપર કોઈ જ અસર પડે નહિ. પરંતુ માનસિક રીતે દર્દી અને તેના સગાઓને આઘાત તો લાગે જ. આપણે હંમેશાં બંને કિડનીઓને એક સરખો પ્રેમ કર્યો હોય, ક્યારેય કોઈ ભેદભાવ ન કર્યો હોય તેમ છતાં એક કિડનીને કોઈ કારણોસર લાગી આવે અને આપણાથી રિસાઈ જાય ત્યારે એને મનાવવાના પ્રયત્નો તો કરવા જ પડે.

ભટ્ટ સાહેબ પોતે ખૂબ જ sensitive માણસ. આજના યુગમાં બહુ ઓછા લોકોને સંવેદનશીલતા વરેલી હોય છે. ભટ્ટ સાહેબ તેમાંના એક.

પોતાના સંતાનની એક કિડની થોડી નબળી છે એવી જાણ થતાંની સાથે જ તેઓ મારો અભિપ્રાય લેવા આવ્યા. જમણી કિડનીનું કામ ઓછું ચોક્કસ હતું, પરંતુ સાવ બંધ નહિ. દર્દીને તથા તેના રિપોર્ટ્સને તપાસીને મને એ વાતનો આનંદ થયો કે પ્રતીકની જમણી કિડનીએ હજુ પોતાનું retirement જાહેર નથી કર્યું.

પોતાના સ્વજનોની બીમારી, સ્વજનોની ચિંતા પથ્થરોને પણ ઓગાળી શકે છે, જ્યારે આ તો ભટ્ટ સાહેબ પહેલેથી જ સંવેદનશીલ માણસ.

મેં મારો અભિપ્રાય આપવાનો શરૂ કર્યો, "ભટ્ટ સાહેબ, જમણી બાજુની કિડનીમાં અટકાવ છે. આ અટકાવને કારણે જમણી કિડનીનું કામ ઓછું થઈ ગયેલ છે. ચિંતા કરવાની જરૂર નથી. ઑપરેશન કરીને એ અટકાવ દૂર કરી શકાય. કિડનીનું કામ કદાચ નૉર્મલ તો ન થઈ શકે, પણ જમણી કિડની જેટલું કામ કરે છે એટલું preserve કરી શકીએ એટલે આપણે જંગ જીતી ગયા."

હજુ તો હું મારું વાક્ય પૂરું કરું એ પહેલા તો ભટ્ટ સાહેબની આંખોએ જવાબ આપવાનો શરૂ કરી દીધો. sensitive માણસોની આજ તકલીફ. તેમની આંખો તેમની જીભ કરતા વધારે ઉતાવળી હોય છે.

દીકરાના સુખી અને સમૃદ્ધ ભવિષ્યના જોયેલાં સપનાંઓ, હવે દીકરાની ચિંતામાં ભટ્ટ સાહેબની આંખોમાંથી ઓગળીને મારા ટેબલ ઉપર પડવા લાગ્યા.

ઓગળેલાં સપનાંઓનું પ્રવાહી સ્વરૂપ અમે ડૉક્ટરો વારંવાર જોતા હોઈએ છીએ. દુનિયા એવું સમજે છે કે અમે ડૉક્ટરો ફક્ત વેદના જ સમજી શકીએ. જે લોકો વેદના સમજી શકે એ સંવેદના કેમ નહિ?

તાળી આપીને ઝરણાંઓ જ્યારે નીકળી જતાં હોય છે, ત્યારે પથ્થરોને પણ મનમાં કશુંક થતું હોય છે. અમે તો પામર મનુષ્યો છીએ. આવા પ્રવાહી સપનાંઓ જોઈને અમારી આંખો ભલે નિષ્પક્ષ હોવાનો દાવો કરે, પરંતુ હૃદયમાં એક ખૂણે સહાનુભૂતિઓના ઝાડવા અમારામાં પણ પાંગરતા હોય છે.

મેં ભટ્ટ સાહેબના ખભે હાથ મૂક્યો. "સાહેબ, તમે ઢીલા ન પડો. દીકરાને એવી કોઈ મોટી બીમારી નથી. ડાબી કિડની તો સારું કામ કરે જ છે. જમણી કિડનીનું કામ જેટલું છે, એટલું બચાવવાનો આપણે પૂરો પ્રયાસ કરીશું."

ભટ્ટ સાહેબે પોતાના ગળે ભરાયેલો ડૂમો નીચે ઉતારીને, રડમસ અવાજે કહ્યું, "સાહેબ, મને એની બહુ ચિંતા થાય છે. આ દીકરાનાં મમ્મી નથી. બે વરસ પહેલા હૃદયરોગના હુમલાથી એની મમ્મીનું અવસાન થયેલું. હવે અમે બંને જ એકબીજાના સથવારા છીએ."

જ્યારે દર્દીઓને અમે સાંત્વના નથી આપી શકતા, ત્યારે અમે higher centreની મદદ લેતા હોઈએ છીએ. મારી consulting chairની પાછળ રહેલો સાંઈબાબાનો ફોટો બતાવીને મેં તેમને કહ્યું: "બધું સારું થઈ જશે. બાબા મહાન છે."

બાબાની હાજરીમાં, બાબાનું નામ દઈને, બાબાની સાક્ષીએ કોઈ વાત હું promise કરી દઉં. પછી હું એમ માનું છું કે એ હવે ફક્ત મારી નહિ, બાબાની પણ જવાબદારી છે.

મારી નહિ પરંતુ બાબાની શરમે ભટ્ટ સાહેબે હવે થોડી હિંમત બતાવી. "સાહેબ, ઑપરેશનની તૈયારી કરો."

પ્રતીકનું ઑપરેશન સરસ રીતે પાર પડ્યું. ઑપરેશનનાં 6 અઠવાડિયાં પછી બંને કિડનીઓ કેવું કામ કરે છે? એ જાણવા માટેનો એક રિપોર્ટ કરાવવાનો હોય.

ભટ્ટ સાહેબને હવે એ વાતની ચિંતા હતી કે જમણી બાજુની કિડનીનું કામ ઘટ્યું તો નહિ હોય ને!

જે દિવસે ભટ્ટ સાહેબ પ્રતીકનો રિપોર્ટ બતાવવા આવવાના હતા એ જ દિવસે સવારે મારાં મમ્મીને છાતીમાં દુઃખાવો ઊપડતાં હૉસ્પિટલમાં દાખલ કરવા પડેલાં. કાર્ડિયૉલૉજીસ્ટ સાહેબે એક લોહીની તપાસ મોકલેલી, જેનાથી નક્કી થઈ શકે કે હૃદયરોગનો હુમલો આવેલો છે કે નહીં. હજુ સુધી એ રિપોર્ટ આવેલો નહિ. મમ્મીને stable કરીને હું મારા ક્લિનિક ઉપર આવ્યો.

વેદનાઓ બધે સરખી જ હોય છે. એ પછી મારાં મમ્મીની હોય કે પછી બીજા કોઈ એવા દર્દીની, જેને હું જાણતો પણ નથી. અમે ડૉક્ટરો વેદનાઓમાં ભેદભાવ નથી રાખતા.

એ દિવસે OPD વહેલી પૂરી કરીને, મમ્મી પાસે જવાની ઇચ્છા હતી. ભલે ડૉક્ટરો રહ્યા, સંવેદના તો અમારામાં પણ હોય ને!

છેલ્લું દર્દી તપાસીને હું બસ નીકળવા જતો હતો, ત્યારે જ ભટ્ટ સાહેબ પ્રતીકનો રિપોર્ટ લઈને દાખલ થયા. ભટ્ટ સાહેબે રિપોર્ટને એવી રીતે પકડેલો, જાણે ઈશ્વરે ટપાલ દ્વારા એમને કોઈ સર્ટિફિકેટ મોકલાવેલું હોય.

એમની કુતૂહલતાને લંબાવવાનો મારો કોઈ જ ઇરાદો નહોતો એટલે મેં તરત જ રિપોર્ટ વાંચી લીધો. ભટ્ટ સાહેબની નજર મારા ચહેરાના expressions ઉપર એવી રીતે હતી જાણે મંદિરમાં ઈશ્વરની મૂર્તિ કશુંક બોલવાની હોય. હું કશુંક કહેવા જાઉં એ પહેલા જ મારા મોબાઇલે ભટ્ટ સાહેબની આતુરતા વધારી દીધી. મારો ફોન વાગ્યો. મમ્મીના રિપોર્ટ વિષે જાણ કરવા મને ફોન કરવામાં આવેલો. મમ્મીનો રિપોર્ટ positive હતો. ટૂંકમાં કહું તો, મમ્મીને હૃદયરોગનો હુમલો આવ્યો છે એનું સર્ટિફિકેટ મને ફોનમાં મળ્યું. લાગણીઓને કાબૂમાં રાખીને મેં ભટ્ટ સાહેબને પ્રતીકના રિપોર્ટ વિષે જાણ કરી.

"અભિનંદન સાહેબ, જમણી કિડનીનું કામ તો પહેલા કરતા સુધર્યું છે. હવે ઘણું સારું છે. દીકરાની ચિંતા છોડી દો." એટલું બોલી હું નીકળવાની તૈયારી કરવા લાગ્યો. મારું બધું જ ધ્યાન હવે બીજે કેન્દ્રિત થવા લાગ્યું હતું. ભટ્ટ સાહેબના આનંદમાં ભાગીદાર થવાનો હવે મને રસ નહોતો અને સમય પણ નહોતો.

ભટ્ટ સાહેબને લાગ્યું કે હું ઉતાવળમાં છું એટલે એમણે મને રોક્યો પણ નહિ. આવનારી થોડી જ ક્ષણોમાં મમ્મીની ઍન્જિયોગ્રાફી કરવાની હતી એટલે મારી હાલત હવે બિલકુલ ચંદ્રકાંત ભટ્ટ સાહેબ જેવી હતી.

મનમાં આવતી અણગમતી શક્યતાઓને સાથે લઈને હું જવા લાગ્યો. મને કોઈએ પાછળથી બૂમ પાડીને રોક્યો. મેં પાછું વળીને જોયું તો ભટ્ટ સાહેબ મારી તરફ આવતા હતા. Genuinely હવે મને એમની સાથે એક ક્ષણ પણ વિતાવવી શક્ય નહોતી. હું કમને ઊભો રહ્યો. મને હવે એમને સાંભળવામાં કોઈ જ રસ નહોતો. મારે બને તેટલા જલદી કેથ લૅબમાં પહોંચવાનું હતું, મમ્મીની ઍન્જિયોગ્રાફી શરૂ થાય એ પહેલા.

ભટ્ટ સાહેબ મારી નજીક આવ્યા. મને કહે, “સાહેબ, તમે ઉતાવળમાં લાગો છો. તમારો વધારે સમય નહિ લઉં. તમારી એક વાત સાચી હતી. બાબા સાચે મહાન છે.”

મમ્મીની ચિંતામાં ઉતાવળે નીકળી ગયેલા મારાથી સૌથી જરૂરી વસ્તુ તો લેવાની જ રહી ગયેલી. હું મારી શ્રદ્ધા ભૂલી ગયેલો જે મને ભટ્ટ સાહેબે યાદ કરાવી.

“બાબા મહાન છે” આ વાત જરૂર પડ્યે મને યાદ કરાવવા બદલ હું આજીવન ભટ્ટ સાહેબનો ઋણી રહીશ. ભટ્ટ સાહેબના આ છેલ્લા શબ્દોએ મારામાં confidence ભરી દીધો.

મને જેટલો વિશ્વાસ કાર્ડિયોલૉજીસ્ટ ઉપર હતો, એટલો જ વિશ્વાસ હવે બાબા ઉપર હતો.

મમ્મીની ઍન્જિયોગ્રાફી નૉર્મલ આવી. હૃદયની બધી જ ધમનીઓમાંથી જાણે એક વાર ઈશ્વર પોતે પસાર થઈ ગયા હોય એવી ભાવના થઈ. મમ્મીને એ જ દિવસે સાંજે હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ.

શ્રદ્ધા બધા પાસે સરખી જ હોય છે, બસ એને ક્યારે અને ક્યાં વાપરવી એની guidelines હોતી નથી. બસ આપણે બધાએ એક reminder સેટ કરવાની જરૂર છે. જ્યારે આવી કોઈ પરિસ્થિતિ આવે ત્યારે મક્કમતાથી એનો સામનો કરવાનો, આપણાથી બનતા બધા જ પ્રયત્નો કરવાના અને એક વાત હંમેશાં યાદ રાખવાની ‘બાબા મહાન છે.’



મેરા ભારત મહાન

26 જાન્યુઆરીની સવારે હૉસ્પિટલના ICU વિભાગમાં એક 15 વર્ષની છોકરીને બેભાનાવસ્થામાં દાખલ કરવામાં આવી. યમરાજના કૅલેન્ડરમાં એક પણ રજા હોતી નથી એ વાતની જાણ ન તો એ 15 વર્ષની છોકરીને હતી, ન તો એના ભારત દેશને! વહેલી સવારે જોયેલાં સપનાંઓ સાચાં પડે, એમ જ વહેલી સવારે આવેલા convulsions (આંચકીઓ) પણ એ છોકરીને સાર્થક થયા અને આ convulsions પછી એનો આ દુનિયા સાથેનો સંપર્ક તૂટી ગયો.

દરદના પણ એની રાશી જોઈને નામ પાડવા પડે છે. દરદના પણ જન્માક્ષર હોય છે. કદાચ એ છોકરીના જન્માક્ષર એને મળેલા દરદના જન્માક્ષર સાથે સરસ રીતે મળી ગયેલા. દરદને એક સરસ મજાનું નામ આપી દઈએ એટલે એ ખુશ થઈ જાય. physicianએ એના દરદનું નામ પાડેલું encephalitis (ઍન્કેફેલાઇટીસ, મગજ પરનો સોજો/ચેપ).

ICUના એક ખાટલા પર Ventilatorના સહારે સૂતેલી આ છોકરી અને એની બાજુના ખાટલા ઉપર સાવ મૃતઃપ્રાય અવસ્થામાં સૂતેલા એનાં સપનાંઓ. બંને હતા ઈશ્વરથી Hand shake distance પર.

જે હાથ મહેંદી મુકાવા માટે અને પાંચીકા રમવા માટે સર્જાયેલા હોય, એ હાથમાં 15 વર્ષની વયે મૃત્યુ નામની જવાબદારી આપી દે તો ઈશ્વરને પણ MEMO તો મળતો જ હોય. ઈશ્વર પણ કોઈકને તો Answerable હોય જ છે.

મૃત્યુ બહુ મોભાદાર ઘટના છે. ઈશ્વરે આમ એનો દુરુપયોગ ન કરવો જોઈએ. મૃત્યુને સમજવા માટે પણ ઈશ્વરે થોડું જીવવાનો અવસર આપવો જોઈએ. બાકી, મૃત્યુની કદર જ ન થાય. એ બિચારી 15 વર્ષની છોકરીને હજુ તો જિંદગી શું? એ પણ ખબર નથી. તો મૃત્યુની તો ક્યાંથી ખબર હોય?

આમ તો Medicine વિભાગના દર્દીઓ અમારે જોવાના ન હોય. યુરો-સર્જરીના Patients Stable હોય એટલે અમે નિરાંતે શ્વાસ લઈ શકીએ. પણ જો કોઈ દર્દીના શ્વાસ નિરાંત લેવા માંગે તો અમને તકલીફ થાય. દરદે તો Already અમારા ભાગ પાડી નાંખ્યા છે. વળી, અમે પણ દરદના ભાગ પાડીએ, કે આ Surgery ને, પેલું Medicine... તો અમારામાં ને દરદમાં ઝાઝો ફરક રહે નહિ. અમારે થોડું દરદ જેવું થવાય છે?

એ 15 વર્ષની છોકરી પાસે હું ગયો અને એનો હાથ પકડ્યો. બેભાનાવસ્થામાં રહેલી એ છોકરીને વેદનાની પણ જાણ નહોતી, તો સંવેદનાની તો ક્યાંથી હોય?

એના ડાબા હાથની હથેળી ઉપર, વાંકાચૂંકા અક્ષરે એણે બૉલપેનથી કશુંક લખેલું. નક્કી ઉતાવળમાં ઈશ્વરને એ વાંચવાનું રહી ગયું હશે, અથવા તો ઈશ્વર અભણ હોવો જોઈએ. કારણ કે, જો ઈશ્વરે એની હથેળી વાંચી હોત તો એ છોકરીનાં સપનાંઓની તાકાત સામે ઈશ્વરે મોકલેલા, Convulsionsની Intensity બહુ ઓછી થઈ જાત. એણે એની હથેળી પર લખેલું 'મેરા ભારત મહાન.'

મૃત્યુ પથારી પર પડેલી વ્યક્તિ ક્યારેય ખોટું બોલતી નથી. એટલે એ છોકરીએ પોતાની હથેળીમાં લખેલી વાત મેં સાચી માની લીધી. ભારત વિષે ચાલી રહેલી દરેક હલકટ અફવાઓ એક વાર જો ICUમાં આવી હોત, તો તેઓને પણ હકીકત જાણવા મળી જાત કે ભારત મહાન છે અને રહેશે.

દેશ માટે મરવાનું સૌભાગ્ય ફક્ત સૈનિકોને હોય છે એવું કોઈ પુસ્તકમાં લખેલું નથી. એ કામ તો 15 વર્ષની છોકરી પણ કરી શકે છે.

દેશ માટે મરવાનું સૌભાગ્ય તો આપણને પણ મળી શકે. એના માટે મૃત્યુ સાથે પ્રેમ નહિ હોય તો ચાલશે. ફક્ત દેશ માટે પ્રેમ હોવો જોઈએ. Ultimately મૃત્યુ સાથે પ્રેમ તો થઈ જ જવાનો છે.

એ છોકરીની મમ્મી પાસેથી જાણવા મળ્યું કે, એ છોકરીને બે દિવસથી તાવ હતો. શાળામાં થનારી 26 જાન્યુઆરીની ઉજવણીમાં એ એટલી બધી વ્યસ્ત હતી, કે એ ડૉક્ટર પાસે આવી જ નહિ. 26

જાન્યુઆરીના દિવસે એ પોતાની શાળામાં એક ચિત્ર રજૂ કરવાની હતી. એ ચિત્રનું નામ હતું 'મારા સપનાંનું ભારત.' એ ચિત્રમાં ફક્ત ભારતની ખૂબીઓ બતાવવામાં આવી હતી. ખામીઓ એક પણ નહિ. એ છોકરીએ બનાવેલા ચિત્રને જોઈને સમજાય છે કે દેશ ક્યારેય ખરાબ હોતો નથી. બસ, આપણી દૃષ્ટિ ખરાબ હોય છે.

એ છોકરીનું મોડી સાંજે મૃત્યુ થયું. બસ, એણે બનાવેલા ચિત્રમાં રંગ પૂરવાના બાકી હતા. એ કામ હવે આપણે કરવું પડશે.

મહાન એને જ કહેવાય જે બધી વાતોથી, બધી ટીકાઓથી, બધી આલોચનાથી પર રહીને પોતાનું કામ કરે. દિલ્હીમાં બેઠેલા કેટલાક લોકો સફેદ કપડાઓ પહેરીને, હસતાં ચહેરાઓ સાથે કાળા કામ કરે, તો એનાથી ભારતની મહાનતાને શેની અસર થાય? Realistic worldમાંથી Idealistic worldમાં જવા માટે Willingness જોઈએ. બીજું કશું જ નહિ.

Positive વિચારવા માટે ગુરુત્વાકર્ષણ બળ નડે છે. Negative વિચારવું સહેલું છે, કારણ કે એ With the Gravity છે. Positive thinking એ હંમેશા Against the gravity છે.

એ છોકરી મને એટલું તો શીખવી ગઈ કે નબળા લોકોથી ભારત શું કામ ઓળખાય? ભારત મારાથી ઓળખાશે. ભારત આપણા જેવા લોકોથી જ ઓળખાશે, કારણ કે આપણે જ ભારત બનાવીએ છીએ.

મેં તો મારી ડાબી હથેળીમાં લખી નાખ્યું છે. તમે પણ તમારી ડાબી હથેળીમાં લખી નાખજો. મરનારી વ્યક્તિ ક્યારેય ખોટું બોલતી નથી. એ છોકરીએ લખેલી વાત હંમેશાં સાચી રહેશે કે, 'મેરા ભારત મહાન.'



માટીનો માણસ

ડૉ. ગૌરાંગ દેસાઈ મેડિકલ કૉલેજના ખ્યાતનામ પ્રોફેસર હતા. તેઓ સર્જન હતા. બહુ જ શિસ્તબદ્ધ જીવન જીવનારા. વિદ્યાર્થીઓ અને દર્દીઓ બંનેના લાડકા.

તેમની ઉંમર લગભગ ૪૫ વર્ષ હશે. તેઓ એવું માનતા કે માણસ ધારે અને ઇચ્છે તો આ પૃથ્વીની દરેક વસ્તુ પર કાબૂ મેળવી શકાય છે. તમારું મનોબળ મક્કમ હોવું જોઈએ. પોતાના સર્જિકલ કરિયર દરમિયાન તેમણે ઘણા બધા જટિલ ઑપરેશન કરેલા.

મૃત્યુની સાવ નજીક પહોંચી ગયેલા દર્દીઓને પણ તેઓ હાથ પકડીને મોતના મોઢામાંથી બહાર લઈ આવતા. તેઓ સ્પષ્ટપણે માનતા કે જિંદગી જીવતા રહેવા માટે ફક્ત એક જ વસ્તુની જરૂરી હોય છે અને તે છે જીવતા રહેવાની ઇચ્છા. જ્યાં સુધી તમારા શરીરમાં, તમારા મનમાં જિંદગીને જીવી લેવાની અદમ્ય ઇચ્છા જીવતી હશે ત્યાં સુધી તમે પણ જીવતા રહેશો.

મને હજુ પણ યાદ છે એ દિવસ જ્યારે એક ૨૫ વર્ષનો યુવાન પોતાના પિતાનું ઑપરેશન કરાવવા માટે તેમને દેસાઈ સાહેબની પાસે લઈ આવેલો. પોતાના પિતાને દેસાઈ સાહેબની બાજુમાં બેસાડીને બે હાથ જોડીને પેલા યુવાને કહેલું, "સાહેબ, અમે બધે જઈ આવ્યા છીએ. બાપુજીના ઑપરેશન કરવા માટે કોઈ તૈયાર નથી થતું. તેમના હૃદયની ત્રણેય નળીઓ બ્લૉક છે. તેમના હૃદયની બાયપાસ સર્જરી કરાવવાની અમને સલાહ આપવમાં આવી છે, પરંતુ બાયપાસ સર્જરી કરાવવા માટે બાપુજી તૈયાર નથી થતા. તેમની દવાઓ ચાલે છે અને એ દવાઓના આધારે બાપુજીને અત્યાર સુધી કોઈ વાંધો આવ્યો નથી, પરંતુ બે દિવસ પહેલા બાપુજીને પેટમાં અસહ્ય દુઃખાવો ઊપડ્યો. રિપોર્ટ કરાવ્યા તો એક સાહેબે એવું કહ્યું કે આંતરડામાં તકલીફ છે. આંતરડાનું ઑપરેશન કરવું પડશે, પરંતુ તેમની હૃદયની તકલીફને કારણે જોખમ અનેકગણું વધારે છે. સાહેબ, અમને તો કેટલાક સાહેબોએ એવું પણ કહ્યું કે દર્દીનું ઑપરેશન ટેબલ ઉપર પણ મૃત્યુ થઈ શકે તેમ છે. અમે બાપ-દીકરો એના માટે પણ તૈયાર છીએ, પરંતુ બાપુજીની આ હાલત મારાથી જોવાતી નથી સાહેબ. ઑપરેશન કરીશું તો શક્યતા છે કે કદાચ ઑપરેશન ટેબલ પર બાપુજીનું મૃત્યુ થઈ જાય પરંતુ જો કશું જ નહિ કરીએ તો નક્કી એ રિબાઈ રિબાઈને મરી જ જવાના છે. મને એ વાતનો સંતોષ તો રહેશે કે મેં બાપુજીની યોગ્ય સારવાર કરાવી. સાહેબ, તમે ઑપરેશન કરી દો તો તમે અમારા ભગવાન."

દેસાઈ સાહેબે દર્દીને તપાસીને તેમના રિપોટ્ર્સ જોયા. દેસાઈ સાહેબ તેમનું ઑપરેશન કરવા માટે તૈયાર થઈ ગયા. તેમણે દર્દીના દીકરાને કહ્યું, "હું તૈયાર છું તમારા બાપુજીનું ઑપરેશન કરવા માટે. જોખમ તો છે જ. તેમના હૃદયની ત્રણ ત્રણ નળીઓ બ્લૉક છે. હૃદયને લોહી જ મળતું નથી. આવા કિસ્સાઓમાં ઑપરેશન અત્યંત જોખમી હોય છે. તમે કહ્યું એમ જો ઑપરેશન નહિ કરીએ તો દર્દીની તબિયત નક્કી બગડવાની છે એટલે જોખમ લઈને પણ ઑપરેશન તો કરવું જ પડશે. ઑપરેશન દરમિયાન જે શક્યતાનો અમને ડર છે, એ શક્યતા તમે સ્વીકારી લીધી છે અને ઑપરેશન દર્દીના હિત માટે અને તેમને પીડામુક્ત કરવા માટે અનિવાર્ય છે. માટે હું ઑપરેશન કરીશ. તમારે કેટલાક કન્સેન્ટ પેપર્સ પર સહી કરી દેવી પડશે. બસ તમારે મને એક વાતનું પ્રૉમિસ આપવું પડશે.'

"સાહેબ, તમે જે કહો એ કરવા અમે તૈયાર છીએ." દર્દીના દીકરાએ બે હાથ જોડીને દેસાઈ સાહેબને કહ્યું.

દેસાઈ સાહેબે પોતાના ચશ્માં કપાળ પર ચડાવ્યા અને પેલા યુવાનની આંખોમાં આંખો નાંખીને કહ્યું, "દર્દીના ઑપરેશન અને દર્દીની સંપૂર્ણ સારવાર દરમિયાન તમારે એક વખત પણ દર્દીના મૃત્યુ વિશે વિચાર પણ કરવાનો નથી. તમે ભલે એ શક્યતા સ્વીકારવા તૈયાર હો કે ઑપરેશન ટેબલ પર તમારા બાપુજીનું મૃત્યુ થઈ શકે છે, પરંતુ વાસ્તવમાં તમારે તમારા બાપુજીના જીવનની દોરી તમારા હાથમાંથી

છોડવાની નથી. તમારે કચકચાવીને પકડી રાખવાની છે. એવો પણ સમય આવશે કે કદાચ કોઈ તાકાત કે કોઈ અદૃશ્ય શક્તિ તમારી સામે જોર કરશે, પરંતુ તમારા ગ્રીપમાંથી તમારા બાપુજીની જીવાદોરી છૂટવી ન જોઈએ. જે દિવસે તમે આશા ગુમાવી, સમજી લો એ દિવસ તમારા બાપુજીનો અંતિમ દિવસ હશે.'

દર્દીના યુવાન દીકરાએ દેસાઈ સાહેબની આ શરત સ્વીકારી લીધી. અતિ ગંભીર પ્રકારના જોખમની લિખિત સંમતિ સાથે તેના બાપુજીનું ઑપરેશન કરવામાં આવ્યું. હૃદયની ત્રણ ત્રણ નળીઓ બ્લૉક હોવા છતાં એ યુવાનના બાપુજીનું ઑપરેશન અન-ઇવેન્ટફૂલ રીતે પૂરું થયું. કોઈપણ જાતના મેજર કૉમ્પ્લિકેશન વગર એ દર્દીની રિકવરી ખૂબ સંતોષકારક રહી. થોડા દિવસો પછી તેમને રજા આપવામાં આવી.

હૉસ્પિટલમાંથી રજા લેતી વખતે એ દર્દીનો દીકરો દેસાઈ સાહેબ પાસે આવ્યો. સાહેબને પગે પડીને કહે, "સાહેબ, તમે મારા માટે ઈશ્વર છો. તમે મારા બાપુજીને નવી જિંદગી આપી છે. હું તમારો ઉપકાર ક્યારેય નહિ ભૂલી શકું."

દેસાઈ સાહેબે તેના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, "આભાર માનવો જ હોય તો મારો નહિ, તારો અને તારા બાપુજીના મક્કમ મનોબળનો માનવાનો. મેં તો ફક્ત મારી ફરજ નિભાવી છે. મારું કામ તો ફક્ત ઑપરેશન કરવાનું છે. એ તો હું વર્ષોથી કરતો આવ્યો છું, પરંતુ દર્દીનો સ્વભાવ અને તેના વિચારો તેના રોગ અને તેની સારવારમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. તારા બાપુજી ફક્ત એટલા માટે જીવતા રહ્યા છે, કારણ કે તારા બાપુજીને હજુ જીવવાની ઇચ્છા છે અને તને ઇચ્છા છે તારા બાપુજીને જીવતા રાખવાની. એમની તબિયતનું ધ્યાન રાખજે."

દેસાઈ સાહેબને બે હાથ જોડીને પોતાના બાપુજીને લઈને એ યુવાન ચાલતો થયો. દેસાઈ સાહેબની ફિલૉસૉફી તબીબીશાસ્ત્રના દરેક પાઠ્યપુસ્તકોથી અલગ હતી. મેડિકલ સાયન્સ કે વૈજ્ઞાનિક સિદ્ધાંતોની દૃષ્ટિએ જોઈએ તો કોઈ પણ રીતે દેસાઈ સાહેબની વાત ગળે ઊતરે તેમ નહોતી. પરંતુ ફક્ત મેડિકલ સાયન્સના આધારે દર્દીઓની સારવાર કરી શકાય. તેમને સાજા કરવા માટે કાઉન્સેલિંગ પણ મહત્ત્વનું હોય છે. દર્દીઓનું અને તેમના સગાઓનું કાઉન્સેલિંગ કરવામાં દેસાઈ સાહેબ ઍક્સપર્ટ હતા. એક ડૉક્ટર તરીકે ફક્ત દર્દને જાણતા હોવું પૂરતું નથી હોતું, દર્દીની મનોદશાને જાણવી પણ ખૂબ જરૂરી હોય છે. દેસાઈ સાહેબ દર્દી તથા દર્દીના સગાઓની મનોદશાને ખૂબ જ સચોટ રીતે વાંચી શક્તા હતા.

પેલા યુવાને પોતાના બાપુજી સાથે વિદાય લીધી ત્યારે હું દેસાઈ સાહેબની બાજુમાં ઊભેલો. તેમની આંખોમાં એક અજબ આત્મવિશ્વાસ હતો. એવો આત્મવિશ્વાસ જે ફક્ત એક સર્જનની આંખોમાં જ જોવા મળે. આ દુનિયાને મુઠ્ઠીમાં કરી લેવાનો આત્મવિશ્વાસ. કોઈ પણ અણધાર્યા સંજોગો કે પરિસ્થિતિઓથી નહિ ડરવાનો આત્મવિશ્વાસ. મારા માટે દેસાઈ સાહેબ હીરો બની ચૂકેલા. મને એવું લાગવા લાગેલું કે તેઓ કશું ખોટું કરી જ ન શકે.

ન સિગારેટ, ન દારૂ, ન પાન, ન તમાકુ. એ માણસને ફક્ત એક જ વસ્તુનું વ્યસન હતું અને એ હતું કામ. તેઓ અવિરતપણે કામ કરતા રહેતા. એટલી બધી શિસ્તબદ્ધ લાઇફસ્ટાઇલ કે તેમને જોઈને સમય પણ પોતાની ઘડિયાળ સેટ કરતો હશે.

એકવાર મેં તેમને પૂછી લીધું, "સર, તમે દરેક વસ્તુ વિશે આટલા બધા નિશ્ચિત કેવી રીતે હોવ છો? આ દુનિયામાં કોઈ પણ વસ્તુ સર્ટન નથી. અનિશ્ચિતતાઓથી ભરેલી આ દુનિયામાં આવનારી ક્ષણમાં શું બનવાનું છે? એ કહેવું કોઈના માટે શક્ય નથી. આપણે તો આત્મવિશ્વાસ સાથે એ પણ નથી કહી શકતા કે કોઈ દર્દી સંપૂર્ણ રીતે રોગમુક્ત થઈ શકશે કે નહિ? તમારામાં આટલો બધો આત્મવિશ્વાસ ક્યાંથી આવે છે? દરેક વસ્તુ કે પરિસ્થિતિ વિશે તમે એટલા બધા નિશ્ચિત અને નિશ્ચિન્ત હોવ છો કે જાણે દરેક સંજોગો તમારી ઇચ્છાને આધીન છે. હાવ કેન યુ બી સો સર્ટન ઇન ધીસ વર્લ્ડ ઑફ

અનસર્ટેનટી?"

દેસાઈ સાહેબે તે દિવસે આપેલો જવાબ મને કાયમ યાદ રહેશે. મારી આંખોમાં આંખો નાંખીને તેમણે મને કહ્યું, "તારા પ્રશ્નનો એક જ શબ્દમાં જવાબ આપું તો એ શબ્દ છે ડિઝાયર. હું કદાચ ખોટો પણ હોઈ શકું પરંતુ મને એવું લાગે છે કે આ દુનિયામાં દરેક વસ્તુ, દરેક પરિસ્થિતિ, દરેક સંજોગો તમારી ઇચ્છાને આધીન છે અને તમારી ઇચ્છા પ્રમાણે જ થાય છે. એવરીથિંગ ઇન ધીસ વર્લ્ડ ઇઝ ડ્રીવન બાય ડિઝાયર માય બૉય. કુદરત કહો કે પ્રકૃતિ, એ ફક્ત એટલું જ જોવા માંગે છે કે તમારી ડિઝાયર કેટલી તીવ્ર છે? તમારા અંતરમાં રહેલી તીવ્ર ઇચ્છા તમારી નિયતિ નક્કી કરતી હોય છે. જો તમારામાં કોઈ ઇચ્છા જ નથી, કોઈ અપેક્ષા જ નથી, કોઈ વસ્તુ મેળવવાની ડિઝાયર જ નથી તો પ્રકૃતિની ઇચ્છા પ્રમાણે તમારે ચાલવું પડે છે. એ સંજોગોમાં કુદરત તમને આધીન થઈને નથી રહેતી, તમારે કુદરતને આધીન થઈને રહેવું પડે છે.'

હું તેમની વાતોને સમજવાનો પ્રયત્ન કરતો હોઉં એ રીતે તેમની સામે જોતો રહ્યો. દેસાઈ સાહેબને પણ લાગ્યું કે તેમની ઘણી બધી વાતો મારી સમજની બહાર હતી. તેમણે મારા ખભા પર હાથ મૂક્યો અને મને કહે, "ચાલ હું તને એક ઉદાહરણ આપું. મારા એક સવાલનો જવાબ આપ. ધારો કે તું એક સુક્કા રણ પ્રદેશમાં ક્યાંક ભૂલો પડી ગયો છે. દૂર દૂર સુધી તને કોઈ દેખાતું નથી. ન તો તારી પાસે કોઈ વાહન છે, ન તો કોઈ સાધન. આસપાસ ક્યાંય કોઈ વૃક્ષ નથી, કોઈ છાંયો નથી. ન તો કોઈ માણસની અવરજવર, ન તો કોઈ પ્રાણીની અવરજવર. દૂર દૂર સુધી કોઈ અનાજ મળે તેમ નથી. તારી આસપાસ પાણીનું એક ટીપું પણ નથી. સુક્કા રણમાં કાળઝાળ ગરમી વરસી રહી છે અને તને પાણીની તરસ લાગે છે. તારું ગળું સુકાઈ ગયું છે. આવી પરિસ્થિતિમાં તું શું કરીશ?'

મેં થોડું વિચાર્યું અને પછી સાહેબને કહ્યું, "મારે જીવવું હશે તો ક્યાંક ને ક્યાંકથી તો પાણીની વ્યવસ્થા કરવી જ પડશે."

સાહેબે મારી સામે સ્માઇલ કર્યું અને મને કહે, "એક્ઝેક્ટલી! તને જો જીવવાની ઇચ્છા હશે તો તારે પાણીની વ્યવસ્થા કરવી જ પડશે. તારી જાતને પાણી આપવા માટે તું કેટલી હદ સુધી જઈ શકે છે? મને એમાં રસ છે."

મેં કહ્યું, "જો બીજું કોઈ જ ઑપ્શન ન હોય તો મારે મારો પરસેવો પણ પીવો પડે. હું એ પીવા માટે પણ તૈયાર થઈ જાઉં."

તેમણે મારી પીઠ થાબડી અને કહ્યું, "વેલડન માય બૉય. તું પરસેવો પીવા માટે તૈયાર થઈ ગયો એ બતાવે છે કે તને જીવતા રહેવાની તીવ્ર ઇચ્છા છે. તારામાં રહેલી એ બર્નિંગ ડિઝાયર તને જીવતો રાખશે. હવે તું મને કહે કે અત્યારે નૉર્મલ સંજોગોમાં તું તારો પરસેવો પીવા તૈયાર થઈશ?"

મેં કહ્યું, "ના. અત્યારે શું કામ મારે મારો પરસેવો પીવો જોઈએ? પીવા માટે પાણી સહેલાઈથી મને મળી જશે."

દેસાઈ સાહેબે હસીને કહ્યું, "મને ખબર છે કે અત્યારે તું પરસેવો નહિ પીવે, કારણકે પરસેવો પીવા માટે તારી પાસે કોઈ કારણ જ નથી. તું જ્યારે રણમાં હતો ત્યારે પરસેવો પીવા માટે તારી પાસે એક મજબૂત કારણ હતું કે તારે જીવતા રહેવાનું છે. એ મજબૂત કારણને લીધે જ તું પરસેવો પીવા તૈયાર થઈ ગયેલો. આ દુનિયાની આખી રમત આ એક કારણ પર ટકેલી છે. વન ગુડ રીઝન ટુ લિવ. જીવતા રહેવા માટેનું કારણ, શ્વાસ લેવા માટેનું કારણ, આગળ વધવા માટેનું કારણ, સફળતા મેળવવા માટેનું કારણ, કર્મ કરતા રહેવાનું કારણ. એ કારણ જેટલું મોટું, ઇચ્છા જેટલી તીવ્ર અને પ્રબળ. એ ઇચ્છાનું પરિણામ પણ એટલું જ નિશ્ચિત. આ દુનિયા ફક્ત મનોબળને આધારે ટકી રહી છે મક્કમ મનોબળને આધારે. જે દિવસે એ મનોબળ તૂટ્યું, સમજી લે કે આ દુનિયામાં શ્વાસ લેવાનું કારણ પણ ગયું. જ્યારે તમારી પાસે શ્વાસ લેવાનું કોઈ કારણ જ નથી બચતું ત્યારે આ દુનિયામાંથી તમારી વિદાય થાય છે. તમે તમારા ઇરાદાઓ પર અટલ રહો, પોતાનું કર્મ પૂરી નિષ્ઠાથી કરતા રહો તો તમે પણ તેના

પરિણામ વિશે નિશ્ચિત રહી શકો છો."

દેસાઈ સાહેબને એક દીકરો હતો. તેનું નામ હતું ઝંકૃત. ઝંકૃત MBBSનો અભ્યાસ કરી રહેલો. દેસાઈ સાહેબને પોતાના એકના એક દીકરા પાસેથી ઘણી બધી અપેક્ષાઓ હતી, પરંતુ ઝંકૃતનું મન મેડિકલમાં લાગતું નહોતું. પોતાના પપ્પાની જેમ સર્જન થવાની તેની બિલકુલ ઇચ્છા નહોતી. દેસાઈ સાહેબના જ શબ્દોમાં કહીએ તો આ દુનિયામાં ઇચ્છા વગર કશું જ શક્ય બનતું નથી.

એક વાર ઓપીડી પત્યા બાદ દેસાઈ સાહેબ સાથે બેસીને હું ચા પી રહેલો. ચા પીતા પીતા સાહેબ મને કહે, "આ ચાને પીધા વગર તું કહી શકે કે આમાં કેટલી ચમચી ખાંડ નાંખવામાં આવી હશે?"

એમનો પ્રશ્ન મને સમજાયો નહિ. ફક્ત ચાને જોઈને જ કોઈ કેવી રીતે કહી શકે કે તેમાં કેટલી ચમચી ખાંડ નાંખવામાં આવી હશે?

મેં તેમને કહ્યું, "સૉરી સર, પણ એ શક્ય નથી."

હસીને મને કહે, "કેમ શક્ય નથી?" કદાચ મારો જવાબ સાહેબ પણ જાણતા હતા પરંતુ તેમની સમજાવવાની રીત સાવ અલગ હતી.

મેં કહ્યું, "કારણ કે ખાંડ દેખાતી નથી."

પોતાના ટિપિકલ અંદાજમાં તેમણે કહ્યું, "ઍક્ઝેક્ટલી! ખાંડ દેખાતી કેમ નથી?"

મેં કહ્યું, "કારણ કે ખાંડ જે દ્રાવણમાં હોય એ દ્રાવણમાં ઓગળી જાય છે."

પોતાની એક ભમ્મર ઊંચી કરીને સાહેબે મને બીજો એક સવાલ પૂછ્યો, "ખાંડનો ગુણધર્મ શું? ઓગળી જવાનો કે મીઠાશ વધારવાનો?"

સાહેબ આવા સવાલો પૂછીને શું સાબિત કરવા માંગતા'તા એ મને સમજાતું નહોતું, પરંતુ અમારો વાર્તાલાપ રસપ્રદ બની રહ્યો હતો એટલે મેં પણ મને આવડે એવા જવાબો આપવાનું ચાલુ રાખ્યું.

મેં કહ્યું, "સાહેબ, ખાંડનો ગુણધર્મ ઓગળી જઈને મીઠાશ વધારવાનો."

ચાની ચૂસકી મારતા મારતા સાહેબે પોતાની ફિલૉસૉફી શરૂ કરી. 'ખાંડને ખબર નથી હોતી કે તેની મીઠાશ કેટલી છે? એના ગુણધર્મની ફક્ત મને અને તને ખબર હોય છે. ફક્ત હું અને તું જાણતા હોઈએ છીએ કે એક ચમચી ખાંડ કેટલી મીઠાશ વધારશે? રાઇટ? તો એવી જ રીતે કોઈ પણ સામાન્ય માણસને ખબર નથી હોતી કે એનામાં કયો ગુણધર્મ રહેલો છે? એ માણસને જોઈને અંદાજ પણ નથી આવી શકતો કે સામે રહેલા માણસનો ગુણધર્મ શું છે? જેવી રીતે મીઠું ઓગળી જઈને ખારાશ આપવા માટે સર્જાયું છે, એવી જ રીતે ખાંડ ઓગળી જઈને મીઠાશ આપવા માટે. આ દુનિયામાં રહેલા અલગ અલગ દ્રાવણોને મીઠાની જરૂર છે અને ખાંડની પણ. એવી જ રીતે અલગ અલગ મનુષ્યોના અલગ અલગ ગુણધર્મોની આ સમાજને પણ જરૂર છે. પરંતુ જ્યાં સુધી ખાંડ કે મીઠું રસોડામાં રાખેલા ડબ્બાઓમાંથી બહાર નહિ આવે, ત્યાં સુધી તેમના ગુણધર્મનો કોઈને ફાયદો થવાનો નથી. એમ આઇ રાઇટ?'

એક સામાન્ય ચામાંથી શરૂ થયેલી દેસાઈ સાહેબની ફિલૉસૉફી કેટલી બધી આગળ નીકળી જશે, એની મને કલ્પના પણ નહોતી.

હું તેમની સામે જોતો રહ્યો. કોઈ જિનિયસ વ્યક્તિ મારી સાથે વાત કરી રહ્યા હોય, મને એવું લાગતું હતું. પરંતુ દેસાઈ સાહેબની ફિલૉસૉફી હજુ અધૂરી હતી. તેઓ મારી જ કુહાડી વડે પોતાની ફિલૉસૉફી ખોદવાનો પ્લાન બનાવી રહેલા અને એટલે જ તેઓ મને ચર્ચામાં ઊતરવા માટે પ્રોત્સાહન આપી રહેલા.

મેં કહ્યું, "યુ આર રાઇટ સર. પણ એક વાત સમજાણી નહિ. જો ખાંડનો જન્મ ગળપણ આપવા માટે જ થયેલો છે અને દુનિયાને મીઠાશ આપવી એ જ એની નિયતિ છે, તો એ કાર્ય તો થઈને જ રહેવાનું છે. વહેલું કે મોડું, પરંતુ એ તો થઈને જ રહેશે ને? જે વ્યક્તિનો જન્મ જે કામ કરવા માટે થયેલો છે, એ વ્યક્તિ એ કાર્ય કરશે જ ને?"

કાચના ગ્લાસમાં રહેલી ચાનો છેલ્લો ઘૂંટડો ભરતા ભરતા તેમણે જે વાત મને કહી, એ વાત મને કાયમ યાદ રહેશે. તેમણે મને કહ્યું, "ના. એવું બિલકુલ જરૂરી નથી. દ્રાવણમાં મીઠાશ લાવવા માટે ખાંડને ડબ્બામાં રહેલું પોતાનું સ્થાન છોડવું પડે છે. દ્રાવણના વિશાળ સમુદ્રમાં ઠલવાવું પડે છે. દ્રાવણમાં ખાંડ નાંખ્યા પછી આપણે ફક્ત ઊભા રહેતા નથી, આપણે ખાંડને હલાવીએ છીએ. જો સામાન્ય સંજોગોમાં સામાન્ય તાપમાને ખાંડને ઓગાળવી હશે તો તેને હલાવવી પડશે. અથવા તો તેને જે દ્રાવણમાં નાંખવામાં આવી છે, તે દ્રાવણને ઊંચા તાપમાને ઉકાળવું પડશે."

અચાનક દેસાઈ સાહેબ થોડા ગંભીર થઈ ગયા. મારી નજીક આવ્યા. મારી આંખોમાં આંખો પરોવીને મને કહે, "મારો કહેવાનો મતલબ એટલો જ છે કે જ્યાં સુધી ખાંડને કોઈ વિપરીત સંજોગોમાં મૂકવામાં નહિ આવે, ત્યાં સુધી તેનો ગુણધર્મ બહાર આવવાનો જ નથી. મીઠાશ આપવા માટે ખાંડને તકલીફ તો સહન કરવી જ પડશે. ડબ્બામાં રહેલી ખાંડની જેમ જ્યાં સુધી કોઈ પણ વિદ્યાર્થી કે મનુષ્ય પોતાના કમ્ફોર્ટ ઝોનની બહાર નહિ આવે ત્યાં સુધી તેનામાં રહેલો ગુણધર્મ ક્યારેય બહાર નહિ આવે. ભલે તેનો જન્મ સમાજને કશુંક આપવા માટે થયેલો હોય, પરંતુ જ્યાં સુધી તે મનુષ્ય પોતે વિપરીત સંજોગોમાંથી બહાર નહિ આવે ત્યાં સુધી એ સમાજને કોઈ પણ મદદ કરી શકવાનો નથી. માણસ નામની ખાંડ જ્યારે આ સંસાર રૂપી દ્રાવણમાં વલોવાય છે કે ઊંચા તાપમાને ઉકળે છે, ત્યારે જ તે પોતાના ગુણધર્મની મદદથી સમાજનું કલ્યાણ કરી શકે છે."

મેં પણ મારા ગ્લાસમાં રહેલી ચાનો છેલ્લો ઘૂંટડો ભર્યો અને સાહેબને એક છેલ્લો સવાલ પૂછી લીધો, "તો સાહેબ આ ટી સેશનનો ટેક હોમ મૅસેજ એ જ થયો ને કે દરેક માણસે પોતાના કમ્ફોર્ટ ઝોનમાંથી બહાર નીકળવું જોઈએ."

પોતાનો જમણો હાથ પોતાના ટેબલ પર જોરથી પછાડીને તેમણે કહ્યું, "ઍક્ઝેક્ટલી! જો પ્રગતિ કરવી હશે તો તમારો કમ્ફોર્ટ છોડવો જ પડશે. હું તો ઝંકૃતને પણ અવારનવાર એ જ કહ્યા કરું છું. જો પ્રસિદ્ધિ મેળવવી હશે તો દરેક વિપરીત સંજોગોનો સામનો કરતા શીખવું જ પડશે."

ઝંકૃતનું નામ લેતા જ દેસાઈ સાહેબનો ફોન રણક્યો. સામે છેડેથી જે સમાચાર મળ્યા, એ સમાચાર સાંભળીને દેસાઈ સાહેબના મોઢામાંથી શબ્દો એવી રીતે ગાયબ થયા જેવી રીતે ચામાં પડેલી ખાંડ ગાયબ થઈ જાય. તેમની આંખોમાં મેં પહેલી વાર ભીનાશ જોઈ. તેમના હાથ ધ્રૂજવા લાગ્યા. એક સર્જનની આંખોમાં પાણી? એ તો અન્યાય કહેવાય. સર્જન તો પથ્થર જેવા કઠોર હોય અને સર્જનની એ જ કઠોરતા તેમને સફળતા અપાવતી હોય છે. સર્જરીમાં દાખલ થવાની પહેલી શરત જ એ હોય છે કે તમારા હાથ ધ્રૂજવા જોઈએ નહિ. તો એવા કયા સમાચાર હતા જે સાંભળીને દેસાઈ સાહેબના હાથ ધ્રૂજવા લાગ્યા?

આજ સુધી જે ચહેરા પર મેં ફક્ત આત્મવિશ્વાસના ધ્વજ લહેરાતા જોયેલા, એ ચહેરા પર અચાનક આજે ઉદાસીએ પોતાના ઝંડા ગાડી દીધા. એવું લાગ્યું કે ફક્ત ગણતરી ક્ષણોમાં જ દેસાઈ સાહેબની બધી ફિલૉસૉફી રણમાં ગળું સુકાય એવી રીતે સુકાય ગઈ.

દેસાઈ સાહેબ પોતાની ખુરશીમાંથી ઊભા થવા ગયા, પરંતુ આંખે અંધારા આવવાને કારણે તેઓ પોતાનું બૅલેન્સ ગુમાવવા લાગ્યા. મેં તેમને ટેકો આપ્યો. મારો ખભો પકડીને તેઓએ પોતાનું બૅલેન્સ મેળવી લીધું. મેં તેમને કશું પૂછ્યું નહિ અને તેમણે મને કશું કહ્યું પણ નહિ, પરંતુ સમાચાર નક્કી ગંભીર હતા.

એ જ દિવસે થોડા કલાકો પછી કૅમ્પસમાં સમાચાર મળ્યા કે દેસાઈ સાહેબના એકના એક પુત્રએ આત્મહત્યા કરી. જિંદગીમાં પણ કેવા કેવા પેરાડોક્સ જોવા મળે છે? એક બાજુ દરેક પ્રકારના વિપરીત સંજોગોને મ્હાત કરીને પોતાના આત્મબળ અને ઇચ્છાથી આગળ વધતા દેસાઈ સાહેબ અને બીજી બાજુ જિંદગીની અણગમતી બાબતોથી રિસાઈ જઈને મૃત્યુને સરન્ડર થઈ જતો તેમનો એકનો એક પુત્ર.

એ દિવસે સાંજે અમે દેસાઈ સાહેબના ઘરે ગયેલા. એક જોરદાર ઝાપટું પડ્યા પછી ભીના રસ્તાઓની હાજરીમાં જેવો ઉઘાડ નીકળે, એવો જ ઉઘાડ તેમની આંખોમાં દેખાતો હતો. તેઓ કશું જ બોલવાના મૂડમાં નહોતા. હવે બોલવાનું પણ શું બાકી રહ્યું'તું? શેની ફિલૉસૉફી? કયો કમ્ફોર્ટઝોન? કેવી પ્રગતિ? સાહેબ અમારી સાથે વાતો પણ શું કરે?

કુદરતનું ન્યાયક્ષેત્ર ફક્ત આપણા કમ્ફોર્ટઝોન જ નહિ, આપણા એફોર્ટ ઝોનની પણ બહાર આવેલું છે. કુદરતનો ચુકાદો આપણી વિરુદ્ધમાં આવે તો એ ચુકાદા વિરુદ્ધની અરજી પણ ક્યાં કરવી? કોને કહેવું કે આ મારી સાથે અન્યાય થયો છે? કુદરતના ન્યાયક્ષેત્રમાં તો ફક્ત સુપ્રીમ કોર્ટ જ આવેલી હોય છે. એ જે કહે તે ફાઇનલ.

મજબૂત બનવાનો સૌથી મોટો ગેરફાયદો એ હોય છે કે લોકો તમને 'કેમ છો?' પૂછતાં પણ બંધ થઈ જાય છે. દેસાઈ સાહેબનું વ્યક્તિત્વ એટલું બધું સ્ટ્રોંગ હતું કે સાહેબને દિલાસો આપવાની હિંમત કોણ કરે? અમે કશું જ બોલ્યા વગર ફક્ત હાજરી પુરાવીને તેમના ઘરેથી પાછા આવી ગયા.

અમને એમ હતું કે કેટલાક દિવસો સુધી સાહેબ હૉસ્પિટલ નહિ આવે, પરંતુ એ માણસ કાંઈક અલગ જ માટીનો બનેલો હતો. અમારા બધાના આશ્ચર્ય વચ્ચે પોતાના એકના એક દીકરાના મૃત્યુના બીજે જ દિવસે તેઓ હૉસ્પિટલમાં આવ્યા. ફક્ત આવ્યા એટલું જ નહિ, તેમણે ઑપરેશન પણ કર્યું. કોઈ જ જાતના ખચકાટ વિના તેમણે સરળતાથી ઑપરેશન કરી નાંખ્યું.

એ દિવસે મને દેસાઈ સાહેબની વાતો સાચી લાગવા લાગી કે મક્કમ મનોબળથી દુનિયા જીતી શકાય છે. જો તમારો વીલ પાવર સ્ટ્રોંગ હોય તો દુનિયામાં કોઈ પણ વસ્તુ અશક્ય નથી.

ઑપરેશન પતાવીને દેસાઈ સાહેબે બધા સર્જનોને બોલાવ્યા. તેમણે એક જાહેરાત કરી. એક સેમિનારનું આયોજન કરવાની. વિષય રાખવામાં આવ્યો 'લૅટેસ્ટ ટ્રેન્ડ્ઝ ઇન સર્જરી ઍન્ડ ફ્યુચર ઑફ સર્જરી.'

કોઈ માણસ પોતાના દીકરાના મૃત્યુના બીજે દિવસે આટલો બધો સ્વસ્થ રહીને કામ કેવી રીતે કરી શકે? ફક્ત કામ કરે એટલું નહિ, આવનારા દિવસોનું પ્લાનિંગ પણ કરતો જાય. તેમણે એક સિનિયર સર્જનને સેમિનારમાં 'લૅટેસ્ટ ટ્રેન્ડ્ઝ ઇન સર્જરી' વિષય પર લેક્ચર આપવા માટે તૈયાર કર્યા અને પોતે વિષય લીધો 'ફ્યુચર ઑફ સર્જરી.'

સેમિનારની તૈયારીઓ જોરશોરથી શરૂ કરવામાં આવી. વિદ્યાર્થીઓ અને અન્ય પ્રોફેસરોને પણ આમંત્રણ આપવામાં આવ્યું. કેટલાક ડેલિગેટ્સને બહારગામથી બોલાવવામાં આવ્યા. એ સેમિનારને એક ખૂબ મોટી ઇવેન્ટ બનાવવામાં આવી.

અંતે એ દિવસ આવ્યો જેની અમને સૌને પ્રતીક્ષા હતી. અમે સવારથી જ દોડાદોડીમાં હતા. દેસાઈ સાહેબ પણ સવારથી વૅન્યુ પર જ હતા. નાની નાની બાબતોનું બહુ ચીવટથી તેઓ અવલોકન કરી રહ્યા હતા. સ્ટેજની બધી તૈયારીઓ કરીને હું નીકળવા જઈ રહ્યો હતો ત્યારે હું દેસાઈ સાહેબને મળવા ગયો.

તેઓ પોતાના લૅપટોપ પર પોતાનું પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરી રહેલા. મેં તેમને કહ્યું, "સર બધી તૈયારીઓ થઈ ગઈ છે. સ્ટેજ ઇઝ રેડી."

તેમણે મારી સામે જોઈને કહ્યું, "તમે લોકો જોજો, આ સેમિનાર એક યાદગાર સેમિનાર બની જશે. આવનારાં કેટલાંય વર્ષો સુધી લોકો આ સેમિનારને ભૂલી નહિ શકે."

મેં કહ્યું, "સર, તમે આયોજન જ એટલું સરસ કરેલું છે. તમે પસંદ કરેલો વિષય પણ ખૂબ ઇન્ટરેસ્ટિંગ છે. પુષ્કળ રજિસ્ટ્રેશન્સ થયા છે. હૉલ આખો ભરાઈ જવાનો છે. તમે સાચું કહો છો, આ એક યાદગાર ઇવેન્ટ બની જશે."

બસ, એટલા વાર્તાલાપ પછી અમે છૂટા પડ્યા. સેમિનાર શરૂ થવાના સમય પહેલા જ અમે બધા પહોંચી ગયા પરંતુ દેસાઈ સાહેબ આવ્યા નહિ. સેમિનાર શરૂ થવાનો સમય થઈ ગયેલો પરંતુ

સાહેબના કોઈ સમાચાર નહિ. દેસાઈ સાહેબ સમયના બહુ પાબંધ એટલે કોઈ જગ્યાએ પહોંચવામાં તેમને મોડું થાય એ તો સ્વીકારી જ ન શકાય. અમે તેમને ફોન કર્યો તો તેમણે એવો સંદેશો આપ્યો કે પહેલું લેક્ચર શરૂ કરાવી દો. હું થોડા સમયમાં આવું છું.

પહેલું લેક્ચર શરૂ કરી દેવામાં આવ્યું. હૉલ ખીચોખીચ ભરેલો હતો. દેસાઈ સાહેબના એક ખાસ મિત્ર જે કાર્ડિયોલૉજીસ્ટ હતા તેઓ પણ આવી ચૂકેલા. પહેલું લેક્ચર પૂરું થવાને ફક્ત પાંચ મિનિટ બાકી હતી ત્યારે પોતાના હાથમાં પોતાની બ્રિફકેસ લઈને દેસાઈ સાહેબે એન્ટ્રી મારી. સાહેબના લેક્ચરની પેન ડ્રાઇવ હું સાહેબ પાસે લેવા ગયો ત્યારે પોતાની પેન ડ્રાઇવ આપતા આપતા તેમણે મને કહ્યું, “આજે થોડી સ્પેશિયલ તૈયારીઓ કરવાની હતી, એટલે આવવામાં મોડું થયું.”

મેં હસીને તેમની પેન ડ્રાઇવ લઈ લીધી અને પ્રોજેક્ટર સાથે જોડાયેલા લૅપટૉપમાં તેમનું લેક્ચર કોપી કરી નાંખ્યું. પહેલું લેક્ચર પૂરું થયું અને તાળીઓના ગડગડાટવાળા બૅકગ્રાઉન્ડમાં દેસાઈ સાહેબે સ્ટેજ પર એન્ટ્રી કરી. હૉલમાં બેઠેલી દરેક વ્યક્તિ તેમનું લેક્ચર સાંભળવા માટે આતુર હતી.

દેસાઈ સાહેબના ચહેરા પર એક અલગ જ તેજ હતું. એવું તેજ મેં પહેલા ક્યારેય જોયેલું નહોતું. તેમણે બ્રાન્ડ ન્યુ સૂટ પહેરેલો હતો. તેમણે પોતાનું પ્રેઝન્ટેશન શરૂ કર્યું. પહેલી સ્લાઇડ પર તેમનો વિષય લખેલો હતો ‘ફ્યુચર ઑફ સર્જરી’ અને તેની નીચે તેમનું પોતાનું નામ લખેલું હતું.

ફ્યુચર ઑફ સર્જરી વિશે વાત કરવાને બદલે તેમણે શરૂઆત કંઈક અલગ રીતે કરી. તેમણે તો આખો વિષય જ બદલી નાંખ્યો.

તેમણે પોતાના એક અભૂતપૂર્વ વ્યાખ્યાનની શરૂઆત આ રીતે કરી, “મને ખબર છે તમે બધા આજે ફ્યુચર ઑફ સર્જરીને સાંભળવા માટે ઉત્સુક છું, પરંતુ સર્જરીના ભવિષ્યકાળમાં જતા પહેલા આપણે માણસનો વર્તમાનકાળ સમજી લઈએ. એક એવો માણસ જે માટીનો બનેલો છે. આ માટીનો માણસ શું છે? તો હું તમને એક ઉદારહણ આપું. આપણા ઘરેથી કોઈ બહારગામ જવાનું હોય તો આપણે ઘરમાં દીવો કરીએ છીએ. આપણે જ્યારે એકબીજાથી છૂટા પડીએ છીએ ત્યારે સામાન્ય રીતે આપણે કોઈ ને કોઈ ઈશ્વરનું નામ લેતા હોઈએ છીએ જેમ કે સાંઈ રામ, સીતારામ, જયશ્રી કૃષ્ણ કે પછી જય જીનેન્દ્ર. આવું કેમ કરીએ છીએ આપણે? આપણાથી અલગ થઈને આપણું સ્વજન કોઈ બીજી જગ્યાએ જવાનું હોય ત્યારે આપણે એને કહીએ છીએ ‘પહોંચી ને ફોન કરી દેજે.’ ‘મૅસેજ કરી દેજે.’ પહેલાના જમાનામાં કાગળ લખવાનું કહેતા. કેમ આવું?

કારણ કે આપણને ડર છે કે સામેવાળી વ્યક્તિ કદાચ પહોંચી નહિ શકે તો? કદાચ રસ્તામાં એને કંઈક તકલીફ થશે તો?

છૂટા પડતી વખતે આપણે ઈશ્વરનું નામ લઈએ છીએ કારણ કે આપણને ડર છે કદાચ આપણે ફરી નહિ મળી શકીએ તો? છૂટા પડતી વખતે ઈશ્વરનું નામ લઈને આપણે ફરી પાછા મળી શકીએ એની ઈશ્વરને ભલામણ કરીએ છીએ.

કોઈ બહારગામ જાય ત્યારે આપણે દીવો એટલા માટે કરીએ છીએ કારણ કે ઘરેથી નીકળેલું આપણું સ્વજન એને જ્યાં જવાનું છે ત્યાં સુખરૂપ પહોંચી જાય એની બધી જ જવાબદારી આપણે દીવા પર નાખવી છે. દીવાને ભલામણ કરવાની હોય છે કે ભાઈ આને સુખરૂપ પહોંચાડી દેજે. કારણ કે આપણને એવો ડર હોય છે કે આપણું સ્વજન પહોંચી નહિ શકે તો?

આપણામાં રહેલો આ ડર એટલે આપણામાં રહેલો માટીનો માણસ.

માટીનું શરીર ઓઢીને આપણે સૌ વરસાદના શહેરમાં ફરીએ છીએ. કવિતાની ભાષામાં કહું તો ફુગ્ગા જેવી જાત લઈને આપણે ટાંકણીઓના શહેરમાં ફરીએ છીએ, ત્યારે આવનારી દરેક પળ કે જેમાં આપણે હયાત છીએ. આપણે જીવીએ છીએ એ ચમત્કાર છે.”

અમને અમારી આંખો અને કાન પર વિશ્વાસ નહોતો બેસતો. આ એ જ માણસ જે કેટલાક દિવસો પહેલા પોતાના મક્કમ મનોબળથી દુનિયાને જીતવાની વાતો કરતા હતા? આ એ જ માણસ જે એવું

માનતા હતા કે જ્યાં સુધી જીવવાની ઇચ્છા છે ત્યાં સુધી તમે જીવતા રહેશો. તેમની ભાષામાં, તેમના વિચારોમાં, તેમના અભિપ્રાયમાં આટલો મોટો 'યુ ટર્ન' કેવી રીતે આવ્યો? આજ સુધી જે લોખંડી પુરુષની જેમ જીવતો આવ્યો છે, એ માણસ આજે અચાનક માટીનો કેમ બની ગયો? મારા મનમાં આ વિચારો એકબીજા સાથે અફળાઈ રહ્યા હતા. તે જ સમયે દેસાઈ સાહેબ પોતાની નવી ફિલૉસૉફી લોકો સુધી પહોંચાડી રહ્યા હતા. તેમણે આગળ કહ્યું:

"મિરેકલ્સ ડુ હેપન, પરંતુ આપણા માટે ચમત્કારની વ્યાખ્યા જ અલગ છે. આપણે ચમત્કારને ક્યારેય સૂક્ષ્મ સ્વરૂપમાં જોયો જ નથી.

આપણે બાળક માટે કોઈ રમકડું લાવીએ અને થોડી જ વારમાં એ રમકડું તૂટી જાય. બાળક રડવા માંડે છે. ત્યારે બાળકને ખ્યાલ નથી હોતો કે આ તકલાદી વસ્તુ છે. આપણે રમકડું તૂટ્યાનો દોષ / આક્ષેપ સીધો મૅન્યુફૅક્ચરર પર કરીએ છીએ કે આ બધી વસ્તુઓ તકલાદી જ હોય.

એક દર્દી હૉસ્પિટલમાં માંદગીના કારણે અવસાન પામે અને સગાઓના ટોળા આવીને અમને પૂછે કે સાહેબ આ કેસ કેમ ફેઇલ થઈ ગયો? ત્યારે આ ટોળાની હાલત બિલકુલ પેલા બાળક જેવી હોય છે જેને ખબર નથી હોતી કે આ રમકડું શું કામ તૂટ્યું? બસ ફરક એટલો જ છે કે અમે મૅન્યુફૅક્ચરરને દોષ નથી આપી શકતા કે એણે બનાવેલું બધું તકલાદી જ હોય. હે ઈશ્વર ક્યારે થશે ભાન તને આટલું? તારા જેવો કુંભાર ને આવું તકલાદી માટલું.

આપણે બધા જ જાણીએ છીએ આપણે 'ટૅમ્પરરી' શરીરમાં, 'ટૅમ્પરરી' શ્વાસ પહેરીને લાઇફટાઇમની વેલિડિટીવાળી શ્રદ્ધા રિચાર્જ કરાવતા હોઈએ છીએ. આવનારી ક્ષણમાં આપણા હૃદયને ધબકવું ગમશે કે નહિ એની આપણને જાણ નથી અને આપણે વાતો કરીએ છીએ 'અનલિમિટેડ ટૉકટાઇમ' અને 'અનલિમિટેડ ૪જી ડેટા'ની.

આપણે બહુ ઑપ્ટીમિસ્ટિક પ્રજા છીએ. આપણે એટલા બધા ઑપ્ટીમિસ્ટીક છીએ કે ક્યારેક આપણે આપણામાં રહેલા માટીના માણસને સ્વીકારી શકતા નથી. ફક્ત સ્વીકારી જ નહિ, આપણે માટીના માણસને ઓળખી પણ નથી શકતા.

આપણી આસપાસ રહેલી અસંખ્ય શક્ય શારીરિક અને માનસિક દુર્ઘટનાઓની વચ્ચે માણસ જાત જેવી તકલાદી જાત સ્વસ્થ રહી શકે છે, એ જ સૌથી મોટો ચમત્કાર છે.

કોઈ જ પ્રકારની શારીરિક યાતના વગર, કોઈ પણ જાતના ફિઝિકલ સફરિંગ વગર આવતી કાલનો સૂર્યોદય હેમખેમ જોઈ શકીએ, એ સૌથી મોટો ચમત્કાર છે.'

ડૉ. દેસાઈની સ્પીચને તાળીઓના ગડગડાટ સાથે લોકોએ વધાવી લીધી. સૌથી છેલ્લી રોમાંથી સીટીઓ વાગવાના અવાજો આવવા માંડ્યા, જાણે કોઈ સુપર હીરો પોતાનું વક્તવ્ય આપતો હોય.

ડૉ. દેસાઈના મોઢામાંથી શબ્દોનો અવિરત પ્રવાહ પાણીની જેમ વહી રહ્યો હતો. તેમણે પોતાનો વિષય બદલ્યો અને હવે મૂળ વિષય પર આવ્યા. તેમણે કહ્યું:

"તો મને લાગે છે માણસ જાતના વર્તમાન વિશે હવે આપણા કન્સેપ્ટ થોડા ઘણા ક્લિઅર થઈ ગયા છે. તો વર્તમાનમાંથી ભવિષ્ય તરફ જઈએ. આજે જેના વિશે હું તમને વાત કરવાનો છું એ છે ફ્યુચર ઑફ સર્જરી."

બસ, આટલું બોલીને દેસાઈ સાહેબે પાંચ સેકન્ડનો વિરામ લીધો અને તેઓ એકદમ સ્થિર ઊભા રહી ગયા. તેઓ કશું જ બોલ્યા નહિ. અમુક લોકોને લાગ્યું કે તેઓ કશુંક યાદ કરવાનો પ્રયત્ન કરે છે, અમુક લોકોને લાગ્યું કે તેઓને કોઈક બીજી વાત યાદ આવી એટલે તેમણે પોઝ લીધો પરંતુ એવું કશું જ નહોતું.

પાંચ સેકન્ડના વિરામ બાદ છઠ્ઠી સેકન્ડે તેઓ ધડામ કરીને સ્ટેજ પર ઢળી પડ્યા. ઑડિટોરિયમમાં સન્નાટો છવાઈ ગયો. સ્ટેજની વિન્ગ્સ અને આગળ પહેલી રોમાં બેઠેલા ડૉક્ટર મિત્રો સ્ટેજ પર દોડી આવ્યા. દેસાઈ સાહેબના ખાસ મિત્ર જે કાર્ડિયૉલૉજીસ્ટ હતા, તેઓ પણ સ્ટેજ પર દોડી આવ્યા. તેમણે

દેસાઈ સાહેબનો હાથ પકડ્યો અને પલ્સ રેટ જોવાનો પ્રયત્ન કર્યો. પરંતુ દેસાઈ સાહેબ અમને માટીના માણસની વાત સમજાવવા માટે પોતાનું ઉદાહરણ આપીને આ દુનિયા છોડી ચૂકેલા હતા. સ્ટેજ ઉપર આવેલા મેસીવ હાર્ટએટેકને કારણે તેમણે પોતાની બાજી ચાલુ સેમિનારે સંકેલી લીધી.

દેસાઈ સાહેબની એક ખાસિયત હતી. તેઓ પોતાની દરેક વાત, દરેક અભિપ્રાય ઉદાહરણ આપીને સમજાવતા. માટીના માણસની વાત સમજાવવા માટે તેમણે પોતાની જાતનો ડેમો આપી દીધો.

જ્યારે તેમની આસપાસ લોકો ટોળે વળીને આ બધું કેવી રીતે બન્યું? એની ચર્ચાઓ કરતા હતા ત્યારે દૂર ખૂણામાં ઊભા રહીને મને તેમના જ કહેલા શબ્દો યાદ આવતા હતા.

“તારા પ્રશ્નનો એક જ શબ્દમાં જવાબ આપું તો એ શબ્દ છે ડિઝાયર. હું કદાચ ખોટો પણ હોઈ શકું પરંતુ મને એવું લાગે છે કે આ દુનિયામાં દરેક વસ્તુ, દરેક પરિસ્થિતિ, દરેક સંજોગો તમારી ઇચ્છાને આધીન છે અને તમારી ઇચ્છા પ્રમાણે જ થાય છે. એવરીથિંગ ઇન ધીસ વર્લ્ડ ઇઝ ડ્રીવન બાય ડિઝાયર માય બૉય. કુદરત કહો કે પ્રકૃતિ, એ ફક્ત એટલું જ જોવા માંગે છે કે તમારી ડિઝાયર કેટલી તીવ્ર છે? તમારા અંતરમાં રહેલી તીવ્ર ઇચ્છા તમારી નિયતિ નક્કી કરતી હોય છે. જો તમારામાં કોઈ ઇચ્છા જ નથી, કોઈ અપેક્ષા જ નથી, કોઈ વસ્તુ મેળવવાની ડિઝાયર જ નથી તો પ્રકૃતિની ઇચ્છા પ્રમાણે તમારે ચાલવું પડે છે. એ સંજોગોમાં કુદરત તમને આધીન થઈને નથી રહેતી, તમારે કુદરતને આધીન થઈને રહેવું પડે છે.”

મને તેમની એ વાત છેક ત્યારે સમજાણી. દેસાઈ સાહેબની થિયરી ક્યારેય ખોટી હોઈ જ ન શકે. પોતાના એકના એક દીકરાના મૃત્યુ પછી કદાચ તેમને પણ જીવવાની કોઈ ઇચ્છા જ રહી નહોતી. તેમણે કહેલું એ જ પ્રમાણે જ્યારે તમારામાં કોઈ ઇચ્છા જ નથી ત્યારે તમારે કુદરતને આધીન થઈને રહેવું પડે છે. તેઓ પણ કુદરતની ઇચ્છાને આધીન બની ગયા.

ફરી એક માટીનો માણસ પંચમહાભૂતમાં વિલીન થયો. માટીનો માણસ આપણા સૌમાં જીવે છે અને આપણા સૌમાં કાયમ જીવતો રહેશે. તો જ્યાં સુધી આપણી અને કુદરતની ઇચ્છા છે ત્યાં સુધી આ માટીના માણસની ઉજવણી કરતા રહીએ.



શ્રદ્ધાનું સરનામું

"સાહેબ, છેલ્લા કલાકનું યુરિન આઉટપુટ કેટલું છે?"

ચાર કલાક પહેલા કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઑપરેશન કરીને ICUમાં રાખેલા દર્દીને તપાસીને જેવો હું ICUની બહાર નીકળ્યો કે તેના સગાએ મને આ પ્રશ્ન કર્યો.

મોઢા પર ચડાવેલું માસ્ક ઉતારીને મેં તેમને સાવ સાચ્ચો જવાબ આપ્યો, "આવે છે પરંતુ જેટલું હોવું જોઈએ તેટલું નહિ."

જેમણે મને આ સવાલ કરેલો તેમનું નામ સુબોધભાઈ. તેમની ઉંમર આશરે પચાસેક વર્ષ હશે. ચાર કલાક પહેલા જેનું કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઑપરેશન કરવામાં આવેલું તેનું નામ આશિષ, તે સુબોધભાઈનું એક માત્ર સંતાન. આશિષની ઉંમર ૨૫ વર્ષ.

આ વાત છે પુના શહેરની જ્યારે હું યુરો-સર્જરીમાં રેસિડન્ટ ડૉક્ટર હતો. કિડની ટ્રાન્સપ્લાન્ટ જેવા ઑપરેશનમાં ત્યારે હું આસિસ્ટન્ટ સર્જન હતો.

કિડની ટ્રાન્સપ્લાન્ટ કર્યા પછી કોઈ પણ દર્દીની જેમ આશિષને પણ ICUમાં રાખવામાં આવેલો. આશિષનાં મમ્મીએ તેને કિડની ડૉનેટ કરેલી. એટલે સુબોધભાઈનાં પત્ની પણ હૉસ્પિટલમાં જ દાખલ હતાં.

કિડની ડોનર હંમેશાં શારીરિક, માનસિક રીતે સ્વસ્થ હોય તો જ એ ડૉનર બની શકે. આમ, સુબોધભાઈનાં પત્ની પણ પોતાની કિડની ડૉનેટ કર્યા પછી સંપૂર્ણ સ્વસ્થ હતા. તેઓને ઑપરેશન પછી વૉર્ડમાં જ રાખવામાં આવેલા. તેમને ICUમાં રાખવાની કોઈ આવશ્યકતા નહોતી.

કોઈ પણ દર્દીમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે ત્યારે ઑપરેશન પછી, નવી બેસાડેલી ડૉનરની કિડની (ગ્રાફ્ટ) કેવું કાર્ય કરે છે, તેનો અંદાજ ઑપરેશન પછીના દર કલાકે આવતા યુરિન આઉટપુટ પરથી મેળવી શકાય છે.

રીનલ (કિડની) ફેલ્યોરવાળા દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટના ઑપરેશન પછી આવનારો પેશાબ, એ તેમના અને તેમના સગાઓ માટે વર્ષોના દુષ્કાળ પછી માંડ આવનારા ચોમાસા જેવો હોય છે.

પેશાબ આવવા જેવી સાવ સાદી વાત પણ કોઈના માટે ફરી વાર જીવવાનું કારણ બની જાય, ત્યારે અત્યાર સુધી આપણી જાત પર વરસેલી ઈશ્વરની મહેરબાનીનો આપણને અહેસાસ થાય.

ઈશ્વરની મરજી વિના પાંદડું પણ નથી હલતું એવું તો તમે સાંભળેલું હશે. એની મરજી વિના આપણે પેશાબ નથી કરી શકતા, એ વાત પણ એટલી જ સાચી છે.

અહંકાર અને અભિમાનની ગુલાબી થપ્પીઓ આપણા વૉલેટમાં રાખીને ફરતા આપણને, ઈશ્વરની જાહોજલાલીનો અંદાજ ત્યારે જ આવે જ્યારે 'પેશાબ કરવા' જેટલી નાની વાત માટે પણ આપણે તેના ઉપર dependent થઈ જવું પડે.

તો વાત એમ હતી કે આશિષ છેલ્લાં અઢીએક વર્ષથી ડાયાલિસીસ પર હતો. ઈશ્વરે આશિષને જીવન તો આપી દીધું પણ તેની બંને કિડનીઓ પોતાની પાસે લઈ લીધી.

ભારત બંધના દિવસે કોઈ તોફાની તત્ત્વો, બળજબરીથી બૅંક અને દુકાનો બંધ કરાવે, બસ એવી જ રીતે ઈશ્વરે બળજબરીથી આશિષની બંને કિડનીઓ બંધ કરાવી દીધેલી.

પોતાના એક માત્ર સંતાનને અઢી વર્ષથી ડાયાલિસીસ પર જોવા છતાં પણ સુબોધભાઈની શ્રદ્ધા ઈશ્વરમાં અકબંધ હતી. પોતાની કાર, પોતાના ઘર, પોતાની ઑફિસ બધે જ તેમણે સાંઈ ભગવાનના ફોટા રાખેલા. જાણે સાંઈ ભગવાનમાં શ્રદ્ધા ધરાવનાર તેઓ એક માત્ર કૉપીરાઇટ હોલ્ડર હોય એમ કોઈની પણ સાથેની તેમની દરેક મુલાકાતની શરૂઆત 'સાંઈરામ' કહીને થતી.

સુબોધભાઈ માનસિક રીતે બહુ મજબૂત માણસ હતા. બાકી પોતાના એક માત્ર સંતાનને આવો

શારીરિક અન્યાય થાય અને છતાં પણ ઈશ્વર તરફની શ્રદ્ધાને 'સ્ટેચ્યુ' કીધું હોય એમ હલે પણ નહિ તો એ મહાનતા ઈશ્વરની નહિ, સુબોધભાઈની કહેવાય.

કેટલાક કિસ્સાઓમાં ધરતી પરનો માણસ ઈશ્વર કરતા વધારે ઉદાર હોય છે.

બહુ લાંબી પ્રોસિજરમાંથી પસાર થયા બાદ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટેની મંજૂરી મળતી હોય છે. ડૉનર સાથે બ્લડ ગ્રુપથી માંડીને HLA સુધીનું ઘણું બધું મૅચ કરવું પડતું હોય છે.

ટૂંકમાં કહું તો, ડાયાલિસીસ સાથેના બેથી ત્રણ વર્ષના સુખી લગ્નજીવન બાદ દર્દીઓને કોઈ દીકરીની જેમ, કોઈ ડૉનરની કિડની મળતી હોય છે. આમ તો કિડની પણ સ્ત્રીલિંગ એટલે કોઈ પણ સ્ત્રીનું આવી રીતે શરીરમાં પ્રવેશવું એ શરીર માટે તો સૌભાગ્ય જ ગણાય.

ડૉનરની નવી આવેલી કિડનીને ચાંદલો કરીને દર્દીનું શરીર પણ છાનુંમાનું એકાંતમાં ઉત્સવ મનાવતું જ હોય.

જેમ વર્ષો સુધી માનતા કે બાધા રાખ્યા પછી, કોઈ ઇચ્છા આપણને ફળતી હોય એવી જ રીતે વર્ષો સુધીના ડાયાલિસીસના સહવાસ પછી કિડની ફેલ્યોરવાળા દર્દીઓને, કોઈ ડૉનરની કિડની ફળતી હોય છે.

ડાયાલિસીસ પર રહેલા દર્દીઓ માટે કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઑપરેશન એક 'લાઇફ ટાઇમ અચીવમૅન્ટ' જેવું હોય છે. ડાયાલિસીસના દર્દમાંથી મુક્ત થવાની અને નવા નક્કોર જીવતર તરફ લઈ જતી આ પ્રક્રિયા દર્દીના જીવતરની સૌથી ધન્ય અને ભવ્ય ક્ષણોમાંની એક હોય છે.

* * *

ઑપરેશન થયાના બે કલાક સુધી તો બધું જ બરાબર હતું. યુરિન આઉટપુટના રૂપમાં ઈશ્વરના આશીર્વાદ વરસવાના શરૂ થઈ ગયેલા.

વર્ષોથી સાંઈ ભગવાનમાં શ્રદ્ધાના રૂપમાં સુબોધભાઈએ કરેલા ઇન્વેસ્ટમૅન્ટનું, હવે 'હેવી રીટર્ન્સ' મળેલું હોય એવું સુબોધભાઈને લાગ્યું.

જેમ મહાનગરપાલિકાના નળમાં ફક્ત બે કલાક જ પાણી આવે, એવી રીતે બે કલાક પછી ઈશ્વરના આશીર્વાદ પણ મળવાના બંધ થઈ ગયા. ઑપરેશન પછીના ત્રીજા જ કલાકે યુરિન આઉટપુટ ખાસું ઘટવા લાગ્યું. અમારા ડૉક્ટર્સ માટે પણ આવું થવું એ ચિંતાનો વિષય હોય, તો દર્દી અને તેમના સગાઓની શું વાત કરવી?

ICUની બહાર જ અડ્ડો જમાવીને બેઠેલા સુબોધભાઈને આ વાતની જાણ થઈ ગઈ હતી. એટલે જ હવે તેમની નજર આવનારા કલાકના યુરિન આઉટપુટ પર હતી. ઘડિયાળનો કાંટો જાણે સુબોધભાઈની શ્રદ્ધાના પગથિયાં ચડતો હોય, એમ હાંફતા હાંફતા આગળ વધતો હતો. ઘડિયાળના કાંટાએ જેવી કલાક પૂરી કરી એટલે સુબોધભાઈ ઊભા થઈને ICUના દરવાજાની બહાર આંટા મારવા લાગ્યા.

બસ, એ જ સમયે દર્દીને તપાસીને હું ICUમાંથી બહાર નીકળ્યો.

"સાહેબ, છેલ્લા કલાકનું યુરિન આઉટપુટ કેટલું છે?" સુબોધભાઈએ તરત જ મને પ્રશ્ન કર્યો.

મોઢા પર ચડાવેલું માસ્ક ઉતારીને મેં તેમને સાવ સાચો જવાબ આપ્યો, "આવે છે પરંતુ જેટલું હોવું જોઈએ તેટલું નહિ."

"સાહેબ, અચાનક આમ થવાનું કારણ શું?" સુબોધભાઈ અમારી જેમ જ ચિંતામાં હતા.

MBBSના કોઈ ઍક્સ્ટર્નલ ઍક્ઝામિનરની જેમ આમ અચાનક આવી ચડેલા સુબોધભાઈને શું સમજાવવું, એ મને તાત્કાલિક સમજાણું નહિ. મેં તેમને કહ્યું, "હું તમને દસ મિનિટમાં બોલાવું."

સુબોધભાઈ સમજીને મારાથી દૂર, વળી પાછા પોતાની ઑરિજનલ જગ્યા પર ચાલ્યા ગયા.

ઑપરેશન કરનાર સર્જન સાથે ફોન પર લાંબી વાતચીત કર્યા બાદ મેં સુબોધભાઈને બોલાવ્યા.

હું ઈશ્વરનું કોઈ ફરમાન સંભળાવવાનો હોઉં અને વચ્ચે કોઈ પણ જાતનું ડિસ્ટર્બન્સ ન થાય તે માટે

સુબોધભાઈએ મારા તરફ આવતા આવતા પોતાનો ફોન સાઇલન્ટ મોડમાં મૂકી દીધો.

મેં તેમને સમજાવવાનું શરૂ કર્યું, "અમે હમણાં જ સોનોગ્રાફી અને ડોપ્લરની તપાસ કરાવી. નવી બેસાડેલી કિડનીની આર્ટરીમાં (રક્તવાહિની/ ધમનીમાં) લોહીનો ગઠ્ઠો (બ્લડક્લોટ) જામ્યો છે. આ લોહીના ગઠ્ઠાને કારણે નવી કિડનીને લોહી પુરવઠો જોઈએ તેવા પ્રમાણમાં મળતો નથી, માટે યુરિન આઉટપુટ ઓછું થતું જાય છે. ટ્રાન્સપ્લાન્ટ પછી થતું આ બહુ 'રેર' કૉમ્પ્લિકેશન છે, પણ જ્યારે થાય ત્યારે ચિંતાજનક ખરું."

પોતાના ફોનને સાઇલન્ટ મોડમાં મૂકી દીધા પછી, મારી વાત સાંભળીને સુબોધભાઈએ હવે પોતાની જાતને પણ સાઇલન્ટ મોડ પર મૂકી દીધી. થોડી વાર સુધી તેઓ કશું જ બોલ્યા નહિ.

તેઓએ નિસાસાના ચશ્માં પહેરીને પોતાનું માથું નીચે નમાવ્યું અને જમીન તરફ જોવા લાગ્યા. નવી ઉગેલી મુશ્કેલી સામે, તેના શક્ય નિવારણ માટેનો કોઈ નવો રસ્તો બહુ જ શ્રદ્ધાથી તેઓ શોધતા હોય તેવું લાગ્યું.

"સાહેબ, હવે શું કરવાનું?"

તેમની શ્રદ્ધાની પરીક્ષા લેતો હોઉં એવું મને લાગ્યું. મેં કહ્યું, "મોટા સાહેબો જોડે વાત થઈ છે. તેમણે હજુ થોડા કલાક ઑબ્ઝર્વ કરવાનું કહેલું છે. જો થોડો ઘણો પણ પેશાબ આવતો રહે, તો બીજા કેટલાક કલાકો આપણે રાહ જોઈ શકીએ. જો પેશાબનું પ્રમાણ એકદમ ઘટવા લાગે અથવા બંધ થઈ જાય તો તાત્કાલિક ફરી ઑપરેશન કરીને આ બ્લડ ક્લોટ રીમૂવ કરવો પડે. જોખમ ઘણું વધી જાય. અત્યારે તો એ લોહીના ગઠ્ઠાને ઓગાળવા માટે અમે એક ઇન્જેક્શન શરૂ કરીએ છીએ, પરંતુ તેની કેટલી અને કેવી અસર થશે એ તો આવનારો સમય જ કહેશે."

આ વાત ચાલતી હતી ત્યારે લગભગ રાતના સાડા અગિયાર થયેલા. ફક્ત આશિષ માટે જ નહિ, મારા અને સુબોધભાઈ માટે પણ એક કાળા ડિબાંગ અંધારાનો શુભારંભ હતો.

મમ્મીની કિડની, મમ્મીમાંથી નીકળ્યા બાદ દીકરાના શરીરમાં આવીને આમ અચાનક દગો કરે, તો એમાં મમ્મીનો પણ શું વાંક? સુબોધભાઈનાં પત્ની ઑપરેશન પછી વૉર્ડમાં રિકવર થઈ રહેલાં. તેમને આ વાતની કશી પણ જાણ કરવામાં આવી નહોતી. દીકરાને મદદ ન કરી શકે એવી પોતાની જ કિડની ઉપરથી તેમનો ભરોસો ઊઠી ન જાય, માટે તેમને આ વાતથી અજાણ રાખેલાં.

કોઈ ઍક્ઝામિનરની જેમ મારી આંખોમાં આંખો પરોવીને સુબોધભાઈએ મને પૂછ્યું, "કેટલો સમય છે આપણી પાસે? ફરી પાછું ઑપરેશન કરવું પડે તો ક્યારે કરવું પડે?"

ટ્રાન્સપ્લાન્ટ ડૉક્ટર્સની ટીમે જે નક્કી કરેલું, એ બધું જ મેં તેમને જણાવી દીધું, 'અમે ક્લોઝ ઑબ્ઝર્વેશન કરીએ છીએ. દર કલાકે આવનારા યુરિન આઉટપુટ તેમજ સોનોગ્રાફી-ડોપ્લર ફાઇનડિંગ્સના આધારે અમે નિર્ણય લઈશું. ઑપરેશન અડધી રાતે પણ કરવું પડી શકે. આજની રાત તમે અહીં જ રહેજો. ગમે તે સમયે તમારી જરૂર પડી શકે.'

સુબોધભાઈએ હવે કાંઈ પણ વિચાર્યા વગર મને એક સવાલ પૂછી લીધો, "સાહેબ, હું નહિ રહું તો ચાલશે. હું મારા ભાઈને અહીંયા રાખતો જાઉં છું. મારે થોડું અગત્યનું કામ છે."

જેમની પત્ની અને એકનું એક સંતાન બંને હૉસ્પિટલમાં હોય, જેમના દીકરાની તબિયત હવા જેવી પાતળી અવસ્થામાં હોય, એ માણસને હૉસ્પિટલ સિવાય બીજું કયું અગત્યનું કામ હોઈ શકે?

અત્યાર સુધી સુબોધભાઈએ અમને ખૂબ સરસ રીતે કૉ-ઑપરેટ કરેલું. આટલો સહકાર આપવા વાળા સગાઓ બહુ ઓછા જોવા મળતા હોય છે. મને અને અમારી આખી ટીમને સુબોધભાઈ પ્રત્યે માન હતું, પરંતુ તેમનું છેલ્લું વાક્ય સાંભળીને હું મારો ગુસ્સો કંટ્રોલ ન કરી શક્યો.

મેં કહ્યું, "સાહેબ, તમને આ વાતની ગંભીરતા સમજાય છે? પરિસ્થિતિ ગમે ત્યારે આપણા કાબૂ બહાર જઈ શકે તેમ છે. કોઈ પણ પરિણામ આવી શકે. આવા સમયે તમારા દીકરાને આવી હાલતમાં છોડીને તમારે ક્યાં જવું છે?"

પોતાના ખિસ્સામાંથી પોતાનું બ્રહ્માસ્ત્ર કાઢતા હોય એમ પોતાનું છેલ્લું શસ્ત્ર કાઢીને સુબોધભાઈ કૉન્ફિડન્સથી બોલ્યા, "સાહેબ, મારે શિરડી જવું છે."

મેં સુબોધભાઈની આંખોમાં જોયું. તેમની આંખોમાં ગજબનો કૉન્ફિડન્સ હતો. તેમની આંખો મને કહી રહી હતી કે 'મારા આશિષને કશું જ નથી થવાનું.' આજ સુધી આટલી બધી શ્રદ્ધા મેં કોઈની આંખોમાં જોયેલી નહોતી. સુબોધભાઈની આંખો ભીની હતી પરંતુ દુઃખ કે પીડાના કારણે નહિ. તેમની આંખોમાં તેમની શ્રદ્ધાનું ઘોડાપૂર આવેલું અને તેઓ મને પણ તે પૂરમાં તણાવા માટે મજબૂર કરી રહેલા.

કોઈની શ્રદ્ધાના પ્રવાહની વિરુદ્ધમાં તરવાનું કામ સૌથી અઘરું હોય છે. કોઈની આસ્તિકતાને નકારવા માટે આપણી પાસે નાસ્તિકતાના એટલા પુરાવા પણ હોવા જોઈએ ને!

જે વટ અને આત્મવિશ્વાસથી સુબોધભાઈ મારી સામે 'શિરડી' નામનો હુકમનો એક્કો ઊતર્યા. તેની સામે મારા હાથમાં રહેલાં બધાં પત્તાંઓ નબળાં પુરવાર થયાં. તેઓ મને પણ પોતાની શ્રદ્ધાના ઘોડાપૂરમાં તાણીને લઈ ગયા.

આશિષની તબિયત અને ત્યારના સંજોગો હું બહુ જ સારી રીતે જાણતો હોવા છતાં પણ હું સુબોધભાઈને શિરડી જવાની ના ન પાડી શક્યો.

તેમણે મને કહ્યું, "સાહેબ, તમે કહો તે કાગળ પર સહી કરીને જવા તૈયાર છું. કોઈ પણ પગલું ભરવાનું થાય, મને ફોન ઉપર જાણ કરવા પણ રોકાતા નહિ. તમને જે યોગ્ય લાગે તેમ કરી નાંખજો. મારો સાંઈ બધું સારું જ કરશે. ફરી પાછું ઑપરેશન કરવાનું થાય તો પણ આપણી મંજૂરી છે. લોહીનો ગઠ્ઠો ઓગાળવા માટે તમારે જે ઇન્જેક્શન શરૂ કરવાના છે, તે તમે શરૂ રાખો. તમે સારવાર ચાલુ રાખજો, હું મારી શ્રદ્ધા ચાલુ રાખીશ. સાંઈ સૌના સારા વાના કરશે."

કેટલાક લોકો પોતાની શ્રદ્ધાને ફૅવિકોલથી ચોંટાડી રાખે છે અને કેટલાક લોકો પોતાની શ્રદ્ધાને પોતાની જાતમાં જડાવીને રાખે છે. સુબોધભાઈની શ્રદ્ધા તેમના શરીરમાં, તેમના વિચારોમાં, તેમની વર્તણૂકમાં, તેમના લોહીમાં એવી રીતે ગૂંથાઈ ગયેલી કે તેને છૂટી પાડવી અશક્ય હતી.

તે સમયે લગભગ રાતનો ૧ વાગ્યો હશે. પુનાથી શિરડીનું અંતર લગભગ ૧૮૦ કિલોમીટર. રાતે કશું જ કામ ન હોવાના કારણે સુબોધભાઈનો ડ્રાઇવર પોતાના ઘરે સૂવા ગયેલો. સુબોધભાઈના ડ્રાઇવરનું ઘર હડપસરમાં હતું. હૉસ્પિટલ હતી કર્વે નગરમાં. આમ જોઈએ તો હડપસર એટલે બીજો છેડો થઈ જાય. લગભગ ૧૪થી ૧૫ કિલોમીટર દૂર. સુબોધભાઈ પોતાના ડ્રાઇવરને ફોન કરે, તેનો ડ્રાઇવર તૈયાર થઈને પોતાનું વાહન લઈને હૉસ્પિટલ સુધી પહોંચે તેમાં એક કલાક નીકળી જાય. અમારી પાસે એટલો સમય હતો નહિ.

સુબોધભાઈએ સેલ્ફ ડ્રાઇવ કરવાનું નક્કી કર્યું. તેમના ભાઈએ ઘણી ના પાડી. તેમણે કહ્યું, "સુબોધ, તું થાકેલો છે. તેં સરખી ઊંઘ પણ નથી કરી. તારાં પત્ની અને તારો દીકરો હૉસ્પિટલમાં છે, તને સતત એનું ટૅન્શન રહેશે. તું નાઇટ ડ્રાઇવિંગ રહેવા દે. એકલા નથી જવું."

પોતાના ખિસ્સામાંથી સાંઈ ભગવાનના કી-ચેઇન વાળી ગાડીની ચાવી કાઢીને સુબોધભાઈએ કહ્યું, "હું એકલો ક્યાં છું? સાંઈ છે ને મારી સાથે."

જેમ કોઈ માણસને હાર્ટઍટેક આવે, એવી રીતે સુબોધભાઈને શ્રદ્ધાનો ઍટેક આવેલો. તેમની શ્રદ્ધાને રોકવી અશક્ય હતી. જાણે સુબોધભાઈએ નક્કી કરેલું કે આજે આ પાર કાં પેલે પાર.

સુબોધભાઈ ગાડીમાં બેઠા. તેમના ભાઈએ જતા પહેલા તેમને કહ્યું, "સુબોધ, ધીમે ચલાવજે. એવું માનજે કે ઈશ્વર આપણી કસોટી કરે છે."

સુબોધભાઈ હસ્યા અને કહે, "આ આપણી કસોટી નથી. આજે તો ઈશ્વરની કસોટી છે. આજે સાંઈની પરીક્ષા છે. મેં તો મારી પાસે જે કાંઈ પણ હતું એ તેને અર્પણ કરી દીધું છે. હવે મારે ફક્ત એ જ જાણવું છે કે તે મને આપી શકવા કેટલો સમર્થ છે?"

"સાંઈરામ" છેલ્લે આટલું કહીને સુબોધભાઈએ ગાડી મારી મૂકી.

આ બાજુ ICUમાં આશિષનું યુરિન આઉટપુટ ઓછું થતું ગયું. જાણે આશિષ પોતાના પિતાની સામે જંગે ચડ્યો હોય એમ આશિષનું શરીર પણ પોતાના પિતાની શ્રદ્ધા સામે નમતું જોખવા તૈયાર નહોતું. સુબોધભાઈ પુનાથી નીકળ્યા ત્યાર બાદ દરેક કલાકના અંતરે સાઇડમાં ગાડી ઊભી રાખીને, મને ફોન ઉપર આશિષનું યુરિન આઉટપુટ પૂછતા રહ્યા. જેમ જેમ સુબોધભાઈ શિરડીની નજીક પહોંચતા ગયા, તેમ તેમ આશિષનું યુરિન આઉટપુટ ઘટતું ગયું.

પરિસ્થિતિ વધારે બગડતી જતી હતી. રાતે ૩ વાગ્યાથી ૪ વાગ્યા સુધીનું આઉટપુટ સાવ ઓછું થઈ ગયું. ટ્રાન્સપ્લાન્ટ ટીમ તથા વાસ્ક્યુલર સર્જને નિર્ણય લીધો કે 'રી-એક્સ્પ્લોર' કરીએ. ટૂંકમાં, જેનો ડર હતો એ જ થયું. આશિષને ફરી પાછો વહેલી સવારે પાંચ વાગે ઑપરેશન થિયેટરમાં લઈ જવાનું નક્કી થયું.

આવું થઈ શકે છે એવું પાઠ્યપુસ્તકોમાં વાંચેલું હોય પરંતુ પાઠ્યપુસ્તકોમાં રહેલું ઘણું બધું બનતું નથી હોતું. તે હૉસ્પિટલમાં આટલાં વર્ષોથી થયેલા અસંખ્ય ટ્રાન્સપ્લાન્ટ દરમિયાન આવું બન્યાનો કદાચ તે પહેલો અને છેલ્લો બનાવ હતો.

ઑપરેશન થિયેટર તૈયાર હતું. સર્જન્સની ટીમ પણ તૈયાર હતી. સુબોધભાઈ અમને 'બ્લેન્કેટ કન્સેન્ટ' આપીને ગયેલા કે જે કરવું પડે તે કરો. તેની સાથે સુબોધભાઈ ઑપરેશન માટેના સંમતિપત્રક, ઑપરેશન દરમિયાન રહેલા ગંભીર પ્રકારના જોખમ વગેરે બાબતો ઉપર પણ સહી કરીને ગયેલા.

આ બધાની જાણ અમે ત્યાં હાજર રહેલા સુબોધભાઈના ભાઈને કરી દીધેલી. આશિષને ઑપરેશન થિયેટરમાં લેતા પહેલા અમે સુબોધભાઈને છેલ્લો ફોન કર્યો, "આશિષને ઑપરેશન માટે લઈ જઈએ છીએ. તમે સહી તો કરી જ દીધી છે, તેમ છતાં હજુ એક વાર તમારી મંજૂરી જોઈએ છે."

તે વખતે પોણા પાંચ થયેલા. સુબોધભાઈએ મને ફોન પર જે કહ્યું, એ શબ્દો હું ક્યારેય ભૂલી નહિ શકું. મને કહે, "સાહેબ, સાંઈની શરણમાં હેમખેમ પહોંચી ગયો છું. દર્શન માટેની લાઇનમાં ઊભો છું. આરતી શરૂ થવાને ફક્ત પંદર મિનિટની વાર છે. મારે એક વાર નજીકથી સાંઈનાં દર્શન કરવા છે. તેમની આંખોમાં આંખો નાંખીને મારે તેમને પૂછવું છે કે તમે કહેતા હો તો આશિષને ફરી વાર મોકલું ઑપરેશન થિયેટરમાં. બસ, થોડી વાર રાહ જુઓ."

સુબોધભાઈની મંજૂરી ન મળવાથી અમે થોડો સમય રોકાયા. સ્ટ્રેચર આવેલું હોવા છતાં અમે આશિષને ઑપરેશન થિયેટરમાં શિફ્ટ કર્યો નહિ.

જે માણસે આખી જિંદગી શ્રદ્ધા અને સબૂરી પાછળ ખર્ચી નાંખી હોય, એ માણસની લાગણીને માન આપીને અમે પંદર મિનિટ રોકાઈ ગયા.

પાંચ ને દસ થઈ. સુબોધભાઈનો કોઈ ફોન આવ્યો નહિ. અમે સુબોધભાઈને ફોન કર્યો તો તેમણે ઉપાડ્યો નહિ. અમને લાગ્યું કે કદાચ મંદિરની અંદર ફોન લઈ જવા દેવાની મનાઈ હશે. અથવા તો આરતીના અવાજની વચ્ચે સુબોધભાઈને રિંગ ન સંભળાઈ હોય એવું પણ બને.

સુબોધભાઈનો હવે થોડા સમય માટે સંપર્ક નહિ થઈ શકે એવું વિચારીને અમે આશિષને ઑપરેશન થિયેટરમાં શિફ્ટ કરવાનું નક્કી કર્યું. તે જ સમયે મારું ધ્યાન આશિષના કૅથેટર પર પડ્યું. કૅથેટરની નળીમાં થીજી ગયેલા ખાલીપાને ચીરીને આવનારા પેશાબના અણસાર દેખાયા.

કૅથેટરની નળીમાં પેશાબની કૉલમ ધીમે ધીમે આગળ વધવા લાગી અને નવા જન્મેલા બાળકની જેમ, નવા જન્મેલા પેશાબના વધામણા થયા. મેં સ્ટ્રેચરને થોડી વાર ICUની બહાર રાખી મૂકવા કહ્યું.

હું જે જોઈ રહેલો તે કોઈ પણ મેડિકલ સાયન્સ કે લૉજિકની દુનિયાની સમજ બહારનું હતું. વાદળોમાં બંધાયેલી શ્રદ્ધા હવે પેશાબના ટીપાના સ્વરૂપે ધીમે ધીમે વરસવાના શરૂ થયા. ઑપરેશન થિયેટરમાંથી એનેસ્થેટીસ્ટ સાહેબનો ફોન આવ્યો કે 'વી આર વેઇટિંગ'

મેં કહ્યું, "સાહેબ, ફક્ત દસ મિનિટ આપો. જિંદગીમાં પહેલી વાર એક ચમત્કારિક ઘટનાનો સાક્ષી બનવા જઈ રહ્યો છું."

પછીની દસ મિનિટમાં ધીમી પણ મક્કમ ગતિથી પેશાબ આવવાની શરૂઆત થઈ અને અમારા બધાના મનમાં આશાનાં વાદળો બંધાયાં. અમને લાગ્યું કે અમારે બીજી પંદર મિનિટ રાહ જોવી જોઈએ.

પછીની પંદર મિનિટમાં પેશાબનો પ્રવાહ વધ્યો. મને લાગ્યું કે જાણે પેશાબના સ્વરૂપમાં સુબોધભાઈની શ્રદ્ધા વહી રહી હતી. ટ્રાન્સપ્લાન્ટ ટીમે નક્કી કર્યું કે બીજી એક કલાક રાહ જોઈએ. ઑપરેશનમાં લેવાની ઉતાવળ નથી કરવી.

બીજી એક કલાકમાં સુબોધભાઈની શ્રદ્ધા અને સબૂરીએ પેશાબની નદીઓ વહેવડાવી દીધી. કોઈની સારવાર કરવા માટે માણસ પૈસાનું પાણી કરી નાંખે છે, એ વાત તો સાંભળેલી. પરંતુ કોઈની સારવાર માટે કોઈને પોતાની શ્રદ્ધાનું પાણી કરતા પહેલી વાર જોયેલા.

સવારે ૭ વાગે સુબોધભાઈનો ફોન આવ્યો. તેમના અવાજમાં રહેલી ધ્રુજારી હું આજે પણ અનુભવી શકું છું. તેમણે પૂછ્યું, “કેવું રહ્યું ઑપરેશન?”

મેં કહ્યું, “સાહેબ, તમારા સાંઈએ તમારી લાજ રાખી છે. ઑપરેશન નથી કરવું પડ્યું. હવે આઉટપુટ સારો આવે છે.”

અત્યાર સુધી સુબોધભાઈની આંખોમાં રહેલો બંધ ફોન ઉપર આ વાત સાંભળીને તૂટી ગયો. તેઓ ફોન ઉપર ચોધાર આંસુએ રડી પડ્યા. તેમના રડવાનો અવાજ ફક્ત મારા કાન સુધી જ નહિ, મારા હૃદય સુધી પહોંચી જાય એટલો બુલંદ હતો. ક્યારેક માણસ મોકળા મને રડીને પણ ઈશ્વરને થૅંક્યુ કહેતો હોય છે.

સવારે દસ વાગ્યે સુબોધભાઈ શિરડીથી પાછા ફર્યા. તેમની આંખોમાં ઊંઘ ભરાયેલી હતી. તેમના વાળ વિખરાયેલા હતા. દાઢી વધેલી હતી. તેમનું શર્ટ ઘરે કોઈ કહેવાવાળું ન હોય એમ બેફામ તેમના પેન્ટની બહાર નીકળેલું હતું. પરંતુ તેમના ચહેરા પર સંતોષ હતો. તેમના ચહેરા પર ઉજવણીનો માહોલ હતો. પોતાની શ્રદ્ધા અને સબૂરીનો કૉન્ટ્રેક્ટ ઈશ્વરે રીન્યુ કરી આપ્યાનો નશો હતો તેમના ચહેરા પર.

અમને બધાને એવું લાગ્યું કે રિસાઈ ગયેલા ઈશ્વરને રાતોરાત મનાવવા માટે નીકળી ગયેલો કોઈ ભક્ત, પોતાના ઈશ્વરનું મન જીતીને પાછો આવ્યો.

સુબોધભાઈ બે હાથ જોડીને અમારી સામે ઊભા રહ્યા. તેમના જોડાયેલા હાથ વચ્ચેથી બહાર ડોકિયું કરતુ તેમનું સાંઈ ભગવાનના ફોટાવાળું કી-ચેઇન હવે અમને પણ સ્પષ્ટ દેખાતું હતું. કોઈ યુદ્ધ જીતીને કોઈ યોદ્ધો પાછો ફર્યો હોય, ચહેરા પર એવા સ્માઇલ સાથે તેમણે કહ્યું, “સાંઈરામ.”

અમે પણ તેમની સામે બે હાથ જોડ્યા. શ્રદ્ધાની આવી મજબૂત સિમેન્ટથી ચણાયેલા લોકો બહુ ઓછા જોવા મળે છે. સુબોધભાઈ ‘શ્રદ્ધા’ અને‘સબૂરી’ના જીવતા જાગતા બ્રાંડ ઍમ્બેસેડર પુરવાર થયેલા. તેમને વંદન તો કરવા જ પડે.

“સાંઈરામ” કહીને અમે પણ તેમની સામે હાથ જોડીને ઊભા રહ્યા. સાંઈ ભગવાનનું નામ લઈને અમે સુબોધભાઈને પણ વંદન કરી લીધા.

દિવસ દરમિયાન ધીમે ધીમે આઉટપુટ વધતું ગયું અને આશિષની તબિયત સુધરતી ગઈ. એ પછી આશિષ લગભગ પાંચેક દિવસ ICUમાં અને દસેક દિવસ વૉર્ડમાં રહ્યો. તે સાવ સારો થઈને ઘરે ગયો.

પણ એક વાત મને હજુ સુધી સમજાણી નહોતી, કે તે દિવસે સવારે અચાનક જે યુરિન આઉટપુટ શરૂ થયેલો તેનું કારણ સુબોધભાઈની શ્રદ્ધા હતી કે બ્લડ ક્લોટ ઓગળવા માટે અમે શરૂ કરેલા ઇન્જેક્શન? એ જે કાંઈ હોય પરંતુ એ વાત પણ એટલી જ સાચી કે ચમત્કાર થવા માટેનાં કોઈ જ કારણો નથી હોતાં.

હૉસ્પિટલમાંથી રજાના દિવસે સુબોધભાઈ પોતાનાં પત્ની અને દીકરાને બંનેને ઘરે લઈ જતા હતા. તેમણે એક હાથ આશિષનો પકડેલો અને એક હાથ તેમના પત્નીનો પકડેલો. પોતાની એક બાજુ

પોતાના દીકરાને અને એક બાજુ પોતાની પત્નીને પકડીને સુબોધભાઈ તેમની વચ્ચે ચાલતા હતા.

તેમને જોઈને જે વિચાર મારા મનમાં આવેલો, તે આ હતો:

"ઇચ્છાઓ કોઈ હવે રહેશે નહિ અધૂરી,
મારા એક હાથમાં શ્રદ્ધા અને એકમાં સબૂરી."

સંવેદનાના હસ્તાક્ષર

સંવેદનાના હસ્તાક્ષરની વાત

એક ડૉક્ટર તરીકે જો હું વેદના સમજી શકું તો સંવેદના કેમ નહિ? આપણે અનેક સંવેદનાઓથી ઘેરાયેલા હોઈએ છીએ. આ બધી જ સંવેદનાઓ આપણી આસપાસ જ રહેલી હોય છે પરંતુ ક્યારેક આપણી આસપાસ રહેલા આવરણોને કારણે આ સંવેદનાઓ આપણા સુધી પહોંચતી નથી.

મોબાઇલના ટચ સ્ક્રીનના સ્પર્શથી ટેવાઈ ગયેલા આપણા ટેરવાંઓ બીજી અનેક સંવેદનાઓ ગુમાવી ચૂક્યા છે જેની આપણને જાણ પણ હોતી નથી.

આ પુસ્તકમાં એવી સંવેદનાઓ આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે જે આપણે ભાગ્યે જ અનુભવતા હોઈએ છીએ. આપણી કેળવણીના પાયામાં રહેલી આપણી નિશાળ, નિશાળના શિક્ષકો, નિશાળનું બ્લેકબૉર્ડ અને નિશાળ સાથે જોડાયેલી કેટલીય સ્મૃતિઓ. આપણે પાછું વળીને કેમ ક્યારેય નિશાળને યાદ નથી કરતા? કેમ ક્યારેય નિશાળને ગળે મળીને તેને 'થેંક્યુ' નથી કહેતા? આપણામાં રહેલી નિશાળને વંદન કરીને ફરી જીવતી કરવાનો એક વિનમ્ર પ્રયાસ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

પથ્થરોને પણ ઓગાળી શકે એવી, આ દુનિયાની જીવતી જાગતી સંવેદનાઓ એટલે દીકરીઓ. પાનખરને પડકાર આપવાની તાકાત ફક્ત એક દીકરીમાં જ રહેલી હોય છે. દીકરી અને દીકરીની આસપાસ રહેલી સંવેદનાઓને પણ અહીં ગદ્ય સ્વરૂપે આલેખવાનો પ્રયત્ન કર્યો છે. ગર્ભમાં રહેલી દીકરીની તેની મમ્મી સાથે થયેલી વાતો વાંચ્યા પછી નક્કી ભવિષ્યમાં તમે પણ ગર્ભમાં રહેલી દીકરીના અવાજો સાંભળી શકશો.

દીકરી ઉપરાંત મમ્મી, પપ્પા, મિત્ર, બા, દાદા વગેરે વિષયો ઉપર પણ રજૂઆત કરવામાં આવી છે. ઘરના એક ખૂણામાં ફર્નિચરની જેમ પડ્યા રહેતા બા તથા દાદાનું ઘરમાં એટલું જ મહત્ત્વ હોવું જોઈએ જેટલું ઘરના ઉંબરા પર રહેલા શુભ-લાભનું હોય છે.

સફળતા એટલે શું? એવો સવાલ દરેકના મનમાં હોય છે. આ પુસ્તકમાં તેનો જવાબ શોધવાનો પ્રયત્ન કર્યો છે. માણસ જેવી તકલાદી જાત, અસંખ્ય શક્ય શારીરિક અને માનસિક દુર્ઘટનાઓ વચ્ચે સ્વસ્થ રહી શકે છે, એ જ સૌથી મોટી સફળતા છે. આપણે કોઈ જ પ્રકારની શારીરિક યાતના વગર આવતીકાલનો સૂર્યોદય હેમખેમ જોઈ શકીએ, એ જ સફળતા છે.

એક ગુલાબના છોડની સંવેદના અને એક MBBS ડૉક્ટરની વેદના વાંચ્યા પછી તમને સમજાશે કે ફક્ત સુગંધ ઊંચકી લેવાથી ગુલાબ નથી થઈ જવાતું. કાંટાઓનો ભાર પણ સહન કરવો પડતો હોય છે.

આપણે સૌએ જીવનમાં કોઈને કોઈ સ્વજન ગુમાવેલું હોય છે. કોઈના અવસાનનું જુદી રીતે આલેખન કરતી કવિતા 'તેને મૃત્યુ ન કહો' ચોક્કસ તમારા હૃદય સુધી પહોંચશે એવી આશા રાખું છું.

આ પુસ્તકમાં રહેલી તમામ પ્રકારની સંવેદનાઓ મારી સાથે સાથે તમારા હૃદયપટ ઉપર પણ પોતાના હસ્તાક્ષર છોડીને જાય એવી ઈશ્વરને પ્રાર્થના કરું છું.

– ડૉ. નિમિત્ત ઓઝા

It was perfect, I don't want to grow up again!

નાના હતા ત્યારે ઈશ્વર કેટલા approachable હતા. બાળપણના એ દિવસોમાં, નાની નાની તકલીફો લઈને અમે દક્ષિણામૂર્તિ બાળમંદિરના શિક્ષકો પાસે જતા. ભગવાન કોને કહેવાય એવી સમજણ fortunately ત્યારે હજુ આવી નહોતી એટલે લીલાબહેન, લીલાબા અને ગનીભાઈને અમે અમારા ભગવાન માની લીધેલા. એક વાર તેઓ એમ કહે કે 'બેટા, મટી જશે' એટલે લાગતું કે જાણે ઈશ્વરે માથે હાથ મૂકી દીધો હોય. અમારા ભગવાન તેઓ અને તેમના ભગવાન અમે! હવે ખબર પડી દક્ષિણામૂર્તિને બાળમંદિર કેમ કહેવાય છે. ત્યારે તો ર.પા. કહે એમ 'વ્હાલ કરે તે વ્હાલું... આ મેળામાં ભૂલો પડ્યો હું કોની આંગળી ઝાલું?... વ્હાલ કરે તે વ્હાલું.' દક્ષિણામૂર્તિ બાળમંદિરમાં બાળપણ વીત્યું નથી, ઊગ્યું છે. shirt ઉપર રૂમાલ અને એક card, જેમાં મારું અને વાલીનું નામ હોય, સરનામું હોય અને એક safety pin, જે આ રૂમાલ અને cardને shirt સાથે જોડી રાખતી. ત્યારે રૂમાલ હતા, આંખમાં આંસુઓ પણ ખૂબ આવતાં. બાળમંદિરથી ઘરે પાછા આવીએ ત્યારે હું ત્યાં રડ્યો છું કે નહિ, તે જોવા મમ્મી મારો રૂમાલ check કરતા. એમને એ દરેક વખતે કોરોકટ્ટ મળતો. તો પછી આટલાં જલદી આંસુઓ સુકાઈ જતાં કે રૂમાલ સુકાઈ જતો? એનો જવાબ હજુ મમ્મીને મળ્યો નથી. દક્ષિણામૂર્તિ બાળમંદિરની ટેકરીઓ પર આજે પણ જાઉં, તો ચોક્કસ એ આંસુઓ મળશે. આંખો ભલે ઈશ્વરે આપી, જોવાનું તો મને બાળમંદિરે શીખવ્યું છે. ત્યારે લખતાં-વાંચતાં ન આવડતું, પણ દરરોજ બાળમંદિરેથી ઘરે જાઉં ત્યારે એટલું તો સમજતો કે આજની આ દુનિયામાં સારા લોકોની ખૂબ જરૂર છે. અમે 'ગુલાબ' કે 'પારિજાતક'માં ભણ્યા નથી, અમે એને જીવ્યા છીએ. નાસ્તો કરતી વખતે એક lineમાં બેસી જવાનું અને આંખ બંધ કરી પ્રાર્થના શરૂ કરવાની, 'સાથે રમીએ, સાથે જમીએ...' એ પ્રાર્થના ઈશ્વર સુધી પહોંચતી કે કેમ એની આજે ખબર નથી, પણ પ્રાર્થના પૂરી થાય અને આંખ ખોલીએ ત્યારે અમારી સામે એક વાટકીમાં રોજ નવો નવો નાસ્તો આવ્યો હોય. અમને એમ કે ઈશ્વરને પ્રાર્થના કરીએ તો જ નાસ્તો મળે. ઘણીવાર એવું બન્યું હશે કે નાસ્તો શું હશે એની કુતૂહલતામાં પ્રાર્થના પૂરી થતાં પહેલા જ આંખો ખોલીને વાટકીમાં જોઈ લીધું હોય. જો વાટકીમાં પડેલો નાસ્તો ભાવતો હોય (કે ગમતો હોય. ત્યારે ભાવવું અને ગમવું, એ બંને એક જ લાગતું) તો પ્રાર્થના થોડી વધારે નિષ્ઠાથી કરતાં. બાજુમાં બેઠેલા મિત્રની વાટકીમાં નાસ્તાની quantity કેટલી છે એ પણ અવશ્ય જોઈ જ લેતા અને જો વધારે હોય તો એક લાંબો નિસાસો નાંખી, જે મળ્યું એ ખાઈ લેતા.

દક્ષિણામૂર્તિ બાળમંદિરના એ દિવસો આજે પણ કબાટમાં સાચવીને રાખ્યા છે, છાપાનાં કાગળની વચ્ચે, ડામરની ગોળીઓ સાથે. આ તો રવિવારે કબાટ સાફ કર્યું અને થોડી ધૂળ ખંખેરી.

દક્ષિણામૂર્તિ બાળમંદિરમાં વીતેલા એ દિવસોને આજે જોયા તો લાગે છે, I don't need sunshine, I don't need rain. It was perfect, I don't want to grow up again.

કોઈ આપણી મદદ કરે એને thank you કહેવાય અને કોઈનું હૃદય દુભાય એને sorry... એ વાત તો હું દક્ષિણામૂર્તિમાં ના ભણ્યો હોત તો પણ કદાચ ખબર હોત. આપણે કોઈને મદદ કરીએ અને એ આપણને thank you ન કહે તો પણ ફરી વાર એ વ્યક્તિને મદદ કરવાની, એવું તો ચોક્કસ મને દક્ષિણામૂર્તિએ જ શીખવ્યું છે. આમ જુઓ તો ઘરના વડીલ જેવું કામ કર્યું છે બાળમંદિરે.

એને વ.મુ. દક્ષિણામૂર્તિ કહીને પણ સંબોધી શકાય, પણ એ વાત કદાચ દક્ષિણામૂર્તિને જ ગમશે નહિ. આપણે તો એને મિત્ર કહીશું. એક એવો મિત્ર, જેણે આપણા નાકમાંથી આવતા શેડા જોયા છે. આપણી ચડ્ડીની સાથે સાથે ભીના થઈ જતા આપણા ચહેરાઓ પણ જોયા છે.

શિક્ષણ તો કોઈ પણ આપી શકે, દક્ષિણામૂર્તિએ આપણને 'કેળવણી' આપી છે.

કંઈક ચમત્કાર તો હતો એ સંસ્થામાં! મા, મામા, માસીને છોડીને પણ કોઈ આપણને 'સગી મા' જેટલો જ પ્રેમ કરી શકે (એના નામમાં ક્યાંય 'મા' ન આવે છતાં), એ વાત ચોક્કસ દક્ષિણામૂર્તિએ શીખવી.

કંઈક જાદુ તો હતું એ 'મૂછાળી મા'ના સંસ્કારોમાં. બાકી, 30 વર્ષો પહેલાં આટલી સહજતાથી આપેલું શિક્ષણ, આટલા બધા સામાજિક અકસ્માતો (લગ્ન પણ ગણી લઉં છું...!) પછી પણ અકબંધ રહે નહિ.

બાળમંદિરમાં અમને કૂદકો મારવા માટે જમીન પર ગાદલા line બંધ ગોઠવી દેવામાં આવતા. એક નાનું એવું table મૂકવામાં આવતું અને અમે એ table પર ચડી ગાદલા ઉપર કૂદકો મારતા. કેવા નફ્ફટ હતા ત્યારે! નીચે પડ્યાનો પણ આનંદ કરતા. હશે... ત્યારે સમજણા નહોતા ને એટલે! બાકી વળી પડવામાં શેનો આનંદ? આજકાલ તો પાડવામાં આનંદ આવે છે.

કેટલા મૂરખ હતા તે સમયે! જે વાતોમાં એક ટકાનો પણ ફાયદો ન હોય, એવી વાતોમાં પણ આનંદ કરી લેતા. હશે... ત્યારે સમજણા નહોતા ને એટલે!

બાળમંદિરમાં અમારી સામે એક પાણી ભરેલું માટલું રાખવામાં આવતું. બધાએ વારાફરતી, એ માટલા પાસે આવી માટલાનું ઢાકણું ખોલી, અંદર ડોયો નાખી, ગ્લાસમાં પાણી કાઢવાનું અને ધીમે ધીમે... એક પછી એક ઘૂંટડો ગળે ઉતારવાનો. શરત ફક્ત એટલી હતી કે આ દરમિયાન અવાજ ન થવો જોઈએ. જેના વખતે સૌથી ઓછો અવાજ થયો હોય, અંતમાં એનું નામ જાહેર કરવામાં આવે.

બાળમંદિરે આનંદ વ્યક્ત કરવાનો એક નવો જ નુસખો બતાવ્યો. બાળમંદિરમાં તાળીઓ પાડવાની મનાઈ હતી. તાળીઓ પાડીએ તો અવાજ થાય. એટલે અમે 'બંને હાથ ઊંચા કરીને, આંગળીઓ પહોળી કરીને, બંને હાથોને કાંડા ઉપર ફેરવતા.' અને એમાં શું જાદુ હતું એની ખબર નથી, પણ સાલી બહુ મજા આવતી. (આજે પણ કોઈ વાર try કરજો, આજની તારીખે બહુ જ મજા આવશે.)

બાળકો (દક્ષિણામૂર્તિમાં, એ જમાનામાં બાળકોને ભગવાન કહેતા અને ગણતાં) જો તોફાન કરે તો એમને ખૂણા ઉપર રહેલા એક કબાટ પર બેસાડી દેવામાં આવતા. ગમે તે કહો, પણ એ કબાટ પરથી નીચેનો view મસ્ત આવતો હોં! બાળક કબાટ પરથી પડે નહિ એની જવાબદારી પાછી બાળમંદિરના શિક્ષકોની!

તે સમયે ખભા ઉપર દફ્તરના ભારને બદલે, બાળમંદિરના શિક્ષકોના હાથ રહેતા. ખભા પણ હળવા હતા અને મન પણ! જેમ જેમ મોટા થયા તેમ તેમ ખભા પર રહેલા એ હાથ હડસેલાતા ગયા અને એમની જગ્યા દફ્તરે લીધી. ત્યારે ખબર નહોતી કે દક્ષિણામૂર્તિ છોડીશું પછી દફ્તરના ભાર ઊંચકીને જઈ રહેલા અમે, અને માથે ઘઉંની ગુણ ઊંચકીને જઈ રહેલા મજૂર વચ્ચે બહુ તફાવત નહિ રહે. દક્ષિણામૂર્તિ છોડ્યું (છોડ્યું કરતાં છૂટ્યું હાથમાંથી) પછી બાળપણનો સૂરજ તો ડૂબ્યો જ અને સાથે ડૂબી ગઈ કેટલીય ગમતી સવારો.



નિશાળની વાત

આ એ દિવસોની વાત છે જ્યારે શર્ટ ઉપર રહેલા કૉલરને જાણ પણ નહોતી કે ઊંચા કઈ રીતે રહેવાય? આ એ દિવસોની વાત છે જ્યારે ખિસ્સામાં એક-બે રૂપિયાના સિક્કા અને ચણીબોર રહેતા. આ નિશાળના દિવસોની વાત છે. આ એ દિવસોની વાત છે જ્યારે શાળાની બહાર મળતા તીખા બટેટા-ભૂંગળા અને પેપ્સી કોલા આપણાં Staple diet હતાં.

આપણી પાસે પેન્સિલ હોય તો પણ, વર્ગખંડમાં ગમતી છોકરી પાસેથી, જે પેન્સિલ તે છોકરી વાપરે છે, એ જ પેન્સિલ માંગવાની! અને પેલી ગમતી છોકરી એ પેન્સિલ આપી દે, તો મિત્રોમાં વટ પડી જતો, એ દિવસોની વાત. ટૂંકમાં કહું તો સ્વર્ગની વાત. નિશાળની વાત.

કોઈ પણ કામ શરૂ કરતા પહેલાં, આપણને ગાતા આવડે કે ન આવડે, આપણે હંમેશાં કશુંક ગાઈ લેતાં. Usually, આપણે એને પ્રાર્થના કહેતા. પ્રાર્થના કહેવાની ન હોય, એ તો ગાવાની હોય. પ્રાર્થના ગાવાની શરૂઆત કોઈ મંદિરમાં નહીં, નિશાળમાં થઈ. નિશાળે પ્રાર્થના શીખવી છે એટલે જ નિશાળે ઈશ્વર સુધી જવાનો સૌથી ટૂંકો રસ્તો બતાવ્યો છે. તો પછી નિશાળ તો મંદિર જ કહેવાય ને!

નિશાળની ટેકરીઓ ચઢતા, ત્યારે નિશાળે indirectly કહી દીધેલું કે નિશાળની બહાર નીકળીને ઘણાં બધાં કપરાં ચઢાણો તમારી રાહ જુએ છે, પણ ત્યારે નિશાળ એવું તો કશું બોલી જ નહીં કે એ કપરાં ચઢાણોમાં નિશાળ આપણી સાથે નહીં હોય.

ચાલુ વર્ગખંડે બાજુમાં બેઠેલા એક મિત્રની comment ઉપર, આપણી સાથે ખડખડાટ હસી પડતી નિશાળને યાદ કરીને ભવિષ્યમાં આપણને રડવું પણ આવશે, એવું તો નિશાળે કહેલું નહીં.

નિશાળમાં ઘરેણાં પહેરીને જવાની મનાઈ હતી, પણ નિશાળ પોતે જ રોજ આપણને અઢળક સોનાની વસ્તુઓ આપતી. મારા સોનેરી દિવસો, નિશાળના વર્ગખંડના પ્રથમ બાંકડાની નીચે (જ્યાં ચોપડીઓ રાખતા ત્યાં) મેં સાચવીને રાખેલા. નિશાળમાંથી નીકળતી વખતે એ સોનેરી દિવસોને દફ્તરમાં મૂકવાનું પણ નિશાળે મને યાદ કરાવ્યું નહીં. નિશાળને એમ કે એ દિવસોને યાદ કરીને હું રડીશ. મારા એ દિવસો નિશાળે પોતાની પાસે જ રાખી લીધા, કારણ કે કોઈ પણ વાત ઉપર હું રડું એ મારી નિશાળને આજે પણ મંજૂર નથી. આ નિશાળ એનું માતૃત્વ ક્યારેય છોડશે નહીં. કન્યા વિદાયની જેમ નિશાળે જ્યારે મને વિદ્યાર્થી વિદાય આપેલી, ત્યારે એ દિવસે મારા કરતા વધારે મારી નિશાળ રડેલી. મે નિશાળને ખૂબ વિનંતી કરી છતાં પણ, મને દહેજમાં ફક્ત શિક્ષણ જ આપ્યું, શિક્ષકો નહીં. મારે તો શિક્ષકો પણ સાથે લઈ જવા'તા.

નિશાળે એટલા બધા સુંવાળા મિત્રો આપ્યા કે ખરબચડા લોકો કોને કહેવાય? એની ખબર પણ પડવા ન દીધી.

નિશાળના દરવાજાની બહાર લોકો છરી-કાંટા અને તલવારો લઈને ઊભા હશે, એવી કોઈ જ Warning નિશાળે આપેલી નહીં. જો નિશાળ સારી હોય તો સમાજ કઈ રીતે ખરાબ હોઈ શકે? હશે, સમાજના સંજોગો ખરાબ હશે, બાકી Intentionally કોઈ માણસ ક્યાં ખરાબ હોય છે? આવી વાત નિશાળે જ શીખવેલી.

દફ્તરમાં ભલે ચોપડાઓનું વજન હતું, પણ જવાબદારીઓનું નહોતું; એટલે દફ્તર હળવું લાગતું. ત્યારે શિક્ષકોએ પણ અમને એવું તો કહ્યું જ નહીં કે અમે સમાજ ઘડીએ છીએ. નક્કી શિક્ષકો Modest હોવા જોઈએ, બાકી જે લોકો દેશ ઘડતા હોય એમને સમાજની ખબર ન હોય એવું તો ન બને.

આપણી નિશાળને ખબર તો હશે ને કે હવે આપણે પણ ડૉક્ટર, એન્જિનિયર કે બહુ મોટા માણસ બની ગયા છીએ. નિશાળ આપણા ઉપર ગૌરવ લેતી હશે ને! તો આપણે કેમ નિશાળ ઉપર ગૌરવ

નથી લેતાં? કદાચ નિશાળે જ આપણને લેવાનું નહીં, હંમેશાં આપવાનું શીખવાડ્યું છે.

દફ્તરના આગળના ખાનામાં નિશાળે જે થોડી ઘણી સંવેદનાઓ આપી હતી એ હજુ સુધી સાચવીને રાખી છે, બાકી આજના જમાનામાં માણસાઈ કેટલી બધી મોંઘી થઈ ગઈ છે? તાત્કાલિક મળે છે પણ ક્યાં? બુકિંગ કરાવવું પડે છે.

ફરી પાછા એ દિવસોની સાક્ષીએ મારી નિશાળે જે શીખવેલું, એને જ જીવવાનો પ્રયત્ન કરું છું કે બધાં લોકો સારા છે. કોઈ ખરાબ છે જ નહીં. દરેક જણમાં ઈશ્વર છે એની જાણ ભલે દરેક જણને ન હોય, જેને ગંદકી કરવી છે એને કરવા દો ને. એમનામાં રહેલો ઈશ્વર એમને માફ કરે, કારણ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરે છે?

મારો ઈશ્વર આજે પણ શાળાનો ગણવેશ પહેરીને પ્રથમ બાંકડે બેસે છે. મારા ઈશ્વરને આજે પણ શિક્ષણપ્રથામાં વિશ્વાસ છે. મારા ઈશ્વરને આજે પણ શ્રદ્ધા છે કે સમાજ સારો બનશે. કારણ કે, આવું બધું જો હું કે મારો ઈશ્વર કે મારી નિશાળ નહીં વિચારે તો વિચારશે કોણ? At the end of the day, મારાથી જ તો સમાજ બને છે.

– (મારામાં રહેલી શ્રી દક્ષિણામૂર્તિમાંથી)



તું મને ગમે છે

નોટબુકના છેલ્લા પાના ઉપર એક હૃદય દોરવાનું. એ હૃદયને વીંધીને પસાર થતું એક તીર. એ તીરથી વીંધાયેલા હૃદયની ડાબી બાજુએ આપણા નામનો પહેલો અક્ષર લખવાનો. જમણી બાજુએ ક્લાસરૂમમાં આપણને ગમતી પ્રિય વ્યક્તિના નામનો પહેલો અક્ષર.

નોટબુકનું આ છેલ્લું પાનું, આપણી બાજુમાં બેઠેલા મિત્રને દેખાય એમ નોટબુક ખુલ્લી રાખવાની. આપણો મિત્ર એ હૃદયને જોઈને આપણને, પેલી ગમતી વ્યક્તિ જોડે ચીઢવે એટલે આપણું આખું બાળપણ જાણે સંકેલાઈને, એ એક આનંદની ક્ષણમાં પરોવાઈ જતું. એ ગમતી વ્યક્તિ વિષે વિચારીને, આપણી સાથે આપણું બાળપણ પણ શરમાઈ જતું.

નાના હતા ત્યારે નાક હજુ બરાબર ઊગ્યું નહોતું એટલે કપાઈ જવાનો ડર પણ નહોતો. નફ્ફટ બનીને, ચાલુ વર્ગખંડે, શિક્ષક જેવા બૉર્ડ ઉપર લખવા પીઠ ફેરવે કે તરત જ નજર ફેરવીને આપણે પેલી ગમતી વ્યક્તિને જોઈ લેતાં.

લગ્ન એટલે શું? fortunately, ત્યારે ખબર નહોતી. પ્રેમ કોને કહેવાય? એવી એક પણ વ્યાખ્યા ગણિત-વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાં હતી નહિ. એ સમયમાં એક જ વાત સમજાતીઃ ગમવું. પ્રેમ અને લગ્ન જેવી વસ્તુઓ પણ આ દુનિયા ઉપર હોય છે, એવી જાણ તો બહુ મોડી થઈ. પહેલાં તો ફક્ત ગમવું જ સમજાતું હો પ્રભુ! આમ પણ લગ્ન કહો કે પ્રેમ, દરેક સગપણની શરૂઆત અંતે તો ગમવાથી જ થાય છે.

છ માસિક પરીક્ષા આવતી હોય, હોમવર્ક બાકી હોય કે ક્લાસરૂમમાંથી શિક્ષક બહાર કાઢી મૂકે, તો પણ નિખાલસપણે એટલું તો કબૂલી જ શકતા કે એ મને ગમે છે. કોઈ વ્યક્તિ આપણને ગમે અથવા આપણે કોઈને ગમીએ, એ માટે સફળ થવું જરૂરી નથી. એ બાળપણમાં સમજાઈ તો ગયું પણ પરીક્ષામાં એવું પૂછવાના નહોતા એટલે ગોખેલું નહિ. એટલે જ મોટા થઈને એ વાત સાલી ભુલાઈ ગઈ. પાઠ્યપુસ્તકમાં લખેલું હોત તો તો ચોક્કસ યાદ હોત!

ગમવું શબ્દ ફક્ત વર્તમાનકાળ લઈને આવે છે. એનો ભૂતકાળ પણ ન હોય અને ભવિષ્યકાળ પણ નહિ. ગમવું કદાચ પ્રેમ કે લગ્નમાં ન પરિણમે, તો પણ એ તો ગમતું જ રહેવાનું.

નિશાળ ન હોત તો શિક્ષણની વાત તો જવા દો, એકબીજાને ગમવાનું કોણ શીખવાડત?

'તું મને ગમે છે' એવું વ્યાકરણ જ આપણે નિશાળમાંથી શીખ્યા.

પેલું પ્રિય પાત્ર આપણને જેટલું ગમતું, એટલો જ આપણી સાથે આપણી બાજુમાં માથામાં અઢળક તેલ નાંખીને, શાળાનો ગણવેશ પહેરીને બેઠેલો, most unromantic લાગતો આપણો મિત્ર પણ ગમતો.

ત્યારે આપણી અને આપણા મિત્રની વચ્ચે અહંકાર બેસી શકે, શાળાની બેંચ ઉપર એટલી જગ્યા પણ નહોતી. એટલે આપણી મિત્રતામાં અહંકાર બિચારો નડતો નહિ. એ છેલ્લા બાંકડા ઉપર જ બેસતો.

ત્યારે 'romance' શું એની જાણ નહોતી, છતાં પણ પેલી પ્રિય વ્યક્તિ આપણને ગમતી. એના family back ground કે cast વિષે કોઈ જ જાણકારી હતી નહિ, છતાં પણ એ વ્યક્તિ ગમતી. કદાચ વાત કરવા ન પણ મળે, છતાં પણ એ વ્યક્તિ ગમતી. બ્લેકબોર્ડના ડાબા ખૂણા પર તારીખ લખેલું વાંચી શકતા પણ date કોને કહેવાય? એવી જાણ નહોતી છતાં પણ એ વ્યક્તિ આપણને ગમતી.

કોઈ વ્યક્તિને ચાહવા માટેની કોઈ પૂર્વ શરતો હોતી નથી, એવું પાઠ્યપુસ્તકમાં લખેલું નહિ છતાં પણ નિશાળમાંથી એ વાત શીખવા મળી.

કોઈ વ્યક્તિને 'તું મને ગમે છે' એવું કહેવા માટે, application form ભરવાનું હોતું નથી. કોઈને ચાહવા માટે નિયમો પાળવાના હોતા નથી. કોઈ શું કામ ગમે છે? એના વિષે કોઈ જ thesis કે

dissertation બનાવવાનું હોતું નથી.

કોઈને ચાહવા માટેનું user's manual હોતું નથી. કોઈ વ્યક્તિને ગમાડતા પહેલાં, એ વ્યક્તિની consent કે permission પણ લેવાની હોતી નથી. કોઈને ચાહવાની expiry date પણ ક્યાં હોય છે?

કોઈને ગમાડવા માટે merit listમાં first આવવું કે કોઈને impress કરવા પણ જરૂરી નથી. કોઈ વ્યક્તિને ચાહવા માટે કોઈ season નથી હોતી, કોઈ reason પણ નથી હોતું. ચાહવાની મોસમ તો બારે માસ હોય છે. ન હોય તો, ચાલો ને એવું કાંઈક કરીએ કે આપણે એકબીજાને ગમીએ.

મને ગમતાં મિત્રો અને ગમતી વ્યક્તિઓ સાથે હું શાળાનો ક્લાસરૂમ share કરતો, એટલે મને નિશાળ વધારે ગમતી. એવી જ રીતે મારું કુટુંબ, મારો સમાજ, મારો દેશ મને ગમે છે, કારણ કે એ બધું હું તમારી સાથે share કરું છું. તમે મને ગમો છો.

– (મને ગમતી દક્ષિણામૂર્તિમાંથી)



એક ઉદાર શિક્ષકની ઉદાર વાતો, મારા સાહેબની વાતો

દક્ષિણામૂર્તિ નામની નિશાળ, આમ તો એને સંસ્કારોની ટંકશાળ કહું તો પણ ચાલે. ધોરણ 9 ઈનો વર્ગખંડ. ગુજરાતી વિષયનો પિરિયડ અને શિક્ષકઃ વિક્રમ ભટ્ટ. ધોરણ 8 ઈમાં વિક્રમ સર અમને અંગ્રેજી ભણાવતા. ધોરણ 9માં તેમને ગુજરાતી ભણાવવાનું આવ્યું. સાચું કહું તો ત્યારે ભાષા ગમતી નહિ, કારણ કે ભાષામાં માર્ક્સ ન આવે ને એટલે! પણ મને ત્યારે ખબર નહિ કે એક શિક્ષકનો ભાષા પ્રેમ, મારો ભાષા તરફનો અભિગમ બદલી નાખશે. વિક્રમ ભટ્ટ આજે પણ શિક્ષક છે, કારણ કે 'શિક્ષક હતાં' એવું ગુજરાતી વ્યાકરણ જ ખોટું છે. 'શિક્ષક હતાં' ક્યારેય ગુજરાતીમાં આવે જ નહિ, 'શિક્ષક છે' એવું જ આવે. નિવૃત્ત હોય તો શું? શિક્ષક તો કાયમ શિક્ષક જ રહે.

વિક્રમ સર લગભગ ક્યારેય હાથમાં પાઠ્યપુસ્તક લઈને આવતા નહિ. કદાચ એમને પાઠ્યપુસ્તકની જરૂર જ નહોતી. વિક્રમ સરે એ ગુજરાતી ભાષાના પિરિયડમાં જે સૌથી પહેલી વાત કહેલી, એ વાત આજીવન યાદ રહેશે. તેમણે એક ચિત્ર વિષે વાત કહેલી, જે ચિત્ર તેમણે જોયેલું. તેઓએ કહ્યું, 'એક સુંદર મજાનું ચિત્ર. એ ચિત્રમાં બે ઊડતી ચકલીઓ. એ ચકલીઓની નીચેનું લખાણ THEY CAN BECAUSE THEY THINK THEY CAN' (તેઓ ઊડી શકે છે કેમ કે તેઓ એવું વિચારે/માને છે કે તેઓ ઊડી શકે છે.)

એ ચકલીઓને ઊડતા કોણે શીખવ્યું? એની તો મને ખબર નથી, પણ એટલી ખબર છે કે એ 35 મિનિટમાં વિક્રમ ભટ્ટ નામની સંસ્થાએ મને ઊડવાનું શીખવાડી દીધું. કમનસીબે કેટલાક શિક્ષકો એ 35 મિનિટમાં ન તો વર્ગખંડની બહાર જઈ શકે છે, ન તો પાઠ્યપુસ્તકની બહાર. પણ દક્ષિણામૂર્તિ જેવી નિશાળના આ શિક્ષકે એ 35 મિનિટમાં મને આકાશમાં મૂકી દીધો કે, 'લે, ખોલ પાંખ અને ઊડ, આ આકાશ તારું જ છે.'

આ એ જ માણસ જેમણે મને ગુજરાતી ભાષા તરફ વાળ્યો. 'પકડો કલમને કોઈ પળે એમ પણ બને, કે આ હાથ આખે આખો બળે એમ પણ બને" સ્વ. શ્રી મનોજ ખંડેરિયાના આ શબ્દો સૌ પ્રથમ મારા કાનમાં નાખનાર, કોઈ કવિ નહિ, એક શિક્ષક હતાઃ વિક્રમ ભટ્ટ.

ભર ચોમાસે મૂશળધાર વરસાદમાં એક વાર હું ઊભો ઊભો વરસાદ જોતો'તો. વિક્રમ સરે આવીને મારો હાથ પકડ્યો અને મને કહે, 'ચાલ, નિમિત્ત. વરસાદ જોવાનો ન હોય. એમાં ભીંજાવાનું હોય. ચાલ પલળવા જઈએ.' મારા માટે તો આને જ શિક્ષક કહેવાય જે વરસાદ બતાવે, ભણાવે કે સંભળાવે નહિ, સીધો વરસાદ સમજાવે. આમ પણ વિક્રમ સર હાથ પકડે ત્યાં જ પલળી જવાય, પછી કંઈ ભીંજાવાનું બાકી ન હોય.

વિક્રમ ભટ્ટ હંમેશાં કહેતા આવ્યા છે 'વિદ્યાર્થીઓની અપૂર્ણતાને ચાહો' (love their incompleteness). કોઈ વિદ્યાર્થી ભૂલ કરે તો એ વિક્રમ સરને ગમતું. તેઓ વિદ્યાર્થીની ભૂલોને પણ પ્રેમ કરતાં, વિદ્યાર્થી જેટલો જ. હવે ખબર પડી દક્ષિણામૂર્તિમાં ભૂલો કરવાની કેમ બહુ મજા આવતી. 'કોઈ વિદ્યાર્થી પર ગુસ્સે થવાથી કે તેને મારવાથી કશો ફેર પડવાનો નથી' એવું ફક્ત વિક્રમ સર જ નહિ, આખું દક્ષિણામૂર્તિ માનતું. મૂછાળી માના સંસ્કારો આજે પણ ભાવનગર શહેરના પરિમલ વિસ્તારમાં ભાવનગરની આબરૂ વધારે છે.

ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહમાં જે સમયે હું થાકી હારીને મેદાન છોડી ચૂક્યો હતો, drop લેવાની વાત પણ કરેલી. મને નિષ્ફળતાનો ડર હતો. ત્યારે વિક્રમ સરે મારા માથે હાથ મૂકીને મને કહેલું, 'નિમિત્ત, નાપાસ થવા માટે તારે બહુ મહેનત કરવી પડશે.'

'દરેક વિદ્યાર્થીને નાપાસ થવાનો પણ અધિકાર છે.' એવા તેમના એક વાક્યએ મારો ફક્ત અભિગમ

જ નહિ, મારી આખી જિંદગી બદલી નાંખી. નિષ્ફળતાને સ્વીકારવાની તૈયારી સાથે મેં ધોરણ 12ની પરીક્ષા આપી અને પછી મારા જીવનનો ઇતિહાસ રચાયો, દક્ષિણામૂર્તિના એક ઉદાર શિક્ષક દ્વારા.

'દરેક વિદ્યાર્થીને નાપાસ થવાનો પણ અધિકાર છે.' તેમની આ વાત હજુ સુધી મેં સૂરજને કરેલી નથી કેમ કે સૂરજ આ વાતને seriously લઈ લે, તો ખરેખર આવતી કાલ સવારથી એ ઊગવાનું બંધ કરી દે. દરરોજ સવારે આકાશમાં ઊગવાનું સૂરજ માટે પણ ફરજિયાત ન જ હોઈ શકે. દરેક સૂરજને દક્ષિણામૂર્તિ જેવું આકાશ નથી મળતું કે જેમાં ઊગવાનું સૂરજને પણ ગૌરવ થાય. દરેક પંખીને વિક્રમ ભટ્ટ જેવી પાંખો નથી મળતી, જે તેને ઊડતા કરી શકે. દક્ષિણામૂર્તિ એ ફક્ત પાંખો જ નહિ, આંખો પણ આપી છે આકાશને જોવા માટે કે Sky is the limit.

વિક્રમ સર એટલે એક એવા શિક્ષક જેમને મેળવવા માટે આવનારા સમયમાં વિદ્યાર્થીઓએ મોળાકત કે જયાપાર્વતીના વ્રત કરવા પડશે. એક એવા શિક્ષક કે જેમનો એક સ્પર્શ મેળવવા માટે નિશાળનું બ્લેકબોર્ડ માનતા રાખશે. એક એવા શિક્ષક જેઓ સામે આવે તો એવું લાગે કે ચશ્માં પહેરીને આપણું ઘર જ નિશાળમાં આવ્યું. એક એવા શિક્ષક જેઓ માથા પર હાથ ફેરવે તો એવું લાગે કે શિક્ષકની ચામડીમાં મમ્મીના હાથ જેવો સ્પર્શ.

લુપ્ત થઈ જતી શિક્ષક નામની પ્રજાતિમાંના એક એવા શિક્ષક જેમની હાજરીથી વર્ગખંડનો દરેક વિદ્યાર્થી કંકુવર્ણો બની જતો. શ્રી વિક્રમ ભટ્ટ એટલે માણસની માટી દ્વારા નિર્જીવ બ્લેકબોર્ડમાંથી નીકળતી ચંદનની સુવાસ. બ્લેકબોર્ડ સાથે ચોક ઘસાય અને જીન પ્રગટ થાય, એ જીન એટલે વિક્રમ ભટ્ટ.

દક્ષિણામૂર્તિમાં વિદ્યાર્થીઓની કેળવણીના ખોદકામ વખતે જડી આવેલો ખજાનો એટલે વિક્રમ ભટ્ટ. વિક્રમ ભટ્ટ એટલે નિશાળના દરેક પિરિયડમાં મોરપીંછ બનીને ગાલને અડતી કવિતા. ભાષાના તકિયા પર માથું રાખીને સૂતા હોઈએ ત્યારે વ્યાકરણ નામની ચાદર ઓઢાડી જાય એ શિક્ષક એટલે વિક્રમ ભટ્ટ. વિક્રમ સર જેવા શિક્ષકોને museumમાં રાખવા જોઈએ.

ભાવનગર જેવા શહેરના રૂપાણી વિસ્તારમાં, 'રેવા' નામના ઘરમાં, વિક્રમ ભટ્ટ જેવા શિક્ષકમાં, આજે પણ દક્ષિણામૂર્તિ નામની સંસ્થા અકબંધ સચવાઈને પડેલી છે. એ વાતનું ફક્ત મને કે દક્ષિણામૂર્તિને જ નહિ, ભાવનગરને ગૌરવ છે.

આ તો આજ સવારે એક વૃક્ષને ફળ આવેલું જોઈને, એક નાના છોકરાએ એને પથ્થર માર્યો અને તરત જ ફળ નીચે પડ્યું. છોકરો ખુશ થયો અને છોકરાને ખુશ જોઈને પેલું વૃક્ષ ખડખડાટ હસી પડ્યું. એક બાળકની ખુશી જોઈને ખુશ થનારા પેલા વૃક્ષને જોયું એટલે ફરી પાછું દક્ષિણામૂર્તિ યાદ આવ્યું. શ્રી દક્ષિણામૂર્તિ. અમે તો શાળાના નામને પણ શ્રી લગાડીએ. અમારા માટે તો શ્રી ગણેશ અને શ્રી દક્ષિણામૂર્તિ બંને સરખા.



વચ્ચે નિશાળનો દરવાજો

યુનિફૉર્મના ખાલી ખિસ્સા અને મિત્રો સાથેના ભરચક દિવસો. વહેલી સવાર જેવું તાજું બાળપણ અને શિયાળામાં સવારના તડકાની જે હૂંફ લાગે, એવી જ લાગતી નિશાળ. રોજ સવારે સાઇકલ ઉપર ઘરેથી નિશાળ સુધી લઈ જઈ શકાય એટલા હળવા સપનાંઓ. સાઇકલની પાછળની સીટમાં દફ્તરની સાથે જ ભરાવી શકાય એટલી જવાબદારીઓ.

ખૂબ જ સહેલાઈથી જોડાઈ જતી હથેળીઓ અને સૂરની પરવા કર્યા વગર ગવાતી પ્રાર્થના. ન મંદિર જવાની માથાકૂટ, ન પ્રસાદ લેવાની કોઈ ઘેલછા. બસ, આંખો બંધ થાય એટલે ઈશ્વર સાથે private conversation શરૂ થઈ જતું.

ખુલ્લા બાળપણ જેવું જ નિશાળનું ખુલ્લું મેદાન અને સાવ ખુલ્લા મેદાનને સતત cover કરતાં છથી સાત ખુલ્લા દિલના મિત્રો. કાંડા ઉપર કોઈ જ wrist watch નહિ અને છતાં સમય મુઠ્ઠીમાં. Unlimited સપનાંઓ જોવાની ખુલ્લી છૂટ અને એ પૂરા કરવાની જવાબદારી વગર. 'મોટા થઈને ડૉક્ટર બનવાનું' એવી કોઈ જ terms & conditions નહિ.

બાળપણ સિવાય એક પણ વસ્તુ સાચવવાની જવાબદારી નહિ. જાહેરમાં રડવાની છૂટ મળે એટલી બધી luxury. આંસુઓ મન ફાવે ત્યારે આવે અને જાય. એમને સંતાડવાની કોઈ જવાબદારી નહિ. મિત્રો સાથે થતી ખુલ્લી હથેળીઓ જેવી વાતો. બોલતા પહેલાં કશું જ વિચારવાનું નહિ અને વિચારવું પડે એવું કાંઈ બોલવાનું જ નહિ.

નિશાળના દરવાજાની બહાર 50 પૈસામાં મળતી પેપ્સી કોલા અને એ પેપ્સી કોલામાં wrap કરેલી અઢળક ખુશીઓ. નિશાળના દરવાજાની બહાર અનેક મીઠાઈઓ વેચાતી અને નિશાળના દરવાજાની અંદર એ જ બધી મીઠાઈઓ વહેંચાતી.

'રિસેસ' એટલે યુનિફૉર્મમાં શિસ્તબદ્ધ બેઠેલી જાતને મુક્ત કરવાનો સમય. મુઠ્ઠીઓ વાળીને એકબીજા પાછળ દોડવાની luxury એટલે રિસેસ.

યુનિફૉર્મ પરના ડાઘ દિવસ આખ્ખાની ઉજાણીની સાબિતી આપતા હોય. સૂરજ આથમે ને તોય સાંજ પૂરી ન થાય. સાંજનો બૅલ વાગે અને આપણી સાથે જ છૂટતી નિશાળ. દફ્તરમાં મૂકીને ઘરે લઈ જવાનું મન થાય એવી નિશાળ. પણ એ બધું જ નિશાળના દરવાજાની પેલે પાર.

આ બાજુ મુઠ્ઠીભર જીવ, વેઢે ગણાય એટલી સંવેદનાઓ, રણ જેવી સુક્કી ભઠ્ઠ લાગણીઓની આસપાસ પરાણે વીંટળાયેલા મૃગજળ જેવા સંબંધો અને દુનિયા આખીની વેદના.

પેલે પાર કોઈ ઋષિમુનિ રોજ ઉપદેશ આપે, પેલે પાર રોજ કોઈ સાધુ જીવનનો પાઠ ભણાવે, પેલે પાર કોઈ ઈશ્વરનો duplicate રોજ મારા હાલચાલ પૂછે, પેલે પાર ઓલો વર્ગખંડનો બાંકડો ચુપચાપ મારાં આંસુઓ લૂછે. પેલે પાર સાવ ખાલી ખિસ્સામાં છલોછલ ઉમળકો લઈને અમે થપ્પો રમતા. પેલે પાર કોઈ જ કારણ વગર અમે એકમેકને ગમતા. ટટ્ટાર ઊભા રહેવાનું અને તોય પાછા બધાને નમતા. પેલે પાર ખુલ્લું આકાશ રોજ સવારે વર્ગખંડની બારીમાંથી અંદર આવતું. પેલે પાર કોઈ હાથમાં બગીચો લઈને અમારી સાથે સાથે ચાલતું. પેલે પાર ખુશ થઈએ ત્યારે ઉગામતા અમે હથેળીઓ. કાગળના ડુચ્ચા જેવી વાતમાં અમે હસી હસીને એકબીજાને આપતા તાળીઓ. પેલે પાર મોટા થઈને કંઈક બનવાની વાત હતી. પેલે પાર અમને જાણ પણ નહોતી કે અમને જિંદગી નામની ઘાત હતી.

આ બાજુ અમે એટલા મોટા થયા કે નિશાળના દરવાજામાં પણ ન સમાયા. કોરા કાગળ જેવા વ્યવહારોમાં અમે હાંસિયા પાડ્યા. દફ્તરના ભારથી મજબૂત થયેલા ખભાઓએ કેટલાય ભાર ઉપાડ્યા. સૂરજ તો હજુ ઊગે છે પણ ક્યારેક સવાર પડતી નથી. નિશાળમાં ગાયેલી પ્રાર્થના મને ક્યાંય જડતી નથી. બરછટ થયેલી ચામડી ઉપર હવે કોઈ પણ સંવેદના ક્યાં અડે છે? છાનામાના ભાગી તો

જઈએ પણ હવે ક્યાં કોઈ હેડ માસ્તર કાન પકડે છે? આ બાજુ કોઈને કાંઈ પડી નથી. માણસમાંથી આખેઆખો માણસ નીકળી જાય, કોઈને પડી નથી. પાડોશીના ઘરમાં રોજ રાતે કોઈના ડૂસકાં સંભળાય, કોઈને પડી નથી. આ બાજુ આંખ સામે બધું જ બન્યા કરે ને તોય આંખો ખૂલે નહિ. એવું રોજ બન્યા કરે કે ઊડવાનું તો આવડી જાય પણ પાંખો ખૂલે નહિ. આ બાજુ કેવા કેવા જાદુઓ થાય. દફ્તરમાં પડ્યો પડ્યો આપણો ભૂતકાળ સોનેરી થઈ જાય. પેલો વર્ગખંડ યાદ આવે ત્યારે આંખોમાં ચોમાસું ઉભરાય.

પેલે પાર અમારું બધું જ અને અમે એમાંથી બાકાત. આ બાજુ, ફક્ત અમે અને અમારી જાત. પેલે પાર સંભળાય છે હજુ મને મારા જ ગીત, મારી જ પ્રાર્થના અને મારા જ અવાજો. આ બાજુ ઊભો છું હું અને વચ્ચે નિશાળનો દરવાજો.



નિશાળનું બ્લેકબોર્ડ

કાળા રંગના આકાશમાં સફેદ તારાઓ વડે લખવાની કલ્પના એટલે નિશાળનું બ્લેકબોર્ડ. જે લંબચોરસ કાળા પાટિયામાં આખું બાળપણ વિસ્તારથી લખી શકાય, એ પાટિયું એટલે નિશાળનું બ્લેકબોર્ડ. જીવતી જાગતી નિશાળને જીવંત રાખતું, નિશાળનું સૌથી સુંદર અને અવિભાજ્ય અંગ એટલે નિશાળનું બ્લેકબોર્ડ.

નિશાળનો સૌથી ધનાઢ્ય કહી શકાય એવો હિસ્સો એટલે નિશાળનું બ્લેકબોર્ડ, જ્યાં બાળવાર્તાઓ રહેતી હોય, જ્યાં શિક્ષકના એક ઇશારે શિક્ષકના પાળેલા દાખલાઓ અને ઉદાહરણો પુસ્તકમાંથી બહાર નીકળી છાનામાના બોર્ડ ઉપર ગોઠવાઈ જાય, જ્યાં વિદ્યાર્થીઓની ઊડતી કલ્પના જેવી કવિતાઓ શિક્ષકના ચોકમાંથી જન્મે, જ્યાં એક શિક્ષકની ઉદારતાનું રોજ વિમોચન થાય, જ્યાં એક મોર દોરીએ અને આખા વર્ગખંડમાં ટહુકો સંભળાય, જ્યાં ખૂણામાં દોરેલી ચકલીઓ રોજ સવારે ગીતો ગાય, જ્યાં ચોકથી લખેલા અક્ષરો ગુલમહોર બની જાય અને જ્યાં કાળો રંગ ઉત્સવની જેમ ઉજવાય.

બ્લેકબોર્ડની ઉંમર ક્યારેય વધતી નથી. તેને કાયમ યુવાન રહેવાનું વરદાન મળેલું છે. કાયમ જેની સામે અને સાથે વિદ્યાર્થીઓ હોય તેની ઉંમર ક્યારેય વધે નહિ. શિક્ષકનો એક સુંવાળો સ્પર્શ, બ્લેકબોર્ડના ચહેરા પરની કરચલીઓને ઓગાળવા માટે પૂરતો છે.

બ્લેકબોર્ડના કપાળ ઉપર લખેલો સુવિચાર, વિદ્યાર્થીઓને મમ્મીના કપાળ ઉપર થયેલા ચાંદલા જેવો લાગે. બોર્ડ ઉપર જાણે ઓમ લખીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ રોજ હાજરી પુરાવે. બ્લેકબોર્ડ એટલે એવું જાદુગર કે જ્યાં તારીખ રોજ બદલાય પણ સવાર નહીં. વિદ્યાર્થીઓ પોતાના સૂર્યનમસ્કાર નિશાળના બ્લેકબોર્ડને જોઈને કરતા હોય છે, કારણ કે વિદ્યાર્થી અવસ્થામાં રોજ સવારે સૂરજ ઊગવાનું સ્થળ તો બ્લેકબોર્ડ જ હોય છે. બાળકને મમ્મીના ચહેરા પછી સૌથી વધારે જો કોઈનો ચહેરો યાદ રહેતો હોય છે, તો એ છે નિશાળનું બ્લેકબોર્ડ.

બાળપણમાંથી ભવિષ્ય તરફ લઈ જતો દરેક રસ્તો, બ્લેકબોર્ડ ઉપર થઈને પસાર થાય છે. બોર્ડ ઉપર ચોકથી લખતી વખતે, ચોક ઘસવાથી થતો અવાજ અને ચોકમાંથી ખરતી સફેદ ક્ષણો, આજે પણ આપણી સાથે છે. ભીના ચોકથી લખાયા બાદ, બોર્ડ ઉપર ઉપસેલા સફેદ અક્ષરો કદાચ બોર્ડ ઉપરથી ભૂંસી શકાય પણ હૃદયના એક ખૂણામાં એ અક્ષરો આજે પણ અકબંધ છે.



રિસેસ

ગોઠણ ઉપર થયેલા ઉઝરડાઓને ઠંડી ઠંડી ફૂંક મારતો સમય એટલે રિસેસ. યુનિફૉર્મમાં શિસ્તબદ્ધ થઈને બેઠેલી જાતને, મુક્ત કરવાનો સમય એટલે રિસેસ. ઘરેથી લંચબૉક્સમાં લાવેલી ગરમાગરમ લાગણીઓને આપણા ટપોરી મિત્રો સાથે વહેંચવાનો સમય એટલે રિસેસ.

રિસેસ એટલે નિશાળ જેવા સ્વર્ગમાં આવતો ઇન્ટરવલ. ઘરેથી પહેરીને આવેલા કડક ઇસ્ત્રીદાર યુનિફૉર્મને મિત્રોની હથેળીઓ કરચલીઓથી શણગારે. શાળાનો ગણવેશ જો બહુ ભાગ્યશાળી હોય તો, નીરસ સફેદ કલર ઉપર મિત્રોની યાદોના રંગબેરંગી ડાઘાઓ પણ લેતો આવે. નિશાળના ફળિયાની ધૂળ રિસેસ પછી આપણા યુનિફૉર્મની સાથે ચોંટીને, રિસેસ પછીના બધા પિરિયડ ભણે. આપણા ઘરેથી આવેલા નાસ્તાના ડાઘા આપણા સૌથી પ્રિય મિત્રનાં કપડાં ઉપર હોય અને એ વાતનું આપણને ગૌરવ પણ હોય.

માથા ઉપર ટપલી મારીને દોડી જતાં સમયની જેમ આપણે પણ કોઈ એક ગમતાં મિત્રના માથા ઉપર ટપલી મારીને દોડી જતાં, એ વિશ્વાસ અને આશા સાથે કે એ મિત્ર આપણને પકડવા ચોક્કસ આવશે. નિશાળના મેદાનની ફરતે અપેક્ષાઓના સ્પીડબ્રેકર કોઈએ મુકાવેલા નહિ એટલે ત્યારે પગ કાબૂમાં રહેતા નહીં. ખુલ્લી હથેળીઓ રાખીને નિશાળની જમીન ઉપર પડતાં, જાણે થાકીને મમ્મીના ખોળામાં સૂઈ ગયા હોઈએ. આ ઘટના સોનેરી ત્યારે બની જતી જ્યારે આપણી ઉપર આપણો મિત્ર પણ પડતો. ઊભા થવાની કશી જ ઉતાવળ વિના આપણે થોડા સમય સુધી નિશાળની માટીની સુગંધ આપણા શ્વાસમાં ભરી રાખતાં. મિત્રની સામું જોઈને ખુલ્લા આકાશની સાક્ષીએ દિલ ખોલીને હસતાં. એ હાસ્ય આપણે રિસેસ પછી પણ આપણી સાથે વર્ગખંડમાં લઈ જતાં. રિસેસ પૂરો થયાનો બેલ વાગે તેમ છતાં પણ એ હાસ્ય આપણે ક્યાંય છુપાવી શકતા નહીં. રિસેસમાં અનાયાસે મળેલું એ હાસ્ય નિશાળે આપેલું બોનસ હતું. સ્વર્ગમાં જવાની લાલચ અપાય એ તો સમજી શકાય, પણ સ્વર્ગમાં ગયા પછી incentives મળે એ તો નિશાળ ગયા પછી જ ખબર પડી.

નિશાળના દરવાજાની બહાર મળતી પેપ્સી કોલામાં રંગબેરંગી ખુશીઓ પ્લાસ્ટિકના કવરમાં wrap થઈને મળતી. દરેક આંગળીમાં એક એક ભૂંગળું ભરાવીને રિસેસે અમને જલસા કરાવેલા. નિશાળના દરવાજાની બહાર મળતી વસ્તુઓ ખાવાની મનાઈ હોવા છતાં, મંદિરની બહારનો પ્રસાદ તો મીઠો જ હોય એમ માનીને ખાઈ લેતા. મિત્રોએ રિસેસમાં કીધેલા જોક્સ, ખિસ્સામાં નાંખીને વર્ગખંડમાં જઈને વાગોળતા. એ જોક્સ યાદ કરીને ચાલુ ક્લાસે હસવું આવી જતું. દરેક રિસેસમાં પાડેલા કોઈ ને કોઈ મિત્રોના નવા નામ, મિત્રોની સાથે જ વર્ગખંડમાં અદશ્ય થઈ જતાં.

નિશાળના યુરિનલની દીવાલો ઉપર લખાયેલી અભિવ્યક્તિઓ, કેટલાય દિવસો સુધી યાદ રહેતી. બ્લેકબોર્ડ ઉપરનું લખાણ વાંચવામાં જેટલું ધ્યાન આપતા, એટલું જ ધ્યાન યુરિનલની દીવાલો ઉપર લખાયેલા સુવિચારો વાંચવામાં. બાળપણ જાણે બે કાંઠાઓ વચ્ચે વહેતું હતું, નિશાળ નામની નદી ઉપર. ન તરવાની કોઈ અપેક્ષા, ન નદી પાર કરવાની કોઈ જવાબદારી. નિશાળ હોય પછી ડૂબવાનો તો પ્રશ્ન જ ક્યાં ?

રિસેસે ઘણું બધું આપ્યું. નિશાળના સોનેરી સમયનો ફોટો પાડીને રાખીએ તો રિસેસને સૌથી પહેલા ટૅગ કરવી પડે. નિશાળે ગેરહાજર રહ્યાનો વસવસો સૌથી વધારે રિસેસના સમયે થાય. એમ થતું કે ખાલી રિસેસ માણવા નિશાળે જતાં આવીએ.

સાંકળથી બાંધીને રાખવા જેવો એ સમય હતો.

નિશાળની કાંકરીઓથી હથેળીઓ ઉપર પડેલા ઉઝરડાઓ આજે પણ સાચવીને રાખ્યા છે. ભાઈબંધની વૉટરબૅગમાંથી પાણી લઈને ધોઈ નાંખેલા લોહીના ડાઘાઓ આજે પણ યાદ છે.

મારું અને મારી નિશાળનું બ્લડગ્રુપ એક જ હતું. એટલે રિસેસમાં રમતી વખતે થયેલી ઈજાઓથી ગુમાવેલું લોહી, નિશાળના હળવા સ્પર્શથી ફરી પાછું મળી જતું. આમ જુઓ તો નિશાળની સાથે લોહીનો સંબંધ.



હોમવર્ક

પ્રિય શિક્ષકો,

ઘરે જઈને વરસાદમાં પલળવા નીકળવાનું, રસ્તા ઉપર ભરાઈ જતાં પાણીમાંથી છાંટા ઊડે તેમ સાઇકલ ચલાવવાની, છાપામાંથી હોડીઓ બનાવી પાણીમાં તરતી મૂકવાની... બસ, મને આવું હોમવર્ક આપજો. મારે છત્રી નથી ભણવી, મારે આકાશ વાંચવું છે. આભમાંથી પડતા વરસાદને ડાબા ખિસ્સામાં ઝીલતા આવજો અને છાતી ઉપર ગુલાબ ખીલવતા આવજો, મને આવું હોમવર્ક આપજો.

મને એવું હોમવર્ક આપજો કે પતંગિયાંને પકડી, એના રંગોની છાપ તમારા આંગળા પર લેતા આવજો.

મારે કોઈ આંકડો ઘૂંટવો નથી, મારે તો આંકડો લખવો છે. ભીની માટીમાં આંગળીઓ ફેરવી મારે કક્કો-બારાખડી લખવા છે. માટીના ઢગલામાંથી ઘર બનાવજો, બસ મને એવું હોમવર્ક આપજો. મને infection લાગશે એવી શક્યતા ભણવી નથી, મને ભીની માટી સાથે રહેવાના ફાયદાઓ ભણવા છે. સાચા જવાબની ચિંતા વગર, તાળો મેળવવાની જવાબદારી વગર, મને જેવા આવડે એવા દાખલાઓ ગણવા છે. પેલા બગીચામાં કેટલાં વૃક્ષ છે? એ ગણતા આવજો. બસ, મને એવું હોમવર્ક આપજો.

ફુવારામાંથી પાણી નીકળે કે પાણીના ફુવારા થાય? પાણીનો કલર બદલાય તો પણ કેમ એક જ રંગના ગારા થાય? પપ્પાના ખભા ઉપર બેસીને, બગીચાનો એક રાઉન્ડ મારજો. બસ, મને એવું હોમવર્ક આપજો.

સાબુના પાણીવાળા હાથ કરી, બે હાથની વચ્ચે ફૂંક મારીને ફુગ્ગા બનાવજો. મને એવું હોમવર્ક આપજો. મુઠ્ઠીઓ વાળીને પકડીએ તોય પાણી કેમ ના પકડી શકાય? શું પાણીની અંદર તાળીઓ પાડી શકાય? ફૂલોને disturb કર્યા વગર, દફ્તરમાં ઝાકળ ભરીને લાવજો. મને એવું હોમવર્ક આપજો.

વારંવાર પાણીમાં પલળે તો શું પેલા ઝાડનો પણ રંગ ઊતરે? મોરના ટહુકાઓની જાણ પેલા વાદળને કોણ કરે? નોટબુકમાં સાચવીને એક મોરપીંછ લેતા આવજો, મને એવું હોમવર્ક આપજો.

કાચબા અને સસલાની વાર્તામાં કેમ હંમેશાં કાચબો જીતે? સસલાએ પણ અંતર કાપ્યું, ભલે ને એની રીતે. કોઈ થાકે અને થોડો આરામ કરે તો આટલો બધો હોબાળો કેમ? પહેલા પહોંચવાની દોડમાં આખું જીવતર હોમાતું જાય કેમ? હરીફાઈનો બોજ કોઈ ઝાડની ડાળીએ લટકાવીને, એ જ ઝાડની છાંય તળે બેસીને, ઠંડા પવનની સાથે, બાજુમાં એક ખિસકોલી રાખીને, બાળપણનો એક ફોટો પડાવતા આવજો. મને એવું હોમવર્ક આપજો.

મારે પપ્પા સાથે થોડું રમવું છે. બીજા કોઈને નહીં, મારે મારી જાતને ગમવું છે. હું નિશાળમાં ગેરહાજર હોઉં તો મારી રજાચિઠ્ઠી પપ્પા લખે. એક વાર મારે પપ્પાની રજાચિઠ્ઠી લખવી છે કે પપ્પા ઑફિસે નહીં આવી શકે. સોમવારે નિશાળે આવો, ત્યારે ફરી પાછો રવિવાર લેતા આવજો. મને એવું હોમવર્ક આપજો.

દાદા-દાદી આખો દિવસ મારી સાથે હોય. મારી સાથે થપ્પો રમે, એમને દેખાય નહીં તોય. હું વારે વારે સંતાઈ જાઉં અને તેઓ મને પકડે. વારા-ફરતી બંને જણાં, મારી સાથે મારા બાળપણને પણ અડકે. દફ્તરમાં રોજ સવારે દાદા-દાદી પણ લેતા આવજો. મને એવું હોમવર્ક આપજો.

મમ્મીની વાર્તામાં રાજકુમાર આવે અને પપ્પાની વાર્તામાં પરી. દાદાની વાર્તામાં રાવણ આવે અને દાદીની વાર્તામાં શબરી. રામજી હંમેશાં જીત્યા કરે ને રાવણને થાય શિક્ષા. રામજીને ચાખેલા બોર મળે તો સીતાજીને કેમ અગ્નિપરીક્ષા? જાવ, રામજીની અગ્નિપરીક્ષા કરતા આવજો. મને એવું હોમવર્ક આપજો.

◙

Well played

આ એ દિવસોની વાત છે, જ્યારે શર્ટને કૉલર અને પૅન્ટને ખિસ્સા નહોતા. ભર બપોરે ચાંદનીમાં જ્યારે મેદાન બોલાવતું હોય ત્યારે sophistication જેવા શબ્દો અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં બંધ કરીને, જૂના બેટ પર MRFનું નવું સ્ટીકર લગાડીને, ભારત માતાને આપણી જરૂર છે એવું માની મેદાનમાં ઊતરી પડતા.

મિત્રના ખભા પર હાથ મૂકી, કોઈ ગંભીર વાત કહેવાની હોય એમ થોડું senti થઈને આપણે routinely કહેતા 'મને ઑપનિંગમાં જવા દે યાર.' તે સમયે ન તો girl friend હતી, ન તો સ્માર્ટ ફોન, ન તો હૉન્ડા સિટી. ત્યારે ફક્ત extra cover અને mid off વચ્ચેનો ગૅપ દેખાતો. મૅચ ન હોય તો 'નંબરિયા' પાડવાના! આપણી પીઠ પાછળ કોઈ બે વાર હાથ ફેરવે અને પૂછે 'કોણ?' એ સ્પર્શમાં કશું જ romanticism ન હોવા છતાં, એ સ્પર્શ કાયમ ગમતો અને હંમેશાં ગમશે. બપોરની ચાંદનીમાં પાછળ ઊભેલા મિત્રને આપણા પડછાયામાં થોડી વાર ઊભા રહ્યાનું સુખ અને આપણને સુખ એ દિલાસાનું કે ઈશ્વરે ફક્ત પીઠ નથી આપી, પીઠબળ પણ આપ્યું છે.

પછી life ધીરે ધીરે uncover થઈ અને cover-extra cover બંને ધોવાઈ ગયા. 'fine leg' ફક્ત હિન્દી moveisમાં જોવા મળતા. પછી ફક્ત પીઠ રહી, પીઠબળ નહિ. રોજ સવારે ઊઠીને સામે આવતી જવાબદારીઓને 'leg glance' કરવામાં straight drive ભુલાતી ગઈ.

કશુંક મેળવવાની ઝંખનામાં ઘણુંય દોડવા છતાં પણ running between the wicket નબળું પડવા લાગ્યું. ગામના અને ફક્ત કામના જ call receive કરવામાં, nonstrike end પર રહેલા મિત્રોના call miss થઈ ગયા. જૂના મિત્રોની exit પછી હવે મેદાનના ખાલીપાનો ભાર લઈને આપણે ફરીએ છીએ. સાવ સફેદ sidescreen જેવી આંખોમાં હવે cricket ballની sizeના ફક્ત રંગીન સપનાંઓ આવે છે. સામે વાળાની wicket પડે, એ મિત્રોને ગળે મળવાનું સૌથી મોટું બહાનું હતું. આજે ફક્ત બહાના રહ્યા છે. નથી wicket પડતી કે નથી મિત્રોને ગળે મળાતું.

બાઉન્ડ્રી પર બેઠા બેઠા, હાથમાં રહેલા પથ્થર વડે જમીન ઉપર એક મનગમતું નામ લખતા અને મિત્રો એ જુએ તે પહેલા જ ભૂંસી નાંખતા. એ જમીન ખોવાણી, એ નામ ખોવાયું અને સાથે સાથે ચહેરા ઉપર આવતી મુસ્કાન ખોવાણી.

50 રન થાય ત્યારે બેટ ઊંચું કરવાનો આનંદ હજી પણ અકબંધ છે. બસ, હવે આસપાસમાં કોઈ કહેવા વાળું નથી કે well played.



દીકરી

એક સવારે ઘરના સરનામે એક કંકોત્રી મળે, કંકોત્રીમાં સમજણના સાથિયા, મંદિરની આરતી અને શંખનાદની સાથે મળે: ઈશ્વરે સાચવીને મોકલેલા આશીર્વાદ. વારંવાર વાંચી કંકોત્રી અમે બધાએ દઈને ધ્યાન, અવિનાશી અક્ષરોમાં લખેલું કે આજે ઈશ્વર કન્યાદાન કરે છે.

દીકરી એટલે ઈશ્વરે આપણને કરેલું કન્યાદાન.

એક લીલા પાનની અપેક્ષા હોય, પરંતુ આખી વસંત ઘરે આવે એ દીકરી.

દીકરી એટલે માત્ર ઘરમાં જ નહિ... હોઠ, હૈયે અને શ્વાસમાં રહેલી વસંત. દીકરી એટલે ખિસ્સામાં રાખેલું ચોમાસું. દીકરી એટલે ઈશ્વરના આશીર્વાદ નહીં, દીકરી એટલે આશીર્વાદમાં મળેલા ઈશ્વર.

બોલતા આવડે એ પહેલાં બધું જ ઇશારામાં સમજાવે અને બોલતા આવડી જાય પછી બધું ઇશારામાં સમજાવી દે એટલે દીકરી. સમજણની summary એટલે દીકરી. ઈશ્વર સુધી પહોંચવા માટે તત્કાલમાં કરાવેલું reservation એટલે દીકરી. મંદિર સુધી લઈ જતો ટૂંકામાં ટૂંકો રસ્તો એટલે દીકરી. વર્ષો પહેલા સમજણ નામનું કોઈ બીજ રોપ્યું હોય અને એમાંથી વૃક્ષ થાય, એ વૃક્ષનું નામ દીકરી. વૃક્ષની વાત છોડો, ડાબા ખિસ્સામાં વસંત રાખ્યાનો અહેસાસ થાય એ અહેસાસનું નામ દીકરી. દીકરી આંસુઓ લૂછે ત્યારે સાલું એવું લાગે કે ચોમાસું રૂમાલ લઈને આવે!



દીકરી નિશાળે જાય છે

મમ્મીના વ્હાલની ઇસ્ત્રી કરીને, પપ્પાની શિસ્ત જેવો કડક યુનિફૉર્મ પહેરીને, પોતાની ચોટલીમાં આખી સવાર પરોવીને દીકરી નિશાળે જાય છે.

દાદાના ડહાપણ જેવી નોટબુકને દાદીની વ્હાલપનું પૂઠું ચઢાવીને, સફેદ સ્ટીકર ઉપર પોતાની સાથે પપ્પાના નામને ચોંટાડી, એ શણગારેલી નોટબુકને દફતરમાં મૂકે છે. નોટબુકનું એ સ્ટીકર, દીકરી કરતા પપ્પાને વધુ વ્હાલું છે; કારણ કે દીકરીનું નામ હજી સુધી પપ્પાના નામ સાથે જોડાયેલું છે. સ્ટીકર ઉપર રહેલી ધોરણ નામની ખાલી જગ્યા પૂરતી વખતે પપ્પાની આંખો ભરાઈ જાય છે. સ્ટીકર ઉપર રહેલી એક ખાલી જગ્યા, દીકરીના પપ્પાને સતત અહેસાસ કરાવતી જાય છે કે દીકરી હવે મોટી થતી જાય છે. સ્ટીકર ઉપરની ખાલી જગ્યા તો પૂરી નાંખીએ, પણ દીકરી વગરની ખાલી જગ્યા?

દીકરીને હવે પેન્સિલની અણી કાઢતા આવડી ગઈ છે. દીકરીનો સંચો ફક્ત પેન્સિલને જ નહિ, ભૂતકાળને પણ ધારદાર બનાવે છે. દીકરી પ્રેમથી વારંવાર કંપાસ ખોલે ત્યારે પપ્પાને એમ થાય, દીકરીના કંપાસમાં પપ્પા કેમ ન સમાય?

કંપાસ, નોટબુક, લંચબૉક્સ દરેક વસ્તુ યાદ કરી, દફતરમાં મૂકીને દીકરી નિશાળે જાય છે ને તોય રોજ ખાલીપો તો ઘરે જ ભૂલી જાય છે. દફતર ઊંચકવા માટે રોજ સવારે પપ્પાનો ખભો ઉધાર લઈને દીકરી નિશાળે જાય છે.

મમ્મી સાથે રોજ સવારે આખું રસોડું વહેલું જાગે. મમ્મી રોજ સવારે જેટલું આવ્યું હોય એટલું બધું વ્હાલ નાસ્તો બનાવવામાં વાપરી નાંખે. જ્યારે દીકરીનો લંચબૉક્સ ભરાય, મમ્મી ત્યારે હળવી થાય. નાસ્તો ગમે તે હોય, દીકરી જ્યારે પણ લંચબૉક્સ ખોલે, તેને તો ફક્ત નાસ્તામાં મમ્મી જ દેખાય. નાસ્તાના બહાને મમ્મી લંચબૉક્સમાં રોજ થોડું ગળપણ મોકલે, બસ એવી જ રીતે અનાયાસે એ લંચબૉક્સમાં મમ્મી નામનું વળગણ મોકલે. નાસ્તો કરીને મોઢું લૂછવા માટે દીકરી મમ્મીની સાડીનો છેડો લઈ જાય છે. નિશાળના પહેલા બાંકડે પાથરવા માટે મમ્મીનો ખોળો ઉધાર લઈને દીકરી નિશાળે જાય છે.

દીકરીને ગઈ રાતે કહેલી વાર્તાઓનો સાર કહેવાનો હજુ બાકી હતો. દીકરીને ઘર તો સમજાવી દીધું પણ એને સંસાર કહેવાનો હજુ બાકી હતો. રોજ સવારે જમીન પર પડેલાં રમકડાં સાથે પપ્પા વાતો કરે અને બધાં રમકડાં પપ્પા વ્હાલથી ઉપાડે. દીકરી નિશાળે જાય પછી આવી રીતે પપ્પા મનમાં રોજ એક નવી દીકરી ઉગાડે. દરરોજ એવું થાય કે સવાર વહેલી પડે અને નિરાંત લેતી જાય, પપ્પાને વ્હાલ કરવા માટે દીકરી પણ નિશાળે પપ્પાની આખી જાત લેતી જાય. પપ્પાએ કબાટમાં સાચવેલી સમજણને હળવેથી દફતરમાં મૂકીને દીકરી નિશાળે જાય છે.

મમ્મી-પપ્પા વાંકા વળી, દીકરીને બૂટ પહેરાવે. બૂટના બહાને મમ્મી-પપ્પા પોતાના ઈશ્વરને માથું નમાવે. દીકરી જેવા ઈશ્વર કે ઈશ્વર જેવી દીકરી, મમ્મી-પપ્પાને બંને ફાવે. દીકરીના પગની ચોકીદારી કરવા બૂટની સાથે પપ્પા પોતાની હથેળીઓ ચોંટાડે. દફતરના આગળના ખિસ્સામાં પપ્પાનાં ટેરવાંનો સ્પર્શ મૂકીને દીકરી નિશાળે જાય છે.

દીકરીના યુનિફૉર્મ ઉપર સેફ્ટી પીન ભરાવી, મમ્મી ટીંગાડે વ્હાલ. નિશાળે આંખોમાં આંસુઓ લૂંછવા મમ્મી થઈ જાય રૂમાલ. ગળામાં I-Card અને તેમાં પપ્પાનું નામ હોય. દીકરી વારંવાર પપ્પાના નામને અડકે, એક પપ્પા માટે આનાથી વધારે બીજું તો શું ઇનામ હોય? દીકરીની સ્કૂલબસ આવે ને પપ્પાની આંખોમાં ચોમાસું લાવે. દીકરી નિશાળે જાય ત્યારે પપ્પા તો વાદળું થઈ જાય છે. આખું ઘર ભીંજાય છે, દીકરી નિશાળે જાય છે.

◙

મમ્મી, હું તમારી દીકરી બોલું છું

મમ્મી, સંભળાય છે તમને? આ ગર્ભમાં આજુબાજુ એટલું બધું amniotic fluid છે કે નૅટવર્ક નથી આવતું. પણ તોય મારી વાત તમે સાંભળશો એવી મને ખાતરી છે, કારણ કે તમે મારા મમ્મી છો. આ દુનિયામાં મોકલતા પહેલાં ઈશ્વરે મને કાનમાં કહેલું, 'આ દુનિયાનો હવે ભરોસો નથી. દીકરી સાસરેથી પાછી આવે, એમ તને પણ કદાચ મારી પાસે પાછા આવવું પડશે.' મમ્મી... મારી દુનિયા તો તમે છો, તો તમે તો આવું નહિ જ કરો ને! મમ્મી મને રોજ નવું નવું કંઈક ઊગે છે. ક્યારેક હાથ તો ક્યારેક પગ તો ક્યારેક માથું. મમ્મી, મારી જાતને બનતી જોવાનો આનંદ હું કોની સાથે share કરું?

મમ્મી, તમે મને હિંચકો નાંખશો ને? મમ્મી, ગર્ભમાં તો બધે અંધારું છે. મને કશું જ દેખાતું નથી. હું બહાર આવીશ પછી મને સવાર બતાવશો ને? મમ્મી, મારે તમારો ચહેરો જોવો છે. ઈશ્વરે મને કહેલું કે તમે એના જેવા જ લાગો છો. મમ્મી, તમે મને રમાડશો ને?

મમ્મી, તમે પપ્પાની તો મને ઓળખાણ કરાવો. હું તો એમને ઓળખતી જ નથી. મમ્મી, હું તમારા ઘરે આવવાની છું તો પપ્પા પણ ખુશ છે ને? પપ્પાને નહિ ગમે એવી વાત હું ક્યારેય નહીં કરું.

મમ્મી, મારે તમારો દીકરો નથી બનવું. મારે ફક્ત તમારી દીકરી જ રહેવું છે. એ વાત પપ્પાને ગમશે ને?

મમ્મી, તમે મને એ તો કહો કે કાકા, કાકી, ફઈ, ફુઆ મારા વિષે શું વિચારે છે? બધાં ખુશ તો છે ને?

મમ્મી, તમારા ઘરમાં હું ફક્ત એક ઘોડિયા જેટલી જગ્યા રોકીશ. મમ્મી, તમારા ઘરમાં એટલી જગ્યા તો છે ને? મમ્મી, હું તમને રાતે ક્યારેય જગાડીશ નહિ. ખોટો કજિયો કરીને તમને ક્યારેય હેરાન નહિ કરું. હું ક્યારે મોટી થઈ જઈશ એ તમને ખબર પણ નહિ પડવા દઉં. તમે મને મોટી તો થવા દેશો ને?

મમ્મી, મારે પણ નિશાળે જવું છે. મારે પણ ભણવું છે. મમ્મી, હું ભણીશ તો પપ્પાને ગમશે ને? મમ્મી, હું મારા મિત્રો પાસેથી પાઠ્યપુસ્તક લઈને વાંચીશ. તમને ખોટા ખર્ચા નહિ કરાવું. મમ્મી, મારી school fees પપ્પા આપશે ને?

મમ્મી, બહાર નીકળીને સૌથી પહેલાં મારે પપ્પાને મળવું છે. મને મળવા પપ્પા આવશે ને? પપ્પા મારી રાહ તો જુએ છે ને?

મમ્મી, અહીંયા એકલું એકલું ગમતું નથી. કોની સાથે વાતો કરું? જ્યારે તમે સોનોગ્રાફીનો probe તમારા પેટ પર મુકાવો છો, ત્યારે મને એમ થાય છે કે એ microphoneમાંથી મારો અવાજ તમારા સુધી પહોંચશે.

મમ્મી, સોનોગ્રાફી તમે કેમ કરાવો છો? તમારી દીકરી મજામાં છે એ જોવા માટે જ ને? કે પછી એ જોવા માટે કે તમારે દીકરી છે!

મમ્મી, સોનોગ્રાફી પછી ધીમા અવાજે પપ્પા પેલા ડૉક્ટર અંકલને પૂછતાં તો નથી ને... 'શું લાગે છે?'

મમ્મી, ડૉક્ટર અંકલ તો જવાબ નહીં આપી શકે (હવે તો કાયદો છે). પપ્પાને કહેજો એમને દીકરી આવવાની છે. ત્યારે મારે પપ્પાના expressions જોવા છે. પપ્પા મારું નામ શું રાખશે? એમને કહેજો મારે પપ્પાની ભાષા બનવું છે. મેં પાડેલું મારું નામ તમને બધાંને ગમશે ને?

મમ્મી, મારા ભીના diaper તમે નહીં બદલો તો એ ભીનાશ મને ચાલશે, પણ તમારી કે પપ્પાની કોરી કટ્ટ આંખો મારાથી નહીં જોવાય.

મમ્મી, ઈશ્વરે મને કહેલું કે તારા પપ્પા બહુ ભાગ્યશાળી છે, કેમ કે એને તારા જેવી દીકરી મળશે.

પણ મમ્મી આ વાતની પપ્પાને તો ખબર નથી. તેઓ આ વાત સ્વીકારશે ને?

મમ્મી, મારી કેટલી બધી બહેનપણીઓ અહીંયા પાછી આવી છે, એમની મમ્મીનો ચહેરો જોયા વગર જ. તમે તો મને પાછી નહીં મોકલો ને?

મમ્મી, હું કાંઈ મારી મેળે આવી નથી. મને તો ઈશ્વરે મોકલી છે. તમે લોકો ઈશ્વરને તો ઓળખો છો ને મમ્મી? ઈશ્વરે મને કહેલું કે મને કંઈ પણ તકલીફ ન થાય એટલે ઈશ્વર તમને ભલામણ કરશે. તમને ઈશ્વરનો ફોન તો આવ્યો જ હશે ને? મમ્મી, તમારે ઈશ્વર સાથે હજુ પણ સારા સંબંધ છે ને?

મારી પાસે ફક્ત એક ઈશ્વરનો referance છે. બીજા કોઈને હું ઓળખતી નથી. મમ્મી, ઈશ્વરની ભલામણ પૂરતી તો છે ને? પપ્પા તો ઓળખતા હશે ને એમને?

મમ્મી, તમને મારું વજન તો નથી લાગતું ને? મમ્મી, તમને પગે સોજા તો નથી આવતા ને? મમ્મી, મારા લીધે તમારે આરામ તો નથી કરવો પડતો ને? મમ્મી, મારા કારણે તમારે નવ મહિના મોટું પેટ લઈને ફરવું પડશે. પપ્પાને એ ગમશે ને? પપ્પાને શરમ તો નહીં આવે ને?

મમ્મી, હું સ્વર્ગમાં કહીને આવી છું કે મારાં મમ્મી-પપ્પા best છે. તમે મને ખોટી તો નહીં પાડો ને?

મમ્મી, હું તમને લાત પણ નહીં મારું. મને ખબર છે હું એક દીકરી છું. મમ્મી, તમને તકલીફ થતી હશે તો હું પડખું પણ નહીં ફરું!

મમ્મી, મારી બક બક સાંભળીને તમે થાકી ગયા હશો.

જતાં જતાં તમારા કાનમાં એક અંગત વાત કહું. મને promise આપો કે તમે પપ્પાને નહીં કહો. તમે કોઈને કહેતા નહીં. તમને મારા સમ છે.

તમને એટલું જ કહેવું છે મમ્મી, મારે જીવવું છે. મને જિવાડશો ને?



એકલતાની મોસમ

એવું ક્યારેક જ બને કે સૂરજ ઊગી જાય પણ સવાર પડી ન હોય. ઘરની બારીમાંથી ફક્ત તડકો અંદર આવે, સવાર નહીં. આળસ ખંખેરીને ઘર ઊભું થાય. ઘરનો ખાલીપો સવારથી વહેલો ઊઠી શિસ્તબદ્ધ રીતે આખા ઘરમાં પથરાયેલો હોય. કોઈનું સ્મરણ ઘરની આબોહવામાં ભેજની જેમ ભળેલું હોય અને ઘરને સતત ભીંજવતું હોય. કોઈનો પણ અવાજ સંભળાય નહીં. જેની વાતો સાંભળીને ઘરની દીવાલોને ટટ્ટાર ઊભા રહેવાનું બળ મળતું. એના અવાજના ભૂખમરાથી દીવાલો એટલી સ્તબ્ધ છે કે એના મોઢામાંથી પડઘા સુદ્ધાં નીકળતા નથી.

ઘડિયાળના કાંટાનો અવાજ ખાલી ઘરમાં, કોઈ જ રોકટોક વગર બિન્દાસ રીતે ફરે છે અને તોય સમય ફરતો નથી. ઘરનાં બધાં બારી-બારણાં ખોલી નાંખીએ તોય સમય જતો જ નથી.

ઘરમાં આટલા બધા ભરચક લોકો છે તોય એક પણ જણ ઘરની નજરમાં નથી. સવાર-સાંજ ઘરની સાથે સંતાકૂકડી રમતી દીકરી આજકાલ ઘરમાં નથી. આજકાલ દીકરી ઘરમાં નથી.

વ્હાલનો એવો તો દુકાળ પડ્યો છે કે ઘરમાં આનંદની એક ક્ષણ ઊગી શકે એવી પણ શક્યતા નથી. ઘરના આગળના ભાગમાં નિરાશ થઈને નિસાસો નાંખતું ફળિયું પડ્યું છે. ફળિયામાં રમવાની જીદ કોઈ કરતું નથી. મમ્મીના ચપ્પલ પહેરીને ઉદારતાથી વ્હાલ વેરતું ફળિયામાં કેમ કોઈ ફરતું નથી?

આજકાલ એકલતાની મોસમ છે. આજકાલ આખું ઘર દીકરીએ આપેલી યાદોને હવાલે છે. ઘર ગણો કે જિંદગી, બધું જ દીકરીના સંભારણા ઉપર ચાલે છે. દીકરીએ કરેલી પપ્પીઓ હજુ પણ ઘરના ગાલ ઉપર અકબંધ છે. દીકરીના દફ્તરમાંથી નોટબુક કાઢીને ઘર, દીકરીના અક્ષરો પર હાથ ફેરવે. દીકરીની યાદની ઈંટો બનાવી ઘર આખી ઇમારત ચણે છે, કૅલેન્ડરને રોજ સવારે વ્હાલથી પંપાળી ઘર હવે દીકરી પાછી આવવાના દિવસો ગણે છે.



દીકરીનું માગું

સવારમાં ઘરનો ટેલિફોન રણક્યો. પપ્પાએ આંખો ચોળીને, ગઈ રાતે જોયેલાં સપનાંઓને પાંપણો પરથી ખંખેરીને ટેલિફોન તરફ પ્રયાણ કર્યું. આખી રાત જાણે ઘરના ટેલિફોને ગીત ગાવાનો રિયાઝ કર્યો હોય એમ અચાનક ફોનની રિંગનો અવાજ આજે મધુર લાગવા લાગ્યો. પપ્પાએ ફોન ઉપાડ્યો અને સામેવાળાની વાત સાંભળીને પપ્પા ફોનને વ્હાલ કરવા લાગ્યા. વાત કરતા કરતા, હળવેથી પપ્પાએ ફોનને ખોળામાં લીધો અને કોઈ નવા દત્તક લીધેલા બાળકની જેમ તેને પંપાળવા લાગ્યા. એક દીકરી પછી આજે પપ્પાએ ફોનને એટલો લાડકો કર્યો જાણે કે આ ફોન એમનું બીજું સંતાન હોય.

વાત પૂરી થઈ એટલે પપ્પાએ ફોન મૂક્યો. પપ્પા ડગલું ભરે એ પહેલા હરખ ભરેલો પપ્પાનો અવાજ રસોડા સુધી પહોંચી ગયો, 'સાંભળો છો, દીકરી માટે માગું આવ્યું છે.'

ગુલાબ તોડવા માટે કોઈ માળીનું માગું આવે ત્યારે ગુલાબનો છોડ એ વિચારીને રાજી થાય છે કે સુગંધના બજારમાં હવે આપણું પણ નામ લેવાય છે. ગુલાબને સંપૂર્ણ ખીલતા જોવાનો આનંદ હોય ત્યારે ડાળીને, એના અળગા થવાના સમયે થતી પીડાનો અહેસાસ પણ ના હોય.

જે સાઇકલ ઉપર પપ્પા દીકરીને બેસાડીને, દીકરીની પાછળ પાછળ દોડતા, એ જ સાઇકલ ઉપર બેસીને પપ્પાનો સમય એટલો બધો આગળ નીકળી ગયો કે કળીમાંથી ક્યારે ગુલાબ થયું એની પપ્પાને જાણ પણ ના થઈ.

વર્ષોથી પોતાની અંદર સાચવેલા એક નાનકડા બાળકને પપ્પાએ થોડી વાર માટે પોતાની જાતમાંથી બહાર રમવાની છૂટ આપી. પોતે ઘરના ફળિયામાં આવેલા હિંચકા ઉપર બેસી, દીકરીની જેમ જ પોતે મોટા મોટા હિંચકા ખાવા લાગ્યા. 'આજે ચામાં થોડી ખાંડ વધારે નાંખજો' કહીને પપ્પાએ સવારથી જ ગળપણ સાથેનું સગપણ નક્કી કરી નાંખ્યું. આ જ હિંચકા ઉપર બેસીને ગઈ કાલ સુધી દીકરી પોતાની પરીક્ષાની તૈયારી કરતી. દીકરીની પરીક્ષા પૂરી થઈ અને હવે પપ્પાની પરીક્ષાનો વારો આવ્યો. ઘોડિયાથી શરૂ થયેલી સફર ક્યારે હિંચકા સુધી પહોંચી ગયેલી, પપ્પાને એની જાણ પણ ન થઈ. હંમેશાં પપ્પાના ભારેખમ અવાજથી ટેવાયેલા ઘરને આજે ત્યારે surprize મળી જ્યારે પપ્પાએ ઝીણું ઝીણું ગાવાની શરૂઆત કરી.

દીકરીના ગૌરવમાં આજે પપ્પા વહેલા તૈયાર થઈ ગયા. પપ્પાએ પોતાના હરખથી ઘરને શણગારી દીધું. વર્ષોથી નાની નાની જવાબદારીઓ ચોકસાઈપૂર્વક નિભાવીને જાણે પપ્પા કોઈ મોટી જવાબદારી પૂરી કરવાનું rehearsal કરી રહ્યા હતા. વાત એમ નહોતી કે દીકરીને ઉતાવળે ઘરમાંથી વિદાય કરવાની હતી. વાત તો ફક્ત એટલી જ હતી કે આજે છેક પપ્પાને જાણ થઈ કે દીકરી મોટી થઈ ગઈ. પોતાના જ ઘરમાં પોતાની સાથે જ રહેતી હોવા છતાં પપ્પાને ક્યારેય જાણ નથી થતી કે દીકરી ક્યારે મોટી થઈ જાય છે? એ તો આવો એકાદ ફોન હંમેશાં પપ્પાને જાણ કરે છે.

ડાળીને ક્યારેય ગુલાબનું વજન લાગતું નથી. દીકરીની વિદાય પછી જે માણસે દીકરીના ખાલીપાનું વજન ઊંચકવાનું હોય, એ માણસને દીકરીનું વજન તો શું લાગવાનું?

પોતાના ઘરે રહેલો ઈશ્વરનો પ્રસાદ કયા ઘરે રવાના કરવો એ નિર્ણય પૂજારી નહીં, ઘરના પિતા નક્કી કરતા હોય છે. પોતાના ઉપર પ્રસન્ન થયેલા ઈશ્વરના આશીર્વાદ કોની સાથે વહેંચવા? એવી સૌથી મોટી જવાબદારી પપ્પા-મમ્મી ઉપર હોય છે.

એ ફક્ત દીકરીનું માગું નહોતું, એ એક અવસર હતો. વસંતને સરખા ભાગે વહેંચી લેવાની proposal.

વર્ષોથી ઘરમાં સુગંધ સાચવેલી હોય તો એ વાત વાતાવરણથી કેટલા દિવસ સુધી અજાણ રહી શકે? દીકરીનું માગું એટલે ઘરની સુગંધને સમાજ સુધી પહોંચાડવા માટે વાતાવરણે મોકલેલું હવાનું

પરબીડિયું.

દીકરીના જન્મ વખતે, દીકરીના જન્મના સમાચાર આપવા ખુલ્લા પગે દોડનારા દીકરીના પપ્પા, આજે ફરી પાછા જાતને ખુલ્લી મૂકીને એક એક ઘરે સમાચાર આપે છે કે દીકરી માટે માગું આવ્યું છે.

જે સૂરજના ઉદયથી પપ્પા-મમ્મીના જીવતરમાં સવાર પડી'તી, એ સૂરજને લાલ કિરણોની ચૂંદડી ઓઢાડીને સંધ્યા ટાણે આરતીમાં વાગે એવા નગારા વગાડી, ખુલ્લા આકાશની સાક્ષીએ અને ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને વિદાય કરવાની કલ્પના એટલે દીકરી માટે આવેલું માગું.

પપ્પા ફરી એક વાર પોતાનું બૅંક બૅલેન્સ ચેક કરે છે. જે વાત સાંભળીને પપ્પા પોતાની fixed deposit અને પોતાના PPFની રકમ ફરી પાછી વાગોળવા લાગે અને મમ્મી હળવેથી કબાટ ખોલી, સાચવેલા સોનાના દાગીના ગણવા લાગે, એ વાત એટલે દીકરીનું માગું.

દીકરીની ઉંમર વધતી હોવાનું પહેલું reminder એટલે દીકરીનું માગું.

"દીકરી ખાલી કરી નાંખો" એવી દીકરીના ઘરને અપાતી સૌ પ્રથમ નોટિસ એટલે દીકરી માટેનું માગું.

દરિયાદિલ પિતાના હૃદયમાં ભરતી આવવાની શરૂઆત થાય. ઝાડ ઉપર ચકલી માળો બાંધે એમ જ દીકરીના પપ્પાના ગળામાં ડૂમો બંધાવાની શરૂઆત થાય. સાંજ પડે ને કોઈ પંખી માળામાં પાછું ન આવે તો વૃક્ષની એ ડાળી પણ પંખીની યાદમાં થોડી નમી જતી હોય છે. દીકરીનું માગું આવે એટલે છાતીમાં ઝાડ લઈને ચાલતા પપ્પા, આખાય ઘરમાં વસંત પાથરવાની શરૂઆત કરે. પપ્પા બહાર લીલોતરી ઢોળતા જાય અને અંદર થોડું થોડું સુકાતા જાય.

પાનખર સાથે negotiation કરીને પપ્પા પોતાની ઉપર લીલા પાંદડા ફૅવિકોલથી ચોંટાડી રાખે.

દીકરીને સામેવાળા જોવા આવે એ પહેલા દીકરી સાથે વિતાવેલો ભવ્ય ભૂતકાળ પપ્પાને જોવા આવે. દીકરી સાથેના ભૂતકાળનું માગું પપ્પા માટે આવે. પપ્પા તો તરત જ દીકરી સાથે વિતાવેલા સમય જોડે સગપણ કરી લે. ભવિષ્યમાં જ્યારે પણ દીકરી જશે, ત્યારે પપ્પા ભૂતકાળ સાથે દીકરી દીકરી રમશે.

દીકરીનું માગું આવે એટલે પપ્પા ઘરની ધોળી દીવાલોની સાથે, પોતાના ધોળા વાળ ઉપર પણ કલર કરાવે. કોઈ ખાસ પ્રસંગ માટે સાચવેલાં કપડાં પહેરી, દીકરીનું સુગંધવાળું અત્તર છાંટીને, પપ્પા હાથમાં પંચાંગ લઈ, સારા ચોઘડિયાની તપાસ કરે.

પપ્પા પછી પપ્પા જેટલી જ જવાબદારી કોઈના ઉપર હોય તો એ છે દીકરીના જન્માક્ષર. પપ્પા-મમ્મી પોતાની દીકરીના સુખની ભલામણ જન્માક્ષરને કરે. દીકરીને જોવા આવે, તેની સાથે દીકરીના જન્માક્ષરને પણ જોવા આવે. મમ્મી દીકરીની સાથે દીકરીના જન્માક્ષરને પણ શણગારે.

પપ્પાને જેટલી ચિંતા એક દીકરીની હોય, એટલી જ ચિંતા દીકરીના જન્માક્ષરની પણ હોય!

દીકરીનું માગું આવે એટલે પપ્પાની સાથે, પપ્પાનો સમય પણ દોડવા લાગે. દીકરી મોટી થતી જાય અને પપ્પાનો દિવસ ટૂંકો થતો જાય.

દીકરીને જોવા આવે ત્યારે પપ્પા કોઈ વર્લ્ડ કપની ફાઇનલ મૅચના અમ્પાયર જેવા બની જાય.



એક દીકરી, એક પિતા અને એક થાંભલો

પ્રિય પપ્પા,

તમારા સુધી પહોંચ્યો હશે ત્યારે પણ આ કાગળ ભીનો જ હશે. અને કદાચ માંડ સુકાયો પણ હોય તો તમે જ્યારે વાંચશો ત્યારે આ કાગળ ફરીથી ભીંજાઈ જશે. આ કાગળને ખબર નથી કે તમારી આંખોમાં તમે વાદળ સંતાડેલા છે, જે એક દીકરીનો પત્ર વાંચીને મુશળધાર વરસી પડશે. પપ્પા, અત્યાર સુધી તમે મારા પર વરસેલા છો. હું સાસરે આવી પછી, હવે તમારી સાથે તમારી આંખો પણ વરસે છે. એની ભીનાશ મને અહીં સુધી અનુભવાય છે.

પપ્પા, તમને યાદ છે? કન્યાવિદાય વખતે તમને એક ફોન આવેલો. હજુ તો હું ગાડીમાં બેસું, એ પહેલાં જ તમે એક અગત્યનો ફોન છે એમ કરીને ત્યાંથી નીકળી ગયેલા અને ખૂણામાં રહેલા એક થાંભલાની પાછળ મોઢું ફેરવીને, ફોન પર વાત કરવા માંડેલા. પછી તો હું સાસરે આવી ગઈ, મનમાં સતત વિચારતી કે કન્યાવિદાય સમયે મારા પપ્પાને અગત્યનો ફોન કરનાર એ વ્યક્તિ કોણ હતી? મારા જ ઘરમાંથી ઉખેડીને જ્યારે કોઈ બીજા ઘરમાં મને પ્રત્યારોપિત કરવામાં આવતી હતી, ત્યારે તમે કોની સાથે વાતો કરતા હતા?

ભલું થયું એ થાંભલાનું જેણે મને હકીકત કહી. એ થાંભલાએ મને કહ્યું કે પપ્પા તમે કન્યાવિદાયના સમયે જ તમારા મોબાઇલ પર ફોન કરવાનું રાજેશકાકાને કહેલું. પહેલેથી જ તમારા મિત્ર, એટલે બરાબર કન્યાવિદાયના સમયે જ અંદર જઈને એમણે તમને ફોન કરેલો. ફોન ઉપાડીને તમે ખૂણામાં ગયેલા અને ફોન કટ કરી નાખ્યો.

પપ્પા, મને થાંભલાએ કહેલું કે તમે ફોનને silent mode પર કરીને ફોન કાન પાસે રાખ્યો, જેથી અમને લાગે તમે વાતો કરો છો. પછી પેલી બાજુ મોઢું ફેરવી એકલા એકલા ચોમાસું ખંખેરવા લાગ્યા. પપ્પા, તમારી આંખો તમારું કેટલું બધું માને છે? તમને એકાંત મળે ત્યારે જ તેઓ છાનુંમાનું વરસે છે. પપ્પા, લગ્નની શહેનાઈ અને ઢોલ-નગારા વચ્ચે પણ પેલા થાંભલાએ તમારાં ડૂસકાંઓ સાંભળ્યા. પપ્પા, તમે એકાંતમાં વહાવેલી નદીની વાત, જ્યારે થાંભલો મને કરતો હતો ત્યારે થાંભલાને પણ ડૂમો ભરાઈ આવ્યો.

પપ્પા, આટ-આટલા સગા-સંબંધીઓ હતાં. તમને કોઈ ન મળ્યું? મારા ગયા પછી તમે એક થાંભલાને વળગીને રડ્યા? થાંભલાની નજીકની જમીન પણ થાંભલાને કહેતી હતી કે દીકરીની વિદાય પછી, આવો ભારેખમ માણસ અચાનક કેમ હળવો થઈ ગ્યો? પપ્પા, મારું એટલું બધું વજન હતું?

પપ્પા, તમારાં ડૂસકાંઓ સાંભળીને એક થાંભલો પણ હલી ગયો. તમે થાંભલાને વળગી પડ્યા ત્યારે થાંભલાનો વિચાર કર્યો હતો? કેટલો લાચાર હશે એ થાંભલો? એક દીકરીનો બાપ, દીકરીના વિરહની વેદનામાં કોઈને ભેટી પડે અને એ બિચારો થાંભલો તમારા ખભ્ભે હાથ પણ મૂકી ન શકે. વૃક્ષ હોત તો કદાચ નમી પણ જાત તમને વળગી પડવા. થાંભલો તમને કેવી રીતે સાંત્વના આપે?

મને શાનથી મોટી કરી તમે અને ડગલે ને પગલે તમે મારો ટેકો બન્યા. મને અફસોસ નથી કે હું તમારો દીકરો ન બની શકી. મારે તમારી દીકરી જ રહેવું છે. અફસોસ ફક્ત એ વાતનો છે કે મને ટેકો આપનાર મારા પપ્પાને, મારા ગયા પછી એક થાંભલાના ટેકાની જરૂર પડી.

પપ્પા, મને આવી ખબર હોત તો મમ્મીને કહી દેત ને કે ઘરમાં એકાદ થાંભલો ઉગાડે.

પપ્પા, તમારી આંખોમાં પાણી આવી શકે ગમે ત્યારે. તો પછી તમારી દીકરી પણ તમારા ઘરે ગમે ત્યારે આવી શકે છે. પપ્પા, આ તમારી દીકરી પણ તમારી આંખોમાં આવતા પાણી જેવી જ છે. ગમે ત્યારે અચાનક આવી ચડીશ, તમને ખબર પણ નહીં પડવા દઉં અને તમને ભીંજવી દઈશ.

લિ. તમારી દીકરી
(અક્ષરો રેલાઈ ગયેલા હોય તો કાગળને પાંપણ
ફૂટી છે અને કાગળ પણ રડ્યો છે એવું માની લેજો.)



પપ્પાને પત્ર

પ્રિય પપ્પા,

મમ્મીને 'તું' કહીને બોલાવું છું, કારણ કે ઈશ્વરને પણ 'તું' કહીને બોલાવું છું. તમને તો 'તમે' જ કહીશ, કારણ કે 'તમે' બહુવચન છે. 'પપ્પા' પણ બહુવચન છે. જો એકવચન હોત તો આપણે પપ્પા નહીં, પપ્પો કહેતા હોત. આ દુનિયામાં આવ્યા પછી જે પહેલો પુરુષ મને મળ્યો એ તમે હતા. એટલે મારા જીવતરના વ્યાકરણમાં તો તમે હંમેશાં પહેલો પુરુષ બહુવચન જ રહેવાના.

પપ્પા, તમે ફક્ત એક જણ નથી. મારું મિત્ર વર્તુળ, મારો સમાજ, મારો દેશ અને મારું આખું વિશ્વ તમારામાં રહેલું છે. મારા વિશ્વની વસતી ગણતરી કરવા જાઉં તો ફક્ત પપ્પા નામના ગ્રહમાં મારું આખું universe આવી જાય. મમ્મીની વાત નથી કરતો, કારણ કે વસતી ગણતરીમાં આપણે ઈશ્વરની ગણતરી નથી કરતા. પપ્પા, તમારામાં આટલા બધાં લોકો રહેતા હોય તો તો પછી તમને 'તમે' જ કહેવું પડે ને!

મંદિર કોને કહેવાય? એ તો બહુ મોડી ખબર પડી. બાળપણમાં મને તો એમ જ હતું કે ઈશ્વર ફક્ત ઘરમાં જ રહે. મેં ભગવદ્‌ગીતા વાંચી નથી પણ તમને વાંચ્યા છે. જિંદગી કેમ જીવવી એવું તમે શીખવાડ્યું એટલે તમે જ મારો ધાર્મિક ગ્રંથ છો. સાચું કહું, આમ તો તમે જ મારો ધર્મ છો.

પપ્પા, હું તમારી દુનિયામાં આવ્યો, એની ઉજવણી તો તમે કરી લીધી મારા જન્મ વખતે. તમે મને મળ્યા એની ઉજવણી મારે કરવી છે. બાળપણમાં જન્મદિવસની ઉજવણી વખતે હું મીણબત્તી ઓલવીને કેક કાપતો ત્યારે તમે અને મમ્મી તાળીઓ પાડતાં. ત્યારે હું કેટલો નાદાન હતો? મને તો એ પણ ખબર નહોતી કે ઊજવવા જેવી ઘટના તો મારી બાજુમાં હતી. Actually, તે સમયે ફૂંક જન્મદિવસને મારવાની હતી અને ઉજવણી તમારી કરવાની હતી.

પપ્પા, મને જન્મ આપવાનું સુખ તમને મળ્યું નથી. એ Credit તો મમ્મી લઈ ગઈ. પણ એ એક 'પુણ્ય' ગુમાવવા છતાં, તમે કેટલું બધું Compensate કરી લીધું છે, એવી ઈશ્વરને ખબર પડી જાય તો મારા Next birth વખતે નક્કી તમે જ મને જન્મ આપશો. પપ્પા, તમે મને જન્મારો આપી શકો તો જન્મ કેમ નહિ?

પપ્પા, તમે ક્યારેય કહેતા નથી કે તમે કેટલો પ્રેમ કરો છો. તોય સાલી મને ખબર પડી જાય છે. પપ્પા, તમે ફોન ઉપર ફક્ત 'બે મિનિટ' વાત કરો છો, તો પણ એવું લાગે છે જાણે હું આજે પણ તમારા ખભા ઉપર બેસી તમને સાંભળુ છું.

પપ્પા, મેં અત્યાર સુધી ખૂબ જ સારી દુનિયા જોઈ છે, કારણ કે આ દુનિયા મેં તમારા ખભા ઉપર બેસીને જોઈ છે. તમે જે રીતે લોકોને જુઓ છો, એ જ દૃષ્ટિ તમે મને વારસામાં આપી છે. તમે આપેલી દૃષ્ટિમાં દૂર દૂર સુધી એક પણ ખરાબ જણ દેખાતું નથી. પપ્પા, આ દુનિયા સારી છે કારણ કે, તમે મને મારા પહેલા જન્મદિવસે ભેટમાં આપેલી દૃષ્ટિ પણ સારી છે. તમે જ કહો છો, જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ.

પપ્પા, મને એમ હતું કે મારા જીવનના કપરા સમયમાં તમે મારી સાથે ચાલશો, પણ તમે મારી સાથે ચાલ્યા નહીં. તમે તો મને ઊંચકીને એકલા જ ચાલ્યા.

આજે પણ તમારા પર મને એટલો જ વિશ્વાસ છે જેટલો નાનપણમાં હતો, જ્યારે તમે મને હવામાં ઉછાળતા અને હું નીચે આવું ત્યારે પકડી લેતાં. મને વિશ્વાસ છે કે તમે આજે પણ મને પડવા દેશો નહીં. કદાચ પડું પણ ખરો, તો મને પડ્યો રહેવા દેશો નહીં.

પપ્પા, તમે ઈશ્વર નથી, કારણ કે ઈશ્વર ક્યારેય દેખાતા નથી. પપ્પા, તમે ઈશ્વર નથી, કારણ કે ઈશ્વર હંમેશાં મારી દરેક ઇચ્છાઓ પૂરી નથી કરતા. ઈશ્વર ક્યારેય મારી બાજુમાં બેસીને મને

સમજાવતા નથી. મારા ખભા ઉપર હાથ રાખીને, 'હું તારી સાથે છું' એવું ઈશ્વર તો ક્યારેય બોલતા નથી. તો પછી તમે ઈશ્વર કેવી રીતે?

ઈશ્વરને રોજ મારી ચિંતા નથી થતી. ઈશ્વર તો મારી વાત ન સાંભળે, પણ તમે તો હંમેશાં મારી વાત સાંભળો છો. તો તમે ઈશ્વર કેવી રીતે?

હું બોલાવું, તો ઈશ્વર મંદિરમાં સાવ નવરા હોવા છતાં પણ મંદિર છોડીને મારી પાસે આવતા નથી. તમે તો ઑફિસનું આટલું કામ પડતું મૂકીને પણ મારી પાસે આવી જાવ છો. તો તમે ઈશ્વર કેવી રીતે?

પપ્પા, તમે ઈશ્વર નથી, કારણ કે ઈશ્વર તો સુખ અને દુ:ખ બંને આપે. તમે તો ફક્ત સુખ જ આપો છો.



પપ્પાને કરેલું hug

Unfortunately, ઈશ્વરની મૂર્તિને ફક્ત પગે લાગી શકાય છે. મંદિરમાં ઈશ્વરને hug કરવાની પરવાનગી નથી. Thank god, ઘરમાં પપ્પા છે.

પપ્પાને hug કરવાનાં કારણો ન હોય. પપ્પાને hug કરવાના પ્રસંગો હોય. પપ્પાને hug કરીએ એ ઘટના નથી. એ અવસર છે.

આ દુનિયાની સૌથી વાચાળ ક્ષણ એટલે પપ્પાને ભેટવું. પપ્પા ગળે મળે તો કેટલાય સવાલોના જવાબો આપમેળે મળી જાય. પપ્પાના શબ્દકોશમાં 'આઇ લવ યુ' શબ્દ ક્યારેય હોતો નથી, એટલે પપ્પાને એ બોલતા ફાવતું નથી. દીકરાના વખાણ કેમ કરવા? એવું મમ્મીએ પપ્પાને શીખવેલું નથી. પપ્પાને એ આવડતું નથી.

પપ્પા પાસે આંસુઓ તો હશે, કારણ કે દાદાના મૃત્યુ સમયે આંસુઓનું સૌથી વધારે દાન પપ્પાએ જ કરેલું. Overall આંસુઓની બાબતમાં પપ્પા કંજૂસ છે. પપ્પા રડતા હશે પણ કોરે કોરું.

એક પણ શબ્દ બોલ્યા વગર, કોઈ આખેઆખી ભગવદ્‌ગીતા સાંભળ્યાનો અનુભવ કરાવી શકે તો એ પપ્પાએ કરેલું hug છે. girl friendની સાથે પકડાઈ ગયા હોઈએ કે પરીક્ષામાં fail થયા હોઈએ. પપ્પાનું એક hug પૂરતું છે એ કહેવા માટે કે 'હું તારી સાથે છું'. પપ્પાની vocabulary મમ્મી જેટલી સારી નહીં એટલે 'beta, I am proud of you' એવું બોલવું પપ્પાને અઘરું લાગે. એના કરતાં એક hug શું ખોટું?

નિષ્ફળતાનું girl friend જેવું છે. આપણને એકલા જુએ ત્યારે જ આવે. એ આવશે ત્યારે સાલું કોઈ જોઈ જશે એનો ડર પણ લાગે રાખે. જ્યારથી પપ્પાને regularly hug કર્યું છે, નિષ્ફળતા આવી નથી અને એનો ડર પણ લાગતો નથી.

પપ્પાને hug કરવા માટે application નથી આપવી પડતી. મમ્મીના ખભા પર જેટલી સહજતાથી હાથ જાય, પપ્પાના ખભા પર એટલી સરળતાથી હાથ જતો નથી, કારણ કે પપ્પાના ખભા પર જગ્યા જ હોતી નથી. જવાબદારીઓથી ભરચક પપ્પાનો ખભો, કોની કોની માટે જગ્યા કરે? ultimately પપ્પાના ખભાના બે જ ઉપયોગ છે. નાના હોઈએ ત્યારે બાળપણ ટેકવવા અને મોટા થઈએ પછી જીવતર ટેકવવા.



પપ્પા વહેલા આવો ને!

પપ્પા, દિવસ આખાને ઑફિસમાં બંધ કરીને, જવાબદારીઓને તાળા મારીને, મારા માટે એક સાંજ ઊંચકીને લાવો ને... પપ્પા વહેલા આવો ને!

રોજ સવારે મારી બાજુના ઓશીકા ઉપર તમે તમારી અધકચરી ઊંઘ ભૂલીને જતા રહો. તમારી બાકી રહેલી ઊંઘ રોજ વહેલી સવારે મને વળગી જાય. મારા માટે જોયેલા ભારે ભરખમ સપનાંઓ તમે તમારી સાથે જ લેતા જાઓ છો. સવારે આંખો ખૂલે ત્યારે મારો હાથ તમારા ઓશીકા પર હોય. તમે મારી બાજુમાં જ સૂતા હતા એની શું ફક્ત એટલી જ સાબિતી હોય? હું તો પછી ઓશીકાના પપ્પા બનાવું અને મારી જાતને મનાવું. મારે ઓશીકાના પપ્પા નહીં, મારે પપ્પાનું ઓશીકું બનાવવું છે. Laptopને હળવેથી અળગું કરીને, તમે આવો ત્યારે મારા માટે તમારો ખોળો લાવો ને! પપ્પા વહેલા આવો ને!

પપ્પા, ડાબા ખિસ્સામાં વ્હાલ લાવજો અને જમણામાં થોડો સમય. ફક્ત આપણે બંને ચાલી શકીએ એવી એક ફૂટપાથ લાવજો. જે ફક્ત દીકરીને જ કહી શકાય એવી કેટલીક વાતો લાવજો. તમારા ખભેથી ઑફિસનું ટૅન્શન ઉતારીને મારે તમારા ખભે બેસવું છે. પેન્સિલ પકડીને થાકેલી મારી આંગળીઓને હવે તમારી આંગળી પકડવી છે. મારી હથેળીઓએ તમારું નામ બહુ સાંભળ્યું છે પણ તમારા સ્પર્શને ક્યારેય નિરાંતે મળી જ નથી. મારે મારી હથેળીઓને પપ્પા સમજાવવા છે. તમે ટેરવા તો લાવો પણ સાથે પેલો પપ્પાની feelવાળો સ્પર્શ પણ લાવો ને! પપ્પા વહેલા આવો ને!

પપ્પા, રોજ સાંજે એવું બને કે સૂરજ ડૂબે પછી મારા પપ્પા ઊગે. મારા ભાગે આવેલી સાંજ હું સાચવીને રાખું છું. મારાં રમકડાંના થેલામાં આવી કેટલીય અધૂરી સાંજનો ઢગલો છે. માર્ચ ending પહેલા મારી બધી જ અધૂરી સાંજને પૂરી કરવાનો target તો હું નથી આપતી. તમારી દીકરી તો સમજી જાય પણ આ સાંજને કેમ સમજાવું? હું તો સાંજ સાથે એકલી રમતી હોઉં તોય, સાંજને એકલી હોઉં એનાં કારણો કે ખુલાસાઓ આપવાના હોય. પપ્પા, આ સાંજ કેવા personal સવાલો પૂછે? પપ્પા સાથે ગાળેલા સમયના હિસાબો પૂછે.

ચાલો ને પપ્પા, ભર બપોરે સૂરજને દોરી બાંધીને નીચે ખેંચી લઈએ. પપ્પા, તમારી પાસે છે એવો કોઈ ઉપાય? કે આ દિવસ વહેલો પૂરો થાય અને સાંજ લંબાતી જાય.

પપ્પા, જુઓ ને આ સાંજ મારી સાથે રમતી નથી. પપ્પા, આ સાંજ મને બિલકુલ ગમતી નથી. હવે તો જૂની થઈ ગઈ. મારે આ સાંજ બદલી નાંખવી છે. મારે નવાં રમકડાં કે નવાં કપડાં નથી જોઈતાં, મને એક નવી સાંજ લઈ આપો ને. પપ્પા, સસ્તી હશે તો પણ ચાલશે. સેલમાંથી લાવશો તો પણ ચાલશે. સાંજ સાથે પપ્પા free હોય એવી સાંજ મને ફાવશે. સાંજ સાથે બીજું કોઈ નહીં, ફક્ત આપણે બે હોઈએ. તમારા ખિસ્સાને પોસાય એવી જ સાંજ મારે જોઈએ. તમને મોંઘી પડે એવી સાંજ મારે ન જોઈએ. પપ્પા, સાંજ એકાદ દિવસ ભાડે તો લાવો ને... પપ્પા વહેલા આવો ને!



પપ્પા રિટાયર થાય છે

ઑફિસના ટેબલ પર જમા થયેલી યાદોને પોતાની briefcaseમાં મૂકીને પપ્પા રિટાયર થાય છે.

દર સોમવારે વહેલી સવારે 5 વાગ્યે વાગતો alarm હવે નિરાંતે સૂઈ જશે. અઠવાડિયાને હવે નાની નાની વાતો share કરવા માટે જાહેર રજાઓ કે weekendsની રાહ નહીં જોવી પડે.

કેટલાંય વર્ષોથી અવિરત દોડતાં બસ અને કારનાં પૈડાં, પપ્પાની સાથે જવા માટે દર રવિવારની સાંજે make up કરીને શોખથી તૈયાર થઈ જતો નાસ્તો, એક જ દિવસમાં સમયસર ઇસ્ત્રી થઈને પાછા આવી જતાં કપડાં અને સુખરૂપ પહોંચી ગયા કે નહીં એવું જાણવા માટે થતા phone calls, આ બધા પણ પપ્પાની સાથે જ રિટાયર થઈ જશે.

ઘરેથી નીકળતી વખતે ભગવાનના ફોટાની સામે થતા દીવાની જવાબદારીઓનો પણ હવે પપ્પાની જવાબદારીઓ સાથે અંત આવશે. ઘરનો દીવો હવે ઓલવાઈ જવાના ડર વિના પોતાની talent બતાવી શકે છે.

પપ્પાની રાહ જોવામાં અડધો થઈ જતો શનિવાર અને સોમવારની ચિંતામાં ઓગળતો જતો રવિવાર, બંને હવે પોતાના મૂળ સ્થાને અને મૂળ સ્વભાવે પાછા ફરશે. જાહેર રજાઓ હવે કોઈ પણ જાતની જવાબદારી વગર તેમને ગમે તે વારે અને તારીખે આવી શકશે. શનિ-રવિની આગળ પાછળ રહેવું હવે જાહેર રજાઓ માટે અનિવાર્ય નહીં રહે.

હવે પપ્પા બૅંકમાં નહીં જાય. હવે રોજ બૅંક પપ્પામાં આવશે. હવે ભૂતકાળ પપ્પામાં audit કરશે. પપ્પાની પાછળ પાછળ ચાલતો પેલો ઘડિયાળનો સમય હવે time please કહીને આરામ કરી શકશે.

બૅંકની યાદોનું પોતાની જાતમાં account ખોલાવીને પપ્પા આજે રિટાયર થાય છે. જીવનની સમી સાંજે માંડેલા balance sheetમાં પપ્પાએ વ્યાજ સાથે મેળવેલા આશીર્વાદ પપ્પાની સૌથી મોટી asset છે અને આવનારા સમયની દરેક ક્ષણને દિલ ખોલીને જીવી લેવાની liability.

સપનાંઓ તૂટે ત્યારે અવાજ નહીં આવતો હોય પણ સપનાંઓ સાકાર થાય ત્યારે ઢોલ-નગારા વાગે છે. બૅંકની હવામાં રહેલો સંતોષ પોતાના શ્વાસમાં ભરીને પપ્પા રિટાયર થાય છે.

બૅંકમાં સવાર-સાંજ શરમાઈને પપ્પાના ટેબલ સુધી પહોંચી જતી કૉફી હવે છાતી ફુલાવીને કોઈની પરવા કર્યા વિના, મન ફાવે તે સમયે પપ્પાના ઘરે પહોંચી જશે અને કોઈની પણ શરમ વિના પપ્પા સાથે સમય વિતાવી શકશે. 40 વર્ષો સુધી મમ્મીની સાથે સાથે આ કૉફીએ પણ પપ્પાને ઑફિસના કડવા ઘૂંટડાઓ ગળે ઉતારવામાં મદદ કરી છે.

પપ્પાએ બૅંક પાસે અત્યાર સુધી પોતાની જાતને mortgage કરેલી. અત્યાર સુધી સવાર પછી ફક્ત રાત પડતી. સાંજ તો હવે પડશે. સવાર અને રાતની વચ્ચે સાંજ ગોઠવતા પપ્પાને 40 વર્ષ લાગ્યાં. બૅંક પાસે જમા રહેલી પોતાની જાતને હળવેથી briefcaseમાં મૂકીને પપ્પા રિટાયર થાય છે.

હવે કોઈ account NPA નહીં થાય.

ઑફિસના ટેબલને સાથિયો કરીને, બંને હાથ જોડીને એને વંદન કરવાનો સમય આવ્યો છે ત્યારે બ્રાંચના ચારેય ખૂણાઓમાંથી શંખનાદ સંભળાશે. કેટલાંય વર્ષોથી સતત ચાલતી બૉલપેનને હવે ઘૂંટણનો દુઃખાવો શરૂ થાય એ પહેલા આરામ કરવાની જરૂર છે. શર્ટના ખિસ્સામાંથી વટથી માથું કાઢીને ઊભી રહેલી પેનને હવે ઘરના જ કોઈ નકામા કાગળની છાતી ઉપર સૂઈ જવું છે.

ભૂતકાળમાં રસપ્રદ બનેલી ક્રિકેટ મૅચની છેલ્લી ઑવરો આજે પણ પપ્પાની રાહ જુએ છે. બૅંકના કર્મક્ષેત્રમાં ઓતપ્રોત બનીને વહેતા પાણીની જેમ વહી ગયેલા એ દિવસોની આડે હવે બંધ બનાવવાનો છે. બૅંકનું પેવેલિયન હવે પપ્પાને ground તરફ જવાના ઇશારા કરે છે. આવનારી 2nd Innings કોઈ પણ જાતની જવાબદારી વગર રમવા માટે પપ્પા રિટાયર થાય છે.

ઘરના ખૂણાઓ પહોળા કરવાની માયાજાળમાં ઘરથી જ અલગ થઈ ગયેલો માણસ હવે પોતાના ઘરે પાછો ફરશે. કુટુંબને જોડી રાખવા માટે ધમપછાડા કરતો પણ કુટુંબથી જ વિખૂટો પડેલો માણસ હવે ઘરનો ઉંબરો ઓળંગશે. છાતીમાં એના વતનનો ટહુકો રાખીને કેટલાય મલક ખૂંદનારો માણસ હવે પોતાના ફળિયામાં પગલાંઓ પાડશે. સમય એક એવા પડાવ પર છે કે જ્યાં આવનારી દરેક ક્ષણ હાથમાં પૂજાની થાળી લઈને, ફક્ત 'જય જયકાર' કરવા ઊભી છે. રણમાંથી કોઈ શૂરવીર પાછો ફરે એવી જ રીતે એક યોદ્ધા પોતાના માર્ગમાં આવેલી દરેક અડચણો, દરેક કપરા સંજોગો અને દરેક વિપરીત પરિસ્થિતિઓને એકલા હાથે હરાવી વિજય તિલક કરાવવા પાછો ફરે છે.

ઘરના સભ્યોને છાંયડો આપવાની ઝંખનામાં, આટલાં વર્ષો સુધી પોતે તડકાઓ ઓઢીને ફરતો માણસ હવે એટલો સક્ષમ બની ગયો છે કે સૂરજને ફૂંક મારીને ઓલવી શકે. બે વસંત વચ્ચે ચોમાસા ગોઠવનારો માણસ હવે ઝાપટું બનીને બધાને વળગી પડશે.

40 વર્ષોના તપના બદલામાં આવનારી નવી જિંદગીની સુખાકારીનું વરદાન લઈને પપ્પા રિટાયર થાય છે.



સાસરેથી મમ્મીને લખેલો પત્ર

પ્રિય મમ્મી,

8 GBની Pen driveમાં થોડી જગ્યા ઓછી પડી. નહીં તો મારું આખું બાળપણ એક ફૉલ્ડરમાં નાંખીને, અહીં સાસરે લઈ આવી હોત. મારું બાળપણ તો તારા ખોળામાં જ રહી ગયું.

તારા ખોળામાં હું માથું મૂકીને સૂઈ જતી એ સમય સોનાનો હતો, એટલે જ એ ચોરાઈ ગયો. સોનાની વસ્તુઓ પહેલેથી જ હું સાચવી શકતી નથી. ગમે ત્યાં ખોવાઈ જાય છે. ઘરે હતી ત્યારે તો તું મને શોધી આપતી. સાસરે આવ્યા પછી મારી જ જાત મને મળતી નથી, તો બીજી વસ્તુઓ તો ક્યાંથી મળે?

તું રોજ સવારે મારા માથા ઉપર હાથ ફેરવીને મને ઉઠાડતી. હવે મારે Alarm મૂકવું પડે છે. જે સાડી તું પહેરતી એ જ સાડી હવે Alarmને પહેરાવું છું. પણ તોય ખબર નહિ કેમ? Alarm એટલા પ્રેમથી ઉઠાડી નથી શકતું. એ તારી સાડીનો નહીં, Alarmનો Problem છે.

આજે પણ રડવું આવે છે, ત્યારે તારી જૂની સાડીનો છેડો આંસુઓ સામે ધરી દઉં છું. આંસુઓને તો મૂરખ બનાવી દઉં, પણ આંખોને કેવી રીતે બનાવું? આંખો પણ હવે intelligent થઈ ગઈ છે.

તેં મને train કરી, એવી જ રીતે મારી આંખોને પણ તેં જ train કરી છે. એટલે મારી આંખો જાહેરમાં રડતી નથી.

મમ્મી, જ્યારે પણ Vehicle ચલાવું છું, ત્યારે પાછળ બેસીને હવે કોઈ મને સૂચના નથી આપતું કે ધીમે ચલાવ. ધીમે ચલાવ એવું કહેવાવાળું હવે કોઈ નથી, એટલે ફાસ્ટ ચલાવવાની મજા નથી આવતી.

મમ્મી, મારા ઘરથી મારા સાસરા સુધી જતાં રસ્તામાં એક પણ U-TURN આવ્યો નહીં, નહીં તો હું તને લેવા ચોક્કસ આવી હોત.

લગ્ન પછી ઘરથી સાસરા તરફ જતી વખતે જે ગાડીમાં બેસીને હું વિદાય પામી હતી, એ ગાડીના Rear-view mirrorમાં લખેલું હતું કે OBJECTS IN THE MIRROR ARE CLOSER THAN THEY APPEAR. બસ, એ જ અરીસામાં છેક સુધી મેં તારો ચહેરો જોયા કર્યો. ત્યારે મને એવી પણ જાણ નહોતી કે જે રસ્તો મને ઘરથી સાસરા તરફ લઈ જાય છે, એ જ રસ્તો પાછો સાસરેથી ઘર તરફ લઈ જશે કે કેમ?

મમ્મી, કેટલાક રસ્તાઓ one-way હોય છે. એવા રસ્તાઓ ઉપર હું આગળ નીકળી ગઈ છું. કોઈને મારું સરનામું પૂછવાનો અર્થ નથી, કારણ કે મારી surname અને સરનામું બંને બદલાઈ ગયા છે. એ રસ્તાઓ ઉપર wrong sideમાં drive કરીને પણ તને મળવા હું ચોક્કસ આવીશ. કારણ કે મારું destination તો તું જ છે, જ્યાંથી મેં મારી જિંદગીની journeyની શરૂઆત કરી હતી.

મમ્મી, મારું destination અને મારી destiny બંને તું જ છે.

હું નાનપણથી જ મારી દુનિયાનો સ્પેલિંગ 'UWORLDU' લખું છું. કારણ કે My world starts with you and ends in you.

મમ્મી, સાસરે આવ્યા પછી મારી દુનિયા બદલાઈ નથી. કારણ કે મારી દુનિયા તો તું છે.

લિ. મમ્મીની દીકરી



દોસ્ત, સંબંધોને કાંઈ
jet leg હોતા હશે?

કેટલાક સંબંધોને એટલા જલદી visa મળી જતા હોય છે, કે એમને 'આવજો' કહેવાનો પણ સમય નથી રહેતો. કૉલેજના ક્લાસરૂમથી શરૂ થનારી તારી company છત્રપતિ શિવાજી international airportના terminal 2 સુધી જ મારી સાથે રહેશે એવી ખબર હોત, તો તારી flightના કૅપ્ટનનું ગળું દબાવી દીધું હોત.

કૉલેજના ચાલુ ક્લાસે સંતાઈ સંતાઈને તેં મને કરેલા ઇશારાઓ અને મને કરેલા SMS હજુ પણ મેં સાચવીને રાખ્યા છે. તારી વિદાય વખતે એ દિવસો મેં સંતાડીને, તારા check-in luggageમાં રાખેલા. Flightમાં ધારદાર વસ્તુઓ લઈ જવાની મનાઈ હતી. એટલે આપણી વચ્ચે થયેલી અણિયાળી અને તીક્ષ્ણ વાટાઘાટો મેં તને લઈ જવા દીધી નથી. સોનેરી ભૂતકાળનો એક જ problem છે, જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ એ dilute થતો જાય છે.

યાર, કાશ મારી આખેઆખી જાત, તારા hand luggageમાં મૂકી શકાઈ હોત!

મને આજે પણ યાદ છે મારી જિંદગીની સૌથી લાંબી ચા. તે દિવસે આપણે પહેલી વાર કૉલેજની કૅન્ટીનમાં મળેલા. મારા કપમાં જે એક ચમચી ખાંડ તેં નાંખેલી, એ ઓગળી કે નહીં એની તો જાણ નથી પણ હું પછી સતત તારામાં ઓગળતો રહ્યો. તે દિવસે મારી ચા વધારે લાંબી ચાલી અને સાંજ વહેલી પૂરી થઈ ગઈ. ચામાં નાંખેલી ખાંડ જાણે હવામાં ભળી ગઈ હોય એવી મીઠાશ ત્યારના વાતાવરણમાં હતી.

તે દિવસે પેલા કૅન્ટીનવાળા કાકા પર ખૂબ પ્રેમ આવ્યો. એ કાકાએ એવો જાદુ કર્યો કે ચા જેવી સામાન્ય વાતમાં કોઈને ચાહવા લાગીએ. શરૂઆતમાં થોડું નવું લાગ્યું પણ પછી એ બધું મને ફાવી ગયું. એ કૅન્ટીન, કૅન્ટીનની ચા, કૅન્ટીનનું વાતાવરણ અને તું.

Libraryમાં બેસીને તું જ્યારે text book વાંચતી, ત્યારે હું તને વાંચતો. એ જમાનામાં એવું લાગતું કે મારું આખું encylopedia તારામાં જ છે. બાકી બધું ભુલાતું ગયું અને ફક્ત તું જ યાદ રહેવા લાગી. મને તું આવડી ગઈ. તને ક્યારેય ગોખવા બેઠો નથી અને તેમ છતાં આજે પણ તું મને કડકડાટ મોઢે છે.

કૉલેજની અગાસી પર જે સપનાંઓ સાચવીને રાખેલાં, તારી flightના take offની સાથે એ બધાં સપનાંઓ પણ ઊડી ગયાં.

જન્મદિવસ તારો હોય અને લોકો મને wish કરતા. હવે તો તારા જન્મદિવસે તને પણ wish નથી કરી શકતો.

દોસ્ત, સંબંધોને કાંઈ jet lag હોતા હશે? વિમાન ફક્ત દિશા બદલે હવા નહીં. તેં તો દિશા પણ બદલી અને આબોહવા પણ. તારો અભાવ વરસતો હોય એવા વાતાવરણનું મારે કરવાનું શું?

please, e-mail નહીં કરતી. પત્ર લખજે. તારા અક્ષરો વાંચવા છે. જોઈએ છીએ, કોણ વધારે ભીનું થાય છે? તારો પત્ર કે તારો મિત્ર?



I love you ચાર

પેલા ડૂબતા સૂરજને થોડી વાર માટે ક્ષિતિજ ઉપર pause કરીને, આકાશમાં સંધ્યાના રંગોનો થોડો contrast વધારીને, દરિયાની બરોબર વચ્ચે દરિયાની ઉપર એક ગુલમહોરનો હિંચકો બનાવી, એના ઉપર તને બેસાડી, દરિયાના અવાજોને mute કરી... બસ, તને એટલું જ કહેવું છે I love you.

દરિયાના બે કાંઠાઓ વચ્ચે એક fly over બનાવી, એના ઉપર આખી વસંત પાથરીને તારી સાથે ચાલતા ચાલતા... બસ, તને એટલું જ કહેવું છે I love you.

એક ખાલી વાદળામાં અઢળક ગુલાબ ભરીને, એ વાદળાને આકાશમાં ઉડાડી, તારા ઉપર ગુલાબનો વરસાદ કરીને... મારે તો ફક્ત એટલું જ કહેવું છે don't mind, I love you.

રોજ સવારે તારા ચહેરા ઉપર ઝાકળ પથરાવી, મારી આંખોમાં સૂરજ ઉગાડી, તારા ગાલ ઉપર મેઘધનુષ રચીને મારે તો તને એટલું જ કહેવું છે really I love you.

ફક્ત 2 મિનિટ માટે તું મારી સાથે ચંદ્ર પર આવીશ? ચંદ્રએ કેટલાય વર્ષોથી અરીસો જોયો જ નથી. મને થયું કે એને તારો ચહેરો જ બતાવી દઉં. પછી ભલે ને ચંદ્ર થોડા દિવસ over confidenceમાં ફરે કે આપણામાં ડાઘ છે જ નહીં.

એ ખુશખુશાલ ચાંદનીના આછેરા ઉજાસના સમ ખાઈને કહેવું છે તને I love you.

500 ગ્રામ વાદળના ટુકડા ઉપર એક સળગતી મીણબત્તી મૂકીને, ઝગમગતા તારાઓની વચ્ચે પેલા પૂનમના ચંદ્રની સાક્ષીએ, backgroundમાં વીજળીના કડાકા અને વરસાદના અવાજની special effectsની સાથે કહેવું છે તને I love you.

સૂરજની લાલાશને એક રીફિલમાં ભરી, એ લાલ પેનથી સફેદ વાદળ ઉપર બધા વાંચી શકે એવી રીતે લખવું છે I love you.

શું શુભ કે લાભ? મારા જીવતરના પંચાંગમાં તારા નામના ચોઘડિયા બનાવી, તને અનુકૂળ નક્ષત્રો રચીને એક વાર કહેવું છે I really love you. વસંત હશે ફૂલોને ખીલવા માટેનું કારણ, અમે તો તારા નામની મોસમથી ખૂલીએ અને ખીલીએ છીએ. વહેલી પરોઢે ફૂલોની એકલતા જોઈ એને વળગી પડતી ઝાકળ જેવી એક કવિતાની જેમ તને જીવીએ છીએ. BOSS, તું કવિતા છે. હવામાં જેનો પ્રાણવાયુ હશે એ બીજા. મારો પ્રાણવાયુ તો કવિતા છે. એ કવિતાના સમ I love you.



વ્હાલા મિત્રને એક પત્ર

પ્રિય મિત્ર,

સાંભળ્યું છે કે qwerty key boardને emotions નથી હોતા, પણ અક્ષરોને તો હોય છે ને! પછી તે MS WORDના હોય કે કાગળ પર લખાયેલા, દરેક અક્ષરને emotion હોય છે.

તારા ગયા પછી કવિતા તો દૂરની વાત, એક શબ્દ પણ બન્યો નથી. તારા જવાથી શબ્દોના અર્થો ઓગળી જાય એ તો સમજી શકું, પણ શબ્દ જ બને નહીં એ વાત મારે ભાષાને કેમ સમજાવવી?

આખા દિવસને સંકેલીને હું ઘરમાં સાચવી શકું, ઘરમાં એટલી બધી ખાલી જગ્યા થઈ ગઈ છે. તારા જવાથી ઘર આટલું ખાલી થઈ જાય, તો જીવનની તો શું વાત કરવી? ભર ઉનાળે બારણું ફૂલી જાય તો સમજવું કે લાકડું રડે છે. દોસ્ત, દરવાજાને તારી આવ-જાની આદત હતી એટલે એમને ઊઘડવું ગમતું. હવે દરવાજા આપોઆપ શેના ઊઘડશે?

ઘરમાં બોલું છું હું અને પડઘા તારા અવાજના સંભળાય. દીવાલોને ફક્ત કાન નથી, એમને સાન-ભાન પણ છે. તારા અવાજના hallucinations દીવાલને પણ આવે છે.

ફળિયામાં તારા ચપ્પલ પડ્યા રહેતા. ફળિયાની એકલતા આ તારા ચપ્પલ દૂર કરતા. સાચું કહું તો તારા પગની ધૂળથી જ મારું ફળિયું ધન્ય થતું એવું હું નહીં, આ ફળિયું કહે છે. તારા ચપ્પલ પડેલા જોઈને ફળિયાને હાશકારો થતો, તો મારી વાત શું કરવી? યાર, તારા ગયા પછી ફળિયાને ઝળઝળિયાં આવ્યાં છે.

જે બારીઓમાંથી તું બહાર જોતો, એ જ બારીઓ બહારથી તને જોતી. બારીઓની જેમ તને પણ મિજાગરા હોત તો તને પણ ઉઘાડ્યો હોત. તારા ગયા પછી બારીઓને મિજાગરા નહીં, ઉજાગરા નડે છે. બારીઓ સૂવે નહીં, તો ઘરને ઊંઘ કેવી રીતે આવે? મારી તો વાત જ જવા દે.

આજે પણ એક ચાના બે ભાગ કરું છું. પછી તારા ભાગની ચા હું જ પી જાઉં છું. બસ, ચા વખતે વાતો કરવાવાળું કોઈ નથી. મને તો ઠીક, ચાને એકલું ન લાગે? ચામાં રોજ કરતા બે ચમચી ખાંડ વધારે નાખું છું. તોય કેમ ગળપણ આવતું નહીં હોય? તારા ગયા પછી આ ખાંડમાં પણ ભેળસેળ ચાલુ થઈ ગઈ છે.

સૂરજે boost પીધું હોય એમ દિવસ લાંબો થતો જાય છે. દિવસને તો ઍનર્જી મળી રહે છે. પણ મારું શું? મારી energy તો તું હતો યાર.

ઘડિયાળમાં બેને બદલે ચાર સેલ નાખું છું જેથી દિવસ જલદી પસાર થાય. તારા વગર ન તો મારો સમય આગળ વધે છે ન તો ઘડિયાળનો! અમને બંનેને તારી આદત હતી ને!

જ્યારે પણ તારા વગર સમય પસાર નથી થતો, ત્યારે એવા જીદી સમયને જોઈને, મને ખરેખર એવું થાય છે કે... I want to kill the time. ઘડિયાળના સમયને તો મારી નાખું પણ મારા સમયનું શું? જે તારી સાથે પસાર થતો?

તું સાથે હતો એ સમય રોકી શકાયો હોત. સમયની વિરુદ્ધ દિશામાં, સમયની સમાંતરે સમય જેટલું જ બળ લગાડ્યું હોત, તો સમય રોકી શકાયો હોત. તારા વગર હવે એટલું બળ કોણ લગાડશે?

યાદ છે એક વાર મેં તને રન આઉટ કરાવેલો. તું મને call આપીને નીકળી ગયેલો અને હું જ મારી creaseમાંથી નીકળેલો નહીં. અફસોસ એ વાતનો નથી કે એ મૅચ આપણે હારી ગયેલા. અફસોસ એ વાતનો છે, કે આપણી parternershipમાં call હંમેશાં તેં જ આપ્યો છે. કોઈ ને કોઈ કારણોસર હું જ નીકળી શક્યો નથી. ભૂતકાળમાં તું મારા તરફ દોડેલો અને મને મારી જગ્યાએ જ ઊભેલો જોઈને તું પાછો ફરી ગયેલો. એ રન આપણે પૂરો કરી શક્યા નહીં.

હવે હું તને કોલ આપું છું. હું તો મારી ક્રીઝમાંથી નીકળી ગયો છું. હું દોડું છું તારા તરફ, તારા

ભરોસે. ચાલ જવાબ આપ. તું દોડીશ કે હું પૅવેલિયનમાં પાછો જાઉં?



તમારા ઘરમાં દાદા છે?
એક વાટકી જેટલા જ જોઈએ છે

આપણા ઘર ઉપર ઈશ્વરના મૂંગા આશીર્વાદ એટલે આપણી સાથે વાતો કરતા દાદા.

દાદા ગામમાંથી પાછા ફરે, ત્યારે Barton library પાસે ખૂણામાં રહેલા 'કમલ પ્રભાત'માંથી મારા માટે શીંગપુરી લાવતા. ઘરે આવીને દાદા મને આપવા ગજવામાંથી શીંગપુરી કાઢતા ત્યારે અનાયાસે કેટલાય આશીર્વાદ દાદાના ગજવામાંથી છલકાઈ છલકાઈને નીચે ઢોળાઈ જતા. જમીન પર પડેલા એ આશીર્વાદને વીણી વીણીને હું મારા ગણિત-વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકમાં સાચવીને મૂકી દેતો. ચોપડીમાં રહેલા આ આશીર્વાદ bacteriaની ઝડપથી multiply થતા હશે એની મને ખબર જ નહીં. એ પુસ્તક વાંચીને હું પરીક્ષા આપવા જતો ત્યારે બારે મેઘ ખાંગા થાય, એમ દાદાના એ આશીર્વાદ મારા પર મૂશળધાર વરસી પડતા.

દાદાએ મારા માટે Bank of Barodaમાં 8.5%ના વ્યાજ દર સાથે, પૈસાની સાથે થોડા આશીર્વાદ પણ મૂકેલા. પૈસાની તો ખબર નથી પણ એ આશીર્વાદના વ્યાજમાંથી જેટલા જ્યારે જોઈએ તેટલા આજની તારીખે પણ ઉપાડી લઉં છું. દાદાની સહીની પણ જરૂર પડતી નથી...!!

મને બહુ મોડું સમજાયું કે જેને હું મારી સફળતા ગણતો રહ્યો. એ માત્ર અને માત્ર અવારનવાર ATMમાંથી ઉપાડેલા દાદાના આશીર્વાદ છે. દાદાનું વ્હાલ ક્યારેક ખૂબ વધી જતું તો વર્ગમાં હું પ્રથમ પણ આવતો.

આમ જુઓ તો દાદાએ મને એકલો મૂક્યો જ નથી. કિશનભાઈને ત્યાં સોડા પીવા જાય તો પણ મને સાથે લઈ જતા. રજવાડીમાં પાન ખાવા જતા ત્યારે મને પણ પાનપટ્ટી ખવડાવતા. દાદાએ છેક સુધી મને સાથે રાખ્યો...એમના ડાયાલિસીસ વખતે પણ! દાદા comaમાં ગયા એ પહેલા છેલ્લે મારું જ નામ બોલેલા. કારણ કે દાદા માટે હું જ ભગવાન હતો. છેક સુધી મને સાથે રાખનારા દાદાને છેલ્લી ઘડીએ સ્મશાનની બહાર મને એકલો ઊભો રાખીને જતા સહેજ પણ વાર ના લાગી.

મને હજુ પણ યાદ છે એ દિવસ. Electric સ્મશાનમાં અંદર જતી વખતે દાદા જાણે મને કહેતા હોય, 'રાજા, તું અહીંયા જ ઊભો રહેજે.' હું ત્યાં જ ઊભો રહીને દાદાને જોતો રહ્યો, ફક્ત જોતો રહ્યો... અને પેલું Electric સ્મશાનનું બારણું મારા દાદાને ગળી ગયું. હશે... દાદાને થોડી privacy જોઈતી હશે.

હું અને દાદા cricket સાથે જોતા. તેન્ડુલકર nineties(90s)માં પહોંચે એટલે દાદા ઊભા થઈને અંદરના ઓરડામાં ચાલ્યા જાય. મને કહે, "હું જોઈશ તો એની century નહીં થાય." પણ અંદરના ઓરડામાં રેડિયો ચાલુ હોય. જેવી સચિનની century થાય એટલે દાદા તરત બહાર આવે અને મને પૂછે, "રાજા... કેટલામી?"

કાળા રંગનો Philipsનો રેડિયો, દાદાની એકલતા દૂર કરતો અને દાદા મારી એકલતા દૂર કરતા. દાદાના ગયા પછી જે રેડિયાએ એમને દુનિયાભરના સમાચાર આપ્યા, એ રેડિયો હવે દાદાના જ કંઈ સમાચાર આપતો નથી. દાદાના પલંગના ખૂણામાં રહેતી બામની શીશી હવે ફક્ત કાચનો ગોળાર્ધ પહેરીને ઊભી છે.

દાદા, તમે ગણિતની સાથે સાથે બાળપણના પણ કેટલાય દાખલાઓના જવાબ આપતા ગયા છો, પણ તમારા ગયા પછી આ જવાબોના તાળા નથી મળતા એનું શું?

આટલી short noticeમાં જતા રહેવાનું? તમારા આશીર્વાદ મારી સાથે છે પણ તમારા ગજવામાંથી ના નીકળ્યા હોય એવા તમારી હાજરી વગરના, આ કોરા કટ્ટ આશીર્વાદનું મારે શું કરવું?

તમે સફળતા આપીને મને બધો આનંદ ભેટ આપતા ગયા, પણ દાદા કહેવાના આનંદનું શું?

મહિનાના અંતમાં જેમ ઘરમાં ખાંડ, મીઠું કે ધાણાજીરું ખાલી થાય, એમ તમારા ગયા પછી મારા ભાગના દાદા હવે રહ્યા જ નથી. હાથમાં ખાલી વાટકી લઈને નીકળ્યો છું ને એક પછી એક દરવાજા ખખડાવીને પૂછું છું, "તમારા ઘરમાં દાદા છે? એક વાટકી જેટલા જ જોઈએ છે."

(તા.ક. – ઘડિયાળમાં જોતા આવડતું નહીં એટલે હું એમ કહેતો કે નાનો કાંટો ત્રણ પર અને મોટો કાંટો બાર પર! એટલે દાદા શીખવતા એને ત્રણ વાગ્યા એમ કહેવાય. આજે આ ઘડિયાળના કાંટાઓ શૂળની જેમ ખૂંચે છે. નક્કી સમય ઘાવ કરે છે, એટલે જ તો આપણે પૂછીએ છીએ કેટલા વાગ્યા?)

દાદા હતા ત્યારે દાદાની આંખોના મોતિયાના ઑપરેશન પછી હું દિવસમાં ત્રણ વાર દાદાની આંખોમાં ટીપાં પાડતો.

દાદા નથી ત્યારે આજે દાદા એ જ ટીપાં મારી આંખોમાંથી પાડે છે.



દાદાનો છેલ્લો દિવસ

સવારનો તડકો છાનોમાનો ઉદાસી પહેરીને બારીમાંથી દાદાના ઓરડામાં પ્રવેશ્યો. તડકાએ પોતાની બધી પીળાશ આકાશના કબાટમાં સાચવીને મૂકી દીધી. સફેદ રંગના વાદળ સાથે તડકો ભીંજાયો હોય અને આ સફેદ વાદળનો રંગ લાગી ગયો હોય એમ આજે તડકો સફેદ હતો. દાદાને જાણ સુદ્ધાં નહોતી કે આ સફેદ રંગનો તડકો આજે દાદાના જ કોઈ પ્રસંગમાં હાજરી આપવા આવેલો છે. આજે દાદાનો છેલ્લો દિવસ હતો.

રંગ હંમેશાં પ્રસંગ જોઈને આવે છે. દાદાના ઘરે એ દિવસે સફેદ રંગ આમ ઓચિંતો આવી જશે એની જાણ કોઈને નહોતી.

ઓરડાની બારીમાંથી દાદાએ એમનો છેલ્લો સૂર્યોદય જોયો. ઝાડ ઉપરથી એક પાંદડું ખરે ત્યારે એ પાંદડું પણ પોતાના હિસ્સે આવેલ સોનેરી કિરણો માટે સૂરજને એક વાર thank you જરૂર કહેતું હશે. દાદાને એ વાતની જાણ તો હતી કે પાનખરનો પ્રસંગ સાચવવા માટે સમયસર ખરી જવું પડે. કોઈ હોંશભેર ઉપરથી તેડા મોકલાવે અને આપણે આનાકાની કરીએ તો એ વાજબી નથી.

દાદાનો એક નિયમ હતો. કંકોત્રી ગમે તેની આવી હોય, હાજરી આપવા તો જવાનું જ. કદાચ કોઈ કારણસર હાજરી ન આપી શકાય તો ચાંદલો તો નક્કી મોકલાવવાનો જ. આજે પણ દાદાને એક કંકોત્રી મળેલી. સફેદ રંગના પરબીડિયામાં ઈશ્વરના હસ્તાક્ષર સાથે એક નિમંત્રણ દાદા સુધી પહોંચ્યું. દાદાને જવાનું આવ્યું એક એવી જગ્યાએ જ્યાં તમામ દુન્યવી તકલીફો ભેટમાં આપી દેવાની અને બદલામાં કોઈ સાવ અપરિચિત ચહેરો તમને સવાર-સાંજ નર્યું આધ્યાત્મ પીરસે. દૂર દૂર સુધી દેખાતા સફેદ રંગના ધુમાડામાં કોઈ ઋષિમુનિ હસતા ચહેરે પોતાના બંને હાથ ફેલાવી દાદાને આવકારતા હોય. સ્વર્ગ સુધી લઈ જતા પ્રસંગોની હારમાળામાં રસ્તાની બંને બાજુ દીવડા થયેલા હોય. કોઈ અલૌકિક દિવ્ય દ્વારની બહાર આસોપાલવના તોરણ લટકે. ઉઘાડા પગે ચાલતા દાદાના રસ્તા ઉપર ગુલમહોર અને ગુલાબ પથરાયેલા હોય. જે માણસ સાવ સાદું જીવન જીવ્યો હોય એનું મૃત્યુ કેમ આટલો શણગાર કરીને આવે? દાદાનો ભવ્ય ભૂતકાળ દાદાને ઈશ્વર સુધી લઈ જવામાં હોંશે હોંશે દાદાની આગળ ચાલતો હોય અને હરખભેર લગ્નગીતો ગાતો હોય. દાદાની જાનમાં, દાદાએ અત્યાર સુધી કરેલા તમામ પુણ્ય દાદાની આગળ પાછળ ચાલતા હોય. સફેદ રંગ પહેરીને દાદા ભગવા રંગ તરફ પ્રયાણ કરે. દાદાના આગમનની આટલી બધી તૈયારી જોઈને, દાદાએ પણ આ પ્રસંગમાં હાજરી આપવાનું નક્કી કરી નાખ્યું. આ વખતે દાદાએ ચાંદલામાં પોતાની આખી જાત લખાવી. ચાંદલામાં પોતાને આપી દઈને દાદા અમારી પાસે કંકુ-ચોખાના ચાંદલા કરાવવા નીકળી પડશે એવી તો ખબર ક્યાંથી હોય?

દાદાએ પલંગ ઉપર રહેલી સફેદ ચાદર પર હાથ ફેરવ્યો. દાદાની સફેદ ચાદર એટલી બધી લાડકી થઈ ગઈ કે આજ સુધી દાદાની નીચે રહેવાવાળી ચાદર, કાલે સવારે દાદાની ઉપર પથરાશે. કરચલી પડી ગયેલા હાથ લઈને દાદા હવે ચાદરની કરચલીઓ દૂર કરે છે. દાદાએ છેલ્લા દિવસ સુધી આ ચાદર ઉપર હાથથી ઇસ્ત્રી ફેરવી, જાણે પોતાની વિદાયના પ્રસંગ માટે ચાદરને કડક ઇસ્ત્રીદાર બનાવતા હોય. રોજ રાતે દાદાને આવેલાં સપનાંઓ, દાદા આ ચાદર સાથે share કરતા. હવેથી ચાદરને ફક્ત દાદાના સપના આવશે.

જન્મદિવસે જેમ ગળ્યું મોઢું કરીએ એમ દાદાએ પણ એ દિવસે મીઠાઈની માંગ કરી. દાદાને ડાયાબિટીસ હોવાથી એમને મીઠાઈની મનાઈ હતી. અમને જાણ નહોતી કે દાદા પોતાની સાથે પોતાના ડાયાબિટીસને પણ લઈ જવાના હતા. દાદાના લોહીમાં જેમ sugarનું પ્રમાણ વધતું જાય, એવી જ રીતે ઘરમાં દાદાની મીઠાશ વધવા લાગી. કડવી યાદોને મનમાંથી કાયમ માટે વિદાય આપીને, દાદાએ સમગ્ર

વાતાવરણમાં મીઠાશનો છંટકાવ કર્યો.

દાદા પાણી ભરેલી જાત લઈને બાષ્પીભવન જેવી કોઈ ઘટનાની પ્રતીક્ષા કરતા હતા. દાદાએ પાણી સાથેનો સંબંધ છેક સુધી સાચવ્યો. સ્નાન કરવા ઊભા થઈ શકાય નહીં તો પણ દાદાએ પોતાના અંગ ઉપર પાણીનો લેપ કરાવ્યો. કોઈ ઘોર નિંદ્રામાં સૂવા જઈ રહેલી ચામડી ઉપર પાણી નાંખીને, દાદાએ છેલ્લી વાર એને જગાડવાનો પ્રયત્ન કરેલો. દાદાએ અંદર સમાવેલા કેટલાય વમળ અને જળ દાદાની આંખોમાં દેખાયા કરે. એ દિવસે પાણીની જેમ જ દાદા કોઈ પણ પાત્રમાં ઢળી જવા તૈયાર હતા. છેલ્લા દિવસે દાદાએ એ રીતે પાણી પીધું જાણે બીજા દિવસથી પાણી સાથેનું સગપણ બદલાઈ જવાનું હોય. પાણી હવે મિત્ર મટીને સંબંધી થવા જઈ રહ્યું હતું.

છેલ્લા દિવસે દાદા એક પછી એક દરેક સંબંધ છોડતા ગયા. એક અજાણ્યા નિઃસ્વાર્થ સગપણની મોહમાયામાં પડેલા દાદાને હવે દુન્યવી સંબંધોમાં કોઈ જ રસ નહોતો. ઘરના જ સભ્યો હવે દાદાને અપરિચિત લાગતા. કોઈ અદૃશ્ય સુંવાળા સ્પર્શથી મોહી પડેલા દાદાને, હવે આ પામર મનુષ્યત્વમાં રહેવાનો કોઈ જ ઇરાદો નહોતો. પોતાની બધી જ તકલીફો, બધા જ અફસોસ, બધી જ પીડા તથા બધો જ ડર ખંખેરીને દાદાએ પોતાના ચહેરા ઉપર સંતોષ પહેરી લીધો. પરમાત્માની જાહેરસભામાં જવાનું હોય ત્યારે કકળાટ સાથે ન લઈ જવાય.

દાદા જેટલા ઉદાર હતા એટલો જ ઉદાર હતો એમનો આત્મા. એટલે જ એમના આત્માએ ઉદારતાથી દાદાનું શરીર છોડી દીધું.



દાદાજીના ચશ્માં

આંખોની સાવ સામે જ રહેવાનું અને છતાં પણ આંખોનાં આંસુઓ લૂછી ન શકાય! ચશ્માંનો એવો પાડોશી ધર્મ શું કામનો? દાદાજીના ચશ્માં આજે દાદાજી કરતા વધારે લાચાર છે. કારણકે દાદાજીના ચશ્માં તેમની નીચેથી પસાર થઈ જતાં આંસુઓને એક પ્રેક્ષકની જેમ જોયા કરે છે.

આ ચશ્માંથી હવે આ ઉંમરે દાદાજીના આંસુઓ જોવાતા નથી. એ વાત દાદાજીને તો ખબર છે, એટલે જ રડતી વખતે દાદાજી ચશ્માંને ઉતારીને બાજુ પર મૂકી દે છે.

કેટલાં આંસુઓની નિકાસ થઈ અને કેટલાં ડૂસકાંઓ આયાત થયાં, એનો સઘળો હિસાબ દાદાજીના ચશ્માં રાખે છે.

દાદાજીના કાન હવે સાંભળી શકતા નથી. તેમ છતાં દાદાએ કાન રાખી મૂક્યા છે, ચશ્માં ટીંગાડવા માટે!

ચશ્માં પહોળા થઈને બંને પગ દાદાજીના કાન ઉપર રાખે છે અને માથું દાદાજીના નાક ઉપર. આખો દિવસ આ ચશ્માં દાદાના ચહેરા ઉપર જ પડ્યા-પાથર્યા રહે છે. કદાચ દાદાજીને ચશ્માંની ગરજ છે, એ વાત હવે ચશ્માંને પણ સમજાઈ ગઈ છે. ચશ્માંને ખાતરી છે કે દાદા એમને શોધી જ લેશે, એટલે જ તેઓ દાદા સાથે સંતાકૂકડી રમે છે.

છાપું વાંચતા-વાંચતા દુનિયાભરની ખબરો દાદાજી એમના ચશ્માં સાથે share કરે છે. દાદાજી બધું સમજી શકે છે પણ વાંચી શકતા નથી. ચશ્માંનો કાચ બધું વાંચી શકે છે પણ સમજી શકતો નથી. બંનેને એકબીજાની જરૂર છે. જે આંખોએ આજ સુધી ખુલ્લી તલવાર જેવી જિંદગી કોઈ પણ ઢાલ વગર વાંચી નાંખી. આજે એ જ આંખોને એક અખબાર વાંચવા માટે ચશ્માંની જરૂર પડે છે. અવસાન નોંધ વાંચતી વખતે દાદા ખૂબ ગંભીર થઈ જાય છે, ત્યારે ચશ્માંને સાલો doubt આવે છે કે ક્યાંક એમાં દાદાજીનું નામ તો નથી ને? દાદાની ચિંતા ભલે બીજા કોઈને ન હોય, ચશ્માંને તો હોય ને!

દાદાજીના ચશ્માંને એના પારદર્શક હોવાનો ક્યારેક અફસોસ થાય છે, કારણ કે દાદાજીની લાચારીવાળી આંખો તેઓ ઢાંકી શકતા નથી. અખબાર બિચારું દાદાની લાચાર આંખો વાંચીને, શરમનું માર્યું પોતાનું એ પાનું ફેરવી નાંખે છે જેમાં વૃદ્ધાશ્રમની જાહેરાત છે. ચશ્માંની જેમ અખબારને પણ ખબર છે કે દાદા રોજનું એક અખબાર ખરીદી શકે, બસ એટલાં જ સમૃદ્ધ છે.

દર મહિનાના અંતે છાનામાના દાદા જ્યારે પૅન્શનની નોટો ગણે છે, ત્યારે ચશ્માંને તો ખબર છે એ નોટોમાં ભીનાશ કેમ હોય છે?

દાદાજીની eye-sight હવે નબળી થઈ ગઈ છે, એટલે જ હવે દાદાએ સપનાંઓ જોવાનું પણ માંડી વાળ્યું છે.

દાદાજીએ ચશ્માં ઉપર વાયપર લગાડ્યા નથી, કારણ કે ઘરની અંદર ભેજ ટપકતો હોય તો બારીઓ લૂછવાનો શો અર્થ? ચશ્માંની બહાર એવો વરસાદ પણ ક્યાં આવે છે કે એની વાછટ દાદાની આંખોને પલાળી જાય?

જતી ઉંમરે પણ દાદાને જિંદગી પ્રત્યે ખૂબ જ વ્હાલ છે, કારણ કે દાદાને કોઈ 'દાદા' કહેવાવાળું છે.

આ 'દાદા' શબ્દ સાંભળવા માટે દાદાજી પોતાની વૃદ્ધાવસ્થા સાથે દરેક compromise કરવા તૈયાર છે.

એ વાતનું તો દાદાજીના ચશ્માંને પણ ગૌરવ છે કે જ્યારે કોઈ 'દાદા' કહીને, દાદા તરફ દોડતું આવે છે અને જીર્ણ થઈ ગયેલા દાદા જ્યારે એને તેડી લે છે ત્યારે દાદાની આંખો as usual આંસુઓનાં છબછબિયાં કરે છે. દાદાજીના એ આંસુઓ દાદાને પણ ખૂબ ગમે છે અને ચશ્માંને પણ.

– દરેક કાચની આરપાર દાદાજીનાં આંસુઓ જોઈ શકાય. પછી એ ચશ્માંનો કાચ હોય કે ફોટો

ફેમનો!



ફોટોફ્રેમ

ફોટોફ્રેમને દરવાજા હોત તો ઉઘાડી શક્યા હોત. આખેઆખા માણસને પોતાની અંદર સમાવીને બહાર નીકળવાના બધા જ રસ્તાઓ બંધ કરી દે, એવી નફ્ફટ આ ફોટોફ્રેમ.

સ્વજનોની યાદોને ચાર ખૂણાઓમાં કેદ કરીને, ઘરની દીવાલ પર ટીંગાડી દે એટલી બધી સક્ષમ આ ફોટોફ્રેમ.

કોઈ ગમતા માણસ સાથે વિતાવેલા ભૂતકાળને પોતાની અંદર સમાવી લે, એટલી વિશાળ આ ફોટોફ્રેમ.

આપણાં આ ટેરવાંઓ નસીબદાર હોત, જો ફોટોફ્રેમમાં બારીઓ હોત. જે માણસનો સ્પર્શ હવે શક્ય નથી, એના ફોટાને સ્પર્શ કરીને એની હાજરી પૂરી લીધી હોત. વર્ષોથી અબોલા લઈને, રિસાઈને ફોટોફ્રેમની અંદર બેસી ગયેલા માણસ સાથે વાત પણ શું કરીએ? નિસાસાઓ જ્યારે કાચની જેમ આરપાર હોય ત્યારે શબ્દોના શણગારની જરૂર નથી રહેતી. પરાણે રોકી રાખેલાં ડૂસકાંઓની ભીનાશ ફોટોફ્રેમ ઉપર લાગતી હશે, ત્યારે ફ્રેમની અંદર રહેલા માણસમાં ભેજ ઊતરતો હશે ને!

કાચ જેવા પારદર્શક સંબંધો જેની સાથે હતા, આજે એની ગેરહાજરીમાં એની સાથેનો સંબંધ ફક્ત કાચનો રહ્યો છે. હવે તો ફક્ત એક ફ્રેમને પ્રેમ કરવાનો. દીવાલ ઉપર ફૂલોની વચ્ચે ટીંગાયેલી હયાતિના વહેમને પ્રેમ કરવાનો.

અંદર બેઠેલો માણસ બધું જ જોયા કરે અને કશું જ બોલે નહીં. જાણે અંદર બેઠેલો માણસ ઈશ્વર બની ગયો. જેની સાથે ગળે મળવાના સંબંધો હતા, એને હવે વંદન કરીએ છીએ. આપણા જન્મદિવસે જે માણસ આપણને શુભેચ્છાઓ આપતો, એ હવે આપણને આશીર્વાદ આપે છે.

વારે તહેવારે ફોટોફ્રેમ પર કંકુ-ચોખાના ચાંદલા કરીને આપણે જેની આભાસી હયાતિને ઊજવીએ છીએ, એ માણસ નક્કી ક્યાંક પોતાની ગેરહાજરીનો ઉત્સવ મનાવતો હશે.

આપણે ફોટોફ્રેમ પર ફૂલોનો હાર નથી ચઢાવતા, આપણે ચઢાવીએ છીએ અફસોસ. એ માણસના જીવિત હોવાના સમયે, આપણે એને જે કહેવાના હતા પરંતુ કહેલા નહીં, એવા નહીં કહેલા શબ્દોનો અફસોસ. નહીં કહેલી લાગણીઓનું પ્રાયશ્ચિત્ત હવે આપણે ફોટોફ્રેમ પર હાર ચઢાવીને કરીએ છીએ.

માણસ કરતા તેની ફોટોફ્રેમ હંમેશાં વધારે કિંમતી થઈ જાય છે. આખીય જિંદગી જે સંબોધનો, જે compliments, જે વખાણ સાંભળવા પેલો માણસ જીવતો હતો, આજે એના મર્યા પછી એ બધા જ compliments એની ફોટોફ્રેમને મળે છે. માણસ કેવું જીવી ગયો એનો જશ ક્યારેય માણસને નથી મળતો, એ હંમેશાં એની ફોટોફ્રેમને મળે છે. ગજબ છે આ ફોટોફ્રેમ નહીં? આપણી કદર કેટલી છે એ ત્યારે જ ખબર પડે છે, જ્યારે આપણે ફોટોફ્રેમની અંદર હોઈએ છીએ.

મારે સાત સમંદર નથી ઓળંગવા, ભાઈ! ફક્ત એક ફોટોફ્રેમની પેલે પાર જઈ શકું તો બસ.



બા ફળિયું વાળે છે

બા ફળિયું વાળે છે.....
કાગળના સુક્કા કચરાની સાથે, સુક્કા સગપણો બાળે છે,
બા ફળિયું વાળે છે.

આખું ફળિયું બાથી ભરચક, પણ ઘર તો બાનું ખાલી,
બાની સાથે ઊભી રહે છે, હવે એકલતા બાને ઝાલી.
ફળિયામાં વેરાયેલ વ્હાલને, બા સૂપડાના ખોળામાં ઢાળે છે,
બા ફળિયું વાળે છે.

રોજ સવારે રસોડે જઈને, બા જતી જિંદગીને ચાખે,
કડવી દવા જેવી આબોહવામાં, બા કેટલી સાકર નાંખે?
ઘરના ઉંબરે ઊભાં રહીને બા, ડેલીએ ઈશ્વરને ભાળે છે,
બા ફળિયું વાળે છે.

ફળિયામાં એકેય રંગોળી નહીં, ને ઘરની દીવાલો ધોળી,
બાના દિવસો લાંબા થાય, ને રાતો થઈ જાય પહોળી.
કોડિયામાં ઓલવાતા દીવડાની જેમ, નિજ દિવાળી ગાળે છે,
બા ફળિયું વાળે છે.

બાનો ફોન ચુપચાપ સૂવે, ને ઘર આખામાં સન્નાટો જાગે,
સાઇકલ લઈને આવે ટપાલી, બાને એવા ભણકારા વાગે.
પોતાની જાતને લખીને ચિઠ્ઠી, બા કાગળને પંપાળે છે,
બા ફળિયું વાળે છે.



બા અખબાર જેવું જીવે છે

બાના ઘરમાં ત્રણ સભ્યો. બા, ઘરનો ખાલીપો અને બાપુજીની યાદો. બાપુજીના ગયા પછી બાના ભાગે આવેલા અંધકારને બાએ બે ભાગમાં વહેંચી લીધો. જે અંધકારમાં સૂરજને જોઈ શકાય, બા તેને દિવસ કહેતા. બાકી વધી એ રાત. જાણે બાપુજીની યાદોને જાગરણ હોય એમ રોજ રાતે બાપુજીની યાદો બાને સૂવા દેતી નહીં અને દિવસ આખ્ખો ઘરનો ખાલીપો બાની સાથે થપ્પો રમતો. શું ખરેખર બાને પણ ખાલીપો ગમતો?

બાના દીકરાઓ અમેરિકા ગયા. બાની કેટલી બધી અપેક્ષાઓને પણ વિઝા મળી ગયા, એટલે એ બધી અપેક્ષાઓ પણ દીકરાઓની સાથે અમેરિકા ચાલી ગઈ. બાના ઘરમાંથી એવી તો કેટલીય વસ્તુઓ ખાલી થઈ.

ઘરના ફળિયામાં રોજ સવારે તુલસી જેટલી જ પવિત્ર કોઈ ઘટના બનતી. બસ, એ ઘટના જ બાને બહુ ગમતી. સવાર પડે ને રોજ ઘરના ફળિયામાં અખબાર આવતું. અખબાર સાથેના સંબંધને કારણે જ બાને ફળિયા સાથે બહુ ફાવતું.

ઘરના ઉંબરની ઊંચાઈ બાએ એટલે જ ઓછી રાખેલી કે કોઈ દિવસ સુખ ઘરે આવે તો એને ઠેસ ન વાગે. આખ્ખો દિવસ પસાર થાય પણ એક અખબાર સિવાય બાનો ઉંબરો કોઈ ઓળંગી શકતું નહીં. બાએ પોતાના ઘડપણ સાથે કેટલીય સમજૂતીઓ કરેલી. અખબારને બનાવ્યું મિત્ર અને બાપુજીની યાદોને બનાવી હતી સહેલી.

અખબાર ઘરમાં આવે, બા માટે એ સૌથી મોટું સુખ. છેક અમેરિકાથી ચા આવતા વાર લાગે એટલે રોજ સવારની ચા બા પોતે જ બનાવતા. આ ઉંમરે બાને હવે ગળપણની ટેવ નહીં અને સદે પણ નહીં. બાએ ચામાં જે નથી નાંખેલી એ ખાંડની કસર રોજ સવારે એક અખબાર પૂરું કરે. ચાને સાઇડમાં રાખીને, રોજ સવારે બા અખબાર પીવે. આવી જ કોઈ સવારને બા વારંવાર જીવે. સવાર પડે ને ઘરનો ખાલીપો 'બા'ના નામની ચીસો પાડે, સાવ નફ્ફટ ખાલીપો બાને આ ઉંમરે થપ્પો રમાડે. રોજ સવારે બા પોતાની આખી જાત અખબારની પાછળ સંતાડે.

બાના નગરમાં કોઈ બાની નોંધ લેતું નથી, તેમ છતાં બા રોજ સવારે નગરનોંધ વાંચે છે. જે ઇચ્છાઓ અકાળે મૃત્યુ પામી છે, એ ઇચ્છાઓના ફોટા અખબારમાં અગરબત્તી સાથે છપાયા હોય છે. આવી કેટલીય ઇચ્છાઓની પ્રાર્થનાસભાના સમય અને સ્થળ બા અખબારમાં વાંચે છે.

બાપુજીના ગયા પછી બાએ સફેદ રંગ સાથે લગ્ન કર્યા. બાનું જીવતર, બાનો સાડલો અને બાનાં સપનાંઓ, બધાં એકબીજાને 'સેમપિન્ચ' કહે, કેમ કે બધાનો રંગ સફેદ. સફેદ કાગળ જેવું તકલાદી જીવતર લઈને બા ખુલ્લી સવાર જેવું જીવે છે. બા બિલકુલ અખબાર જેવું જીવે છે. લાગણીઓના શુષ્ક વાતાવરણમાં મુઠ્ઠીભર યાદોની સાથે બા ધોધમાર જીવે છે. બા અખબાર જેવું જીવે છે.

એક અખબારમાંથી બાએ કર્યો એટલો જ અભ્યાસ, અન્યના સુખે સુખી થવાનું અન્યના દુ:ખે ઉદાસ.

કોઈ બાળકના ચહેરા પર હાસ્ય હોય, એટલા જ નિર્દોષ સામાજિક વ્યવહાર જેવું જીવે છે. બા બિલકુલ અખબાર જેવું જીવે છે. આંખોથી વાંચીએ અને હૃદયમાં ઊતરી જાય એવા સમાચાર જેવું જીવે છે. બા સાવ અખબાર જેવું જીવે છે.

◙

GOD OF ALL THINGS

થોડા દિવસો પહેલા ICU પાસેથી જ્યારે હું પસાર થતો હતો, ત્યારે એક 10 વર્ષનો છોકરો બે હાથ જોડી રડતાં રડતાં મનમાં કશુંક બોલતો હતો. તેની પાસે જઈને મેં તેને પૂછ્યું, "શું થયું દોસ્ત?"

એણે રડતાં રડતાં મને કહ્યું, "સાહેબ, મારા મમ્મી ICUમાં છે. બહુ બીમાર છે. તે જલદી સાજા થઈ જાય એ માટે હું ભગવાનને પ્રાર્થના કરતો હતો. સાહેબ, મારાં મમ્મી સાજાં તો થઈ જશે ને?"

મેં એના ખભા પર હાથ મૂક્યો. મે કહ્યું: "ચાલ, હું પણ તારા મમ્મી માટે પ્રાર્થના કરું. આપણે સાથે પ્રાર્થના કરીએ." એ પ્રાર્થનાની શરૂઆત કરતા પહેલાં મેં પેલા છોકરાને પૂછ્યું, "તારા ઈશ્વરનું નામ તો કહે. હું પણ એ જ ઈશ્વરને પ્રાર્થના કરીશ. મારો ઈશ્વર તારા ઈશ્વરને મારી પ્રાર્થના CONVEY ન કરે તો? ઈશ્વરો વચ્ચે CONFUSION ન થવું જોઈએ."

એ છોકરાએ પોતાના ખિસ્સામાંથી એક પ્લાસ્ટિકની થેલી કાઢી. એમાં થોડા પરચૂરણ સિક્કાઓ, પાંચ રૂપિયાની એક ફાટેલી નોટ અને એક ફોટો હતો. એ ફોટો એણે મને આપ્યો અને મને કહે, "આ મારા ઈશ્વર છે." એ ફોટો હતો સચિન તેન્દુલકરનો!

વાત હવે શરૂ થાય છે. ભગવદ્ગીતામાં કૃષ્ણ ભગવાને એવું તો નહીં જ લખેલું હોય કે ઈશ્વર બનવા માટેની લાયકાત શું? પોતાના જીવનમાં કેટલી સફળતાઓ મેળવીએ તો ઈશ્વર બની શકાય? સાંઈ ભગવાન પોતાના જીવનમાં કેટલી વાર નિષ્ફળ ગયા હશે, એની આપણને જાણ નથી અને પરવા પણ નથી. ઈશ્વર કહેવડાવવા માટે શ્રી રામ કે શ્રી ગણેશે કેટલી સફળતાઓ મેળવી હશે? એની ખબર નથી. Fortunately, સફળતા મળવાથી કોઈ ઈશ્વર બનતું નથી. શ્રદ્ધાથી ઈશ્વર બને છે. જેમ સફળતા એ કોઈને ઈશ્વર બનાવવા માટેનો માપદંડ નથી, એમ નિષ્ફળતા કોઈની પાસેથી તેમનું ઈશ્વરપણું છીનવી લેતી નથી. એ છોકરાની મમ્મી બે દિવસ પછી ICUમાંથી બહાર આવી અને હૉસ્પિટલમાંથી સાજી થઈને ઘરે ગઈ. બસ, એટલે જ સચિન ઈશ્વર છે.

ઈશ્વરને પ્રાર્થના કરીએ ત્યારે આપણી પ્રાર્થના ઈશ્વર સુધી પહોંચી ગઈ છે એવો કોઈ delivery report આપણને મળતો નથી. પણ Message not sent એવું પણ આવતું નથી, એટલે આપણે માની લઈએ છીએ કે ઈશ્વરે પ્રાર્થના સાંભળી લીધી.

આપણે ઈશ્વરમાં ન માનતા હોઈએ એવું બને, પણ ઈશ્વર તો આપણામાં માનતો જ હોય છે. ઈશ્વર પોતે જીતતો નથી, ઈશ્વર આપણને જિતાડે છે. આપણને હસાવે છે, રડાવે છે.

એક હાથમાં જવાબદારી, એક હાથમાં સંબંધો, આંખોમાં સપનાંઓ અને ખિસ્સામાં ભેગી થયેલી સફળતાઓ હોય ત્યારે, આ ખીચોખીચ જીવમાં શ્રદ્ધાને રાખવા માટેની જગ્યા જ નથી. એટલે મેં તો મારી શ્રદ્ધા રાખી ઈશ્વરમાં.

બીજા કોઈની પાસે શ્રદ્ધા રાખીએ અને આપણને જોઈએ ત્યારે પાછી ન મળે તો? એટલે જ શ્રદ્ધા રાખી ઈશ્વરમાં.

જેમ મારી જાતને સાચવે છે, એમ મારી શ્રદ્ધાને પણ સાચવશે એવું માનીને શ્રદ્ધા રાખી ઈશ્વરમાં.

આપણને જે ગમે, આપણે જેને પ્રેમ કરીએ, બસ એ જ આપણો ઈશ્વર. જો મારાં મમ્મી મારા માટે ઈશ્વર હોઈ શકે તો સચિન કેમ નહીં? જેનામાં શ્રદ્ધા હોય એ જ આપણો ઈશ્વર.

સચિન એ વ્યક્તિ નથી. તે એક અવસ્થા છે.

સચિન કોઈ વ્યક્તિગત અભિપ્રાય નથી, તે એક સામૂહિક વિચાર છે. સચિન એક વિચારધારા છે.

આખા વિશ્વને એક જ સમયે, એક સાથે સાંકળતી આ સદીની સૌથી રમણીય ઘટના એટલે સચિન.

◙

સફળતા એટલે શું?

પપ્પાનું એક sperm, મમ્મીનાં એક ovumને fertilize કરે અને fallopian tubeમાંથી આ fertilized ovum મમ્મીના uterusમાં આવી implant થાય એ આપણી પ્રથમ સફળતા. તે સમયે લગભગ એવું નક્કી થઈ જાય કે ઈશ્વરે હવે એના ઘરેથી આપણને વિદાય આપી અને આપણાં મા-બાપ ખુશ થઈને આપણાં આગમનની તૈયારીઓ શરૂ કરી દે. એમની ખુશી જોઈને પાછા ઈશ્વરના ઘરે વળવાનું આપણને મન ના થાય એ આપણી બીજી સફળતા. બાકી ગર્ભમાં પણ HOME SICKNESS લાગે હોં!

ઈશ્વરથી અલગ થયા પછી ઈશ્વરનો withdrawl syndrome લાગે, એટલે 9 મહિના સુધી આ નવા ઘરમાં કશું જ નવું શીખવાનો mood જ ના હોય.

બાજુમાં રહેલી placentaમાંથી 24 કલાક નળનાં પાણીની જેમ રક્ત અફળાવાનાં અવાજો વચ્ચે કોઈ કેવી રીતે concentrate કરે યાર?

કેવી વિષમતા છે? આજે ઢાંકણીભર પાણીમાં આરામથી ડૂબી જતો માણસ, તે સમયે આટલા બધા amniotic fluidમાં પણ ડૂબતો નથી!

સમયસર ટપાલની delivery થાય એમ સમયસર (ના pre term...ના post term) કોઈ પણ જાતના foetal distress વગર આપણે બહાર નીકળીએ એ આપણી ત્રીજી સફળતા.

ઈશ્વરથી જુદા થવાનું દુઃખ સહન કરી શકીએ, એટલે જનમતાની સાથે જ doctor આપણને મમ્મીનો ચહેરો બતાવે. (ઈશ્વરના પણ duplicate હોય ને!) આપણે ચુપ થઈ જઈએ અને પછી એ જ ચહેરાને આપણે ઈશ્વર માની લઈએ.

કોઈ જાતની congenital anomaly (ખોડખાંપણ) નથી, એવું ડૉક્ટર declare કરે (ત્યારના જમાનામાં early congenital anomaly scan..... 12 અઠવાડિયાં થતા નહીં... કોઈ કરાવતા પણ નહીં) એ આપણી ચોથી સફળતા. ત્યાર પછી સફળતાની વણથંભી વણઝાર શરૂ થાય.

એમાં બોલતા આવડે, વસ્તુ પકડતા આવડે, સ્પર્શ અનુભવાય, ચાલી શકાય, જોઈ શકાય, તાળી પાડી શકાય, સાંભળી શકાય. (આ બધી માત્ર સફળતાઓ જ નથી... આ બધા ચમત્કાર છે.)

રમકડાંઓની વચ્ચે પપ્પા એમનું નાક ધરે અને એ નાક પકડીને આપણે ખેંચી શકીએ એ ત્યારની સફળતા હતી. દક્ષિણામૂર્તિની નાની બકુલમાં પ્રવેશ મળ્યો, એ સૌથી મોટી સફળતા.

પછી મોટા થયા, મોટાઈ પણ વધી અને વધતો ગયો સફળતાનો વ્યાપ. મૂશળધાર વરસાદમાં મમ્મી-પપ્પા પલળવાની છૂટ આપે... એ સફળતા હતી.

ગલીમાં cricket રમતી વખતે over pitch delivery પર straight drive વાગી જાય તો એ સફળતા હતી. (ત્યારે આપણાં અને સચિન વચ્ચે ઝાઝો ફરક છે જ નહીં એવું લાગતું.)

schoolમાં કે cricket રમતી વખતે ચડ્ડીની સિલાઈ ઉતરડાઈ જાય (વડીલો માટે. મિત્રોએ તો એમ જ વાંચવું કે... ચડ્ડી ફાટી જાય) ત્યારે ચાલ બદલીને, નજીક નજીક પગ રાખી, કોઈને ખબર પડે નહીં એમ ઘરે પહોંચી જતા... એ સૌથી મોટી સફળતા હતી.

શાળામાં કોઈ ગમતી છોકરી (ત્યારે બધી છોકરીઓ ગમતી હોં!) આપણી સામે જોઈને સરસ મલકાય તો એ સફળતા હતી.

ધીરે ધીરે સફળતાના માપદંડ બદલાતા ગયા. પરીક્ષામાં પ્રથમ આવીએ કે pass થઈએ તો સફળ, નહીં તો નિષ્ફળ. બસ, આ પરીક્ષા શબ્દ જ્યારથી જીવનમાં આવ્યો ત્યારથી જ નિષ્ફળતાનું નામ સાંભળ્યું. ત્યાં સુધી તો બધી સફળતા જ હતી હો પ્રભુ.

collegeમાં ગમતી છોકરી(ત્યારે એક જ ગમતી)ને propose કરીએ ને... ભૂલેચૂકે એ હા પાડે તો એવી સફળતા તો કદી ભાળી નથી હો!

પછી આ સાલી સફળતાએ U TURN લીધો. પૈસા આવે એમ સફળતા વધે એવું માનવા લાગ્યા. DOCTOR બન્યા એટલે એમ કે સફળ છીએ. SURGEON બન્યા તો એમ કે વધારે સફળ છીએ. ઑપરેશન કરેલું patient discharge લઈને ઘરે જાય તો તો અમારા મનમાં સફળતાના આંબા ઊગે.

super specialityમાં admission મળ્યું તો જાણે સફળતાને ચગળી ચગળીને ચૂસી નાંખી હોય એવું લાગ્યું.

ગઈ કાલે હું ઈશ્વરના ઘરે ગયેલો. બે હાથ જોડીને પૂછ્યું, "BOSS, બહુ confusion છે. સફળતા એટલે શું? મેં આટલું બધું મેળવ્યું છે. હું સફળ છું?" ઈશ્વર મારા સવાલ પર મલકાયા (Fortunately, હસ્યા નહીં. ભૂતકાળમાં હું પણ કોઈ દર્દીના stupid સવાલ પર હસ્યો નહીં હોઉં, એટલે ઈશ્વરે મારા પર હસવાનું માંડી વાળ્યું!).

મારા માથા પર હાથ મૂક્યો અને મને કહે, "તું સરળતાથી શ્વાસ લઈ શકે છે એ જ તારી સફળતા છે."

મને મારો જવાબ મળી ગયો.

માણસ જેવી તકલાદી જાત, અસંખ્ય શક્ય શારીરિક અને માનસિક દુર્ઘટનાઓ વચ્ચે સ્વસ્થ રહી શકે છે એ જ સૌથી મોટી સફળતા છે. આપણે કોઈ જ પ્રકારની શારીરિક યાતના વગર આવતી કાલનો સૂર્યોદય હેમખેમ જોઈ શકીએ એ જ સફળતા છે. આપણે ફુગ્ગા જેવી જાત લઈને ટાંકણીઓના શહેરમાં ફરીએ છીએ ત્યારે આવનારી દરેક ક્ષણ કે જેમાં આપણે હયાત છીએ, તે આપણા માટે એક ચમત્કાર છે. આવનારી પળમાં હજુ પણ આપણા શ્વાસ અકબંધ છે, એ જાણ થાય એ જ આપણી સફળતા છે.

CONCLUSION રાત્રે આંખો બંધ કરી સૂઈ જઈએ અને બીજે દિવસે સવારે આંખો ખોલી પલંગ પરથી સુખરૂપ ઊભા થઈ શકીએ એ જ આપણી સફળતા.



વધુ એક દિવાળી જોઈશું
લ્યો બોલો, હજુ જીવીએ છીએ.
કરો CELEBRATION!

મારી સાથે ડાયાલિસીસ રૂમમાં, ડાયાલિસીસ કરાવતાં દર્દીની બાજુમાં ફક્ત પાંચ મિનિટ બેસો.

મારી સાથે ICUમાં, Ventilator પર રહેલા દર્દીની વેદના ફક્ત બે મિનિટ સમજો.

કૅન્સરના ટર્મિનલ સ્ટેજમાં રહેલા દર્દી સાથે ફક્ત એક ક્ષણ વિતાવો.

આવતી કાલ સવારે આકાશમાંથી અસંખ્ય આશાઓ લઈને નીકળનાર સૂરજનાં કિરણો એમના ઉપર પડશે કે કેમ? એટલી પણ એમને ખબર નથી.

આવતી કાલે સવારે એમની આંખોને ઊઘડવું ગમશે કે કેમ? એટલી પણ એમને ખબર નથી.

પરાણે પરાણે ચાલી રહેલા શ્વાસ થાકીને ક્યાંક રાતે જ અટકી જશે તો?

સપનાંઓની સાથે સાથે વહેલી સવારે, પાનખર પહેલાં જ એક લીલું પાન ખરી જશે તો?

સવાર પડે એ પહેલાં જ આખેઆખો માણસ ચાર ખભા ઉપર ઊપડી જશે તો?

ઘરમાં દીવો થવાને બદલે એ જ દીવો એમની કબર પર થશે તો?

ફક્ત એક મિનિટ આવું વિચારીએ... પછી આપણે સાથે કરીશું દિવાળીનું CELEBRATION.

દિવાળી એટલે નથી ઊજવવાની કે તેઓ ઊજવી નહીં શકે. દિવાળી એટલે ઊજવવાની છે કે આપણે ઊજવી શકીશું.

ઈશ્વરની સાવરણી ફરે અને આપડે હજુ એના સૂપડામાં નથી આવ્યા...એની ઉજવણી કરવાની. ઈશ્વરે એક વધુ મોકો આપ્યો, જીવતા રહેવાનો... એની ઉજવણી.

દેશનાં કેટલાંય ગરીબ બાળકો, આઘેથી ફૂટતાં ફટાકડાની સાથે સાથે, આઘેથી આપણો આનંદ પણ જોશે. બૉમ્બ અને રૉકેટના અવાજો વચ્ચે, એમની લાચારીનાં ડૂસકાંઓ આપણને સંભળાશે નહીં. ઘરની બહાર કેટલીય રોશની કરીએ પણ એમની આંખોમાં રહેલાં આંસુઓ આપણને નહીં દેખાય. આજકાલ આપણે આંખોથી નહીં, ચશ્માંથી જોઈએ છીએ અને ચશ્માંનું field of vision કેટલું restricted હોય છે એ તો આપણને ખબર છે.

ઘરની બહાર એક મોટી રંગોળી કરવાથી... એમના Black & White જીવનમાં આપણે રંગ પૂરી નહીં શકીએ.

આપણે દિવાળીની ઉજવણી કરવી જ છે, એટલે નહીં કે તેઓ નહીં કરી શકે. એટલે કે આપણે કરી શકીશું.

બે દીવાઓ વધારે સળગાવીને (પ્રગટાવીને... એમ નથી કહેતો, કારણ કે પ્રગટાવવું ઘણું અઘરું છે... સળગાવવું સાવ સહેલું...!) આપણે કોઈના જીવનનો અંધકાર ક્યારેય દૂર નહીં કરી શકીએ. છતાં આપણે દીવાઓ કરીશું, કેમ કે આપણે જાતે ઊજળા થવું છે.

આખા વિશ્વમાં કેટલાય દેશોમાં રાત હોય છે, છતાં આપણા ભાગે આવેલી સવાર આપણે ઊજવીએ છીએ. આપણે ભાગે આવેલી દિવાળી આપણે પણ ઊજવીશું. બસ, ફરક એટલો છે કે કેટલીક રાતો પછી ક્યારેય સવાર પડતું નથી.

દિલ્હી હાઈકોર્ટ કે પછી મુંબઈ બૉમ્બ બ્લાસ્ટના ફટાકડામાં ફૂટી જનારા મિત્રોએ દિવાળીની ખરીદી કરી હશે? એમને તો ખબર પણ નહીં હોય કે ગઈ દિવાળીએ દીવાઓ કરીને આનંદ કરનાર, આ દિવાળી તેઓ એક ફોટોફ્રેમમાં બેસીને નિહાળશે અને એમના ફોટાની આગળ દીવાઓ થશે.

આપણે હજુ ફોટોફ્રેમની બહાર છીએ અને ગળામાં ફૂલના હારને બદલે જીવતા સંબંધો વીંટળાયેલા છે એની ઉજવણી કરવી છે.

અરે દિવાળી ગઈ 'કોડિયામાં' (કોડિયામાં તેલ હશે જ એમ માની લઉં છું) આપણે ફક્ત જીવતા છીએ, એ પૂરતું નથી ઉજવણી કરવા માટે?



હું એક પેન્સિલ છું

તમે તો મને ઓળખો જ છો. હા, કદાચ ભૂલી ગયા હશો. આજકાલ મારું કામ નથી પડતું ને એટલે. તમને યાદ છે જ્યારે તમે ભૂલો કરવાની ઉંમરના હતા (હવે ભૂલો કરતાં જ નથી એમ માનું છું) ત્યારે સતત મને સાથે રાખતા, તમારા કંપાસમાં.

સંચો અને રબ્બર (english medium એને sharpner અને eraser કહેતા) બંને મારા દુશ્મન. મને પરાણે એ બંનેની સાથે જ કંપાસમાં ગોંધી રાખતા. હવે તમારા પણ લગ્ન થઈ ગયા હશે એટલે હું ત્યારે શું અનુભવતી એ હવે તમે સમજી શકશો. (આ વાત એક પેન્સિલ કહે છે, એટલે તમે મજાકમાં જ લેશો એની મને ખબર છે) મારી બાજુમાં રહેતું પેલું અણીદાર સાધન, જેને તમે ભાગ્યે જ વર્તુળ દોરવા ઉપયોગમાં લેતા, એ યાદ છે ને? કેટલીય વાર એની અણી મને વાગી હશે. મારી બાજુમાં રહેલું પેલું કોણમાપક પણ ઘણી વાર મારી સાથે તમારા પર હસતું... તે કહેતું "કાગળ પરની આકૃતિઓનાં ખૂણા માપવાને બદલે તમારા હૃદયના ખૂણાઓ માપીએ તો એ ચોક્કસ 90 ડિગ્રી કરતા નાના જ થાય." પેલી ફૂટપટ્ટી થોડી શરમાળ હતી. એ કશું જ બોલતી નહીં. કદાચ તમારા મન અને વિચારોની પહોળાઈ એણે માપી લીધી હતી એટલે બિચારી થોડી સ્તબ્ધ હતી. (આમ પણ સ્ત્રી જાતિ ખરી ને! એટલે પુરુષને આખ્ખે આખ્ખો માપી લે, તોય કાંઈ બોલે નહીં. ફૂટપટ્ટીને મૂછ નહોતી, નહીં તો એ ચોક્કસ મૂછમાં હસી હોત) ફૂટપટ્ટીની લગોલગ મને રાખીને તમે એક સીધી લીટી દોરતા. એ સીધી લીટી એક બંધ જેવું કામ કરતી, જેથી કરીને તમારા શબ્દો છલકાઈ છલકાઈને હાંસિયામાં વહેતા ન થઈ જાય.

એક અંદરની વાત કહું. આ હાંસિયો પણ ઘણી વાર તમારા ઉપર હસ્યો છે. એને ફક્ત ક્રમાંક અને તારીખની જવાબદારી આપીને, તમે બધો ભાર પેલા કાગળ પર ઠલવતા. મોટા થઈને પણ જીવનમાં હાંસિયો દોર્યો હોત તો જીવતરના કાગળ પર લખાયેલું તમારું લખાણ થોડું શિસ્તબદ્ધ લાગત. મારો ઉપયોગ કરીને ખાનાંઓ પાડતા તમે, આજે ખુદ ખાનાંઓમાં વિભાજીત થઈ ગયા છો એ વાતનું દુઃખ છે.

છોલીછોલીને અણીદાર બનવાનું મારા ભાગ્યમાં જ લખાયેલું હતું. છોકરીની જાત રહી ને! છોકરીની જાત હતી એટલે જ તમારા કાગળ પર શબ્દો જન્માવી શકતી. (પેન કહો કે કલમ... અમે બધા માસી માસીના પણ બધા સ્ત્રી જાતિ. તો જ શબ્દોને જનમ આપી શકીએ) કાગળ પર ઘસાઈ ઘસાઈને પ્રસૂતિ પીડા અમે ભોગવી છે અને સર્જનનું શ્રેય હંમેશાં તમને મળ્યું છે. અમે છોકરીની જાત એટલે કશું બોલીએ જ નહીં.

સાચું કહેજો, તમે જિંદગીમાં કોઈ વાર તો નિષ્ફળ ગયા હશો ને! ભૂલે ચૂકે હું ક્યારેક ઝાંખી થઈ જતી તો તમે મારા પર કેવા ચડી બેસતા... યાદ છે ને? મારા પર એટલો ભાર આપતા કે ક્યારેક કાગળની ચીસ નીકળી જતી.

બૂઢા થઈ થઈને બૂઢા થવાનું અમારા નસીબમાં છે ભાઈ. ઘસાઈ ઘસાઈને અડધા થઈ જઈએ તોય ફક્ત તમારા શર્ટના ખિસ્સામાં જ રહીએ. તમારા શર્ટના ખિસ્સાથી તમારા હૃદયનું અંતર કેટલું ઓછું છે, છતાં અમે ત્યાં ક્યારેય પહોંચી શક્યા નહીં.

અમારી કોઈ ભૂલ થતી, તો તમે રબ્બર લઈ મારાં બાળકોનો (શબ્દોનો) નાશ કરી દેતા. તમારા એ પાપના પગલા કાગળ પર તો દેખાતા પણ તમારા મનમાં નહીં. આજે તમે ભૂલ કરતાં હશો તો તમે શું કરો છો? એવું પૂછવાનું પેલા કોણમાપકે મને કહ્યું છે. (મારી એટલી હિંમત ક્યાં? કોણમાપક તો નાન્યેતર જાતિ છે, એટલે તમે એનું ખરાબ નહીં લગાડો.)

તમે કશુંક વિચારતા કે tensionમાં રહેતા, ત્યારે મોઢામાં લઈને મને ચૂસતા. જવા દો હવે... સ્ત્રી

થઈને હવે એવા રોદણાં રોવાનો શો ફાયદો? ચુસાઈ જવાનું અમારા જન્માક્ષરમાં લખેલું છે.

સંચામાં મને નાંખીને ગોળ ગોળ ફેરવતા ત્યારે મારામાંથી નીકળતી ચામડીને તમે છાલ કહેતા. આજે તમારી ચામડીને હું છાલ કહી શકું છું. ફરક એટલો છે, મારી ચામડી કાઢીને પણ હું તમારા ઉપયોગમાં આવી શકી. તમે તો ચામડી પહેરીને પણ...! તમે તો સમજદાર છો.

ધીરે ધીરે તમે મારો સાથ છોડતા ગયા. મારી જગ્યા બૉલપેન કે Ink પેને લીધી. ધીરે ધીરે તમે એનો પણ સાથ છોડ્યો. સ્ત્રીઓનો ઉપયોગ કરીને છોડી દેવાનું તમે ભૂલ્યા તો નથી જ.

qwerty key board પર ઠપાઠપ તમે ટેરવાંઓ પાડવા લાગ્યાં. કાગળ છોડીને તમે હવે MS Wordમાં પોતાનું આધિપત્ય જતાવો છો. ક્લાસ રૂમની દીવાલોમાંથી નીકળીને હવે તમે facebookની wall ઉપર તમાચા મારો છો (facebookની દીવાલ પણ સ્ત્રી જાતિ જ છે ને... મારો તમતમારે).

પણ યાદ રાખજો હું એક સ્ત્રી છું. મેં કેટલાંય બાળકોના જીવન બદલ્યાં છે. તમે મને ભલે ભૂલી ગયા હો પણ હું આજે તમારી સાથે છું. કબાટ ઉઘાડીને જુઓ તો ખરા! એકાદ કંપાસ બૉક્સમાં તમારા આવવાની રાહ જોઈને બેઠી છું, ફરી પાછી છોલાઈ જવા માટે.

આજે ગાંધીજી બહુ યાદ આવે છે. એમના હાથમાં ભારત દેશની જેમ, હું પણ સુરક્ષિત હતી.



હું એક કાગડો છું

નવાઈ લાગે છે ને? મારા વિષે કોઈ દિવસ વિચાર્યું છે? તમને તમારા વિષે વિચારવાનો પણ સમય મળતો નથી, તો મારા વિષે ક્યાંથી વિચારશો?

કાગડો જોયો તો હશે ને? તમને પક્ષીનો અર્થ ખબર છે? તમને પક્ષીનો અર્થ ખબર નથી તો ટહુકાનો અર્થ શું પૂછવો? પક્ષી જવા દો, તમને ઊડવાનો અર્થ ખબર છે?

હું છું વર્ષોથી વગોવાઈ ગયેલો જીવ. કોયલ અને મોર કવિતામાં ગવાઈ ગયા અને હું વગોવાઈ ગયો. કેમ? તમને પૂછું છું. આ પક્ષપાત કરવાનું તમને કોણે શીખવ્યું છે? દરેક સજીવ એક સમાન હોય ને!

હું ફક્ત તમને શ્રાદ્ધ વખતે યાદ આવું છું અને એ પણ તમને લાગે છે કે તમારા પિતૃ મારામાં પ્રવેશ્યા. એક વાતનો આનંદ છે કે આ કાળી કર્કશ જાતમાં માણસ જાત પ્રવેશી શકે એ વાત તમને સ્વીકાર્ય તો છે. એક માણસનું અમને વજન લાગે હો! ભલે ને આમ સાવ વજન વગરનો માણસ હોય.

મારા માળામાં કોયલ પોતાના ઈંડા મૂકી જાય અને હું એને ઉછેરું. તમને લાગે હું મૂર્ખ છું. મને એની જાણ નથી કે આ ઈંડા કોયલના છે એવું તમે માનો છો. કોઈકના બાળકને ઉછેરી શકીએ એવું વરદાન ઈશ્વરે મને આપેલું છે. અરે, માણસ જાત! કોઈના બાળકને ઉછેરવાનો આનંદ તને શું ખબર? મારે કોયલને કોઈ હિસાબો આપવા પડતા નથી. હિસાબ કરવાનું ફક્ત તમે કરો છો અને પાછા બોલો છો 'હિસાબે કાગડા કાળા.' હિસાબ ન કરે તો પણ કાગડા તો કાળા જ રહેવાના ભાઈ!

મારો કર્કશ અવાજ તમને ગમતો નથી. કોયલના મીઠા અવાજ પાછળ તમે દોટ મૂકો છો. અંતે તો સ્ત્રીની પાછળ જ તમે ભાગવાના! હું ભલે કર્કશ હોઉં, મારા માટે એ મારું સંગીત છે. એ મારો અવાજ છે. મને એનું ગૌરવ છે. મારો અવાજ કર્કશ હશે પણ મારી ભાષા કર્કશ નથી. હું બોલું તો તમને લાગે છે તમારા ઘરે મહેમાન આવશે. એક માણસ તમારા ઘરે આવી શકે એવી શક્યતા માટે પણ તમારે એક કાગડા ઉપર dependant રહેવું પડે? ઈશ્વરે મને જેવા vocal cords આપ્યા છે તેવા મેં સ્વીકારી લીધા છે. એનો મને અફસોસ નથી.

તમે લીમડાને કડવો કહો છો પણ તમે લીમડાને પૂછ્યું છે, માણસની કડવાશ કેવી હોય?

આખો દિવસ લીમડાના ઝાડ ઉપર, લીમડાની ડાળ સાથે ઊઠવા-બેસવાનું હોય એટલે મને લીમડાની અંગત વાતોની ખબર છે. તમારા હાથમાં કુહાડી જોઈને હું તો ઊડી જાઉં પણ લીમડાનું શું?

તમારા તરફ આવતું મોત તમે જોતા રહો અને તમારી જગ્યાએથી હલી પણ ન શકો. તો તમે શું કરશો? વૃક્ષ કરતા તમારું જડત્વ તો અનેક ગણું વધારે છે. બરાબર ને?

આ કાળી કર્કશ જાતને સમજી ન શકો તો કાંઈ નહીં, હું તો ઊડી જઈશ પણ આ લીલાશની વેદનાને તો સમજો.

મારા હાથમાં તમે સારી વસ્તુ જોઈ શકતા નથી. તમે કહો છો કાગડો દહીંથરું લઈ ગ્યો. આકાશ સુધી જાઉં એટલે ઈશ્વરના ઘરે જવાનો વ્યવહાર ખરો. ઈશ્વર પણ એક વાર મૂછમાં હસેલા. પહેલા તો માણસ જાત બનાવી. પછી એના ખોળામાં, એની જાત અને ઓકાતના ગજા બહારનું સુખ મૂકતો જાય, ઈશ્વર મૂછમાં હસતો જાય અને કહેતો જાય 'કાગડો દહીંથરું લઈ ગ્યો.'

હું તો મારું well deserved, self earned દહીંથરું લઈ જાવ છું. તમને અનાયાસે મળેલા દહીંથરાનો હિસાબ માંડજો (હિસાબે માણસ કાગડા કરતા પણ વધારે કાળા હો સાહેબ) પછી મને કહેજો સાચો કાગડો કોણ?

મારી વાર્તાઓ સાંભળીને તમે શીખેલા કે માટલામાં અડધે સુધી પાણી ભરેલું હોય તો માટલાની અંદર ન જવાય. એમાં પથ્થરો નાંખીએ તો પાણીની સપાટી ઉપર આવે. અરે માણસભાઈ, પથ્થરો નાંખવાની વાત તો ફક્ત માટલામાં થઈ હતી. તમે તો એને બહુ seriously લઈ લીધી. કાંકરીચાળો

તમને ગમે એની મને ખબર હતી... પણ પથ્થરો પ્રત્યે પણ તમારું ગજબનું વ્હાલ, મને ખબર નહીં. પથ્થરાઓ માટલાની અંદર નાંખવાના હતા, માટલાને મારવાના નહોતા.

રોજ સાંજે વૃક્ષની એ ડાળ અને માળો, બંને મારી રાહ જુએ છે. આકાશમાં થોડું આમ તેમ ફરવાનું થાય અને માળામાં પાછું ફરવાનું મોડું થાય તો વૃક્ષને પણ મારી ચિંતા થાય. વૃક્ષનો પણ મને SMS આવે હવે કેટલી વાર? આ વૃક્ષ તમને બોલાવે છે ક્યારેય?

વૃક્ષને છોડો, તમને કોઈ પણ બોલાવે છે ક્યારેય?

અણીદાર આંખો, બરછટ લાગણીઓ, ચામડી નામે શરીર ઉપર વીંટાઈ ગયેલી છાલ એકદમ જાડી અને હાથમાં કુહાડી. કોણ બોલાવે તમને?

માફ કરશો. હું તમારી જેમ સફેદ જૂઠ બોલતો નથી. હું કાળું સત્ય બોલું છું. જૂઠ બોલે કૌઆ કાંટે.

કવિઓને પણ મોટે ભાગે કોયલ અને મોર દેખાય છે. મને તો ર.પા ગમતા. ભલે ને કહેતા કાગડો મરી ગયો... પણ તેઓ કાગડા વિષે વિચારતા તો ખરા!

માથા તો કાળા છે જ. અવારનવાર તમે તમારું મોઢું પણ કાળું કરાવો છો. કર્કશ તો તમે પણ છો જ ને! તો માણસમાં અને કાગડામાં ફરક શું રહ્યો? વાન વિષે હું comment નહીં કરું કેમ કે હું racial નથી બનવા માંગતો. હા, એક વાતે હું તમારા કરતા superior છું. હું ઊડી શકું છું. હું જીવતા વૃક્ષ ઉપર મારું ઘર બાંધું છું અને તમે વૃક્ષને કાપીને ઘર બાંધો છો. હવે કહો મને superior કોણ?

ઈંટ પથ્થરોના મકાનને એની ક્યાં ખબર છે?
કે તેના તળિયા નીચે કેટલાં વૃક્ષોની કબર છે?



હું એક વિદ્યાર્થી બોલું છું

પ્રિય શિક્ષકો,

મેં ભગવદ્‌ગીતા વાંચેલી નથી. વર્ગખંડના પેલા કાળા પાટિયા પર સફેદ ચૉકથી તમે જે પણ લખશો, એ જ મારા માટે ભગવદ્‌ગીતા છે. (Unfortunately, માણસ જ્યારે ભગવદ્‌ગીતા વાંચવાની ઉંમરે પહોંચે છે, ત્યાં સુધીમાં તેણે કેટલું બધું અણીદાર શીખી લીધેલું હોય છે. જે સમાજને ફક્ત ખૂચ્યાં જ નહીં, વાગ્યા કરે છે) મારી નિશાળ મારા માટે મંદિર છે અને મારી શાળાના તમામ શિક્ષકો મારા માટે ભગવાન છે.

હવે મુદ્દાની વાત કરું.

એક અરજી કરવી છે. એક વિદ્યાર્થીની શિક્ષકોને અરજી. મને જ્ઞાન આપશો, વિજ્ઞાન તો હું વાંચી લઈશ. મારે શિક્ષા જોઈએ છે, પરીક્ષા નહીં. શિક્ષક તેના observationમાં જ evaluation કરી શકે છે. તેના માટે Paper set કરવાની જરૂર પડતી નથી. વસંત આવવાની હોય ત્યારે કયું વૃક્ષ પરીક્ષા આપે છે? કળીમાંથી ગુલાબ થાય એ પહેલા ગુલાબનો છોડ એ કળીને એક પણ સવાલ પૂછતો નથી. ચકલીઓનાં બચ્ચાંઓ માળામાંથી પહેલી વાર ઊડે એ પહેલાં કઈ entrance exam આપે છે? અરે, જ્યાં આકાશ એમને ઊડવાની પ્રેરણા આપતું હોય, ત્યારે તેઓ માળામાં ગોંધાઈ રહેતા નથી. તેમને પડવાનો વિચાર સુદ્ધાં આવતો નથી, કારણ કે તેઓ આકાશને જુએ છે... જમીનને નહીં.

લોકો કહે છે આજની શિક્ષણ પ્રથા સારી નથી, પણ મેં તો શિક્ષણ પ્રથાને જોઈ જ નથી. મેં તો ફક્ત શિક્ષકોને જોયા છે. શિક્ષકો સારા હોય તો શિક્ષણ પ્રથા સારી જ હોય, મને તો એટલી જ સમજ છે.

ડૉક્ટરથી દર્દીની સારવારમાં કોઈ ભૂલ થાય અને દર્દી મૃત્યુ પામે તો તમે તેને medical negligence કહો છો. તો પછી શિક્ષકો ભણાવવા જેવી વાતો ભણાવે નહીં અથવા ન ભણાવવા જેવી વાતો ભણાવે તો એને educational negligence કેમ ન કહેવાય? medical negligenceથી તો ફક્ત એક વ્યક્તિ મરે છે. educational negligenceથી આખો સમાજ મરે છે. તમને મળેલી એ 35 મિનિટ દેશનું ભવિષ્ય બદલી શકે છે. આ વાતની તમને તો ખબર જ હશે ને!

પ્રિય શિક્ષકો, મને માહિતી (information) અને જ્ઞાન (knowledge) વચ્ચેનો તફાવત ખબર નથી. એ તો તમારે જ સમજાવવો પડશે. પાઠ્યપુસ્તકો બોલી શકતા નથી. વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં જિંદગી કેમ જીવવી એના વિષે તો ઉલ્લેખ જ નથી. સમાજના કોયડાઓ કેમ ઉકેલવા? એવું તો ગણિતમાં એકેય ઉદાહરણ નથી. અમે તો વિદ્યાર્થીઓ છીએ, અમને ઉદાહરણ વગર ન સમજાય. જો ગણિત-વિજ્ઞાનની ચોપડીઓ જ સમાજ ઘડતી હોત તો આ paralyzed societyના bed sore અમારે વિદ્યાર્થીઓને જોવા ન પડત.

ગ્લાસ અડધો ખાલી છે કે ભરેલો... મારે ફક્ત એ નથી જાણવું. મારે એ પણ જાણવું છે કે ગ્લાસમાંનું અડધું પાણી ક્યાં ગયું હોઈ શકે? ગ્લાસમાં રહેલા પાણીનું composition શું છે? ગ્લાસ શેનો બનેલો છે? ગ્લાસનો અને પાણીનો સંબંધ શું?

મારી બાળ સહજ નિર્દોષતાનું બાષ્પીભવન કરે, મારે એવો શિક્ષક નથી જોઈતો. જે મારામાં રોજ નવી કુતૂહલતાનું સિંચન કરે, મારે એવો શિક્ષક જોઈએ છે. મને જવાબ આપે એવો શિક્ષક મને ન પોસાય. મારામાં જે સવાલો ઊભા કરે, મારે એવો શિક્ષક જોઈએ છે.

જો 18 વર્ષની ઉંમર પછી પુખ્ત થયેલા લોકો(શારીરિક પુખ્તતાની વાત કરું છું, માનસિક નહીં)ને મત આપી સરકાર ચૂંટવાનો અધિકાર છે, તો પછી અમને વિદ્યાર્થીઓને અમારી પસંદના શિક્ષકો ચૂંટવાનો કેમ અધિકાર નથી?

35 મિનિટના પિરિયડમાં અમારા પર રોજ રોજ શૈક્ષણિક બળાત્કાર થાય, એ આ દેશની સરકારને

મંજૂર હશે. અમે દેશનું ભવિષ્ય છીએ. દેશના ભવિષ્યને આ મંજૂર નથી.

સમાજના માપદંડો મારા ખભા ઉપર લાદીને મને અપાહિજ ન બનાવતા. વાલીઓની સાથે સાથે પ્રિય શિક્ષકો, તમને પણ કહું છું... તમારી જે કઈ અપેક્ષાઓ છે એ તમારી પાસે જ રાખજો. તમારી અપેક્ષાઓનું મને વજન લાગે છે. મારે દેશ ઊંચકવાનો છે. ખોખલા વિચારો નહીં.

વર્ગખંડમાં પ્રથમ કે દ્વિતીય આવવાનાં સપનાંઓ આપીને મારી આંખોને બગાડશો નહીં. મારી આંખોને, આંખોમાં સમાય નહીં એવાં સપનાંઓ આપજો. ભારત નિર્માણનું સ્વપ્ન.

નીચે પડવાનો ડર મને બતાવશો નહીં. મને ફક્ત આકાશ બતાવજો. મારે ઊડવું છે. મને તમારી જિંદગીની નિરાશાઓના vibrations ભૂલેચૂકે પણ આપતા નહીં. મારે positivity જોઈએ છે.

Tooth pasteની tubeમાંથી બહાર નીકળેલી tooth pasteને ફરી પાછી અંદર નાખવી હોય તો એ વાત અશક્ય કહેવાય. મારે એવું શીખવું નથી. 10 ccની syringeમાં ભરી, એ બહાર નીકળેલી tooth pasteને ફરી પાછી અંદર નાંખી જ શકાય, મારે એવું શીખવું છે. અશક્ય હોય એવી એક પણ શક્યતાને મારે ઓળખવી નથી. ભારત નિર્માણમાં મારે વ્યસ્ત રહેવું છે.

શિક્ષકો, તમે મને કરેલી સારી કે ખરાબ દરેક વાત મને આજીવન યાદ રહેશે. મારી માના ચહેરા પછી હું સતત કોઈનો ચહેરો જોતો હોઉં તો એ શિક્ષકનો છે. તમારી વાતો, મારું વર્તન નક્કી કરશે. તમારો અભિગમ મારો પણ અભિગમ બનશે.

પ્રાર્થના કરું છું તમને, મારાં મમ્મી-પપ્પાએ મને સોંપ્યો છે તમને, એવી ઉંમરમાં જ્યારે હું વળી શકું છું કોઈ પણ દિશામાં, ઢળી શકું છું કોઈ પણ આકારમાં.

પ્રિય શિક્ષકો, તમે માળી છો. ઈશ્વરે ઉગાડેલા બગીચાની તમે કાળજી રાખો છો. એક પણ કળી મૂરઝાય નહીં એનું ધ્યાન રાખશો ને? ચંપો, ચમેલી, પારિજાતક અને આ બગીચામાં રહેલા દરેક ફૂલ વતી હું એક ગુલાબ આપને વિનંતી કરું છું.

મને શિક્ષણનો માર કે દફ્તરનો ભાર આપશો નહીં. મને દંભીપણાનું આવરણ આપશો નહીં. મને વાતાવરણ આપજો કે જેમાં હું ખીલી શકું.

સત્ય બોલવું સૌથી સહેલું છે. મને એ જ ગમશે. ભારતના સ્વાસ્થ્ય માટે પણ એ જ સારું છે.

મારી આંખોમાં આંસુ આવે તો મને ફક્ત રૂમાલ ન આપશો. એ આંસુઓ શું કામ આવ્યા છે? એનું કારણ પણ શોધવાનો પ્રયત્ન કરશો.

મેં સાંભળ્યું છે શિક્ષકના શર્ટને ક્યારેય કૉલર નથી હોતા. શિક્ષકના પૅન્ટને ખિસ્સા પણ નથી હોતા જેમાં કશુંક મૂકી શકાય. Tuition કરીને શિક્ષક પોતાનું ઘર ચલાવી શકે, સમાજ નહીં.

શિક્ષકની મુટ્ઠી ક્યારેય બંધ નથી હોતી, કારણ કે શિક્ષકે કશું જ લેવાનું નથી હોતું. ફક્ત આપવાનું હોય છે. ખુલ્લી હથેળીઓવાળો હાથ જ શિક્ષકનો હોઈ શકે. નિઃસ્વાર્થ પરોપકારની ભાવના લઈને જન્મ્યા હશો, અને ખરેખર ભાગ્યશાળી હશો તો જ મારા શિક્ષક હશો, કારણ કે એક વિદ્યાર્થી માટે એક શિક્ષક ઈશ્વર છે. ઈશ્વર પોતાની પદવી બહુ આસાનીથી કોઈને આપતો નથી. શિક્ષક બન્યા છો તો નક્કી ભાગ્યશાળી જ હશો.

શિક્ષકના ચોકની તાકાત સંવિધાન બદલી શકે છે. દેશની સરહદ પર રહેલો જવાન દેશ બચાવે છે અને શિક્ષક દેશ બનાવે છે.

પ્રિય શિક્ષકો, તમે દેશનું સૌથી મોટું Investment છો. કાળા પાટિયા પર સફેદ ચોકથી લખતાં હાથ, આ દેશનો ઇતિહાસ ફક્ત સમજાવી જ નહીં, બનાવી પણ શકે છે.

સમાજવિદ્યામાં આવતો ઇતિહાસ બદલી શકાય છે. વિદ્યાર્થીઓ તૈયાર છે, ઇતિહાસ બદલવા. શિક્ષકો તૈયાર છે?

◙

એક ગુલાબના છોડે મને લખેલો પત્ર

પ્રિય નિમિત્ત,

મારો જીવ બચાવવા બદલ ખૂબ ખૂબ આભાર.

ગઈ કાલે તો હું સાવ મૃત:પ્રાય અવસ્થામાં હતો. આજે તબિયત ઘણી સારી છે.

ખોરાક, પાણી, હવા અને છેલ્લે તો દવા પણ અસર કરતાં નહોતાં એટલે મને એમ કે આપણા દિવસો પૂરા થયા. ગઈ કાલે તેં મને

શ્રી 'રમેશ પારેખ'ની બે ગઝલો સંભળાવી (બોલીને! fortunately, ગાઈને નહીં) એ પછી મને નવું જીવન મળ્યું હોય એવું લાગે છે.

તને આ કાગળ એટલે લખું છું કેમ કે, આ દુનિયાના 99% લોકોને ખબર જ નથી કે (અ) મારા પર ગીત-સંગીત-કવિતાની અસર થાય છે.

લોકો હજી મને મોટો થયો છે એમ જ કહે છે. ઊગ્યો છું એવું લગભગ કોઈ કહેતું નથી. હા..... 'ગુલાબ ઊગ્યું' એમ કહે છે, કેમ કે લોકોને ગુલાબ ગમે છે (બાળકો કોને ના ગમે?).

જેને તમે અત્તર કહો છો એ ગુલાબનું લોહી છે. ચામડી ઉપર કાંટા પહેરીને, માથા ઉપર સુગંધ ઊંચકવાનું કામ સહેલું નથી દોસ્ત.

સોનાનો ભાવ પૂછવા સોની પાસે જાઓ છો, તો મને પણ કોક દિ' પીડાનો અર્થ, ભાવ અને સ્વભાવ પૂછ્યા હોત તો ગમત. જવા દે યાર, આમ પણ માણસ જાત પાસેથી વધારે અપેક્ષા રાખવી નહીં એવું અમને વારસામાં શીખવવામાં આવે છે. શ્રી રમેશ પારેખે સાચું તો કહ્યું, "ઊગતા તો શું તને ખરતા ના આવડે?" એવા માણસ પાસેથી શું અપેક્ષા રાખું?

ઘણા પુરુષોની નજર સ્ત્રીઓની ડોક સુધી જ સીમિત હોય એમ લોકોની નજર મારા ગુલાબ સુધી જ સીમિત છે. ઈંડા કે chicken ખાનારા કે દેડકાના dissection કરનારાને તમે બધા દંભીઓ 'જીવ હત્યા' કહો છો. તો હું સજીવ છું એવું તો તમે વર્ષો પહેલા વિજ્ઞાનમાં શીખેલા. ગુલાબ તોડો ત્યારે 'જીવ હત્યા' નહીં થતી હોય એવું ધારી લેવાનું અમે સમજી લીધું છે.

એક બાજુ નમી જાઉં, એટલે લોકોને એમ કે હું 'મણકા વગરનો' (spineless) છું. પણ યાર, મને vertebral column ના હોય, spinal cord તો હોય ને! તારા કરતા પણ વધારે સંવેદનશીલ છું દોસ્ત... એટલે જ બે ગઝલમાં સાજો સારો થઈ ગયો.

ડાળીએથી એક ગુલાબ તૂટે ત્યારે દીકરી સાસરે જતી હોય એવું લાગે. કોઈ અડે તો શરમાઈ જવાનું, અને કોઈ ન અડે તો કરમાઈ જવાનું.

બળાપો કાઢવાનો અર્થ નથી. હવે આમેય કેટલા કાઢવાના બાકી રહ્યા છે? તને ભેટ રૂપે એક ગુલાબ આપું છું (ખુશીથી... બાકી તો તને ખબર છે...બળાત્કાર થતા જ રહે છે મારા પર).

બાકી, તબિયત સારી છે. આજે બે નવી કળીઓ પણ ઊગી છે. આજે ફરી વાર શ્રી રમેશ પારેખની ગઝલ સંભળાવીશ તો નક્કી કાલે ગુલાબ ઊગશે.

લિ. તારા આંગણામાં રહેલો ગુલાબનો છોડ



એને મૃત્યુ ન કહો

આપણી પ્રાર્થનાઓ ઈશ્વર સુધી રૂબરૂ પહોંચાડવા કોઈ ટપાલીની જેમ જાય, તો એને મૃત્યુ ન કહો.

આપણું જ કોઈ આપણી કુશળ મંગળતાના સમાચાર ઈશ્વરને કાનમાં કહેવા જાય, તો એને મૃત્યુ ન કહો.

આપણી જેમ ભૂલું પડેલું કોઈ સાંજે પોતાના ઘરે પાછું જાય, તો એને મૃત્યુ ન કહો.

ઘરમાં નવા આવનારા નાનકડા મહેમાન માટે કોઈ એક ઓરડો ખાલી કરતું જાય, તો એને મૃત્યુ ન કહો.

લાગણીઓની હૂંફથી કોઈ વરાળ બની આશીર્વાદની વાદળી બની જાય, તો એને મૃત્યુ ન કહો.

ખુદનો શ્વાસ બંધ કરીને કોઈ આપણા શ્વાસમાં હવાની જેમ અનુભવાય, તો એને મૃત્યુ ન કહો.

કોરી કટ્ટ ફોટો ફ્રેમમાં થોડી ભીનાશ ઉમેરવા કોઈ એની અંદર ચાલ્યું જાય, તો એને મૃત્યુ ન કહો.

આપણને કંકુ ચાંદલા કરનારું કોઈ આપણી પાસે કંકુ-ચોખાના ચાંદલા કરાવવા જાય, તો એને મૃત્યુ ન કહો.

આપણને લાગણીની ભાષા શીખવી શીખવીને અંતે કોઈ મૌન શીખવી જાય, તો એને મૃત્યુ ન કહો.

ઘરેથી નીકળેલું કોઈ રોજ સવારે મંદિરને બદલે સ્મશાન ભણી જાય, તો એને મૃત્યુ ન કહો.

ઘરને દીવાની જેમ પ્રકાશ આપનારું કોઈ ઓલવાઈ ગયા પછી શીતળ ઉજાસ આપવા તારો બની જાય, તો એને મૃત્યુ ન કહો.

રોજ સવારે પંખીઓને દાણા નાખનારું કોઈ ખુદ કાગડો બની જાય, તો એને મૃત્યુ ન કહો.

વડીલ મુરબ્બી, દાદા-દાદી, પપ્પા-મમ્મી જેવા સંબોધનોમાંથી છટકીને સીધું કોઈ પૂર્વજ બની જાય, તો એને મૃત્યુ ન કહો.

મંદિરમાં ઈશ્વર સાથે થયેલી સમજૂતીના પગલે કોઈ મોક્ષ સુધી જાય, તો એને મૃત્યુ ન કહો.

આપણા જીવનને મહેકતો બગીચો કરી ખુદ કોઈ ફક્ત એક હારમાળાની વચ્ચે ગોઠવાય, તો એને મૃત્યુ ન કહો.

ચાર દિવસ ખુશ્બુ આપી ગુલાબની જેમ કોઈ કરમાય, તો એને મૃત્યુ ન કહો.

આપણને વસંતના વારસાઓ આપીને ખુદ કોઈ પાનખર પહેરી જાય, તો એને મૃત્યુ ન કહો.

વડીલ થયાનો થાક ઉતારી, શરીરનો જીર્ણોદ્ધાર કરાવી કોઈ ફરી પાછું બાળક બનવા જાય, તો એને મૃત્યુ ન કહો.

બસ, એને મૃત્યુ ન કહો.



MBBS

(તમે ડૉક્ટર છો? તો વાંચજો.....નથી? તો તો જરૂર વાંચજો.)

પાંચ વર્ષ! પાંચ વર્ષમાં નવું જન્મેલું બાળક મોટું થઈ જાય, પાંચ વર્ષમાં કોઈ સરકારી અધિકારીની transfer થઈ જાય કે પછી પાંચ વર્ષમાં ભારત જેવા દેશની આખે આખી સરકાર બદલાઈ જાય એવાં પાંચ વર્ષમાં અમે નીકળ્યાં હતાં, અમારી જિંદગીનાં દસ વર્ષ ઓછાં કરવા માટે. ફક્ત પાંચ વર્ષમાં માણસની ઉંમર કેટલી વધી જાય એનો અંદાજ ત્યારે અમને નહોતો.

મેડિકલમાં ઍડમિશન લેતી વખતે, દરેક મા-બાપની જેમ મારાં મમ્મી- પપ્પાએ પણ consent paper ઉપર સહી કરી કે આવતાં દસ વર્ષ સુધી અમારો original દીકરો અમને જોવા નહીં મળે. આ દીકરો હવે સમાજને નામ કુરબાન.

ડૉક્ટર બનવાનાં સપનાંઓ જોવા માટે ચશ્માં પહેરવા જ પડે, એ વાત બહુ જલદી સમજાઈ ગઈ. તે સમયે ચશ્માંને આંખના આગળના ભાગમાં રહેવું ગમતું. પછી કંઈક બન્યું એવું કે આ ચશ્માં આગળ ને આગળ નીકળતા ગયા અને બિચારી આંખો પાછળ રહી ગઈ.

ડૉક્ટર બનીને સમાજને ઊજળો કરવો હશે (પ્રકાશ આપવો હશે) તો રોજ થોડું થોડું ઓગળવું પડશે એની ખબર હતી, એટલે મીણની જેમ અમે ઓગળતા ગયા. માથા ઉપર સળગતી વાટ અને હૃદયમાં સળગતી વાત મૂકીને રોજ ઓગળતા ગયા. અમને એમ કે આ દીવાનો ઉપયોગ ભગવાનની આરતીમાં થશે, પણ જેમ જેમ જિંદગીની દિવાળી નજીક આવતી ગઈ તેમ તેમ ખ્યાલ આવતો ગયો કે આ દીવાઓનો ઉપયોગ ફક્ત ફૂલઝર સળગાવવા માટે થતો.

આવા કેટલાય દીવાઓ તો MBBSના પ્રથમ વર્ષમાં જ ઓલવાઈ ગયા.

ANATOMYના dissection roomમાં અમે પ્રવેશ્યાં અને dissection માટે રખાયેલા dead bodies ખડખડાટ અમારા બધા પર હસવા લાગ્યા. જાણે મનમાં બોલતા હોય, “આવો દીકરાઓ., પાંચ વર્ષ પછી તમે અમારી બાજુમાં સૂતા હશો.” ધોરણ 12માં ગરમાગરમ એકદમ તાજી મળેલી સફળતાને કારણે અમે એ dead bodiesને seriously લીધાં નહીં.

દર્દીઓને જીવન આપતા પહેલા ડૉક્ટરે અનેક વાર મરવું પડે છે, એ વાત પેલા formalinમાં રહેલા dead bodyએ સમજાવી. Anatomyના એજ formalinમાં મેં મારી સઘળી સંવેદનાઓને ડુબાડી દીધી. મારી સંવેદનાઓને મારે Preserve કરવી હતી એટલે!

પહેલી વાર dissection કરવા dead body ઉપર incision મૂક્યો અને ડૉક્ટર બનવાનાં સપનાંઓને ચીરવાનું શરૂ કર્યું. dead bodyની સાથે સાથે અમારી નિર્દોષતા, બાળસહજ લાગણીઓ અને માનવીય સંબંધોનું પણ dissection શરૂ કર્યું.

વર્ષોથી ચાલી આવતી માન્યતા કે ‘ઈશ્વર આપણાંમાં જ છે’... first MBBSમાં જ ખોટી પડી. આખા bodyનું dissection કર્યા પછી એમ લાગ્યું “ખોટું શું કરવાને બોલો છો? છે આમાં ક્યાંય ઈશ્વર?”

પ્રથમ વર્ષમાં જ થયેલી formalinની ભાઈબંધીએ અમને પણ tissueની જેમ કડક બનાવી દીધા. પછી તો ભાઈ ઈશ્વર બનવાની પ્રક્રિયા શરૂ થઈ. (એક જમાનામાં ડૉક્ટરને લોકો ઈશ્વર ગણતાં એવી લોક વાયકા સાંભળી છે.) ઈશ્વર બનવાની પ્રક્રિયામાં પહેલા માણસાઈ ગુમાવવી પડતી હશે એવું લાગ્યું.

ધોરણ 12 સુધી ગુજરાતીમાં મોટું થયેલું મન, હવે પોતાની મા(ગુજરાતી)ને છોડીને પારકી મા (english) તરફ જઈ રહ્યું હતું. આ જ પારકી માએ કાનની સાથે સાથે લગભગ બધું જ વીંધી નાખ્યું. ગુજરાતીમાં ગોખવાનું ફાવી ગયેલું હોં! સાલ્લુ હવે અંગ્રેજીમાં ગોખવાનું શીખતા થોડીવાર તો લાગે ને!

નવા મિત્રો મળ્યાં અને જૂના મિત્રો મેડિકલ કૉલેજના દરવાજેથી પાછા વળ્યા. દાદર-અંધેરીની local trainમાં ભીડ તો જોઈ છે ને! બસ, એવી જ ભીડની જેમ અમે પણ વિચારતા કે આગળ વધો એટલે

સફળતા. સમાજનો જે વર્ગ ડૉક્ટર બની શક્યો નહોતો (અથવા બનવા માંગતો નહોતો) એમના ઉપર અમે, ચહેરા પર આથો આવે અને કેવી ખટાશ આવે? એવું ખાટું smile કરતા.

ત્યારે અરીસો જોવાની ટેવ નહોતી, નહીં તો બીજા ઉપર smile કરનારા અમે અમારી જાત ઉપર જ અટ્ટહાસ્ય કરતા દેખાયા હોત.

2nd MBBSમાં clinicsમાં દર્દીઓ સાથે મુલાકાત થઈ. ત્યારે તો દર્દીને ફક્ત object તરીકે જોતા. દર્દીને ઈશ્વર માનવાના એવી તો બહુ મોડી ખબર પડી. clinic roomમાં professor દરદને કેમ મારવું એવું શીખવતા અને roomની બહાર wardમાં દર્દીઓ દરદ અને બીમારીની સાથે પણ જીવી શકાય એવું શીખવતા. કેટલું confusion હતું ત્યારે.

CIVIL HOSPITALના એ દર્દીઓની આંખોની ભીનાશ હજી પણ અનુભવી શકું છું. એ આંખો જે અમને case history આપતી વખતે અનેક વાર મૂશળધાર વરસી પડતી. અમને પોતાની બીમારી વિષે જણાવતા હોય ત્યારે તેઓ મંદિરમાં ઊભા રહી બે હાથ જોડીને ઈશ્વરને પ્રાર્થના કરતા હોય એવું સતત મને લાગતું. ત્યારે ઈશ્વર બનવાની લાયકાત હતી નહીં (ક્યારેય આવશે પણ નહીં) એટલે history પૂરી થયા પછી દર્દીની એ વેદનાને બે પૂંઠાંઓ વચ્ચે બંધ કરી.....in short. note book બંધ કરી lecture માટે ચાલ્યા જતા.

Lectureમાં સાહેબ skinના કયા layerમાં pain receptors આવેલા હોય એવું ભણાવતા. pain receptors stimulate થાય તો શું થાય એવું અમને દર્દીઓ ભણાવતા.

શિક્ષકો અમને દુ:ખાવો એટલે શું એવું સમજાવતા. દર્દીઓ અમને બતાવતા.

'patient is always right' એવી વાત ખુદ દર્દીઓએ જ અમને શીખવી. દર્દીઓને object તરીકે ગણવાનું શીખવતું medical science અમને always દર્દીઓ સાથે થોડું distance maintain કરવાનું કહેતું. પણ કેટલું distance maintain કરવાનું એવું કોઈએ કહ્યું નહીં. distance થોડું વધી જતું તો દર્દીઓની અવગણના થઈ જતી અને distance ઘટી જતું તો સાલ્લું અમને દર્દીઓનું infection લાગતું.

Medical science સાથે સગાઈ કરી ચૂકેલા અમે બસ હવે એને પરણવાની રાહ જોતા હતા. એક પ્રેમિકાની જેમ એને સતત સમય અને attention આપવાનું tension રહેતું. પ્રેમિકાની જેમ જ MBBSએ પણ અમારાં ખિસ્સાં ખંખેરી નાખ્યાં. સમાજને સમૃદ્ધ બનાવવા ઘરનો એક જુવાન દીકરો પાંચ વર્ષ સુધી (અને આગળ પણ) કશું જ કમાયા વિના બસ પૈસા વેડફતો રહ્યો. લગ્નની વરમાળાને બદલે ગળામાં અમે stethoscope નાંખીને ફરતા રહ્યા!

એક પછી એક પુસ્તક ગળી જનારા અમે ત્યારે સંબંધો પચાવી શકતા નહીં (એટલો સમય પણ નહોતો). સફળતાની Local trainમાં (દાદર-અંધેરીની ભીડ યાદ છે ને!) બેસીને એવા તો ભાગવા લાગ્યા કે મિત્રો, સગાસંબંધીઓ ત્રણ ચાર station પહેલા જ ઊતરી ગયા એની જાણ સુદ્ધાં ન થઈ.

સામાન્ય રસ્તા પર ચાલ્યા હોત તો U TURN પણ લઈ શક્યા હોત, પણ સાલી મેડિકલની trainના પાટા પર U TURN હતો જ નહીં.

ધીરે ધીરે mechanical બનતા જતા અમે ઘણી વાર જાતને શોધવા નીકળતા કે અમારો મૂળ સ્વભાવ anatomyના dissection roomમાં કે દર્દીના ખાટલા પર તો ભૂલી નથી ગયા ને!

ધીરે ધીરે epidermal thickness વધતી ગઈ (જાડી ચામડીના થતા ગયા) અને સંવેદનાઓ અંદર ને અંદર ગૂંગળાતી ગઈ. કોઈ વાર ચામડી પર stethoscope રાખ્યો હોત તો એ ગૂંગળાતી સંવેદનાઓની ચીસો જરૂર સંભળાઈ હોત.

ચામડીની વાત જવા દો, હૃદય પણ લબ અને ડબ બે જ શબ્દો બોલતું. હૃદય બિચારું કોઈ છોકરીનું નામ ક્યારેય બોલતું જ નહીં. માણસાઈના હુમલાઓથી ઈજાગ્રસ્ત હૃદયે ક્યારેય પોતાના પર થયેલા બળાત્કારની વાત અમને કરી નહીં. કાનમાં તો શું? stethoscopeમાં પણ કરી નહીં.

sphygmomanometer(Blood pressure માપવાનું સાધન)નો cuff પરાણે પરાણે દર્દીના બાવડાને કસકસાવીને પકડી લેતો અને સ્તબ્ધ બની અમને માત્ર બ્લડપ્રેસર કહેતો. નસમાંથી વહેતી લાગણીઓ વિષે એ મશીન ક્યારેય કશું બોલ્યું જ નહીં. કદાચ એ એના ethicsની againstમાં હશે.

ધીરે ધીરે હાથ ઉજ્જડ બનતા ગયા, આંખો સુકાતી ગઈ, જીભને મીઠાશને બદલે કડવાશ ગમવા લાગી અને મન કશું જ નવું ઉદ્ભવી શકે નહીં એવું વાંઝણું બની ગયું.

એક ફળદ્રુપ ખેતરમાંથી transform થઈ ધીરે ધીરે અમે કશું પણ ઉગાડી શકવાની ક્ષમતા ગુમાવવા લાગ્યા. ધીરે ધીરે બનતા ગયા એક સુક્કી બિન ઉપજાવ જમીન, જેના પર પાયા ખોદી construction કરી શકાય.

ઈશ્વર બનવાની લાલચ આપીને અંતે ઈશ્વરે અમારી સાથે દગો કર્યો હોય એવું લાગતું. અમને અભણને ત્યારે ખબર નહોતી કે civil hospitalના અસંખ્ય wardમાં, અસંખ્ય ખાટલાઓ પર, અસંખ્ય ઈશ્વર અમારી રાહ જોતા હતા અને અમે busy હતા ચોપડીઓમાં ઈશ્વરને શોધવામાં.

ચોપડીઓમાં ઈશ્વર નથી મળતા સાલ્લુ, એવું પણ એકેય ચોપડીમાં લખેલું નહીં.

Harrison કે Love & Bailleyની એક એક લીટી વાંચી લેતા. જાણે બે લીટીઓની વચ્ચે સફળતા છુપાઈને બેઠી હોય. એક લીટી વાંચવાની રહી જાય તો સફળતા છટકી જશે એવી માનસિકતા ઘર કરી ગઈ.

ચોપડીનાં પાનાંની માહિતીઓને (જ્ઞાન નથી કહેતો) underline કરી કરીને, પાનાં પર એવા તો ઉઝરડાઓ કરી દેતા... જાણે ચોપડીને જોરથી તમાચો માર્યો હોય ને ચોપડીના ગાલ પર સોળ ઊઠી ગઈ હોય.

જેમ જેમ ચોપડીઓની જાડાઈ વધતી ગઈ, અમારા વિચારોની પહોળાઈ ઘટતી ગઈ. વિચારો ધીરે ધીરે એટલા સૂક્ષ્મ થતા ગયા કે microscopeથી જોવા પડતા. ચોપડીઓ સાથે વિતાવેલો એક એક દિવસ અમારા medical careerને જીવંત બનાવતો ગયો અને અમારા જીવતરમાંથી એક એક દિવસ ઓછો કરતો ગયો. પછી એવો સમય આવ્યો કે અમે માત્ર જીવતા હતા, જીવંત નહીં.

ક્યારે વૃદ્ધ થયા એની ખબર પણ ન પડી (આજે ચોપડીઓ અમારા કરતા વધારે young દેખાય છે.)

આંગળીઓમાંથી ધીરે ધીરે સ્પર્શ ફક્ત દર્દીને examine કરીએ તેટલા સમય પૂરતો જ રહેવા લાગ્યો. office hours પછી આંગળીઓનો સ્પર્શ પણ કામ કરતો નહીં.

સ્પર્શની સાથે સાથે આંગળીઓ પણ ઓગળતી ગઈ અને હથેળી સાથે જોડાયેલાં ટેરવાં બરછટ બનતાં ગયાં.

જીભને હાડકું ન હોય એ વાત જીભે પણ સ્વીકારી લીધી હતી અને 11 numberની knifeથી જેવી ઈજા થઈ શકે એવી જ ઈજા કરવા જીભ સક્ષમ થઈ ગઈ હતી.

જીભની સાથે આંખો પણ અણીદાર બનતી ગઈ. બે આંખોની વચ્ચે નાક જેવું તત્ત્વ લગભગ નાશપ્રાયઃ થવા આવેલું, તેમ છતાં ત્યારે ડાબી આંખને જમણી આંખની પણ શરમ નડતી નહીં.

પછી આંખો એ ભીના થવાનું છોડી લાલ થવા ઉપર concerntrate કર્યું.

પછી ઘણું બદલાતું ગયું. MEDICAL LANGUAGEમાં કહું તો દર્દીઓ Proximal (નજીક) આવતા ગયા. સગા/સંબંધી/સ્નેહીઓ distal (દૂર) થતા ગયા. જવાબદારીઓ medically (towards the centre) આવતી ગઈ. મોજ, શોખ, આનંદ laterally (away from the centre) થતા ગયા.

છેલ્લે ક્યારે ખડખડાટ હસ્યા'તા એ હવે યાદ પણ નથી.

હર્ષ, આનંદ, ઉલ્લાસ, ઉજાણી જેવા શબ્દો Dorlands medical dictionaryમાં ઘણા શોધ્યા પણ ક્યાંય મળ્યાં નહીં. નાની નાની ખુશીઓનું literal senseમાં abduction (અપહરણ) થતું ગયું.

પરીક્ષાની supplimentary સિવાય બીજું કશું જ લખવાની ક્ષમતા બંને હાથ ગુમાવી બેઠા.

મીણબત્તી ઓગળતી હોય ત્યારે નીકળતું મીણ હાથ ઉપર પડે તો દાઝી જવાય. એ ધીરે ધીરે

અમારામાંથી નીકળતા મીણને જોઈને અમે સમજવા લાગ્યા.

એકલા વાંચવું ક્યારેક ગમતું નહીં એટલે કૉલેજની કૅન્ટીનમાં મિત્રો સાથે અમે MICROBIOLOGY discuss કરતાં. bacteria કે parasiteના જીવન વિષે એમને ન હોય એટલું tension અમને રહેતું.

BACTERIAને grow કરવા માટે CULTURE MEDIUMમાં enrichment ઉમેરતાં અમને ખબર જ નહીં કે અમે જે સમાજમાં grow થઈ રહ્યા હતા, એમાં પૈસો અને સફળતા, બે જ growth requirements હતાં. Multiple Anti-bioticsને RESISTANT bacteria પણ ક્યારેક એકાદ દવાને તો respond કરતાં પણ અમે પોતે ધીરે ધીરે એટલા resistant બનતા ગયા કે સાલ્લી કોઈ દવા અસર કરે એમ નહોતી.

FORENSIC Medicine એ poison and toxicology તો ભણાવી પણ સમાજમાં ફેલાયેલા ઝેરી લોકોનું શું કરવું? એવો ઉલ્લેખ સુદ્ધાં કોઈ ચોપડીમાં નહોતો.

PHARMACOLOGY અમને Convince કરવામાં સફળ રહ્યું કે ભાઈ...ફક્ત દુઆ નહીં, દવા પણ અસર કરે છે. પછી એવું માનતા થયા કે બૉસ, દવા જ અસર કરે છે. દુઆ તો ફક્ત PLACEBO છે.

શરીરના કોઈ અંગને આપણી સાથે વાંધો પડે કે એ આડું ચાલે ત્યારે એ અંગની માનસિકતા શું હોય એવું અમને Pathologyએ શીખવ્યું. bloodમાં creatinineની સાથે લાગણીઓનું પ્રમાણ કેટલું છે, એવું પણ માપતા શીખવાડી દીધું હોત તો renal failureવાળા દર્દીઓને એમનો blood report જોવો અને સાચવવો ગમત.

FINAL MBBSમાં પ્રવેશ્યા ત્યારે ફળ આવે અને વૃક્ષ કેવું ડાહ્યું થઈ જાય, એવા ડાહ્યા બની ગયા. બસ, કોઈ પથ્થર મારે અને અમે ફળ આપીએ એટલી જ વાર હતી. Medicine, Surgery, GYNEC ભણી ભણીને પેલા વૃક્ષ જેવા થઈ ગયેલા જે પાનખરને ભેટવાની પ્રતીક્ષામાં પોતાનાં મૂળિયાં જમીનમાં ચોટાડીને ઊભું હોય.

પાનખર નજીક હોય ત્યારે વૃક્ષને જેવી nervousness અનુભવાય, એવું અમને પણ થતું હો! FINAL MBBSની EXAM પહેલા કેટલાંય વૃક્ષોને nervous break down અને depression પણ આવેલું. વૃક્ષના ફળ તોડીએ તો વૃક્ષને પણ depression આવતું હશે ને!

FINAL MBBSની પરીક્ષા આપતી વખતે, અમે બધાએ અમારા પર ઉગેલાં લીલાં પાંદડાંઓ પરીક્ષામાં ખેરવી નાખ્યા અને ઉજ્જડતા પહેરીને અમે કૉલર ઊંચા કર્યા કે અમે Doctor છીએ.

Fortunately વૃક્ષત્વ જીવંત હતું અમારામાં. શરીરની ચામડી વૃક્ષના થડની છાલ જેવી જાડાઈવાળી બનતી ગઈ. આજે એ ચામડી નથી રહી... ફક્ત ચામડું છે.

મુશળધાર વરસાદ હોય, ટાઢ, તડકો કે વાવાઝોડું...... આ વૃક્ષ આજે પણ અડીખમ ઊભું છે વસંતની પ્રતીક્ષામાં.

હવે કેટલાંય પંખીઓએ એમાં માળો કર્યો છે. આ વૃક્ષની એકલતા આ પંખીઓ જ દૂર કરે છે. આ વૃક્ષને હવે વટવૃક્ષ બનવું છે, તમે પાણી તો પાશો ને?

તમારો CO2 લઈને તમને O2 પૂરો પાડીશું એટલી ખાતરી આપીએ છીએ. બસ, અમારી જેમ તમે પણ આ શ્વાસોચ્છ્વાસની રમત ચાલુ રાખજો.

જ્યાં સુધી એક વૃક્ષ છે, તમારા શ્વાસ ચાલુ રહેશે!

●●